
વાણીનો મેઘ મલ્હાર



પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવ પ્રકાશન

પ્રમુખસ્વામી મહારાજ ગ્રંથ શ્રેણી : ૧૯

વાણીનો મેઘ મલ્હાર

(પ્રેરણાઓના મહાસાગર સમી પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય અમૃતવાણીનું રસદર્શન)

લેખક

સાધુ પ્રિયદર્શનદાસ

પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ, અમદાવાદ -૪

વાણીનો મેઘ મલ્હાર

(પ્રેરણાઓના મહાસાગર સમી પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય અમૃતવાણીનું રસદર્શન)

પ્રથમ આવૃત્તિ :
ડિસેમ્બર, ૧૯૯૫.

પ્રત :
૧૫,૦૦૦

આવરણ છબિ :
સાધુ યોગીચરણદાસ

મૂલ્ય :
૧૫.૦૦

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ-૪.

હૃદયોર્મિ...

સ્વામી !
આપ સ્વયં અમૃત છો.
આપના અમૃત સભર અમૃત મહોત્સવે,
સૌ અમૃત સંતાનો,
અમૃત સાથે રસબસ થશે, અમૃતરૂપ (બ્રહ્મરૂપ) થશે.

સ્વામી ! બે-એક વર્ષ પહેલાંનો એ દિવસ અમને યાદ છે.
આપના અમૃત મહોત્સવની ઊજવણીની દરખાસ્ત લઈને અમે
આપની પાસે આવ્યા'તા ! રસાકસી જામી'તી !
'શાનો અમૃત મહોત્સવ ? શું છે આ બધું ? કંઈ નથી ઊજવવું. બધું ઉજવાઈ ગયું....'
આપની નારાજ મુખાકૃતિ અને આ ઉદ્‌ગારો અમને યાદ છે.
આપ સંમતિ આપતા જ નહોતા !
છેવટે સાક્ષાત્ શ્રીહરિ અમારા પક્ષે ભળ્યા ને આપ હાર્યા !
આપને હરાવવાનું અમે આપની પાસેથી જ શીખ્યા છીએ ને !
ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુ યોગીજી મહારાજના
જયંતી મહોત્સવની ઊજવણી વખતે
આપે એમને આમ જ હરાવ્યા'તા ને !

સ્વામી !
જીવપ્રાણીમાત્રમાં ભગવાન રહ્યા છે પણ આપનામાં ભગવાન સિવાય બીજું કંઈ જ નથી !
આપ કોઈના ઠરાવ્યા ઠર્યા નથી.
સ્વયંસહજ ભગવાનના ધારક છો.
કોઈનું ઠરાવ્યું, કોઈમાં ઠરાવ્યું નથી ચાલતું.
ઠરાવેલું કેટલું ચાલે ?
સિંહણનું દૂધ સુવર્ણપાત્ર જ માંગે !
એટલે જ ,
આ એક અમૃત મહોત્સવ તો શું ?
અનેકાનેક આવા અમૃત મહોત્સવો ઓછા પડે
એવું આપનું વ્યક્તિત્વ છે,

એવું આપે અમારા માટે, જીવપ્રાણીમાત્ર માટે કર્યું છે.
ભક્તો જ આપનું જીવન, ભક્તો જ આપના શ્વાસોચ્છ્વાસ !

આપના અમૃત મહોત્સવે
આપની સદા વહેતી દિવ્યતા અને કાર્યધારા,
અનેક આધ્યાત્મિક, સામાજિક પ્રવૃત્તિઓમાં નવતરરૂપે વહેશે.
તેમાં, લેખન દ્વારા,
આપના અમૃત વ્યક્તિત્વનાં આરાધન, ચિંતન, મનન
અને અનુભવપૂત નિદિધ્યાસનની છોળો ઊડશે.
જો કે અહીં ફરી પાત્રતાનો, ક્ષમતાનો ગજાનો સવાલ આવે છે.
આપના માટે લખવું એટલે
આકાશનો પરિચય કરાવવો.
ગુરુત્વાકર્ષણની બહાર ગયેલા અવકાશયાત્રીઓને
જે અનુભવ થયો તેનું વર્ણન પૃથ્વી પર રહેલાથી કઈ રીતે થાય ?
એ વર્ણવવા જાત-અનુભવ જ લેવો પડે. તેમ,
આપ માયાથી પર, દેહના ભાવોથી રહિત, અખંડ ભગવાનમય.
આપ દેહાતીત નરતનુધારી અને અમે સામાન્ય દેહધારીઓ.
કઈ રીતે આપને શબ્દોમાં મૂકવા ?
છતાં, કંઈક ગુરુઋણ અદા કર્યાનો સંતોષ લેવા માટે,
'હાં હાં ગડથલ' રૂપે કંઈક કરવાનો ઊમળકો છે.
વળી, આપની દૃષ્ટિ વિશાળ છે.
અણુ જેટલી અમારી સેવાને આપ મેરુતુલ્ય માનો છો,
તેથી અમે વિશેષ ફાવ્યા છીએ. અહીં જે કાંઈ ગુણગાન લખ્યા છે તેમાં,
લાભ-અલાભની પરવાહ નથી,
કોઈને દેખાડવાના અભરખા નથી,
માત્ર હૃદયોર્મિ ઠાલવી છે.
આ હૃદયોર્મિઓ સ્વીકારશોને સ્વામી ?

પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવ સમિતિ વતી
સાધુ કેશવજીવનદાસ
(મહંત સ્વામી)

આમુખ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવના ઉપક્રમે, તેઓશ્રીનાં દિવ્ય જીવન-કાર્યને અર્ઘ્ય આપતી પ્રકાશન શ્રેણી આપના હાથમાં મૂકતાં હર્ષ થાય છે.

મહાપુરુષના જીવનને ક્યારેય શબ્દોના બાંધેલા કિલ્લા વચ્ચે પૂરી શકાતું નથી - એ એક નક્કર વાસ્તવિકતા છે. પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વ્યક્તિત્વને જુદા જુદા દૃષ્ટિકોણથી મૂલવતા આ પ્રત્યેક પ્રકાશન શ્રેણીના લેખકને, એનો અનુભવ અવશ્ય થયો છે.

માનવદેહમાં વિચરતી અસાધારણ દિવ્ય વિભૂતિ સમા પરમ પૂજ્ય સ્વામીશ્રીના એ વ્યક્તિત્વને સમજવા માટે જુદાં ચક્ષુ, જુદી દૃષ્ટિ જોઈએ. જ્યાં શબ્દોનું સામ્રાજ્ય અત્યંત વામણું પુરવાર થાય છે એવા સ્વામીશ્રીના વ્યક્તિત્વને અહીં શબ્દોમાં મૂકવાનો પ્રયાસ કર્યો છે, એ ગુરુભક્તિનું એક પુષ્પમાત્ર છે.

ભગવાન સ્વામિનારાયણે ચીંધેલા રાહે, માનવ માત્રના સર્વાંગી ઉત્કર્ષ માટે પોતાના જીવનની ક્ષણે ક્ષણનું બલિદાન દેનાર સ્વામીશ્રી માટે, આ પુસ્તિકા એ માત્ર એક પરિચયાત્મક રજૂઆત જ છે. અહીં વિષયને સમ્યક્પણે મૂલવવાની અક્ષમતા સ્વીકારી લઈને આ પુસ્તિકા આપના હાથમાં મૂકીએ છીએ.

આ પુસ્તિકામાં પરમ પૂજ્ય સ્વામીશ્રીની દિવ્ય અમૃતવાણીનું એક વિશિષ્ટ રસદર્શન કરાવવાનો પ્રયત્ન કર્યો છે. આ પુસ્તિકાના લેખક પૂજ્ય પ્રિયદર્શન સ્વામીનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આશા છે, આ પુસ્તિકા સ્વામીશ્રીને કંઈક વધુ સમજવામાં આપની મદદ કરી શકશે.

- પ્રકાશન સમિતિ
સ્વામિનારાયણ અક્ષરપીઠ

ક્રમિકા

વાણીનો મેઘ મલ્હાર

સ્વામીના શબ્દો...

અહીં એક એવા પુરુષના શબ્દોનો આલેખ દોરવામાં આવ્યો છે કે જેનો પ્રારંભ દુન્યવી ધારાધોરણોથી પર હોય.

લૌકિક - ભૌતિકતાના પ્રદેશોથી ઉપર ઊઠીને અલૌકિક - આધ્યાત્મિક પ્રદેશોમાં ગતિ કરતો હોય.

અને છતાં, આ શબ્દોમાં લૌકિક અને અલૌકિક બન્ને સિદ્ધિઓનાં રહસ્ય જડી આવતાં હોય.

આ શબ્દો એ શબ્દો નથી, તેજ લકીરો છે.

'ઍટમ બૉમ્બ'ની શક્તિથી પરિચિત આજનો માણસ 'આતમબૉમ્બ'ના પ્રભાવને કદાચ જાણી ન શકે, પરંતુ એ હકીકત છે કે 'આતમબૉમ્બ' દુનિયામાં શાંતિની સવાર ઉગાડનારું એકમાત્ર બળ છે. આ એક એક શબ્દો આતમબૉમ્બ સમા પ્રભાવક છે.

શક્ય છે, આપણી બાહ્ય ઇન્દ્રિયો આ વાતને ના સ્વીકારે, એના માટે જરૂર છે આંતરચક્ષુની.

ભગવાન કૃષ્ણએ પોતાનું વિશ્વરૂપ જોવા અર્જુનને જેમ દિવ્યચક્ષુ આપ્યાં એમ આ શબ્દોના સત્ત્વની ઓળખ માટે પણ જરૂર છે મુમુક્ષુતાની.

આ વાત સમજવા આપણે ઉપનિષદ્ પાસે જવું પડે. જે ઉપનિષદ્ એમ કહે છે : 'ભગવાનની પ્રાપ્તિ કરવી હોય તો વાચાળતા, પંડિતાઈ કે મેધાનું પિંડલું વાળો અને ભગવાનની કૃપાના પાત્ર બનો.' એ જ ઉપનિષદ્ આપણને ઉપરની વાતનો રહસ્યમંત્ર સમજાવે છે.

છાંદોગ્ય ઉપનિષદ્‌માં નારદજી પોતાની દ્વિધા વર્ણવતાં સનત્કુમારને કહે છે : 'હે સનત્કુમાર ! હું ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, ઇતિહાસ, પુરાણ, વ્યાકરણ, ગણિત, પિતૃવિદ્યા, ઉત્પાતજ્ઞાન, અર્થશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, દેવવિદ્યા, બ્રહ્મવિદ્યા, ભૂતવિદ્યા, શસ્ત્રવિદ્યા, નક્ષત્રવિદ્યા, સંગીત આ બધું જ ભણ્યો છું... છતાં મારું અંતર અશાંત છે, કારણ કે હું કેવળ શાસ્ત્રને ભણ્યો જ છું. આપ તો આત્મજ્ઞાની છો. અને જે આત્મજ્ઞાની હોય એ જ શાશ્વતશાંતિ પામી અને પમાડી શકે. માટે કૃપા કરી મને શાસ્ત્રજ્ઞાનીને આત્મજ્ઞાન શિખવો.' માહિતીના ગોડાઉન સમા 'શાસ્ત્રજ્ઞાની' અને અપરોક્ષાનુભવી 'આત્મજ્ઞાની' વચ્ચેનો ભેદ

જોવા માટેનાં ચક્ષુ આપણને નારદજી પાસેથી મળી આવે છે.

અહીં જે શબ્દો છે એ આત્મજ્ઞાનીના શબ્દોની વાત છે.

'આત્મજ્ઞાની' એવા પ્રમુખસ્વામી મહારાજના શબ્દોના પ્રદેશની આ યાત્રા છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ વડે અભિષિક્ત થયેલા શબ્દોની આ યાત્રા છે.

અહીં અલંકાર કે અહંકાર નહીં, પણ આંતરનાદનું પ્રાધાન્ય છે.

અહીં તર્ક કેવળ પગથિયું છે, મંજિલ નહીં. શાસ્ત્રોએ તર્કને કોઈ પ્રમાણ આપ્યું નથી. તર્કના પગથિયે ચડવાથી ક્યારેય સાક્ષાત્કારની મંઝિલ પ્રાપ્ત થતી નથી. અધ્યાત્મના મર્મપ્રદેશની યાત્રા માટે અનુભવી આત્મજ્ઞાનીની જ જરૂર પડે છે.

આ શબ્દોમાં અનુભવીનો આધાર આપણને સાંપડે છે. સ્વામીશ્રીનો પ્રિય શ્લોક 'मनस्येकं वचस्येकं कर्मण्येकं महात्मनाम्...' આપણને આ જ અર્થ તરફ દોરી જાય છે.

આંગળી વડે ચંદ્ર દર્શાવે ને ચંદ્રને બદલે આંગળી પકડીને બેસી જઈએ - આ આપણી મનોવૃત્તિ છે. સાચા પુરુષો આપણને શબ્દની પારના પ્રદેશોની, શબ્દાતીતની વાત શબ્દને માધ્યમ બનાવીને કરે છે, પરંતુ આપણે શબ્દાતીતને બદલે શબ્દમાં મોહાઈ પડીને એમાં જ ગંઠાઈ જઈએ છીએ.

આપણી આ છીછરી મનોદશામાંથી બહાર લાવવા માટે સ્વામીશ્રીએ શબ્દનો ઉપયોગ માત્ર નિસરણી તરીકે કર્યો છે.

શબ્દ જૂ લાગા નેહ

આ જમાનો **'Sonic Age'** કહી શકાય. જો કે માણસે શબ્દોની ગતિને વળોટી જનારા કોન્કર્ડ જેવા **'Super Sonic Plane'** ની શોધ કરી છે, પરંતુ પોતે તો હજી શબ્દોની મયાજાળમાં જ બંધાઈ રહ્યો છે. આનાથી વિશેષ કરુણતા બીજી કઈ હોઈ શકે ?

સ્વામીશ્રી ઘણીવાર વાત કરે છે : 'જેમ આજકાલ બજારમાં શો-રૂમ જોવા મળે છે. એમાં ગોઠવણ એવી કરી હોય કે બધા મોહાય. પરંતુ અંદર એવી વસ્તુ ભરી દીધી હોય કે માલ લીધા પછી પસ્તાવું પડે.'

અલંકાર, પ્રાસ ભારેખમ શબ્દો વગેરે તો ક્યારેક વક્તાના અહંકારના વાઘા બની જતા હોય છે. આવા શબ્દોમાં અર્થ કરતાંય વક્તાનો અહંકાર વધારે પડઘાતો હોય છે. આવા શબ્દો પેલા 'શો-રૂમ'ના મૉડલ જેવા હોય છે. શબ્દોની એવી ભરમારમાં ભરમાય કે એના હાથમાં પસ્તાવા સિવાય કશું જ આવતું નથી.

ભગવાન સ્વામિનારાયણે વચનામૃત ગ.પ્ર. ૧૮માં વાત કરી છે '...શબ્દના પણ અનંત પ્રકારના ગુણ જુદા જુદા છે.' સ્વામીશ્રી આ જ વાતને સરળ દૃષ્ટાંત દ્વારા રજૂ કરે છે.

'બે ચોર રાત્રે ચોરી કરવા નીકળ્યા. રસ્તે જતાં ઝાડ ઉપરથી ચીબરી બોલી. એટલે એક ચોર કહે : 'દોસ્ત! આજે તો દૂધપાક મળ્યો સમજ.'

'બીજો ચોર શુકનશાસ્ત્રનો ભણેલો હતો એટલે એ કહે : 'ચીબરી બોલી તો ખરી પણ ક્યાંથી બોલી એ તો કહે?'

'પેલો કહે : 'આમલી ઉપરથી.'

'તો તો દૂધપાક નહીં પણ ખાટી છાશ મળશે.' એમ દુનિયામાં ઉપદેશ આપનારા ઘણાં છે પણ એમાં ભરાયા તો ભેખડે ભરાઈ જવાય; માટે શબ્દનું ઘર ઓળખવું.'

'શબ્દ' ભાવના વગર બોલાયો હોય તો એ લૂખ્ખો છે.

'શબ્દ'નું ઉદ્ગમ હૃદય નહીં, પણ ગળું હોય તો પાંગળો છે.

'શબ્દ'ને કટાક્ષની અંબાડી સાંપડે તો એ અનર્થ સર્જે છે.

'શબ્દ'ને જો સ્વાર્થનો મુખવટો હોય તો એ ગળ્યું ઝેર છે.

'શબ્દ'ને અલંકારના શણગાર હોય તો માત્ર મનોરંજન છે.

'શબ્દ' હૃદયના ઊંડાણમાંથી ઉદ્ભવે તો એ પ્રભાવી બને.

'શબ્દ' આચરણ વડે રસાયેલો હોય તો અસરકારક બને.

'શબ્દ'ને અનુભવની પણછ સાંપડે તો મર્મને ભેદી શકે.

અને સૌથી વિશેષ તો,

જે શબ્દો પરમાત્માની વીણાના સૂર બનીને ગૂંજતા હોય, જેના શબ્દો કેવળ પરમાત્માનું ઉપકરણ બની રહ્યા હોય, જે શબ્દોમાં શ્યામનું સંગીત ગૂંજતું હોય એ શબ્દો શાશ્વતીના સૂર બની રહે છે. આ સૂર વણકલ્પ્યા ચમત્કારો સર્જી શકે છે.

ઉપર જણાવેલા દરેક શબ્દોને પોતપોતાનું કેન્દ્ર ને પોતપોતાના વર્તુળ હોય છે. જે શબ્દમાં જેટલી શક્તિ એટલો એના વર્તુળનો વ્યાપ. પરંતુ શાશ્વતીના સૂરોનો વ્યાપ તો અસીમ છે, જે શબ્દોનું કેન્દ્ર પરમાત્મા હોય એવા વર્તુળને વળી મર્યાદા શી?

શબ્દની આ અસરો સમજે એ જ મર્મને પામી શકે. રસ્તે રઝળતા ભિખારીનું વચન અને વડાપ્રધાનનું વચન આ બન્નેમાં કેટલો ફરક? એકના વચનની કોઈ કિંમત નહીં ને એકના વચને દેશ આખામાં ઉલ્કાપાત સર્જાય.

એક સરખા ચૅક ઉપર એક સરખી રકમ લખાઈ હોય પણ એક ઉપર ભિખારીની સહી હોય ને બીજા ઉપર અબજોપતિની - તો આ બન્નેમાં વજન કોનું વધે?

આંતર સમૃદ્ધિ વિનાની વાતો ભિખારીના ચૅકની જેમ હૃદયની બૅન્કમાંથી 'બાઉન્સ' થાય અને અનુભવીના શબ્દો અબજોપતિની જેમ સહજ રીતે વટાવાય.

જેમ નાના બાળકના 'આલ્ફાબેટ'ના ઉચ્ચાર અને આઈન્સ્ટાઈનના '$E=MC^2$'

ના ઉચ્ચારમાં દેખીતો કોઈ ફરક નથી.

જેમ મહાત્મા ગાંધીના 'હિંદ છોડો' ને બીજા સામાન્યની હાકલમાં પણ બહુ ફેર ન લાગે.

માર્ટિન લ્યૂથર કિંગનો 'I have a dream...'

શબ્દ સામાન્ય માણસ જેવો જ હતો.

તેમ છતાં આ શબ્દોની અસરકારકતાએ ઇતિહાસ રચ્યા છે. ભૂગોળ પલટાવી દીધી છે. શબ્દો ભલે સામાન્ય હોય પણ એની પાછળના પુરુષાર્થ, સત્ય અને અસ્મિતાનો પ્રભાવ અનોખો હોય છે.

ન્યૂયોર્કની એક સભામાં સ્વામીશ્રીએ કહ્યું હતું, '...સંતની વાણી પરાવાણી છે. બાકી બીજી બધી મનોરંજનની વાણી. એની અસર ન થાય. પરાવાણીથી જ આ લાભ થાય છે. જીવને અસર થઈ જાય છે. બ્રહ્મની વાણી અંતરમાં પ્રકાશ કરે છે. પ્રકાશ એટલે અંતરનું અજ્ઞાન, જગતના વિચારો નીકળી જાય અને ભગવાન સંબંધી વિચારો આવતા જાય એ. બાકી સૂર્યનો પ્રકાશ હોય ને લાઇટો ચાલતી હોય તો ય અંધારું જ છે.'

સ્વામીશ્રીની વાતોમાં આવી અસરકારકતા અવારનવાર ઘણાએ અનુભવી છે.

પ્રમુખસ્વામી મહારાજના ૬૯મા જન્મદિને ભરુચની સભામાં એકઠી થયેલી હજારો ભાવિકોની મેદનીને ડૉક્ટર સ્વામી દહેજના દૂષણ અંગે વાત કરી રહ્યા હતા. વાત પૂરી થયા બાદ એમણે દહેજ નહીં લેવા-દેવાનો જે નિશ્ચય કરતા હોય એમની પાસે આંગળી ઊંચી કરાવી. સભામાં થોડીક આંગળીઓ ઊંચી થઈ. પત્ર લખી રહેલા સ્વામીશ્રીએ આ જોયું, એટલે કહે : 'બધાંને કહો કે આંગળીઓ ઊંચી કરે.' બાજુમાં બેઠેલા મહંત સ્વામીએ આ સંદેશો ડૉક્ટર સ્વામીને કહ્યો અને ડૉક્ટર સ્વામીએ માઇક ઉપર જાહેર કર્યું કે 'સ્વામીબાપા કહે છે કે બધાંય આંગળી ઊંચી કરે.' સ્વામીશ્રીના કેવળ આટલા જ શબ્દોનો અવર્ણનીય જાદુ ત્યાં બેઠેલા સૌએ જોયો. એક સાથે વીસ હજાર વ્યક્તિઓએ દહેજ ન લેવા-દેવાની પ્રતિજ્ઞા કરી. આ આંગળી ઊંચી કરનારાઓમાં અપરણિત યુવાન-યુવતીઓ, સંસાર માંડેલાં મા-બાપો અને જેમનાં સંતાનો પરણવા યોગ્ય થયાં હતાં તેવા વડીલો પણ હતાં.

૧૯૭૯ની મોરબીની મચ્છુ હોનારત પ્રસંગે પૂરગ્રસ્તોને મદદ કરવા માટે સ્વામીશ્રીએ કેવળ રેડિયો દ્વારા સંદેશો પાઠવ્યો કે 'અત્યારે જે જ્યાં હોય ત્યાંથી મોરબી પહોંચી જાય.' અને આટલા જ શબ્દોમાં પોતાના ઘર, કુટુંબ અને નોકરીની ચિંતા મૂકીને પંદરસો યુવાનો એ જ દિવસે મોરબી પહોંચી ગયા.

વ્યક્તિનું શીલ એ જ એની શૈલી છે અને શૈલી એ મનનો આવિષ્કાર છે. એમ કહી શકાય કે શૈલી એ ખુદ માણસ પોતે જ છે. શીલનો પડઘો શબ્દમાં પડ્યા

વગર રહેતો નથી.

વાણીની વિશેષતા

'મોટાપુરુષ સંશયહર્તા ને કલ્યાણકર્તા છે. આપણને થાય કે એ ક્યાં ભણેલા છે? પણ એવું નથી. એમને બધી વસ્તુ હસ્તામલકવત્ છે. દુનિયાની તમામ ભાષાએ કરીને ભગવાનને જાણવાના છે. એ ભગવાન એમણે રાખ્યા છે, જાણ્યા છે ને ધાર્યા પણ છે.' આવું કહેનારા સ્વામીશ્રીની વાણી જગતના સ્થાપિત અર્થમાં માપવા કરતાં ઉપર દર્શાવ્યા એવા સૂક્ષ્મ અર્થમાં પામવા જેવી છે.

એકવાર અમદાવાદમાં આશીર્વાદ દરમ્યાન સ્વામીશ્રીએ સાત-આઠ વાર ભળતા સંદર્ભો કહીને ભક્તોને સ્મૃતિ આપી. વચનામૃતની સંખ્યા ૨૧૨ કહી ને ભાગવતના શ્લોકો ૩૮,૦૦૦ કહ્યા.' આ વાત જમતી વખતે નીકળી.

સંતો કહે : 'લીલા ચરિત્રોની સ્મૃતિ કરીએ છીએ.'

સ્વામીશ્રી કહે : 'શું સ્મૃતિ કરો છો એ તો કહો?'

અક્ષરજીવન સ્વામીએ કથાની વાત કરી. સ્વામીશ્રી તરત જ કહે : 'મારા ભઈ! અમારે તો અવળ હવળ ચાલે. આપણે સાક્ષર જેટલા ભણેલા નહીં એટલે આડુંઅવળું બોલાઈ જાય.' અક્ષરજીવન સ્વામી જરા છોભીલા થઈ ગયા. કહે : 'એમ નહીં. આ તો મૂર્તિનું સુખ આવ્યું.'

સ્વામીશ્રી કહે : 'ના, એવું નથી... આપણે તો હાર કબૂલી લીધી. આપણે બહુ ભણેલા નહીં એટલે બોલાઈ ગયું. વિદ્વાન હોય ને એને અવળહવળ થઈ જાય તો તરત મનમાં થઈ જાય કે આવું બોલાઈ ગયું... છાપ અવળી પડશે. શું થશે? ને આપણે તો છાપ અવળી પડે કે સવળી. ભગવાનને સંભારીને જે આવે એ બોલીએ. કંઈ નહીં...'

નિર્દંભપણે ભગવાનની સ્મૃતિના સથવારે સહજપણે જે સરી આવે એ સ્વામીશ્રીની વાણીની વિશેષતા છે. વાવણી કરતી વખતે ખેડૂત 'દાણા બધાં જ સીધા હોવા જોઈએ એવો આગ્રહ રાખતો નથી. દાણા ઊંધા હોય કે ચત્તા, આડા હોય કે અવળા એના અંકુર તો ઉપરની બાજુ જ ફૂટે છે. અંકુરના ફૂટવાનો આધાર તો બીજમાં રહેલા સત્ત્વ ઉપર છે એમ સ્વામીશ્રીની વાણી સત્ત્વશીલ બીજ છે. આ સત્ત્વશીલતા જ એની અસરકારકતાનું રહસ્ય છે.

સોનોગ્રાફીના મશીનની જેમ આગવી 'અલ્ટ્રાસોનીક ટ્રીટમેન્ટ' વડે વ્યક્તિની અંદર પડેલા સ્વભાવો, વાસનાની પથરીઓના ભૂકા બોલાવી દેવાનું સામર્થ્ય તેઓની વિશેષતા છે.

'સત્‌ગુરુ સાચા સૂરિવાં સબદ જુ બાહા એક;
લાગત હીં ભૂઈ મિલિ ગયા, પડ્યા કલૈજે છેદ.

શબ્દ તો લાકડાની તલવાર છે, પરંતુ આ યોદ્ધામાં શ્રીહરિની એવી શક્તિ ભરેલી છે કે એ દ્વારા અનેકના સંશયોનો છેદ ઊડી જાય.

અનેકના જગતના રંગરાગ મુકાઈ જાય. અનેકને જીવનનું રહસ્ય સમજાઈ

અનેકનાં અંતરપટલો ઊઘડી જાય, અજ્ઞાનનાં પડળો ઉખડી જાય અને બ્રહ્મમસ્તીમાં મહાલતો થઈ જાય. અક્ષરમુક્તની પંક્તિમાં ભળીને શ્રીહરિની અખંડ સેવાનો અધિકારી બની જાય.

અમદાવાદમાં વડોદરાવાળા નવીનભાઈ સોનીની નવી ગાડીનું સ્વામીશ્રીએ પૂજન કર્યું. તેઓનો ભગવી ઝાંયનો પોશાક જોઈને સ્વામીશ્રી સહેજે જ બોલ્યા : 'શું મહાજન! આ બાજુ આવવું છે?' (સાધુ થવું છે?) અને તેઓએ ત્યારથી જ જીવનભર સાદો પોશાક પહેરવાનો નિયમ લઈ લીધો. 'લીલયા પ્રોક્ત' (સહજમાં બોલાયેલા) આ શબ્દોએ મુમુક્ષુના સંસારી રંગરાગ એક જ ઝાટકે ઓગાળી નાંખ્યા.

બોલકું વ્યક્તિત્વ

સ્વામીશ્રીની વાણીમાં કેવળ અનુભવ કે આચરણ જ નહીં પરંતુ પરમાત્મા સાથેનું અવિનાભાવિ તાદાત્મ્ય પણ છે. આ ત્રિવેણીમાં સર્જાયેલું સ્વામીશ્રીનું વ્યક્તિત્વ જ સ્વયં એટલું બળૂકું ને બોલકું છે કે શબ્દ તેઓની આગળ ગૌણ માધ્યમ બની રહે છે. સ્વામીશ્રીના શબ્દો તો એમના આવા પારદર્શક મૌનની નીપજ છે.

રાજાજીએ એક પુસ્તકમાં લખ્યું છે :

'... એવા માણસની સઘળી પ્રવૃત્તિ જ ઉપદેશરૂપ હોય છે. એવા પુરુષને કશું બોલવાની જરૂર નથી હોતી. તે જે કંઈ કરે છે તેનું લોકો અનુકરણ કરે છે. તેની ધ્યાનાવસ્થિત મુદ્રા બીજાઓનાં મન પર ઉપદેશ જેવી જ અસર કરે છે.

'ઘડામાં પાણી ભરતી વખતે, ઘડો ભરાઈ જાય નહીં ત્યાં સુધી અવાજ થાય છે. ભરાઈ ગયા પછી કશો અવાજ થતો નથી. શાસ્ત્રોનું બાહ્ય દૃષ્ટિથી અધ્યયન કરનારાઓ બહુ બોલ્યા કરે છે. જ્ઞાની મૌન રહે છે.'

લંડનના સી.એમ. પટેલની પુણ્યસ્મૃતિમાં અટલાદરામાં શિક્ષાપત્રીની પારાયણ ચાલી રહી હતી. એક દિવસ આશીર્વાદ આપતી વખતે સ્વામીશ્રીએ સી.એમ. કાકાના સુપુત્રને પૂછ્યું : 'તમારા દીકરાઓ સભામાં કેમ દેખાતા નથી?'

'એમને ગુજરાતી સમજવામાં તકલીફ પડે છે.' તેઓએ કહ્યું.

સ્વામીશ્રી કહે : 'ભલે ન સમજાય, તોય કહેવું. સભામાં બેસે. આ તો સમજાય નહીં તોય લાભ થાય એવું છે. વાક્યો કોનાં છે? મહારાજનાં વાક્યો છે. પરાવાણી

કહેવાય. સમજાય કે ન સમજાય, તોય લાભ થવાનો.'

અમદાવાદના તત્કાલીન મેયર કૃષ્ણવદન જોષીનો આ જ અનુભવ છે. તા. ૨૨-૫-૭૭ના રોજ સ્વામીશ્રી અમદાવાદમાં હતા. સાંજની સભામાં સ્વામીશ્રી બિરાજ્યા હતા. એ દરમ્યાન અચાનક કૃષ્ણવદનભાઈ આવ્યા અને સભામાં ચૂપચાપ બેસી ગયા. ઓળખીતાનું ધ્યાન ખેંચાયું, એટલે તેઓને સ્ટેજ ઉપર બોલાવીને પ્રવચન કરવા જણાવ્યું. તેઓએ પ્રવચનનો પ્રારંભ કરતાં જ કહ્યું : '... હું આ સભામાં આવ્યો એ પહેલા મારા મનમાં વ્યવહારના કેટલાય વિચારો ચાલતા હતા; પરંતુ અહીં પગ મૂક્યો ને જાણે બધા જ વિચારો શમી ગયા. મારે મન આ જ સૌથી મોટો પરચો છે.'

બાઢડાના એક હરિજન બંધુ વિનોદરાય વાળાને પણ સ્વામીશ્રીની વાણીનો જાદુઈ ઇલમ અડકી ગયો છે. તેઓએ સ્વામીશ્રીનાં રસ્તે જતાં પહેલી જ વાર દર્શન કર્યાં છતાં એ લખે છે : 'હું પાંચ વર્ષથી ખ્રિસ્તી છું. આપ પ્રભુનાં બાઢડા રોડ ઉપર તા. ૧-૩-૯૫ના સવારે દર્શન થયાં અને તા. ૩-૩-૯૫એ ભાદરા આવીને આપનું પ્રવચન સાંભળ્યું, ત્યારથી આપની કૃપાથી મારા દિલમાં એક સત્ય ।૫ પ્રગટ્યો... હું બીડી, તમાકુ, કેફી દ્રવ્યોનું સેવન કરું છું. મારા ઉપર મહરબાની કરો.'

આ વાણીની વિશેષતા જ આ છે : માણસને આંતરખોજ કરતો કરી દે. આવા તો અનેકના જીવનપંથમાં સ્વામીશ્રીએ દીપ પ્રગટાવ્યા છે.

આત્મજાગૃતિ વગર કેવળ શાસ્ત્રોના પોપટપાઠ પઢનારાઓએ સમાજને જાગૃત કરવાને બદલે વધુ નશામાં ઉંઘાડી દીધો છે. આત્મા જ શાશ્વતીના ગમનનું કેન્દ્ર છે. એની જાગૃતિ વગર માનવી શાશ્વત સુખ તરફ ગતિ કરી શકતો નથી. આત્મજ્ઞાની સંત જ માનવતાનું મંગળ ગીત ગાઈને માનવજાતિનો ઉદ્ધાર કરી શકે છે.

'સાયકોલોજી'ના ખ્યાતનામ પ્રોફેસર હસમુખભાઈ રાવળ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીનાં દર્શનમાત્રે એમના વિચારો સ્થગિત થઈ ગયા. તેઓની અનુભૂતિ એ હતી કે 'વિચારશીલ ને વિચારમગ્ન પુરુષો તો ઘણાં હોય, પરંતુ વિચારોથી પર પુરુષ આ એક જ છે.' આ સહજ સહવાસમાં તેઓનું ચાર વર્ષનું સિગારેટનું વ્યસન ક્યાં ખરી પડ્યું તેની ખબર ન પડી.

બૅંગ્લોરનો એક યુવાન સિગારેટ અને ચાનો જબરો બંધાણી. રોજના બાર પૅકેટ સિગારેટ અને ચા પણ પુષ્કળ પી જાય. એની સિગારેટ છોડાવવા એના મિત્ર તથા પરિવારે આકાશ-પાતાળ એક કરી નાખ્યા પણ વ્યર્થ. એને તિરૂપતિ, દ્વારકા, ડાકોર અને ચારધામની યાત્રાએ મોકલ્યો તો પણ કામ ન સર્યું. એનાં માતા-પિતાને રાજી રાખવા પૂરતુંય તે વ્યસન છોડી શક્યો નહીં. ૧૯૮૯માં એને પ્રમુખસ્વામીનો યોગ

થયો અને અશક્ય જણાતી વાત શક્ય બની તે એના શબ્દોમાં જ સાંભળીએ : સ્વામીજીને હું પ્રથમવાર જ મળતો હતો. એટલી સીધી-સાદી વાણીમાં ખૂબ માયાળુ વૃત્તિથી મને કહે : 'ભગવાનને ગમે એવું સારું, સુઘડ, નીતિમય જીવન જીવવું; એલફેલ કે વ્યસન-કુસંગ કાઢી નાખવા, સુખી થશો.' આટલું કહેતા તો એમણે મારા હૃદયમાં સ્થાન લઈ લીધું. બસ, કોણ જાણે કેમ, મને તે દિવસથી સિગારેટ પીવાનું મન જ નથી થતું. વ્યસન છૂટ્યું. ખૂબ હાશ અનુભવી.'

એકવાર અટલાદરામાં સ્વામીશ્રી આશીર્વચન વહાવી રહ્યા હતા : '...આત્મારૂપ થઈને ભક્તિ કરીએ પછી ગમે એટલું માન થાય કે અપમાન, વાંધો જ ન આવે. પ્રસંગ આવ્યે મન ખાટું થઈ ન જાય. જ્ઞાની હોય એ મનથી જ સમાધાન મેળવીને સુખિયો રહે. એને આનંદ ને આનંદ જ રહે...'

આશીર્વચન પછી સ્વામીશ્રી ઉતારા તરફ આવી રહ્યા હતા. ત્યાં ભીડમાંથી માગ કરતાં કરતાં એક હરિભક્ત સ્વામીશ્રી સુધી પહોંચી ગયા અને રીતસર સ્વામીશ્રીનાં ચરણોમાં પડતું મૂકીને રડવા લાગ્યા.

સ્વામીશ્રીને કહે : 'આજે આપે સભામાં જો આ વાત ના કરી હોત તો હું સત્સંગનો અભાવ લઈને કાયમ વિમુખ થઈ જાત. અહીંના કાર્યકરની શરતચૂકને લીધે મને સત્સંગનો અભાવ આવી ગયો હતો. આપે મારા હૃદયની વાત કરીને મારો સંશય છેદી નાંખ્યો.'

મોટા ઉદ્યોગપતિ સી.કે. પીઠાવાલા લંડનમાં તેઓના મિત્ર હીરાભાઈના ઘરે ગયા હતા. ત્યાં સ્વામીશ્રીની સુવર્ણતુલાની વીડિયો કેસેટ ચાલી રહી હતી. અનાયાસે જ પહેલી જ વાર સ્વામીશ્રીનાં દર્શન અને આશીર્વાદ સાંભળવાનો એમને લાભ મળ્યો. સ્વામીશ્રીના શબ્દોમાં જે નિર્માનિતા અને ભાવના તેઓએ અનુભવી એ આ પહેલા ક્યાંય અનુભવી ન હતી. સ્વામીશ્રીના શબ્દોથી તેઓ ખેંચાયા. ડુમ્મસમાં સ્વામીશ્રીને પોતાના ઘરે પધરાવ્યા અને સત્સંગનો રંગ લાગ્યો.

મૌનના વ્યાખ્યાતા સ્વામીશ્રીએ આ રીતે અનેકના સંશયોને છેદીને ભગવાનના માર્ગે વાળ્યા છે. એમની વાણી મનને અમનની ભૂમિકામાં લઈ જનારી છે. આ વાણીમાં કોઈ સ્વાર્થ, પૂર્વગ્રહ, ગુરુપણાની બદબૂ નથી. કેવળ પ્રેમ, વત્સલતા અને નિઃસ્વાર્થતાની પ્રતીતિ જે તેમની ગુજરાતી ભાષાને નથી સમજી શકતા એને પણ થાય છે.

ન્યૂયોર્ક(અમેરિકા)ની સ્વતંત્ર ટી.વી. ચેનલના માલિક વીન વિલિંગ્ટનનો આ અનુભવ છે. તેઓ કહે છે : 'પ્રથમ દર્શને જ મને એવું અનુભવાય છે કે આ સ્વામીજી માનવ નથી. એમનામાં ભગવાનનું ઐશ્વર્ય વહે છે. હું ઘણી ભાષા બોલી શકું છું પરંતુ આ સ્વામીની ભાષા બોલી શકતો નથી. તેમ છતાં મેં સ્વામીજી સાથે

ઘણી ઘણી વાતો કરી હોય એવું લાગે છે, કારણ કે સ્વામીની ભાષા પ્રેમ અને શાંતિની છે.'

સ્વામીશ્રીનું જ્ઞાન પારગામી હોવા છતાં વ્યવહારુ છે. તેઓનું જ્ઞાન તેઓના જ જીવનની પ્રતિકૃતિ છે. જીવન જીવવાની સાચી દૃષ્ટિ અને પ્રેરણા આ શબ્દોમાં સાંપડે છે.

અનેક પુણ્યાત્માઓએ કરેલું નિરીક્ષણ પણ આપણને ઉપરોક્ત વાતમાં સંમત થવા પ્રેરે છે.

ગીતાજ્ઞાનના પ્રચારક પાંડુરંગ શાસ્ત્રીજી કહે છે : 'ભગવાન બધાના હૃદયમાં છે પરંતુ સંતના હૃદયમાં ખીલે છે. નાચે છે. સંતો પવિત્ર છે. તેમના વિચારો પવિત્ર છે. એનું કારણ એમના વિચારોની પાછળ તપશ્ચર્યા છે. અનુભવ છે. જે વિચારધારાએ વ્યવસ્થિત પગથીઓ બાંધી છે, જેને કંઈ પરંપરા છે અને જે અનુભવ ઉપર ઊભી છે, તે વિચારધારા તેમણે પોતાના જીવનમાં સાકાર કરી છે... તમના વિચારો જીવનદાયી છે. સંતના વિચારોથી જીવનમાંથી મલિનતા અને નિરાશા ચાલ્યાં જાય છે. જીવનમાં ઉત્સાહ, ચૈતન્ય અને સ્ફુર્તિ આવે છે. સંતના વિચારોથી આજ જન્મમાં જ ફળ મળે છે...' સર્વ સંત માટેનું આ નિરીક્ષણ જાણે સ્વામીશ્રીના જીવનનું સર્વેક્ષણ હોય એવું અનુભવાય છે.

પ્રસિદ્ધ ભાગવત રસજ્ઞ કૃષ્ણશંકર શાસ્ત્રીજીએ પણ આ વિચાર વસ્તુને પોતાના નિરીક્ષણ દ્વારા સમર્થન આપ્યું છે '..પ્રમુખસ્વામી જ્યારે બોલતા હોય ત્યારે મને એમ લાગે છે કે મેલાં કપડાં ધોવા માટે પાણીની જરૂર છે તેમ મેલાં કાળજાંને ધોવા માટે એમની વાણીની જરૂર છે...'

ગુણાતીતનું આસન

રાજકોટમાં એક સભામાં સ્વામીશ્રીએ કહેલું, 'પહેલાં મહારાજના સમયમાં પરમહંસોના આસન રહેતા. ગુણાતીતાનંદ સ્વામીને આસન જેવું કાંઈ જ નહીં, થાંભલાને ટેકે બેસીને કથાવાર્તા કર્યા કરતા...' પછી કહે : 'આપણે પણ એવું જ છે. ગુણાતીત આસન ચાલ્યું આવે છે. જ્યાં જઈએ ત્યાં કથાવાર્તા જ કરવાની છે...'

સાચે જ આ ગુણાતીત પુરુષની વાગ્ધારાને કોઈ સમય, સંજોગો કે વિચિત્ર પરિસ્થિતિઓ અટકાવી શકી નથી. અંતરમાં ઉત્કટપણે રહેલી, સૌને સુખી કરવાની ભાવનાઓને કારણે તેઓ ક્યારેય અને ક્યાંય જંપ્યા નથી.

નાઈરોબીમાં એક વાર સભા પછી રાત્રે ૧૧ વાગ્યે સ્વામીશ્રી ચંદુભાઈ પટેલના ઘરે પહોંચ્યા. સ્વામીશ્રી ત્યાં પધારે એ પહેલા કેટલાય મુમુક્ષુઓ ત્યાં લાભ લેવા પહોંચી ગયા હતા. તેઓને જોઈને સ્વામીશ્રી એ બધાની વચ્ચે બિરાજ્યા.

હર્ષદભાઈ રાણાએ ઊભા થઈને જાહેરાત કરી કે 'બાપાએ કૃપા કરી છે તો હવે આપણને બે શબ્દો કહેશે. સ્વામીશ્રી જાણે એમની વિનંતીનું શબ્દશઃ અનુસરણ કરતા હોય એમ બોલ્યા, 'બ્રહ્મ સત્યં જગન્મિથ્યા.' આટલું કહીને જય બોલાવી દીધી.

સંસારનાં ખોટાં વળગણોમાંથી જીવને છોડાવીને, બ્રહ્મભાવને પમાડીને સત્ય પરમાત્માની સેવામાં પહોંચાડવો એટલો જ સ્વામીશ્રીની વાતોનો સાર છે.

સ્વામીશ્રીની વાણી એટલે સ્વામિનારાયણીય વિચારધારાનું સાંગોપાંગ દર્શન. એ સિવાય પણ જગતભરના મહાપુરુષોની શુભ વિચારધારાઓ પણ એમના આ લયમાં તાલ મિલાવતી અનુભવી શકાય છે.

ગુણાતીતના આસને બિરાજેલા અને સહજાનંદી વિચારધારાના વાહક એવા સ્વામીશ્રીએ સૌને બ્રહ્મ ભાવની દિશામાં લઈ જઈને પરમાત્માના શાશ્વત સુખમાં સ્થિર કરવા માટે દૃષ્ટાંત, કહેવત, તર્ક, મૌલિકતા, સમાજ નિરીક્ષણ જેવાં અનેક ઉપકરણોનો સહારો પણ લીધો છે. સહજાનંદ સાથેની સહજ સૂરતાના કેન્દ્રમાં રચાયેલા સ્વામીશ્રીની વાણીના વર્તુળના સપ્તરંગો સહેજે જ ઊડીને આંખે વળગે છે. આ સાત રંગો છે :

૧) સહજતા, ૨) સુમધુરતા, ૩) સચોટતા, ૪) સમન્વય, ૫) સમકાલત્વ, ૬) સમજણ, ૭) સંબંધ અને સાક્ષાત્કાર.

આ સપ્તરંગો પરસ્પર સમન્વય સાધીને, પરસ્પર વિલીન થઈને શાશ્વત શાંતિનો શ્વેતપ્રકાશ દુનિયામાં પાથરી રહ્યા છે.

સ્વામીશ્રીની વાણીના આ સપ્તકનો 'સાર' છે સહજાનંદ. પ્રત્યેક વિસંવાદોમાં આ 'સા' સંવાદ રચી આપે છે.

સ્વામીશ્રીની વાણી તો અમૃતનો ધરો છે. એમાં ડૂબકી મારનારને મૃત્યુના વમળની વચ્ચે મૃત્યુંજય મોતી મળી આવે છે.

૧. સહજતા

પ્રમુખસ્વામી મહારાજનાં પ્રવચનોમાં જવાનું થાય અને જો ભર ઉનાળે ફુવારે સ્નાન કર્યાની સૌમ્ય અને આહ્‌લાદક અનુભૂતિ થાય તો નવાઈ ન પામશો.

'તમે તેઓની સભામાં નહીં પણ દીવાનખંડમાં સામે બેસીને વાત કરી રહ્યા છો એવો અનુભવ થાય તો એ તમારી તદ્દન સહજ અનુભૂતિ છે.'

'તમે કોઈ ચોક્કસ રીતે ગોઠવાયેલાં ચોકઠાંઓમાં નહીં પણ તદ્દન સહજ રીતે અને એકદમ પ્રાકૃતિકતાથી ઊગી નીકળેલા વનમાં મુક્ત રીતે વિહરતા હો એવી હળવાશ અનુભવાય અથવા તો કંઈક નિરાળી ફૂંક અનુભવાય અથવા તો માતાનો પાલવ હાથ લાગ્યાનો અનુભવ થાય તો એમાં નવાઈ ન પામશો. નહીં વિદ્વત્તાનો આડંબર, નહીં અલંકારનો અહંકાર, નહીં પ્રાસનો ત્રાસ.'

આ કેવળ તમારી એકલાની અનુભૂતિ નથી, દરેકની અનુભૂતિનો તમે ભાગ છો. એ પછી ગામડાંનો અભણ આદમી હોય કે શબ્દનો સ્વામી. આંતરરાષ્ટ્રીય કક્ષાના વિખ્યાત ફોટોગ્રાફર રઘુરાયનો પણ આ જ અનુભવ છે. ૭૦મી જન્મ જયંતી સારંગપુરમાં ધામધૂમથી ઉજવાઈ રહી હતી. હજારો હરિભક્તો રોજ ઊમટતા. સૌની સ્વામીશ્રી પ્રત્યેની ભક્તિ, સ્વામીશ્રીનાં ક્ષણિક દર્શન માટેનો તલસાટ, સ્વામીશ્રી માટે કંઈક કરી છૂટવાની ભાવના - આ બધું જ વિખ્યાત ફોટોગ્રાફર માટે આશ્ચર્ય જેવું જ હતું. આ ભાવસાગરની કઈ મુદ્રાને કચકડામાં જડવી એ મથામણ એમને પોતાને પણ હતી પરંતુ સૌથી વિશેષ મથામણ અને આશ્ચર્ય તો એને ત્યારે થયા કે જયંતીની મુખ્ય સભામાં એક પછી એક મહાનુભાવો, સ્વામીશ્રીના ગુણ ગાઈ રહ્યા હતા. આ પ્રશંસા ધોધની વચ્ચે સાવ અટૂલા ટાપુની જેમ સ્વામીશ્રી પત્રો વાંચતા રહ્યા. એટલું જ નહીં. જ્યારે એનાઉન્સ થયું કે હવે સ્વામીશ્રી

આશીર્વાદ આપશે. અને માઈક ગોઠવાયું. સ્વીચ ઑન થઈ ત્યાં સુધી પત્રો વાંચતા રહ્યા, ને તદ્દન સહજતાથી 'સહજાનંદ સ્વામીની જય' બોલાવીને પ્રવચન શરૂ કર્યું. જાણે ઘરની મિટિંગ હોય એ રીતે. ૪૦,૦૦૦ની મેદનીની વચ્ચે પ્રવચન માટેની આટલી સહજતાની ક્ષણ કૅમેરાના નિર્જીવ કચકડામાં કઈ રીતે કંડારવી! આ આશ્ચર્ય હજી આજેય તેઓને શમ્યું નહીં હોય. સિદ્ધહસ્ત કવિ, સાહિત્યકાર અને ભક્તહૃદય સ્વ. હરીન્દ્ર દવેનો પણ આ જ અનુભવ છે : 'પ્રમુખસ્વામીને સતત મળવાનું બન્યું છે. તેઓ જે કંઈ વાત કરે છે એમાં તન્મયતા હોય છે. એમની સરળતામાં અજબની ગહેરાઈ હોય છે. માતાની વત્સલતા અને સંતની માનવીય દૃષ્ટિ બન્ને તેનામાં એક જ બિંદુએ મળ્યા છે.'

સુરત જિલ્લાના સાંકરી ક્ષેત્રના એક ગામના ખેડૂત કક્ષાના વયોવૃદ્ધ ભાવિક સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. એમનો પૌત્ર એમની સાથે હતો. સ્વામીશ્રીને પગે લાગીને કહે : 'હું તો આપને એટલું જ કહેવા આવ્યો છું કે આપ સભાઓમાં ટી.વી. ઉપર જે સરળતાથી અને સાદાં વાક્યોમાં આખ્યાન આપો છો એ મને ખૂબ જ ગમે છે. એની અસર સારી થાય છે. આ અમારાં છોકરાંઓની જિંદગી ટી.વી. અને ક્રિકેટની મેચે બગાડી મૂકી છે. એમાં જે આવે છે એ એટલું ખરાબ હોય છે કે એને અમે પહોંચી વળવાના નથી.' સ્વામીશ્રી એમના ટી.વી. જોતા પૌત્રને આ વિશે કંઈક કહે એ આશાએ આવેલા વૃદ્ધને સ્વામીશ્રીએ નિરાશ ના કર્યા.

લંડનમાં ઉજવાયેલા ભારતીય સાંસ્કૃતિક મહોત્સવની છાપ સમગ્ર ઇંગ્લૅન્ડમાં પડી હતી. વિદેશની ધરતી ઉપર ભારતીયો ગૌરવથી માથું ઊંચ શકે એવા આ મહોત્સવમાં લગભગ બધી જ ભારતીય સંસ્થાઓ આવી ગઇ હતી, પરંતુ સંતો-મહાત્માઓ પ્રત્યેના ગંઠાઈ ગયેલા પૂર્વગ્રહને કારણે ત્યાંના ભારતીય વિદ્યાભવનના ચૅરમૅન માણેક દલાલ લાભથી વંચિત રહી ગયેલા. જોગાનુજોગ ભવન્સમાં સ્વામીશ્રી પધાર્યા ને ત્યાં સભા થઈ. દલાલને ઉપસ્થિત રહ્યા વિના છૂટકો જ ન હતો. પરંતુ સ્વામીશ્રીનું પ્રવચન થયું ને પૂર્વગ્રહ ઓગળવા માંડ્યો. તેઓ બોલી ઊઠ્યા, 'કેટલી સરળ વાણી! આડંબર નહીં. ઘણાંનાં પ્રવચનો સાંભળ્યાં પણ આટલી સહજવા ક્યારય સાંભળી નથી.'

એક અન્ય સંપ્રદાયના પ્રૌઢ કાર્યકર પણ પોતાની ગંઠાઈ ગયેલી

સંપ્રદાયની ગાંઠને ઓગાળીને આ જ વાત કહી શક્યા. સ્વામીશ્રીનાં દર્શને તેઓ તીથલમાં આવ્યા હતા. અબ્રામા ગામના આ કાર્યકર ગામડે ગામડે જઈને પ્રચારનું કાર્ય કરે છે. સ્વામીશ્રીએ તેઓને કહ્યું : 'તમે જે કાર્ય કરો છો એ પણ ભગવાનનું કાર્ય છે. આપનું સ્વાસ્થ્ય સારું રહે ને સારી સેવા થાય.'

મીશ્રીની વિશાળ ભાવના તો એમને સ્પર્શી જ ગઈ, પરંતુ એ સિવાય પણ તેઓને કંઈક કહેવું હતું. તેઓ કહે : 'બને તો રોજ આપની સભામાં આવું છું. આપની વાતો એટલી સાદી ને સીધી હોય છે કે તરત જીવમાં ઊતરી જાય છે.'

કલકત્તામાં નટુભાઈ મોદીના ઘરે સ્વામીશ્રીનો ઉતારો હતો. તેઓના મકાન માલિક બજરંગદાસ સિંધાનિયા ભાવિક છે. મુમુક્ષુ છે. રોજ સવારે પૂજામાં સ્વામીશ્રીનાં દર્શન માટે ખાસ આવતા અને બેસતા. પૂજા પછી સ્વામીશ્રી રોજ વાતો કરે એ સાંભળતા. એક દિવસ સ્વામીશ્રી તેઓના ઘરે પધરામણીએ પધાર્યા ત્યારે તેઓ કહે : 'હું તો ગુજરાતી બહુ સમજતો છતાં આપ રોજ સવારે શાસ્ત્રો એટલી સરળ રીતે સમજાવો છો કો નાનાં છોકરાં પણ સમજી શકે. ગૂઢમાં ગૂઢ તત્ત્વ આટલી સરળ રીતે સમજાવવું એ નાની વાત નથી.'

વિખ્યાત ફોટોગ્રાફર હોય કે શબ્દના સ્વામી સમા સાહિત્યકાર. ગામડાના ખેડૂત હોય કે ઇતર ધર્મના કાર્યકર કે પરપ્રાંતના શ્રોતા હોય. પ્રત્યેકના સંજોગો અને વાતાવરણ જુદા છે પણ અનુભૂતિ તો એક જ છે. સ્વામીશ્રીની સહજતા ઉપર સૌ ઓવારી જાય છે. અધ્યાત્મના ઉપદેશો માનવીય જીવન માટે અને ઊર્ધ્વ આરોહણ માટે આવશ્યક નહીં પરંતુ અનિવાર્ય છે, તેમ છતાં શાસ્ત્રોની ગૂઢ અને અનેક અર્થ તરફ લઈ જતી વાણીમાં આજની પેઢીને ઝટ પ્રતીતિ નથી આવતી. પરિણામે આટલી અમૂલ્ય પ્રાપ્તિમાંથી એ વિમુખ બનતી જાય છે.

સંસ્કૃતિને સમજવા માટે આ રીતે જે ખાઈ રચાઈ રહી છે ત્યારે સ્વામીશ્રીએ એમની વાણીને સેતુ બનાવી દઈને આ અંતરને જોડવાનો સફળ પ્રયત્ન કર્યો છે. આ સેતુના પાયામાં રહી છે બાળસહજ સરળતા. આ સહજતા એ એમનાં અહં શૂન્યતાનું આંતરદર્શન છે.

અહંશૂન્યતાનું આંતરદર્શન

૧૯૮૪ની સાલમાં સ્વામીશ્રી વિશ્વપ્રવાસે હતા. અમેરિકાના ટેમ્પા

શહેરમાં સ્વામીશ્રીની જાહેરસભા હતી. હજારો ભાવિકો સભામાં ઉપસ્થિત હતા. સ્વામીશ્રીના પ્રવચનનો વારો આવ્યો પરંતુ માઇકનું સ્ટેન્ડ જ નહીં. જે હતું એ નાનું હતું. છેવટે તબલા ઉપર એ સ્ટેન્ડ ગોઠવીને માઇ વ્યવસ્થા કરવામાં આવી. પ્રોટોકોલ અને સભાની શિસ્તના કડક આ દેશમાં આ પ્રકારની અગવડ અને કંઈક અંશે મુખ્યવક્તાની મશ્કરી લાગે એવી વ્યવસ્થામાં પણ સ્વામીના પ્રવચનમાં કોઈ ફેર ન અનુભવાયો. એ જ અલમસ્તાઈથી સ્વામીશ્રીએ આત્મભાવની વાતો કરી.

હાલોલના હરિભક્ત પ્રભુદાસભાઈએ સ્વામીશ્રીને ધામધૂમથી પધરાવવા મોટા પાયે તૈયારીઓ કરી. બેન્ડ મંગાવ્યું અને નગરયાત્રા કાઢી... આગળ બેન્ડ, પાછળ બગીમાં સ્વામીશ્રી અને 'નગરયાત્રા'માં નિમંત્રક એકલા જ. આવી કફોડી યાત્રા પછી પણ સ્વામીશ્રીએ સભા તો કરી જ, અપમાન ં લાગે એવી આ નગરયાત્રા પછી પણ સ્વામીશ્રીએ એ જ અલમસ્તાઃ વાતો કરી. નહીં કોઈ ભાવફેર નહીં કે વ્યગ્રતા નહીં.

ઉનાળાના ભરતાપમાં કાઠિયાવાડના નાનકડા દરબારી ગામ ત્રાડિયામાં મથી નગરયાત્રા નીકળી. તડકો અને ધૂળ એકબીજાની સ્પર્ધા કરે. ગામના ચોકમાં નગરયાત્રા વિરમી. સ્વામીશ્રી તો તડકામાં જ વાતો કરવા માંડ્યા. જામભા બાપુએ અડધી કથાએ જય બોલાવીને પ્રવચન પૂરું કરાવી દીધું. તેઓને એમ કે મુખ્ય સભા સાંજે છે. અત્યારે બોલવાની શી જરૂર? સ્વામીશ્રીએ બાપુના આદેશનો કંઈ પણ બોલ્યા વગર અમલ કર્યો અને પાછું શાંતિથી કહ્યું : 'સારું થયું, બાપુએ બંધ કરાવ્યું. આપણને આગળના કાર્યક્રમની ક્યાં ખબર હતી?'

ભાવનગર નજીકના કુંઢડા ગામમાં સભા સ્વામીશ્રીની, પણ બહારના વક્તાઓ એવા જામ્યા કે રાતના ૧૨ તો એમાં જ વાગી ગયા. છેલ્લે સ્વામીશ્રીનાં આશીર્વચનનો વારો આવ્યો ત્યારે મંડપ ઘણોખરો ખાલી થઈ ક્તો. ગામના રખડતા ૨-૪ કૂતરાઓ પણ મંડપ વચ્ચે આવી સૂઈ ગયા હતા, છતાં સ્વામીશ્રીએ એટલી જ સહજતા અને અલમસ્તાઈથી પ્રવચન કર્યું. રાત્રે ૧ વાગ્યે ઉતારા ભેગા થયા.

ખંડવામાં જાહેરમાર્ગ ઉપર જાહેરસભા ભરાઈ હતી. સ્વામીશ્રીના મંચ અને શ્રોતાઓની વચ્ચેથી ચાલુ પ્રવચને ૨-૩ જાન બેન્ડવાજાં સહિત પસાર થઈ ગઈ છતાં સ્વામીશ્રીની વાગ્ધારા એવી જ અસ્ખલિત રહી.

કપૂરા ગામમાં પારાયણ દરમ્યાન કંઈક કારણવશાત્ ચાલુ સભામાં એટલો કોલાહલ અને ઘોંઘાટ વધી ગયો કે પ્રતિભાવની અપેક્ષા રાખનાર વક્તા હોય તો પોતાનું પ્રવચન બંધ જ કરી દે, પરંતુ કોલાહલની વચ્ચે પણ સ્વામીશ્રીની પ્રવચનગંગાના વહેણ તદ્દન ગંભીર અને શાંતપણે વહે જતા હતા.

વિપરીત સંજોગો કે વાતાવરણ કે માનસિક ભૂમિકાઓનાં પરિબળો સ્વામીશ્રીની આ સાહજિકતામાં ક્યારેય ખલેલ પાડી શક્યા નથી. તેઓની અહંશૂન્યતાનું આ આંતરદર્શન છે.

આત્મીય એકાંત

આ સહજતા અને સરળતા હજારોની મેદનીમાં ક્યારેક એવું એકાંત આપે છે કે હજારોની સામૂહિકતા ખરી પડે અને 'બે વ્યક્તિના સંવાદનો ટાપુ રચાઈ જાય.' આ મુક્ત સંવાદમાં ઔપચારિકતા, અહંકાર કે આક્રોશ સભાવટો ભોગવે અને આત્મીયતાની સુગંધ શ્વાસોને તરબતર કરે... અંતર એમ કહેવા ધસી પડે કે 'સ્વામી તો મારા જ છે.' નવાઈની વાત તો એ કે એકની સાથેનો આત્મીય સંવાદ સૌ માટે આ 'મારાપણા'ની ભાવનાને જગાડી જાય છે.

ભાદરામાં ગુણાતીત દીક્ષાપર્વ ઊજવાઈ રહ્યું હતું. વિવેકસાગર સ્વામીએ ગુણાતીતની દીક્ષાનો મર્મ સમજાવ્યો. સૌને એ દીક્ષા લેવાની હાકલ કરી... આ વાક્યને દોહરાવતાં સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'બોલો શાંતિભાઈ! છે તૈયારી?' સ્વામીશ્રી તેઓને કહી રહ્યા હતા, પરંતુ આખી સભાનું ધ્યાન એમાં જ હતું.

શાંતિભાઈ કહે : 'હું તૈયાર છું.' સ્વામીશ્રીએ કોઠારી જ્ઞાનપ્રસાદ સ્વામીને કહ્યું : 'કોઠારી! આ બધા આવે તો (ભગવાં) કપડાં તૈયાર છે?'

'હા.'

'લ્યો, બધું તૈયાર છે. આ તો ગુણાતીતની દીક્ષાની વાત છે. ભલે, તમે એમ ને એમ રહેજો પણ અક્ષરદીક્ષા લેવાની છે. એટલે વાસના ને સ્વભાવ નાશ થાય એ દીક્ષા લેવાની વાત છે. પછી ભલે ને કોઈ પણ કપડાંમાં હો... જો કે પાછું એવું માની લેતા નહીં કે અમે સાધુ જ છીએ. જેની ઇચ્છા હોય ને અનુકૂળતા હોય એને તો આવી જ જવું. આપણે એવી દીક્ષા લઈએ કે શાંતિ ને આનંદ જ રહે. ગુણાતીતના ગુણ પ્રાપ્ત થાય.'

બોચાસણમાં સ્વામીશ્રી 'આ મેડિયું મળી છે ને સારું સારું ખાવાનું મળે

છે એ મનુષ્યદેહનું ફળ નથી...' એ સ્વામીની વાત નિરૂપી રહ્યા હતા. દરમ્યાન બોરસદના નિમિષને દૂરથી આવતો જોઈને સ્વામીશ્રીએ વાતોનું ન એની તરફ મરોડ્યું. નિમિષને સ્વામીશ્રી સાથે બોલવાની છૂટ અને સ્વામીશ્રી પણ એને છૂટથી કહી શકે.

સ્વામીશ્રી : 'આવો ભાણાભાઈ ! આ વાત આવી : મનુષ્યદેહનું ફળ શું ?'

'સારી સારી વસ્તુ મળે એ.' નિમિષે સ્વામીશ્રી પાસે વિશેષ સાંભળવા માટે કહ્યું.

સ્વામીશ્રીએ એ જ દલીલને કાકુભેદ દ્વારા રજૂ કરતાં કહ્યું : 'વાત સાચી સારી સારી મોટર, બંગલા કે અમેરિકા જવાનું ન મળે તો આ દેહનો અરથ શું?'

'સારા સાધુ મળે એય ફળ છે ને!' સ્વામીશ્રીની વક્રોક્તિ પામીને નિમિષે

સ્વામીશ્રી : 'એ જ વાત ચાલે છે ને! સારી વસ્તુઓ તો લોકમાં બધાને મળે છે. પશુને ય મળે છે. માન-મોટપ ને હોદ્દા બધું મળશે. પ્રધાનો થશે ને હજારો હાર પણ પહેરાવશે - પણ એ દેહનું ફળ નથી. અનંત જન્મોથી જીવ આ કરતો આવ્યો છે. આંબાનું ફળ શું? કેરી આવે એ આંબાનું ફળ છે, એમ હૃદયમાં ભક્તિ થાય, સ્વભાવ ટળે, મોક્ષ થાય એ દેહનું ફળ છે.

'પૈસા કમાવા રાત-દિવસ મહેનત કરીએ છીએ એમ સ્વભાવ ટાળવાની મહેનત કરીએ તો સ્વભાવેય ટળી જાય. પણ આપણને થાય, 'આવું ક્યારે થશે? વિષયોનું સરું તો આવતું નથી. એટલે મન પાછું પડે છે પણ પાછું ન પડવું. બળ રાખવું.'

નિમિષ : પણ કેટલો વખત બળ રાખવું?

સ્વામીશ્રી : એ ચિંતા શું કામ કરવી? આપણે તો મંડવું જ. ભણવા બેસે તો ડિગ્રી મળે છે કે નહીં?

નિમિષ : પણ એમાં તો ખબર જ છે કે ચાર વર્ષે મળી જ જવાની છે.

સ્વામીશ્રી : એમાં એવી સાધના કરીને મંડો છો તો ચાર વર્ષે ડિગ્રી મળે છે. એવી સાધના આમાં (વિષયોમાંથી વૈરાગ્ય પામવામાં) છે? પેલા જેવી એકાગ્રતા આમાં રહેવી જોઈએ ને! સાધના માર્ગમાં એવું બધું આવે પણ

એકાગ્રતા રહેવી જોઈએ. જેમ નટ વાંસડે ચઢે ત્યારે આખું ગામ તેને જોવા ઊમટે. પણ નટ તે લોકોને ન જુએ. જો નટ આડું અવળું જુએ કે ઓહોહો... મારા માટે તાળી પડે છે ને કેટલા જોવા આવ્યા છે? એમ જોવા જાય તો પડે હેઠો. એમ આમાં પણ ભગવાનની સામું જોઈએ તો જ કામ થાય. એકતાર થાય તો જ કામ થાય. એમ ભક્ત થાય એને તો ભગવાન અને સંતની સામું જ જોઈ રહેવાનું. જોવું એટલે એની આજ્ઞા સામું તાન રાખવું. કરીએ બધું, પણ અનુસંધાન આ રાખવું... અક્ષરધામનું રાજ લેવું. આ વખતે જોગ મળ્યો તો બીજા વિચારો કરવા કરતાં બ્રહ્મરૂપ કેમ ના થઈ જવું?'

આ બધા પ્રસંગોમાં શ્રોતા અને વક્તા વચ્ચેની જીવતંતા કેટલી પ્રબળ અને કેટલી સાહજિક અનુભવાય છે? ક્યારેક તો એમ જ લાગે કે શ્રોતા એ વક્તા છે અને વક્તા એ શ્રોતા. આટલી અદ્‌ભુત આત્મીયતા વ્યાસપીઠનો મલાજો જાળવનારાઓના આગ્રહમાં ક્યારેય નહીં અનુભવાય.

કથાનું પોતાનું એક વાતાવરણ હોય છે. ઔપચારિકતા, આડંબર, વાણીવિલાસ અને શ્રોતા ઉપર પ્રભાવ પાડવાની સભાનતા, આ બધાં પરિબળોની વચ્ચે પેલા વાતાવરણની દિવ્યતા ખરી પડે છે. ક્યારેક મનોરંજન જેવો માહોલ રચાઈ જાય છે. પરંતુ જ્યાં કેવળ ભગવાનના ગુણ ગાવા માટે જ કથા થતી હોય ત્યાં કથાતત્ત્વની અદબ જળવાઈ રહે છે. વાતાવરણમાં દિવ્યતાનાં આંદોલનોનો સહજ અનુભવ સૌને થાય છે. આત્મીયતાનો રણકો કર્ણપટ ઉપર સતત અથડાય છે. સ્વામીશ્રીની વાણીમાં આ સહજતાનો માહોલ સતત અનુભવાય છે. ક્યારેક તો આ માહોલ ઉપનિષત્કાળનું ઋષિદર્શન બની રહે છે.

ઉપનિષદ્‌ોની અનુસ્મૃતિ

નીલકંઠ : સ્વામીબાપા! હું આપને એક પ્રશ્ન પૂછું?

સ્વામીશ્રી : પૂછને ભાઈ! તું તો બહુ ડાહ્યો છે.

નીલકંઠ : ના સ્વામીબાપા! મારે ગાંડા થવું છે. કારણ, ગુણાતીતાનંદ સ્વામીની પેલી વાત છે ને કે ગાંડો હોય એ જ ભગવાન ભજે. મારો પ્રશ્ન છે - સૂરજ મોટો કે ચાંદો?

સ્વામીશ્રી : એ મને શી ખબર?

નીલકંઠ : કેમ આપને કેમ ખબર નથી? આપ તો બધું જાણો છો!

સ્વામીશ્રી : સૌથી મોટા ભગવાન. ચાંદો અને સૂરજ કરતાં ય મોટા ભગવાન છે. એમની આજ્ઞા પાળવી અને ભગવાન ભજવા.

નીલકંઠ : સૂર્ય અને ચંદ્ર પણ એક જાતના ભગવાન જ છે ને!

સ્વામીશ્રી : ના, એ તો સેવક છે. મોટા ખરા, પણ ભગવાનની આજ્ઞા પાળે છે એટલે મોટા થયા છે. બધા દેવોથી મોટા શ્રીજીમહારાજ કહેવાય. એમની આજ્ઞા પ્રમાણે બધા પ્રકાશ આપે છે. ચંદ્ર કરતાં સૂર્ય મોટા, પણ સૌથી મોટા ભગવાન. માટે સમજવાનું શું? ઓ ઈશ્વર ભજીએ તને - ભગવાનને ભજીએ તો જ મોટા થવાય. બધાનો ઉદ્ધાર કરનાર શ્રીજીમહારાજ જ છે. તારે બધાને એ સમજાવવું. તો એ આપણને મોટા બનાવે.

આપણે જેમ કોઈ સારું કામ કરતો હોય તો એને પગે લાગીએ છીએ. એમ આ બધા દેવો. સારું કામ કરે છે એટલે પગે લાગીએ છીએ. એમણે ભગવાનની સેવા કરી તો મોટા થયા, અને આપણે એમને મંદિરમાં બેસાડ્યા, અને સેવા કરીએ છીએ. એમણે જેમ ભગવાનને રાજી કર્યા એમ આપણે પણ રાજી કરીએ તો મોટા થવાય.

એકવાર નીલકંઠને સ્વામીશ્રીએ પૂછ્યું : 'તું હમણાં ૐ શાંતિઃ બોલ્યો તે તને શાંતિ થઈ?'

નીલકંઠ : અંતરમાં ભગવાન પ્રગટ થાય તો જ શાંતિ થાય. 'ૐ શાંતિઃ બોલવાથી ન થાય.

સ્વામીશ્રી (હસતાં હસતાં) : એ વાત સાચી.

નીલકંઠ : સ્વામી! આપે મને અગાશીમાં કહ્યું હતું કે 'તું નાનો છે તો બધા તારી સામું જુએ છે. તો હું મોટો થઈશ ત્યારે ભગવાન મારી સામું નહીં જુએ?'

સ્વામીશ્રી : આપણે ૮૦ વર્ષના થઈએ તોય ભગવાન આગળ તો બાળક જ છીએ ને! આપણે એમ સમજવું એટલે આપણી સામું જુએ.

સાવ નાના ૯ વર્ષના બાળકમાં આવી ઉપનિષદ્ જિજ્ઞાસા ક્યાંથી આવી? સ્વામીશ્રીના સત્સંગનો આ પ્રતાપ છે. તેઓના પ્રવચન ઉપનિષદ્દોની અનુસ્મૃતિ જ છે.

સંસ્કૃતિના ગંગાજળ વડે બંધાયેલો વાણીનો પિંડ

સરળ અને ટૂંકાં વાક્યો એ સ્વામીશ્રીની વાણીની આગવી ઓળખ છે. જો

કે આ સરળતા એ કોઈ છીછરાપણું નથી, જે છીછરું હોય એ ખખડે ‹ અલંકાર, પ્રાસ અને શબ્દોની તોડજોડ કરનારાઓ કેવળ બુદ્ધિને પ્રેમ કરતા હોય છે. એવા તર્કવાદીઓની બુદ્ધિ અને ગોડાઉનમાં કોઈ ફરક નથી. સ્વામીશ્રીની વાણી સાંભળીએ ત્યારે એક વસ્તુ ચોક્કસ અનુભવાય કે તેઓ 'બુદ્ધિમાં હૃદય અને હૃદયમાં બુદ્ધિ' રાખીને બોલે છે. એમનો અણીશુદ્ધ તર્ક પણ ભાવનાથી ભર્યો ભર્યો અને એમની ભાવનાશીલતા પણ વ્યવહારુ તર્ક વડે ભીંજાયેલી અનુભવી શકાય. આજ સુધી એવું જ મનાતું કે શાસ્ત્રો એટલે કેવળ તત્ત્વચર્ચા. કોઈ ભરમ ભરેલો પ્રદેશ.

સ્વામીશ્રીએ પોતાની સાદી-સીધી વાણી દ્વારા શાસ્ત્રોની આ ગૂઢતાનો કિલ્લો તોડીને સામાન્યમાં સામાન્ય કક્ષાના ભાવિકોને બતાવ્યું કે શાસ્ત્રોની ભાષાથી કે તત્ત્વચર્ચાથી ગભરાશો નહિ. શાસ્ત્રો તો આપણા આ લોક અને પરલોકના માર્ગદર્શક છે. લોકો રોજબરોજના જીવનમાં જે અનુભવે છે એ અનુભવોનો આધાર લઈને સ્વામીશ્રીએ આ ગૂઢ રહસ્યોને સમજાવ્યા છે. અને એય એટલી સરળતાથી કે સાંભળનાર એમ જ અનુભવે કે 'ઓ..હો..હો.. આ તો અમારો રોજનો અનુભવ.' શાસ્ત્રોની વાતોને વ્યવહારુ ઓપ આપનાર સ્વામીશ્રીની વાણીનો પિંડ વેદ, ઇતિહાસ-પુરાણો અને પૂર્વ આચાર્યોના ઉપદેશો રૂપી ગંગાજળ વડે બંધાયેલો છે.

હરીન્દ્રભાઈનો અનુભવ ઉપરોક્ત વાતને વિશેષ ઘાટ આપે છે : '... પ્રમુખસ્વામી યજ્ઞનો વેદવારાનો અર્થ કોઈ સૂકત કે સૂત્રને ટાંક્યા વિના સરળતાથી શીખવે છે. 'ભગવાને આજ્ઞા કરી છે કે તમારે બ્રહ્મયજ્ઞ - જ્ઞાનયજ્ઞ કરવો. બ્રહ્માગ્નિ એટલે બ્રહ્મરૂપ સંત. એમાં ઇન્દ્રિયોને હ એમના આદેશ પ્રમાણે વર્તીએ તો એ હોમી કહેવાય. અને એ રીતે વર્તે પછા સંતમાં પરમાત્માનાં દર્શન થાય. ત્યારબાદ બ્રહ્મયજ્ઞની પૂર્ણાહુતિ થઈ કહેવાય.

વેદ - ઉપનિષદ્‌ની યજ્ઞભાવનાને સ્વામિનારાયણના આ પ્રતાપી સત્પુરુષે કેટલી સરળતાથી મૂકી આપી છે!!

ઉપનિષદ્‌ની, શાસ્ત્રોની ગૂઢ ઉપદેશધારાનો અને સમાજના વહેણમાં વાળીને - સમાજનો એક ભાગ બનાવતાં કેટલાક સંદર્ભો જોઈએ. સ્વામીશ્રી ઘણી વાર કહે છે :

'આપણને એમ છે કે પૈસા, સત્તા, પદાર્થ, સ્ત્રી આ બધું મળી જાય તો

સુખી થઈ જવાય. પરંતુ જે કંઈ સુખ છે કે આનંદ છે એ તો અંદર પરમાત્માનો વાસ છે એને લઈને છે. મડદા આગળ પૈસાનો ઢગલો કરો એને શું આનંદ? ગમે એટલી રૂપાળી સ્ત્રી હોય પણ એનું શું સુખ? મડદાંને ગમે એટલું શણગારો એનો એને હરખ થવાનો છે? બે ભાઈબંધ હોય ને રાત-દિ ભેગા જ રહેતા હોય, પણ એક મરી જાય પછી બીજાને કહીએ કે 'આજની રાત ભેગો રૂમમાં સૂઈ જા.' તો કહેશે : 'ના ભઈ ના! રાત્રે ઊઠીને બાઝી પડે તો? લ્યા! રાત-દિ ભેગા રે'તા ત્યારે આવો વિચાર ન'તો ને હવે કેમ એમ થયું? રાતોરાત મડદાને બહાર કાઢે. એટલે જ્યાં સુધી અંદર આત્મા છે ત્યાં સુધી જ સુખ ને શાંતિ છે.' સ્વામીશ્રીના આ નિરૂપણમાં બૃહદારણ્યક ઉપનિષદ્‌ના યાજ્ઞવલ્ક્ય અને મૈત્રેયીના પેલા વિશ્વવિખ્યાત સંવાદની કેટલી પ્રાસાદિક રજૂઆત દેખાય છે!!

न वा अरे पत्युः कामाय पतिः प्रियो भवति,
आत्मनस्तु कामाय पतिः प्रियो भवति,
न वा अरे सर्वस्य कामाय सर्वं प्रियं भवति
आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति। (બૃહદારણ્યક ૪-૪)

* * *

'ધર્મની રીતે કમાયેલો સૂકો રોટલો પણ શાંતિ આપશે. કોઈને ત્રાસ આપીને કે પડાવીને લીધું હશે એમાં કદાચ બહાર ફરતો લાગતો હશે.. એમ પણ લાગે કે આ કેટલો સુખી હશે? પણ અંતરમાં શાંતિ નહિ હોય. એવાને રાત્રે ઊંઘ પણ ન આવે. અમથી બારી ખખડે તોય ઊભો થઈને જોઈ આવે - 'કોઈ છે તો નહિ ને!' જે કમાણીથી ઊંઘ જાય, શાંતિ જાય એ કમાણીનો અરથ શું?'

લાગે છે કે વ્યાસ ભગવાનનો આર્તનાદ : 'उर्ध्वबाहु र्विरौम्येष, न च कश्चित् श्रुणोति मे। धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते॥' નો જાણે આ મધ્યવર્તી વિચાર ન હોય!

* * *

'આપણા મોંમાં એક કોળિયો મૂકીએ છીએ એની પાછળ બીજા કેટલાયનો સહકાર અને અધિકાર છે એનો વિચાર કરો. ભગવાને દાણા ઉગાડ્યા છે. ખેડૂતે મહેનત કરી છે. બળદોએ ખેતી કરી છે. વૃક્ષોનાં લાકડે

હળ બન્યાં છે. મજૂરોએ પરસેવો રેડ્યો છે. વેપારીઓ એ અનાજ દુકાનમાં લાવ્યા છે અને ત્યાર પછી તમારા ઘરે અનાજ આવ્યું છે, ને તમે જમી રહ્યા છો, એટલે તમારા કોળિયા ઉપર તમારા એકલાનો અધિકાર ન સમજવો. ભગવાનનું છે ને ભગવાન આપે છે તો બીજાને વહેંચી ખાતા શીખવું.'

ईशावास्यमिदं सर्वं, यत्किञ्च जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुञ्जीथाः मा गृधः कस्यस्विद् धनम् ॥

ઈશાવાસ્ય ઉપનિષદ્‌ના આ મંગલાચરણમાં રહેલી વૈશ્વિકતાનું આથી સરળ ભાષ્ય બીજું કયું હોય?

* * *

'જોષથી મોટો કોશ ને કોશથી મોટો વરત
જો આખો દિ' મહેનત કરે તો તેને મળે તરત.'

'જ્યોતિષના ચોપડા સામું આખો દિ' જોઈ રહે એનાથી કંઈ વળે નહિ, જોષથી તો મોટો કોસ છે. કોસ ચલાઈને હાથમાં વરત (દોરડું) લઈને ખેતી કરવા મંડે તો ઘરે ધાનના ઢગલા થાય. શાસ્ત્રોમાં પુરુષાર્થનો મહિમા ખૂબ છે. લોકો કહે છે કે ધર્મ આપણને શિથિલ બનાવે છે પણ ધર્મ ક્યારેય બેસી રહેવાની વાત કરતો નથી. ધર્મ, અર્થ, કામ અને મોક્ષને શાસ્ત્રોએ પુરુષાર્થ કહ્યો છે. જે કંઈ કરો એ ધર્મને સાથે રાખીને અને મોક્ષમાં સહાયભૂત થાય એ રીતે કરો.

સ્વામીશ્રીની આ ભાવનાઓમાં कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः... એ વૈદિક મંત્રના પડઘા સંભળાયા વગર રહેતા નથી.

* * *

'કોઈ પણ વસ્તુમાં હું ને મારાપણાનો ભાવ આવે ત્યારે જ દુઃખ આવે છે. તમે છાપામાં વાંચો 'કે એક છોકરો મોટરની અડફેટમાં આવી ગયો ને મરી ગયો.' તો તમને કંઈ આંચકો નહિ લાગે. ઊલટું બે જણને એમ જ કહેશો 'એ તો મરે જ તો ને! આમ, જેમ તેમ ડાફોળિયા મારતો હશે. એવા તો એ જ લાગના.' પણ જો ખબર પડે કે એ છોકરો બીજા કોઈનો નહિ પણ તમારો પોતાનો છે. તો શું થાય? ગમે એવો દૂધપાક અને ૫૬ પકવાન સામે પડ્યા હોય તોય ખારા થઈ જાય. ત્યાં પેલો ઉપદેશ ક્યાં ગયો? આવું મમત્વ ભગવાન અને સંત વિષે થઈ જાય તો કામ થઈ જાય.'

સ્વામીશ્રીના આ શબ્દો શ્રીમદ્ ભાગવતના પેલા શ્લોક,

यस्यात्मबुद्धिः कुणपे त्रिधातुके स्वधीः कलत्रादिषु भौम ईज्यधीः ।
यत्तीर्थबुद्धिः सलिले न कर्हिचिद् जनेष्वभिज्ञेषु स एव गोखरः ॥

નો સરળ અનુવાદ નથી લાગતો?

* * *

'જો આપણે ધર્મનું રક્ષણ કરીએ તો એ આપણું રક્ષણ કરે. જેમ તમે પૈસાનું રક્ષણ કરો છો તો માંદે-સાજે એ આપણને કામ લાગે છે. જો મોજ-શોખમાં ઉડાવી દો તો શું થાય? જો તમે મકાનનું રક્ષણ કરો તો ટાઢ-તડકે-વરસાદમાં એ તમારું રક્ષણ કરે છે. એમ ધર્મ પણ આપણું રક્ષણ કરે જો આપણે ધર્મ પ્રમાણે વર્તીએ તો..'

મનુ-સ્મૃતિનું અમર વાક્ય 'धर्मो रक्षति रक्षितः' નું કેટલું વ્યવહારુ તર !!

* * *

વેદનો આદેશ છે 'શ્રદ્ધયા દેયમ્...'

આપવું તો શ્રદ્ધાપૂર્વક આપવું. સ્વામીશ્રી આ વાતને રસાળ દૃષ્ટાંત દ્વારા અદ્‌ભુત રીતે રજૂ કરે છે :

'એક પટેલ હતા. બહુ જ સુખી. જબરા ખેડૂત એટલે ગાયો, બળદ તો હોય પણ ઘોડીય રાખતા. વતનદાર અને લાંબી જમીન એટલે આંટો મારવા ઘોડી રાખે. પતિ અને પત્ની, વસ્તારમાં એક દીકરી. દીકરી ૨૦ વર્ષની પરણાવવા યોગ્ય થઈ એટલે એના માટે સારો મૂરતિયો ગોતતા હતા. એના માટે ઘરેણાં વગેરે તૈયાર રાખ્યાં હતાં. માને દીકરી ઉપર અપાર હેત હતું. એને રોજ પરણાવવાની વાત કરે. એટલામાં ભગવાનનું કરવું ને દીકરીનો આવરદા આવી રહ્યો. માને અપાર શોક થયો. રાત દિવસ લાલી, લાલી, લાલી જ કર્યા કરે. કો'કને ઘેર જાય ત્યારેય લાલીની જ વાત કરે. એને સંભારી સંભારીને રડ્યાં કરે.

'એમાં એક દિવસ એક બ્રાહ્મણ એના ઘરે આવ્યો. બપોર હતો એટલે પટેલ ખેતરે હતા. બૈરાં તો લાલીને જ સંભાર્યા કરે. એટલે બ્રાહ્મણનેય પૂછે કે 'લાલીના કાંઈ સમાચાર ખરા?' બ્રાહ્મણ હુંશિયાર હતો. જાણી ગયો. એટલે કહે : 'હું લાલીના સમાચાર આપવા જ આવ્યો છું.' પેલી તો આ સાંભળીને

ખુશ ખુશ થઈ ગઈ. કહે: 'મેં એના માટે કેટલી તૈયારી કરી હતી.'

બ્રાહ્મણ કહે : 'લાલી ત્યાં બહુ જ સુખી છે અને મને કહ્યું છે કે બાએ તૈયાર કર્યું છે એ બધું લેતા આવજો.' એટલે પેલી વધારે કાલીઘેલી થઈ ગઈ અને બધું જ પેટીમાં ભરીને આપી દીધું. પેલો બ્રાહ્મણ વિચાર કરે કે હવે તો જિંદગીમાં લોટ માંગવાનું મટી ગયું. એ તો ઊપડી ગયો. ખેતરવા ગયો હશે ત્યાં પટેલ ઘરે આવ્યા. પટલાણીને હરખપદુડી જોઈને કહે : 'આજે કેમ આનંદમાં છે?' તો કહે, 'લાલીના સમાચાર આવ્યાં.' પટેલે વિચાર કર્યો: 'ગયું એના સમાચાર ક્યાંથી હોય ? નક્કી કાંઈક લાગે છે.' પછી બધી વાત કરીને પટલાણી કહે : 'મેં તો બધું આપી સોત દીધું.' પટેલનું મોં ફાટી ગયું : 'તેં બધું આપી સોત દીધું?' તો કહે : 'હા.' પટેલે બધું પૂછી લીધું ને ઘોડી મારી મૂકી. બ્રાહ્મણે જોયું કે પટેલ આવ્યા છે. પકડાઈશું તો મૂકશે નહિ. એટલે વડલા આગળ જઈને ઉપર ચઢી ગયો. પટેલે આ જોયું એટલે વડલા નીચે ઘોડી બાંધીને ઉપર ચઢ્યો. બેય આંબલી-પીપળી રમવા મંડ્યા! પેલો પેલી ડાળે જાય ત્યાં પેલો બીજી ડાળે પહોંચે. આમ ઊંચો-નીચો થતાં પેલો નીચે ઊતરી ગયો અને પટેલની ઘોડી છોડીને મારી મૂકી. પટેલ ઘા ખાઈ ગયા. ચાલતા ઘરે આવ્યા. પટલાણીએ પૂછ્યું : 'ઘોડી ક્યાં ગઈ?' તો કહે: 'તારી જેમ મેંય લાલી લેખે કરી નાંખી!' એમ આપણેય ભગવાનને ધર્માદો ન કરીએ પણ જ્યારે રેડ પડે ત્યારે પરાણે લાલી લેખે કરીએ છીએ માટે પરાણે કરવા કરતાં આપણે ભગવાન લેખે રાજીપે કરવું.'

* * *

અષ્ટાવક્ર ગીતાનો આદેશ છે 'વિષયાન્ વિષવત્ ત્યજ'

ઝેર સમજીને દુન્યવી વિષયોનો ત્યાગ કરો.' આ વાતને જનમાનસની પરિભાષા સ્વામીશ્રી આપે છે. 'વિષયો તો વાઘ ને સરપ જેવા છે. વાઘ સુંદર ચટાપટાવાળો છે એમ જોઈને એવું મન થાય છે કે 'આવો વાઘભાઈ! ભેટીએ.'? સરપની ચામડી સુંવાળી જોઈને ભેગો સુવરાવવાનું મન થાય છે? વિષ્ટાનો ત્યાગ કર્યા પછી એમ થાય છે કે 'કાલે તો સરસ મિષ્ટાન ખાધું'તું - લાવો આજે થોડું આ સંઘરી લઈએ..'? એમ વિષયો ગમે એટલા સારા હોય પણ એવા છે.'

* * *

'દરેકમાં પરમાત્માનાં દર્શન કરતા શીખીએ તો પછી કોને ત્રાસ આપવાનું મન થાય? કોને હેરાન કરવાનું મન થાય? જે પરમાત્મા તમારામાં છે એ જ સામામાં છે. એ જ મુસલમાનમાં કે ખ્રિસ્તીમાં છે, ને એ જ પશુ-પક્ષી કે નાના જીવ જંતુમાં છે. આટલું સમજાય તો દુનિયામાંથી હિંસા બંધ થઈ જાય. શાંતિ શાંતિ થઈ જાય...'

સ્વામીશ્રીના આ ભાવનિરૂપણમાં 'આત્મવત્ સર્વભૂતેષુ યઃ પશ્યતિ સ પણ્ડિતઃ -' નું પુરાણ કથિત પુરુષોનું વૈદગ્ધ્ય સુપેરે વણાયેલું જોઈ શકાય છે.

* * *

ગંભીર ચિંતનની ધારાને સ્વામીશ્રીએ આ રીતે સરળ, રોચક અને સચોટ શૈલીમાં વહેતી મૂકી છે. વચ્ચે વચ્ચે ટચૂકડી કથાઓ અને દૃષ્ટાંતો આપીને ...નું નામ સાંભળીને ગભરાતા જીવને પોરો ખાવાની તક આપી છે.

શાસ્ત્રોના અર્થગાંભીર્યને જરા પણ ટોચો લગાડ્યા વગર આમ આદમીને એની ગહનતામાં ડૂબકી મરાવીને, સ્વામીશ્રીએ અધ્યાત્મને નવા વળાંકે મૂકી આપ્યું છે. તેઓ જ્યારે વાતો કરે છે ત્યારે દરેક ભૂમિકાઓવાળા શ્રોતાઓને સંબોધવાનું થાય છે તેમ છતાં પ્રત્યેકની મુમુક્ષુતાને સતેજ કરી શકે અને સંકોરી શકે એવી પ્રત્યાયન ક્ષમતા તેઓની શૈલીમાં પડેલી છે.

વિશેષ પ્રસાદ દ્વારા તેઓની વાણીની સરળતાને આપણા શ્વાસોમાં ભરીએ.

* * *

'વરસાદ વરસે ને દેડકા બહાર આવીને બોલવા લાગે : 'તકે તક, તકે તક...' ખેડૂતોને સમજાવે કે વરસાદ વરસ્યો છે તો તક આવી છે. વાવણી કરી લ્યો તો ગાડું ભરીને દાણા ઘરે આવશે. એમ ભગવાન અને સંત આ લોકમાં પધાર્યા છે ને આપણને મનુષ્ય જન્મ મળ્યો છે બે વસ્તુ માંડ ભેગી થઈ છે. તક મળી છે તો એમને સેવીને કલ્યાણ કરી લેવું.

'લગન થાય, કન્યા ચોરીમાં હોય ત્યારે ગોર મહારાજ વરરાજાને બોલાવે. વરરાજા ઉઘલીને આવ્યા હોય. મંડપ આગળ તેની સાસુ દરવાજે આવે, ને ચારે બાજુ હલેખડા નાંખે, નાક ખેંચે કે 'નકટા! હજી સમય છે ચેતવું હોય તો... એક વાર ફંદમાં પેઠા પછી છૂટાશે નહીં...' તારા માટે આ દિશા ખુલ્લી છે, આ દિશા ખુલ્લી છે. પણ પેલાને તો ઊમંગ હોય એટલે

ઊભો જ રહે. 'આ બંદો એમ જાય એવો નથી. ૨૦ વરસની લેવા આવ્યો છે.' ત્યાં દરવાજે એક કોડિયા ઉપર બીજું કોડિયું ઢાંકેલું રાખ્યું હોય તે પગ મૂકીને ફોડી નાંખે...' એમ કે આટલા કટકા થઈ જાય તોય ભલે, પણ લગન કર્યા વગર જવાનો નથી.

ગોર મહારાજ પણ કહે : 'સમય વર્તે સાવધાન... હજી સમય છે...' બૈરાં પણ ગમે એમ બોલતાં હોય... 'નફ્ફટ છે ને નકટો છે ને બુદ્ધિ વગરનો છે...' એ બધું સહન કરીનેય કન્યાને ઉપાડે છે. એમ જેને ભગવાનને રાજી કરવા હોય એને માન-અપમાન, સુખ-દુઃખ ગણકારવાનાં ના હોય. તો જ ભગવાન મળે.

* * *

'જેમ ડ્રાઈવર હોય એ આપણી સાથે વાત પણ કરતો હોય, આપણને થાય કે હમણાં અથડાવશે. પણ એની વૃત્તિ સતત રોડ સામે હોય. એક્સલરેટર અને બ્રેક પર પગ હોય - ગવંડર ને ફેરવતો જાય ને વાત પણ કરતો જાય.

વિમાનમાં મુસાફરી કરતા હોય ત્યારે પાયલોટ ઘણીવાર આપણને મળવા આવે... છાપુંય વાંચતો હોય પણ એનું નિશાન ધ્રુવપાંખડી તરફ બરાબર હોય એમ વ્યવહાર કરવો, જવાબદારી બરાબર અદા કરવી પણ વૃત્તિ ભગવાનમાં રાખવી.'

* * *

'સંત છે એ મા જેવા છે. જેમ બાળક ગમે એવું મેલુંઘેલું હોય ને તોફાની હોય, પણ મા એને નવરાવી - ધોવરાવીને સાફ કરે છે પછી પિતાજી એને તેડે છે-એમ આપણે ગમે એવા સ્વભાવોથી, વ્યસન-દૂષણોથી ભરેલા હોઈએ પણ સંત આપણને શુદ્ધ કરીને પછી ભગવાનના ખોળામાં બેસાડે છે.'

* * *

'રેતીમાં ખાંડ વેરાયેલી હોય તો એને શોધવા માટે હાથીની નહીં પણ કીડીની જરૂર છે, એમ ભગવાનને પામવા માટે મુમુક્ષુતાની જરૂર છે. દુનિયાની રીતે જે ડાહ્યા હોય અને ચોજાળી બુદ્ધિ હોય એ બુદ્ધિ તો રાજાના કામદાર જેવી કહેવાય. એનાથી ભગવાનને પમાય નહીં. દુનિયાની દૃષ્ટિએ

ગાંડા જેવા લાગતા હોય તોય કીડી જેવા મુમુક્ષુઓ જ ભગવાનને ઓળખી - પામી શકે છે.'

* * *

'આ દેહ આત્મારૂપ થઈને પરમાત્માની ભક્તિ કરવા માટે છે. માટે એ ધ્યેય સિદ્ધ કરી લેવો. દુનિયાનું કામ તો અટક્યું નથી ને અટકવાનું પણ નથી. કદાચ આપણાથી નહીં થાય તો આપણાં છોકરાંઓ તો કરશે જ. છોકરાંઓ નહીં હોય તો ભાઈઓ અને સ્નેહીઓ ભાગ પડાવવા તૈયાર જ છે. કોઈ જ નહીં હોય તો છેવટે સરકાર મા-બાપ તો બેઠી જ છે. એ કામ કરનારા તો મળી રહેશે પણ ભગવાન ભજવાનું કામ, મોક્ષનું કામ તો આપણે જાતે જ કરવું પડશે.'

* * *

'વંટોળિયો કહે : 'મા, મા... પવન એટલે શું?' એની મા કહે : 'બેટા! તું વળ મૂક એટલે તું જ પવન છે.' એમ સ્વભાવ મૂકીએ, આંટી મૂકીએ, વ્યસન-દૂષણ મૂકીએ એટલે આપણે સજ્જન જ છીએ.'

'અલ્લા આવે તો બલ્લા જાય. વૈદ પ્રથમ તો રેચ આપે ને પછી દવા આપે તો 'અસર' કરે. એમ સત્પુરુષ પહેલા નિયમધર્મ દઢ કરાવે ને પછી આત્મભાવ દઢ થાય ને ભગવાન આવે.'

*

'સત્પુરુષને જીવ સોંપીએ એ પહેલાં એક વખત બુદ્ધિથી વ્યવસ્થિત ચકાસી લેવું. કારણ કે આત્મશ્રેય માટે આખું જીવન સમર્પિત કરવાનું છે. એટલે શાસ્ત્રથી, બુદ્ધિથી કે બીજાનાં વચનો વડે બરાબર અનુભવ કરી લેવો, પણ એકવાર મન સોંપ્યા પછી બુદ્ધિને તાળાં મારી દેવાનાં. સંશયાત્મા વિનશ્યતિ. દૂધને ગરમ કરીને છાશ નાંખી એટલે સવારે દહીં થવાનું જ. પણ પછી રાત આખી આંગળી ઘાલ્યા કરે : 'દહીં આખર્યું કે નહીં? આખર્યું કે નહીં?' તો સવારે ઊઠીને ફોદા જ હાથ આવે. સત્પુરુષને વિષે મનુષ્યભાવ લીધા કરીએ તો કલ્યાણનું છેટું રહી જાય.'

*

'કાશીએ જઈને કરવત મુકાવવાનું માહાત્મ્ય બહુ, પણ સાચી કરવત તો ભગવાન ને સંત મૂકે છે. તે શું તો જગત ખોટું કરી નાંખે પછી જીવમાં કોઈ

વાસના રહે જ નહીં.'

*

'Old is gold' આજકાલ 'એન્ટીક'નો મહિમા બહુ છે. કરોડો આપીને લોકો એવી વસ્તુઓ ખરીદે છે પણ સૌથી એન્ટીક પરમાત્મા છે. એમણે આપેલો ધર્મ છે. એ જેટલા સાચવીશું એટલું આપણું મહત્ત્વ છે. નકલમાં દુ:ખ, અસલમાં સુખ. પરમાત્મા અસલ છે એને રાખ્યા છે એટલે સુખ આવે જ.

*

'દીકરી નાની હોય, ઘરે હોય ત્યારે ગમે તેમ હરે-ફરે એનો વાંધો નહીં, પણ સાસરે જાય પછી તો જેમ તેમ હરાય-ફરાય નહીં. પછી તો બોલવા-ચાલવામાંય મર્યાદા આવી જાય. એમ જ્યાં સુધી ભગવાન મળ્યા નહોતા ત્યાં સુધી તો છુટા મહાલતા, પણ મળ્યા પછી ધર્મ-નિયમ વિશેષ પાળવા પડે. એ રાજી થાય એ રીતે મર્યાદા, વિવેકથી રહેવું પડે.'

*

'એક છોડ આજે વાવીને, કાલે બીજે વાવીએ ને પછી ત્રીજે વાવીએ તો મૂળિયાં ન ઘાલે ને સૂકાઈ જાય એમ ભગવાનમાં આસ્થા ચલિત ના થવી જોઈએ. નિશ્ચય કર્યો એ પાકો રાખીએ, ગમે એ પરિસ્થિતિમાં પણ ડગીએ નહીં તો એવી નિષ્ઠાથી કામ થાય છે.'

*

અભિમાન છોડે તો બ્રહ્મવિદ્યા આવે. મોટાપુરુષની આ રીત છે. પહેલા હલકામાં હલકી સેવા બતાવે. સત્સંગનો ખપ કેટલો છે એ આના ઉપરથી ખબર પડે. એમાં જો પાસ થાય તો વિદ્યા મળી જાય. જાબાલિને એ રીતે જ જ્ઞાન મળ્યું ને! આપણને સામા બેસીને જ્ઞાન મેળવીએ એવી ઇચ્છા રહે પણ આજ્ઞા પ્રમાણે જે કરીએ એમાં જ્ઞાન થાય. પહેલું દેહાભિમાન ટળે પછી જ્ઞાન આવે. ગુણાતીતાનંદ સ્વામી પોતે ચોક વાળતા. આ તો ભગવાનની સેવા છે એનાથી મોટપ વધે.'

*

'સત્પુરુષની આજ્ઞામાં નો આર્ગ્યુમેન્ટ, નો અપીલ. 'ના હું તો આમ જ કરીશ.' એવું નહીં. 'ચેલા તેરા પણ કહ્યા નહીં કરુંગા !' પછી એવાને શું કરવાનું? એમને સોંપ્યું એટલે સોંપ્યું જ. એ જે નિર્ણય આપે એ સ્વીકારવાનો.

કૃષ્ણે અર્જુનને કહી દીધું : 'સંશય કરીશ નહીં. સંકલ્પ મૂક.' પહેલામાં પહેલું સંશય મૂકે તો જ સુખ આવે. ને જો ત્યાં આર્ગ્યુમેન્ટ કરવા મંડીએ તો કામ ન થાય. દેહના ભાવોને લીધે સંકલ્પો થાય છે. કાઠિયાવાડમાં પહેલે ઘાએ પાણો. જેને દેહાભિમાન નથી અને ખપ છે એ સત્સંગમાંથી પાછો ન પડે.'

*

'સત્સંગમાં પોતાને કનિષ્ઠ માને તો જ બીજાનો અવગુણ ન આવે. ભગવાનના ભક્તને મોટા જ માનવા. બધા સમજે છે ને હું નથી સમજતો આવી દૃષ્ટિ રાખે તો જ દરેકનો મહિમા રહે. નહીં તો અવગુણ આવ્યા જ કરે. દરેક સાથે બખેડો થયા કરે. સ્વભાવ રાખીએ તો અભાવ આવ્યા કરે. એટલે યોગીબાપા કહેતા કે 'આપણે તો સહન જ કરવું. સત્સંગમાં સારધાર નભવાનો ઉપાય આ' કોઈ બોલી જાય તો પાછી વૃત્તિ લેવી. તો સેવામાંથી પાછા ન પડાય ને અભાવેય ન આવે. કોઈની સાથે આપણે દ્વેષ શું કામ રાખવો ?'

*

'કેસ મહિનાઓ સુધી ચાલે. એના કાગળિયાની ફાઈલ થાય મોટી, ને છેલ્લે જજ સાહેબ કહે : 'જાઓ તમારો કેસ કાઢી નાંખવામાં આવે છે.' ૧૦ દા'ડા સુધી આર્ગ્યુમેન્ટ થાય ને બે લીટીમાં જજ જવાબ આપી દે. એમ વ્યાસ ભગવાન કહે છે કે કળિયુગમાં લોકોને 'નો ટાઈમ' છે. એટલે 'આલોડય સર્વશાસ્ત્રાણિ...' ભગવાનને ભજવા એ સર્વશાસ્ત્રનો સાર છે. બળ રાખીને એ ધ્યેય તરફ ચાલવું.'

*

'અત્યારે આપણે સ્વીચ દબાવીએ ને લાઈટ થાય છે એમ આપણને થાય કે મંદિરે જઈએ ને તરત દુઃખ દૂર થવાં જોઈએ. શાંતિ થવી જોઈએ પણ ભલા માણસ! એમ કંઈ ન થાય. એડીસનને પૂછી આવો. એણે કેટલા પ્રયત્નો કર્યા પછી આ થયું છે ! ચંદ્ર ઉપર ગયા તે સંકલ્પ થયો ને તરત પહોંચ્યા? કેટલી મહેનત કરી. એમ ભજનમાં પણ પુરુષાર્થ કરવો પડે. શ્રદ્ધા રાખવી પડે. પુરુષાર્થ કરવો નથી ને પછી કહીએ કે કામ કેમ ન થયું? ભગવાન ખોટા છે. લ્યા! એમાં ભગવાન નહીં પણ આપણે ખોટા છીએ. આપણી શ્રદ્ધા ને પુરુષાર્થમાં ખોટ છે.'

*

'આંબો વાવે ને તરત કેરી આવતી નથી. પાંચ વરસ ધીરજ ધરવી પડે છે. ખેતર ખેડવું પડે. ગોડ કરવું પડે. પાણી પાવું પડે ત્યારે ફળ મળે છે. વેપારમાં પણ પહેલાં તો રોકાણ જ કરવું પડે. પાંચ વરસ ધીરજ ધરીને બેસે તો વળતર મળે ને નફો થાય.'

*

'જીવનમાં પરમાત્માની પ્રાર્થના હંમેશાં હોવી જોઈએ. એના માટે ટાઈમ કાઢવો. વેવાઈ અચાનક આવી પડે તો સમય કાઢવો નથી પડતો? ના પાડી દઈએ તો ધડ દઈને છોકરી પાછી મોકલી દે. થોડાક લાભ માટે સાહેબ સાથે અમથા કલાકો બેસવું પડે છે, તો આ તો ભગવાન સાથેનો સંબંધ કેમ ભુલાય ?'

*

'વેપાર કરવા માટે વડોદરે આવ્યો ને પછી શહેરમાં આવીને 'અહીં તો આમ છે ને તેમ છે -' એમ કરતો બેસી રહે તો વેપાર થાય? પણ જે કામ કરવા આવ્યો હોય એ કામના અનુભવી પાસે સલાહ લઈને મંડી પડે તો કાર્ય સિદ્ધ થાય ને લાભ થાય. એમ સત્સંગમાં પણ અભાવ-અવગુણ જોવા રહ્યા તો ગયા. જે કાર્ય સિદ્ધ કરવા આવ્યા એની સામું તાન રાખીને મંડ્યા રહેવું.'

*

સ્વામીશ્રીનાં આ અમૃતબિંદુઓમાં એક અનુભવીનો અનોખો સંસ્પર્શ અનુભવાય છે. તેઓની આ વ્યવહારુ શીખમાં સાંગોપાંગ આધ્યાત્મિકતા સહજ રીતે જ રસાયેલી જોઈ શકાય છે.

એકવાર સ્વામીશ્રી આગળ સાંખ્યતત્ત્વના નિરૂપણનો લેખ વંચાયો હતો. જ્ઞાની સ્વામી કહે : 'એ તો બધું ઊંઘ આવી જાય એવું હતું....'

સ્વામીશ્રી કહે : 'તત્ત્વજ્ઞાનની વાતો તો એવી જ હોય, યથાર્થ ઝોકું આવે તો જાણવું કે બરાબર સમજ્યો.'

જ્ઞાની સ્વામી કહે : 'આમાં શું મજા આવતી હશે?'

સ્વામીશ્રી કહે : 'એમાં જ મજા છે ને! લોકોને લાગે ને વિદ્વાન્ છે!...' પછી કહે : 'જગતના વિષયોમાંથી વૈરાગ્ય એ સાંખ્ય અને ભગવાન અને સંતમાં જોડાવું એ યોગ.'!!

કોઈકે કહ્યું છે :

'મહાપુરુષોની જેમ શાસ્ત્રોનાં સત્યો પણ સરળ હોય છે.' પરંતુ જ્યારે અહંકારની અંબાડીએ આ સત્ય ચઢે છે ત્યારે ગૂંચવણોનો જન્મ થાય છે. સ્વામીશ્રીએ આ સત્યોને અહંકારની અંબાડીએથી ઉતારીને સૌની સાથે ચાલતાં કર્યાં છે.

સહજ-આનંદ (સહજાનંદ)ને મેળવી આપનારી સ્વામીશ્રીની આ સહજ શૈલી છે.

૨. સુમધુરતા

i : અમીનો કૂપ

સારંગપુરમાં પથારીવશ થયેલા શાસ્ત્રીજી મહારાજના હોઠ ઉપર અને અંતરમાં એક જ રટના ચાલુ હતી. 'નારાયણ દા' આવે તો મને ભક્ત-ચિંતામણિ સંભળાવે, નારણદા આવે તો સારું.' નારણદા એટલે કે સ્વામીશ્રી. તેઓ તો તે વખતે અટલાદરા હતા. હજૂરમાં રહેવા તત્પર ઘણા સંતો હશે પરંતુ શાસ્ત્રીજી મહારાજને આ નાનકડા નારણદાના મુખના અમીનું પાન કરવાની રટના લાગી હતી. શાસ્ત્રીજી મહારાજની આ આસક્તિમાં જ સ્વામીશ્રીની વાણીની મધુરતાનો સૂર સમાયેલો છે.

કઈ છે આ મધુરપ!

અમદાવાદમાં એક વાર સ્વામીશ્રી બોલ્યા હતા : 'જીભ ઉપર અમી ના હોય તો કંઈ સ્વાદ ન આવે. તીખું, ખાટું, ખારું કાંઈ પણ ખાઓ, મજા ન આવે... એમ આપણે ભગવાનની અમી વગર બધું ફિક્કું, આપણે એ અમી લાવવી.'

વિદ્વાનોએ જે ગાયું છે 'કંઠે સુધા વસતિ વૈ ભગવજ્જનાનામ્...' સત્પુરુષના કંઠમાં અમી છે. એ આ અમીની વાત છે.

ભગવાનના અમીની મધુરપ સ્વામીશ્રીના કંઠમાં રહેલી છે.

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં કહ્યું છે '... શ્રવણે કરીને સાંભળ્યામાં આવે છે જે કાંઈ શબ્દમાત્ર, તે જેવો એ ભગવાનનો શબ્દ નથી...' નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું છે, 'જેની જીભામાં જીભા જીવનની...' સ્વામીશ્રીનો શબ્દ એ ભગવાનનો શબ્દ છે એટલે જ બીજા શબ્દો કરતાં જુદો છે. મધુર છે. ભલે સાવ સરળ હોય છતાં એમના અમીયલ વેણાં સૌને સ્પર્શી જાય છે.

સ્વામીશ્રીની આ મધુરપને માણેલા મુંબઈના હીરાભાઈ પરીખને પૂછજો કે

'તમને સૌથી વધુ શું ગમે?' તેઓ કહેશે, 'ભક્તચિંતામણિના નિરૂપણ વખતે સ્વામીશ્રી 'અઠ્ઠાવન...' બોલ્યા છે, એ અઠ્ઠાવનનો છેલ્લો 'ન.' આ 'ન' ને સાંભળવા માટે તેઓએ એ કેસેટ ૧૫ વાર સાંભળી છે.

સ્વામીશ્રીનો એકે એક શબ્દ અમીનો કૂપ છે. પ્રત્યેક શબ્દમાં મધુરપનો સાગર રેલાય છે.

સ્વામીશ્રીની મધુરપનો આ મહાસાગર મધુરતાના અનેક રસઝરણાઓને સમાવીને બેઠો છે. આ પ્રત્યેક ઝરણામાં સ્નાન કરી મધુરપના મધુરવમાં ખોવાઈ જઈએ...

રજૂઆતની કળા

પુસ્તકને એના 'મથાળા' વડે પામી શકાય છે,
ગીતને એના ઉપાડ વડે માણી શકાય છે.

પ્રવચનના નિષ્ણાતો કહે છે કે પ્રવચનની રજૂઆત એટલી આકર્ષક હોવી જોઈએ કે શ્રોતાઓની વૃત્તિ એમાં ખેંચાઈ જાય. વચનામૃત વાંચતા શ્રીજીમહારાજની ઉપરોક્ત લાક્ષણિકતા નજરે ચઢ્યા વગર રહેતી નથી. સ્વામીશ્રીની પણ એ જ લાક્ષણિકતા છે. એમની રજૂઆતો એટલી વિવિધતાસભર અને સાહજિક હોય છે કે એક જ શબ્દમાં તેઓ શ્રોતાઓને પોતાના કરી લે છે. એમાંય કોઈ પ્રસંગ ચાલતો હોય અને એનો નિર્ણય સ્વામીશ્રીને આપવાનો હોય ત્યારે તો તેઓની રજૂઆતનું માધુર્ય વસંતની જેમ નિખરી ઊઠે છે.

વિદ્યાનગરનાં છાત્રો 'હાથનાં કર્યાં હૈયે વાગ્યાં -' કટાક્ષિકા ભજવી રહ્યા હતા. જેમાં નિયમભંગ કરનારા ઉપર કટાક્ષ હતો; કોર્ટનું દશ્ય હતું; અદાલતનો છડીદાર વારે વારે આરોપી અને સાક્ષીના નામ દઈને '... હાજીર.. હો...'ની બૂમો પાડતો હતો. વારે વારે ઘુંટાતી આ પંકિત સૌના હાસ્યનો વિષય બની હતી... એમાં સ્વામીશ્રીના આશીર્વાદની જાહેરાત થઈ... શ્રોતાઓની વચ્ચે બેઠેલા સ્વામીશ્રી જેવા સ્ટેજ ઉપર આવ્યા એવી એમની પણ છડી પોકારી - 'હાજીર.. હો...' અને સામે બેઠેલા હજારો શ્રોતાઓનો તાર જે હાસ્યબિંદુ ઉપર આગળ ચોંટી રહ્યો હતો એ જ બિંદુએથી આશીર્વાદનો પ્રારંભ થયો... સૌ તાળી પાડી ઉઠ્યા... અને કહેવાની જરૂર નથી કે સૌની વૃત્તિ સહજતાથી સ્વામીશ્રીમાં તણાઈ ગઈ... અને ત્યાર પછી સ્વામીશ્રી જે કહેવા માંગતા હતા એની શરૂઆત થઈ :

'... હાજર રહ્યા વગર વાત ન થાય ને! ખરેખર રજૂઆત સારી થઈ આપણે અહીં રહીએ છીએ તો વ્યવસ્થિત જીવન થાય એ માટે આ છાત્રાલય છે. આપણે જો આવું કરતા હોઈએ તો ના કરવું. આપણે ભણવા આવ્યા છીએ... જો આ ના કરીએ તો આપણું જીવન ને મા-બાપના પૈસા પણ નકામા જાય.. આપણે સારા યોગમાં છીએ... કોર્ટે પણ સુધરવા માટે છેલ્લો ઓર્ડર આપી દીધો. 'સંત સમાગમ' કરવો. આપણે સારા બનવું હોય ને વિદ્યા સારી પ્રાપ્ત કરવી હોય તો નિયમો પાળવા જ પડે... બહારનું ખાવાથી કોઈ ફાયદો નથી.'

આવા જ એક પ્રસંગે વિદ્યાર્થીઓ 'શ્રીજીમહારાજ કોના છે?' એ વિષય ઉપર ચર્ચા રજૂ કરી રહ્યા હતા. શ્રોતાઓની વચ્ચે રહીને જ યુવાનો આ વિષયમાં ચર્ચા કરી રહ્યા હતા. બન્ને પક્ષો 'મહારાજ અમારા છે.'.એ માટેના દાવા સાથે ઉગ્ર થયા અને છેવટે પૂર્વ આયોજન પ્રમાણે બથંબથા આવી ગયા.' સ્વામીશ્રીએ પણ નિર્ણય આપતી વખતે લોકમાનસ ઉપર અંકાયેલા 'બથંબથા'ના વાતાવરણને ખસેડ્યા વગર એ જ ભાવથી આશીર્વાદનો પ્રારંભ કર્યો : 'બથંબથા આવી ગયા એ તો અજ્ઞાન હતું. મહારાજ તો બધાના છે ને બધાના નથી. કોઈપણ ક્ષેત્રમાં હો એમાં મહારાજ દેખાશે જ, કારણ એ સર્વના છે. મારા જ છે એમ કહેવામાં ઝઘડો જ છે પણ 'આપણા છે' એમાં બધું આવી ગયું. તારતમ્યે દરેકમાં રહેલા છે એ વાત જુદી. એમ તો સત્પુરુષમાં સર્વાંગે રહેલા છે. કોઈમાં સાક્ષીરૂપે ને કોઈમાં અંતર્યામીપણે રહેલા છે. જેટલી સાધના એટલું વધારે ભગવાનનું સાન્નિધ્ય પામી શકાય. શું ? બધા સમજ્યા?'

રક્ષિત કહે : 'હા. સંપ રાખવો અગત્યનો છે.'

સ્વામીશ્રી કહે : 'બસ! સંપી જાવ એટલે સારું. ભજે એના ભગવાન છે.'

* * *

એક વાર ભાદરામાં બાલમુકુંદ સ્વામી વચનામૃતનું નિરૂપણ કરી રહ્યા હતા. 'આત્મીયતા' એટલે શું એ તેઓ સમજાવવા માંગતા હતા. સ્વામીશ્રી પત્રો વાંચતાં વાંચતાં એ બધું સાંભળી રહ્યા હતા. સ્વામીશ્રીએ અડધા પત્રે માઈક વગર જ આત્મીયતાની વ્યવહારુ વ્યાખ્યા આપવા માંડી : 'પોતાનો છોકરો મૂછો તાણતો હોય ને પેશાબની ધાર કરે તોય અહોહો... મારો છોકરો બહુ ડાયો એમ જ રહે, પણ જો બીજો સહેજ કરે તો તરત બડિયો

લે... હરામખોર... કરતા ઊભા થાય... આવું માયાનું બળ છે... આ આત્મીયતા. આટલું કહ્યા પછી કહે : 'લાવો માઈક! આશીર્વાદ આપી દઈએ.' એમ કહીને બાલમુકુંદ સ્વામીના અધૂરા વચનામૃતે જ આશીર્વચનોની શરૂઆત કરી : 'કારીગરને લાકડું સોંપ્યા પછી 'કેમ કરતા નથી? કેમ કરતા નથી?' એ પૂછે રાખીએ તો કારીગર કંટાળે. પણ એ મૂડમાં આવે ત્યારે કામ થાય એમ સત્પુરુષને આપણે કહે કહે ના કરવું કે બ્રહ્મરૂપ કરી નાંખો ને! એ કરી જ નાંખશે...'

*

સાંકરી સભામાં ૧૧ વાગ્યે જાહેરાત થઈ કે હવે ઘનશ્યામબાપા કીર્તનનો લાભ આપશે. ઘનશ્યામચરણ સ્વામી ખુરશી ઉપરથી ઊઠીને સ્ટેજ ઉપર આવ્યા પરંતુ પાછળથી જાહેરાત થઈ કે 'સમયના અભાવે કીર્તન રદ કરવામાં આવે છે.' સ્વામીશ્રીએ પ્રસંગને આગળની વાતો સાથે વણીને આશીર્વચનનો પ્રારંભ કરતાં કહ્યું : 'હમણા ઘનશ્યામ બાપાને કીર્તન માટે આમંત્રણ આપ્યું પણ અહીં આવ્યા પછી રદ થયું. આવું બને તો તરત ખોટું લાગે કે નહીં ? 'મને આમંત્રણ આપ્યું ને આવું કર્યું?' પણ સારું થયું આપણે પાછળ બેઠા'તા ને આવું થયું એટલ સ્ટેજ ઉપર આગળ આવ્યા' – એમ ગુણ લેવો... એટલે ખોટું ન લાગે.' સ્વામીશ્રીએ નાનકડા પ્રસંગને કેન્દ્રમાં રાખીને સત્સંગની સમજણની અદ્‌ભુત વાતો અડધો કલાક સુધી કરી.

આ જ રીતે ક્યારેક 'માઈક સીસ્ટમ' આઘીપાછી હોય તો એને જ મુદ્દો બનાવીને સ્વામીશ્રી એ રૂપકને એટલું અદ્‌ભુત રીતે રજૂ કરે કે સૌના અંતરમાં વાત સોંસરી ઊતરી જાય.

વિદ્યાનગરમાં વિવેકસાગર સ્વામીએ કથાની સમાપ્તિ કરી ને સ્વામીશ્રી આગળ માઈક ગોઠવાયું.

સેટ કરવા માટે સ્વામીશ્રી માઈકને અડ્યા ત્યાં એમનાથી જ સ્વીચ બંધ થઈ ગઈ. સ્વામીશ્રી કહે : 'આવું છે. સ્વીચ ગમે ત્યારે બંધ થઈ જાય એવું છે એ સમજી રાખવું. વ્યવહારનું રહી જાય તો ચિંતા ના કરવી. ભગવાન ભજવાના રહી ના જાય એ ખ્યાલ રાખો તો સ્વીચ ભલે ગમે ત્યારે બંધ થવાની હોય ત્યારે થાય, ચિંતા જ ના રહે. જવાનું છે એ નક્કી જ છે. કોઈના બાપદાદા રહ્યા છે ?... આ ક્ષણે મરવું છે... એ અનુસંધાન રાખવું. આ રાખીએ તો દુઃખ ના થાય.'

એકવાર અમદાવાદમાં સ્વામીશ્રીની સામે માઇક ગોઠવાયું અને ગરબડને લીધે વ્હીસલીંગ શરૂ થયું - અટકે જ નહીં.

સ્વામીશ્રી કહે : 'આ આઘુંપાછું ચાલ્યા જ કરે છે. વાસનાવાળા જીવનું આવું થાય. એટલે જ ક્યાંય વાસના ન રાખવી. વાસનાવાળો ઘડીક આમેય ચાલ્યો જાય ને ઘડીક આમેય...'

એક વાર અમદાવાદમાં કિશોરોના કાર્યક્રમમાં સ્વામીશ્રી બિરાજમાન હતા. 'બ્લેન્કેટીબ્લેન્ક' કવીઝ રમાતી હતી.

પ્રવકતા બ્રીજેશે પૂછ્યું : 'સ્વામીશ્રીને માટે મોસંબી, દ્રાક્ષ અને સંતરાનું જ્યુસ લાવ્યા હોઈએ તો સ્વામીશ્રી કયું અંગીકાર કરે?' જે પક્ષે મોસંબી ધારી હતી એ પક્ષને વધારે પોઈન્ટ મળ્યા. સ્ટેજ ઉપર કિશોરો જાતે જ જ્યુસ લઈને આવ્યા.

બ્રીજેશે પૂછ્યું : 'સ્વામીબાપા!' આપ કયું જ્યુસ લેશો?'

સ્વામીશ્રી કહે : 'આપણે તો બ્રહ્મરસ સારામાં સારો છે. બ્રહ્મરસ જેવો એકેય રસ નહીં.' નિર્ણાયક સંતોમાંથી બ્રહ્મપ્રકાશ સ્વામીએ તો જ્યુસનો ગ્લાસ ઉપાડ્યો જ હતો. પરંતુ સ્વામીશ્રીએ લીધો નહીં, એટલે કહે : 'બાપા! આપ લો તો અમારાથી લેવાય.'

સ્વામીશ્રી કહે : 'તમે ગ્લાસ પાછો આપી દો.' પછી કહે : 'આ રસ તો એકલાએ જ પીવાનો થાય, જ્યારે બ્રહ્મરસ તો એવો કે બધાને પીવાનો થાય.' સ્વામીશ્રીએ નાશવંત અને શાશ્વત રસની ગરિમા હાસ્યના વાતાવરણને અકબંધ રાખીને કરી આપી.

સ્વામીશ્રીની આ ખાસિયતમાં અન્ય સંપ્રદાય કે તીર્થધામોની ગરિમાની જાળવણીની ખાસિયત પણ જુદી તરી આવે છે. કોઈ પણ તીર્થમાં આશીર્વચન આપવાના હોય તો તે તીર્થના અધિષ્ઠાતા દેવની જયથી પ્રારંભ કર્યા પછી એ સૌનું ગૌરવ કરી લીલાકથન કરે. આ તેઓની સર્વધર્મ પ્રત્યેના આદરની વિશિષ્ટ દૃષ્ટિ છે.

સ્વામીશ્રીનું દ્વારકામાં સન્માન હતું. દ્વારકાધીશ અને દ્વારકાનાથની જય સાથે આશીર્વચનની શરૂઆત કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'ઓખામંડળની ભૂમિ શ્રીકૃષ્ણ પરમાત્માથી પાવન થયેલી છે. અહીં આપ સૌને રહેવાનુ થયું એ અહોભાગ્ય છે. સાત પુરીમાં આ તીર્થનું સ્થાન છે. એમાં ટાટા કેમિકલ્સનું કેમ્પસ કર્યું છે. આ સુંદર આયોજનથી દેશને સારો લાભ થયો છે. અહીં

કચરામાંથી સોનું બનાવવાની રીત છે. દરિયાનું પાણી અને જમીન ખારાં છે એમાંથી રાષ્ટ્રને લાભ થાય છે, એ જ રીતે આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ લાભ છે. અહીં સંતો-મહંતો આવે, સત્સંગનો લાભ મળે એથી આપણામાં રહેલા રા૦ દ્વેષ, છળ-કપટ-કામાદિક ખારાશ દૂર થાય છે. આ ખારાશ દૂર કરવા બીજી કોઈ ફેકટરી નથી. વાલ્મીકિને નારદજીનો સંગ થયો તો ખારાશ દૂર થઈ ને પછી જે મીઠાશ મળી એનાથી હજારોને લાભ થયો.

પોરબંદરની સભામાં સ્વામીશ્રીએ સુદામા અને ગાંધીજીનાં ચરિત્રો વડે સભાનો પ્રારંભ કર્યો.

'પોરબંદર પવિત્ર ધામ છે. સુદામાપુરી પણ કહેવાય. સુદામા મહાન ભક્ત થઈ ગયા. રાષ્ટ્રપિતા ગાંધીજી પણ અહીં જન્મ્યા એટલે રાષ્ટ્ર અને અધ્યાત્મ બેય દૃષ્ટિએ આ નગર મહત્ત્વનું છે. સુદામાએ ભગવાનના ચરણે સર્વસ્વ સમર્પણ કર્યું, ને ગાંધીજીએ દેશ માટે સમર્પણ કર્યું. ભારતની આ ૦ છે, ત્યાગીને રાજી થાવ... પશ્ચિમની સંસ્કૃતિ ભોગની છે. ભગવાન સ્વામિનારાયણે પણ એ જ આપ્યું છે : નાનામાં નાના માણસને મદદરૂપ થાવ અને જીવનમાં વ્યસનમુક્તિ ને સદાચાર દૃઢ કરો. અમારે હમણાં લંડનથી કાગળ આવ્યો છે... ત્યાં રોજ ૩૦૦ માણસો વ્યસનથી મરે છે. જાણીએ છીએ છતાં વ્યસનની પછવાડે પડ્યો છે... જેનાથી નુકસાન થાય એનો ત્યાગ કરવો જોઈએ અને સારું છે એ લેવું જોઈએ. એકબીજાને ઉપયોગી બનો, બીજાની સેવા કરો એ માનવધર્મ છે.'

આ રીતે ક્યારેક પ્રશ્ન વડે તો ક્યારેક બાળમંડળમાં હોય તો બાળકોની ૦ બોલાવીને, સ્વયંસેવકોની સભામાં સ્વયંસેવકોના સમર્પણની જય બોલાવીને, તો ક્યારેક સામે બેઠેલી વ્યક્તિને નિશાન બનાવીને, ક્યારેક હિન્દી ભાષામાં બોલવાનું હોય તો પોતાની હિન્દી ભાષા પ્રત્યેની ઓછી આવડતનો એકરાર કરીને અથવા તો પૂર્વકથા પ્રસંગનો તાળો મેળવીને કીર્તનોના સારને ઝીલીને સ્વામીશ્રી સભાનો પ્રારંભ કરે છે અને મધુરતાનું એક અનોખું તેમજ દિવ્ય વાતાવરણ સર્જે છે.

વક્તા-શ્રોતા વચ્ચેનું મધુર બિંદુ

પ્રવચન ચાલુ હોય અને જો કલાકો સુધી ચાલ્યા જ કરે તો ક્યારેક 'મનોટની'-એકસૂરતા આવી જાય. પરિણામે શ્રોતાઓ કંટાળે. પરંતુ વક્તા સામે બેઠેલા દરેક શ્રોતાઓની સાથે સહજ સંવાદ રચી દે, પોતે અજાણ બની

શ્રોતાઓને ઉત્તર આપવાની તક આપે તો આપોઆપ મધુર બિંદુ રચાય છે અને સભામાં જીવંતતા અનુભવાય છે

નવસારીમાં સ્વામીશ્રી રાવણના મનસૂબાઓનું વર્ણન કરી રહ્યા હતા. ૩ મનસૂબાની વાત કર્યા પછી સભાની સમક્ષ જોઈને કહે : 'ચોથો મનસૂબો કયો હતો?' જાણીતા પ્રસંગને અજાણ્યા થઈને સ્વામીશ્રી પૂછી રહ્યા હતા; એટલે સભા આખી એ પ્રશ્નનો ઉત્તર આપવા તત્પર બની ગઈ.

ઈશ્વરદા' બોલ્યા 'સ્વર્ગની સીડી કરવાનો સંકલ્પ હતો.'

સ્વામીશ્રી કહે : 'ઈશ્વરદા જાણે છે ખરા.' પછી સામો પ્રશ્ન કર્યો : 'સ્વર્ગની સીડી થઈ છે. તમે જઈ આયા?' ઈશ્વરદા મૌન રહ્યા એટલે તરત સ્વામીશ્રીએ કહ્યું : 'જોગી બાપા મળ્યા ને એમાં બધું આવી ગયું. હવે બીજી સીડીની શી જરૂર ?'

સભાને ભેળવવાની આ તેઓની આગવી રીત છે. સભામાં સામે બેઠેલા શ્રોતાઓનાં નામ દઈને સીધો ઉપદેશ કરીને પણ સ્વામીશ્રી મધુર વાતાવરણ ખડું કરી દે છે.

ઘોઘાવદરમાં મહાદેવ આગળ બિરાજીને ગુણાતીતાનંદ સ્વામીએ પાંચ વચનામૃત સમજાવ્યાં. એ વાત નિરૂપ્યા પછી સ્વામીશ્રી કહે, 'અત્યારે તો બધી જ તૈયારી.. તે દા'ડે એવું નહીં કે તડકો લાગશે કે આવી જગ્યા હોય તો જ પોઢાશે.' સત્સંગ કરવો ને કરાવવો છે એ જ ભાવના. દેહને વાટી નાંખવાનું. શું સંદીપ! વિચાર કરવો. મોટા પુરુષોએ કેવું દુઃખ વેઠ્યું ! એમને તો મૂળ બધાની બ્રાહ્મી સ્થિતિ થઈ જાય એ જ વિચાર. શું બબલ! લંડનમાં ઠંડક હતી ને અહીં ક્યાં આવી ગયા એવું મનમાં નથી થતું ને! અહીં આવ્યા છીએ તો, અર્થં સાધયામિ -' આપણે તો પંખા નીચે બેસીએ છીએ, જ્યારે સ્વામી ક્યાં બેઠા છે ? દુઃખ મનનું જ છે. લંડનમાં આવું વિશાળ ઘર રહેવા માટે હતું ? આવી પખતાશ, બગીચો, શાંતિ ત્યાં હતી ?... વચનામૃત થાય પછી લોચા નીકળી જાય. અમે સાધુ થયા તોય આ વચનામૃત સિદ્ધ કરવાના છે. ભગતજીએ કહ્યું એમ ટોચો જ ન લાગે... બખ્તર ઘડી નાંખે તો કોઈ ગમે એ કહે, બોલાવે કે ન બોલાવે-દુઃખ જ ન લાગે. લંડનમાંય આપણને કોણ પૂછે? જાતે જ ફર ફર કરીએ છીએ. આપણા ખરા હેતુ ભગવાન અને સંત બે જ છે. બાકી તો સ્વાર્થી સબ સંસાર આપણે સેવા કરી એટલે ભગવાન ને સંત ખબર રાખે જ છે. સ્વામીને વાત કરવાનો ઉમંગ

કેટલો? સૂતેલા બેઠા થઈ ગયા.

'સ્વામી કહે : 'જાણે આ વચનામૃત સાંભળ્યા જ ન'તા.' નિત્ય નવીન ને નવીન જ લાગતા. ને તો જ સુખ આવે. ભોજનમાં રુચિનું હોય તો કેવું થાય છે! એમ એની એ જ વાત હોય પણ રુચિ હોય તો નવીન જ લાગે. સ્વામી કહે છે કે કોટી કલ્પે આ વાત કરે જ છૂટકો છે.

'મ. ૪૫માં મહારાજે કહ્યું : 'રંચમાત્ર કસર નથી રાખવી... કેટલી? રંચમાત્ર. શું કહે છે તમારી ભાષામાં.'?

'સ્લાઇડ.'

'હં, સ્લાઇડ (સ્લાઈટ) પણ ડાઘ નથી રાખવો. વ્હાઇટ બનાવી દેવા છે. વ્હાઇટ એટલે યુરોપિયન નહીં. ભગવાનના સ્વરૂપ બનાવવા છે. પણ એમાં આપણે સુધા સાવધાન રહેવાનું .છે. એ કહે ઉગમણે ને આપણે જઈએ આથમણે તો કેમ થાય?... અંદરના ભૂત કાઢવાની વાત છે. આંખ, કાન, નાક બધા છેતરી જાય છે એ માટે સાવધાની રાખવાની વાત છે. પ્રયત્ન કરીશું તો કૃપા એ કરશે. મનમાં મોળપ ન લાવવી. અહીં હનુમાનજી ભૂત કાઢે છે તો શ્રીજીમહારાજ નહીં કાઢે?'

વાત કરતી વખતે સ્વામીશ્રીએ ગુજરાતી જેવું તેવું સમજનારા લંડનના બે યુવકોનો પણ ખ્યાલ રાખ્યો અને તેઓને પણ અંદર ભેળવ્યા.

ડર્બનમાં એકવાર કથાપ્રસંગમાં અમેરિકા સત્સંગ મંડળના પ્રમુખ ડૉ. કે.સી. પટેલે કહ્યું : 'આજે બધાને ચમત્કાર જોઈએ છે. બધાને એ રીતે સુખી કરો.'

સ્વામીશ્રી કહે : 'સુખી તો બધાને કરવા છે પણ એ આઘોપાછો થાય એમાં કોઈ શું કરે? પ્રોફેસર છોકરાઓને ભણાવે છે એમાં કંઈ અમુકને નાપાસ કરવા એવું ઓછું છે? છતાં નાપાસ કેમ થાય છે? એમ કલ્યાણ માટે પણ એવું છે.'

બકુલ કહે : 'આ તો માની જેમ કરવું. છોકરો ગમે એટલી ધમાલ કરે તોય એનું ભૂડું ન ઇચ્છે.'

સ્વામીશ્રી કહે : 'આમાં તો લાત પણ મારે એટલે સુખ ને દુ:ખ તો કર્મે કરીને છે. ભગવાનને એવું કંઈ નથી.'

સ્વામીશ્રી લોકોની મનોભૂમિકાને જાણે છે એટલે જ લોકોને પોતાના વક્તવ્યમાં ભેળવતા રહીને જે કંઈ સમજાવવું છે એ સમજાવી દે છે.

કરે કથા, કીર્તન કરી

સભા ચાલુ હોય અને સ્વામીશ્રી આશીર્વચન આપી રહ્યા હોય... ને વચ્ચે વચ્ચે કીર્તનોની કડીઓ ગાતા હોય એ વખતનું વાતાવરણ અનુભવવા જેવું છે. નરી દિવ્યતાનો સંચાર!

'વિવેકી નરને એમ વિચારીને જોવું' કે પછી

'ભાગ્ય જાગ્યા રે આજ જાણવા..'

'સહજાનંદ સિંધુ રે આજ મારે ઉલટ્યા રે...'

'સત્સંગ વિના, જન્મમરણ...'

'દરદ મિટાયા મેરે દિલકા...'

'ક્યા તન માંજતા રે એક દિન મિટ્ટીમે મિલ જાના...'

'મારા હરજીશું હેત ન દીસે રે (નરસિંહ મહેતા) અને 'મારા વા'લાજીશું વા'લપ દીસે રે (મુક્તાનંદ સ્વામી)'

'સાંભળ બેની હરિ રીઝયાની રીતડી...'

'જન્મ્યા ત્યાંથી જરૂર જાણો.. (નારણદાસ)

'માણસનો અવતાર મોંઘો...'

સ્વામીશ્રીના શ્રીમુખે જ્યારે આ કીર્તનો નિરૂપાતાં સાંભળીએ ત્યારે કીર્તનના એક એક શબ્દો જાણે અરીસો બનીને સામે આવીને ઊભા રહી ગયા હોય એટલા સ્પષ્ટ, સુરેખ અને સુમધુર લાગે. કીર્તનોની આ દિવ્યગંગામાં ઘુંટાતા કેફને શ્વાસોમાં ભરવાનો પ્રયત્ન કરીએ... આ કેફની એક લહેરખી કાગળ દ્વારા પણ આપણને તરબતર કરવા સક્ષમ છે.

મુંબઈમાં 'શીદને રહીએ રે કંગાલ...' એ કીર્તન ઉપર નિરૂપણ કરી રહેલા સ્વામીશ્રીનો એક એક શબ્દ જાણે કસુંબો ઘૂંટે છે : 'સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ મળ્યા. એ વસ્તુનું આવન-જાવન છે જ નહીં. આ વસ્તુનો કેફ હોય તો સંસારની મહત્તા મળે કે ના મળે તોય હંમેશાં આનંદ જ રહે. નરસિંહને જગતની મોટપ ક્યાં હતી? દાદાખાચરને મહારાજ મળ્યા તો કંગાલપણું ન આવ્યું... આવો કેફ હોય તો કલ્યાણ થશે કે કેમ? એવું રહે જ નહીં. છેલ્લાનું ૭ મું... જેણે કલ્યાણ ઇચ્છવું....' આ નિશ્ચય થશે પછી કોઈ અપેક્ષા નહીં રહે. ભગવાનમાં પૂર્ણવિશ્વાસ હશે તો કલ્યાણ થઈ જ રહ્યું છે... શ્રીજીમહારાજનો સાક્ષાત્ આશરો છે ને યોગીબાપા મળ્યા છે એટલે ગમે

એટલા આઘાપાછા થઈશું તોય કાનપટ્ટી પકડીને ધામમાં મૂકી દેશે. મળ્યા છે એ સમર્થ છે. આપણે તો જીવ છીએ પણ સમર્થ પુરુષ મળ્યા છે એ આપણને ક્યાંથી મૂકશે? હવે કલ્યાણ માટે દોડાદોડ કરવાની જરૂર નથી. હિમાલયમાં કે બીજે ક્યાંય ગોતવા જવું પડે એમ નથી. વાઘરણને રાણી બનાવી, એને રાજ મળ્યું પણ એનો માલ મનાયો જ નથી. ‘હવે હું રાંક નથી’ એ મનાયું જ નથી. એનો કેફ આયો જ નથી - એટલે કંગાલપણું ગયું નહિ. ને રાજાએ મારીને કાઢી મૂકી. એમ આપણને સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ મળ્યા છે ને હજી કલ્યાણને માટે ફાંફાં મારવાના? દૃઢતાથી રહો. આપણા આ લોક ને પરલોક બેઉ સુધરવાના જ છે; મહારાજ બેય સાચવી લેશે. મહારાજે કહ્યું છે કે ‘મારા કહેવાયા છો તો રંચમાત્ર કસર રાખવી નથી.’

‘સ્વામીએ કહ્યું છે : બધાને ધામમાં બેસારવા છે. આ વચનમાં વિશ્વાસ રહે પછી કલ્યાણને માટે બીજે ભીખ માંગવાની ના રહે.’ આપણને જે મળ્યા છે એ શ્રેષ્ઠ છે એટલે કંગાલપણું ના રાખવું. આપણામાંથી કામ-ક્રોધ ને બધા દોષો કાઢીને એ બ્રહ્મરૂપ કરશે. અંતરમાં ભગવાન સિવાય કાંઈ રહેશે જ નહિ. જેમાં આસક્તિ હશે એમાં જ વૈરાગ કરાવશે... જે મળ્યા છે એનો કેફ ચઢવો જોઈએ. ‘ક્યાં કીડી ને ક્યાં હાથી?’ તેમ આ વસ્તુ મળવી દુર્લભ છે. એ સુલભ થઈ એ કેવળ એમની દયા... હવે આપણે દીનપણું શા માટે માનવું? આ કોઈ સામાન્ય મનુષ્ય નથી મળ્યા ! ‘કોણ જાણે આ કેમ થયું...’ (ગાઈને) મળ્યા હરિ મુખોમુખ (આંગળીથી નિર્દેશ કરીને) વિચાર્યું ન'તું કે મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ મળશે ને એ તો સામે આવ્યા. બગાસું ખાતા સાકર મળી ગઈ.. આપણને મુખોમુખ મળ્યા છે ઉધ

ભગવાન સાક્ષાત્ મળ્યા છે એ ભાવથી મંડીએ તો ઉધારો નહિ રહે. ‘ધન્ય ધન્ય અવસર આજનો-(ગાઈને)... આપણો જન્મ સાર્થક થઈ ગયો. આવા સમર્થ પુરુષ મળ્યા ને ઓળખાઈ ગયા. મળે પણ ઓળખાય નહિ તો શું કામનું ? આ સામાન્ય સંત નથી. ભગવાનના ધારક છે. ભગવાન એમને વશ છે. સમર્થ છે એવો મહિમા સમજાય તો કરવું કાંઈ રહે નહિ... આપણી જીત થઈ ગઈ છે. ધામમાં બેસી જ ગયા છીએ, માટે નિશ્ચિંત રહેવું.’ ભગવાન સાથેની આવી તાદાત્મ્યની ક્ષણોમાં નીકળેલા આ અમૃત-ઉદ્‌ગારોની છાલક આપણાને પણ ભીંજવ્યા વગર રહેતી નથી.

મધુરપનો આવિર્ભાવ : મુદ્રા

સ્વામીશ્રીની વાણીની સાથે મુદ્રાઓ ભળે ત્યારે તેઓની સાહજિકતામાં ક્યાંય કૃત્રિમતા ઉમેરાતી હોય એવું ન અનુભવાય. કેટલાક ફૂલની સુગંધની તીવ્રતા વાતાવરણનો કબજો જમાવે ને કેટલાક વાતાવરણમાં એટલા રસબસ થઈ જાય કે પોતાના અસ્તિત્વનો અણસાર આપ્યા વિના જ સૌને તરબતર કરતા રહે. સ્વામીશ્રીની વાણી અને મુદ્રા એક આવો જ સુમધુર સમન્વય છે. એમાં ડમરાનાં ફૂલનો નહિ પણ રાતરાણીના પુષ્પગુચ્છનો ઠસ્સો છે.

અમદાવાદમાં સ્વામીશ્રી માનવીય સ્વભાવ ઉપર વાત કરી રહ્યા હતા : 'લોકોને આસક્તિ કેટલી છે! ફૂદાંને ખબર છે કે દીવા પાસે જઈને મરવાનું જ છે, છતાં એક પછી એક જયા જ કરે છે. એમ જગતના જીવોનું પણ એવું જ છે. સીનેમામાં શું સાચું હોય? છતાં પૈસા ખર્ચીને જવાનું ને પાછું અંધારામાં બેસવાનું.. મંઈ જે આવતું હોય એ સાચું તો હોય જ નહિ છતાં... આંખો ફાડીને આ...મ... જોયા કરે..' એમ કહેતા તો સ્વામીશ્રી ટટ્ટાર ગયા. ફાડેલી અને સ્થિર આંખે ક્ષણભર બેસી રહ્યા.

ઘડીભર મૌન છવાઈ ગયું.

'હવે શું કરશે?' નો ભાવ સર્વત્ર ફરી વળ્યો... સૌની આ જિજ્ઞાસામાં જ સ્વામીશ્રી જે આસક્તિનું વર્ણન કરવા માંગતા હતા એનો ઉત્તર હતો. શબ્દ પાંગળો બની જાય એ સ્વાભાવિક હતું. રસની ધારદાર અભિવ્યક્તિનું સ્વામીશ્રીનું સબળ માધ્યમ છે : 'મુદ્રા'.

લોનાવાલામાં હરિભક્તોની શિબિર ચાલી રહી હતી. વિવેકસાગર સ્વામી સ્વામીશ્રીનાં કેટલાંક મીઠા સંભારણાંની વાતો કહી રહ્યા હતા, એમાં ઉકાઈમાં પધરામણીએ ગયાનો પ્રસંગ આવ્યો : 'પી.પી. જેઠવા નામના હરિભક્તના ઘરે પધરામણીએ પધાર્યા ને સ્વામીશ્રી પાટ ઉપર બિરાજ્યા. ડૉક્ટર સ્વામી પણ બેઠા. મહંત સ્વામી પણ બેઠા પાછળથી (વિવેકસાગર સ્વામી) હું આવ્યો. ને પલંગની બાજુમાં ખુરશી પર ગોઠવાયો. મારી ઓળખાણ સૌને થાય એ હેતુથી મહંત સ્વામી પલંગના પાછલા ભાગ તરફ ખસવા ગયા, ને પલંગ ઉપરનું પાટિયું ખસી ગયું... ધમ્મ દઈને બધા હેઠા... ઠાકોરજી એક બાજુ... સ્વામીનું મુખ નીચે ને બે પગ ઉપર...' આ પ્રસંગને પત્રો વાંચતાં વાંચતાં સ્વામીશ્રી સાંભળી રહ્યા હતા.. જેવી પલંગમાં પડ્યાની

વાત આવી એવા જ પત્રો એક બાજુ મૂકીને ઉકાઈમાં જે રીતે પડ્યા હતા એ રીતે આસન ઉપર પાછળ ઢળી પડ્યા... બન્ને પગ અને બન્ને હાથ પહોળા કરીને આસન ઉપર જ ઢળી પડ્યા... ચાલુ સભાએ એકદમ સહજતાથી કરેલા આ અભિનયે સૌને જીતી લીધા. વિવેકસાગર સ્વામીના શબ્દ વિસ્તારનું એક જ ક્ષણમાં ચિત્ર ખડું કરી દઈને સ્વામીશ્રીએ જે બોધ આપવાનો હતો એ આપી દીધો.

* * *

'એક ખેડૂત ગિરનારમાં રહેવા ગયા. શરીરે પબેડા જેવા ને ૨-૫ મણનો સહેજમાં ઉપાડી જાય એવા. પણ જોગીબાપા જેમ કહેતા ને, 'જેમ ગિરનું સેવન કોઈ કરે એના અવયવ સરવે ફરે...' એમ વરસ દિ' નહિ થયું હોય ને આને ગિરનું પાણી લાગ્યું. હાથ પગ દોરડી ને પેટ ગાગરડી.

'નાની અમથી વસ્તુ પણ આમથી આમ મૂકવી હોય તો ન મૂકી શકાય એટલી અશક્તિ.

'એક વાર એમનાં ઘરવાળાંને બહાર જવું'તું .ખાટલા ઉપર પડેલા પટેલને કહે : 'હું હમણાં આવું છું, લોટ પડ્યો છે, તો કૂતરું-બૂતરું આવે તો જરા ધ્યાન રાખજો...' પેલાં તો બહાર ગયાં ને એવામાં કૂતરું આવ્યું. પટેલે જોયું. લાકડી તો શેની ઉપડે? તે સાવ મરતા હોય એટલા ધીમા અવાજે કહે : 'કૂતરા! હડ.. જો હમણાં મારાં ઘરનાં બૈરાં આવશે તો લાકડીએ મારશે.. માટે જતો રહે..' પણ એમ કંઈ કૂતરું જાય? એ તો લોટ ખાઈને ભાગી ગયું..'

આ દૃષ્ટાંત કહેતી વખતે સ્વામીશ્રીની મુદ્રા જેણે જોઈ હશે એને એમ જ લાગ્યું હશે કે જાણે આ આખો પ્રસંગ પોતે નજરે નિહાળ્યો ના હોય! ખાટલે પડેલા માંદાની અશક્તિ.. એના અવાજમાં મડદાલપણાની ઢીલાશ, અને એ વખતે સ્વામીશ્રીની ઝીણી થયેલી આંખો, દબાયેલો સ્વર, હાથના હાવભાવ... આ બધું જ પ્રસંગના કથન અને બોધને ચરમસીમાએ પહોંચાડે એટલાં આબેહૂબ હોય છે.

આમેય રોજિંદા પ્રવચનોમાં પણ વિવિધ મુદ્રાઓ દ્વારા ઉપદેશને પુષ્ટ કરવો એ સ્વામીશ્રીનું સાહજિક અંગ છે. ઉપદેશ આપતી વખતે ડાબા હાથની તર્જની વિવિધ વળાંકોમાં હલાવતા, નિશ્ચયની વાતોમાં બેય હા આંગળીઓને અંકોડાની જેમ ભીડવતા અને ક્યારેક જમણા હાથની મુઠ્ઠીને

ઉપર ઉઠાવતા, ક્યારેક વળી બેય હાથની તર્જનીને એકબીજા સાથે અડાડતા, અહોભાવ અને પ્રાપ્તિની વાતોમાં કોઈપણ એક હાથને મુખ સુધી અલમસ્તાઈની મુદ્રામાં ઉપર ઉઠાવતા, ક્યારેક બેય હાથની આંગળીઓનાં ટેરવાંને એકબીજા સાથે અડાડીને, તો ક્યારેક પાંચેય આંગળીઓને ભેગી કરીને વણખીલી કળીનો આકાર આપીને હળવા ઝાટકા સાથે છૂટી કરતા, ક્યારેક અભયમુદ્રામાં, તો ક્યારેક આશીર્વાદમુદ્રામાં ને ક્યારેક જ્ઞાનમુદ્રામાં દર્શન દેતા, ક્યારેક વળી કામાદિક દોષો કે ધર્માદિક ગુણોની ગણતરી કરતી વેળાએ જમણા હાથને ગણતરી દરમ્યાન હળવો ઝાટકો આપતા, ક્યારેક ડાબા હાથે માળા ફેરવતા, તો ક્યારેક ફૂલને રમાડતા, ક્યારેક ભીડેલા બેય હાથના આંગળાને ડાબા પગના ઘૂંટણનો ટેકો લઈને હળવાશથી વાતો કરતા, તો ક્યારેક ડાબા ચરણને જમણા હાથ વડે રમાડતા, ક્યારેક પુસ્તક રાખવાની ઘોડી ઉપર બેય હાથ ટેકવતા, વળી કથાવાર્તામાંથી ઝરતા હરિરસનો આનંદ ચહ લૂંટતા હોય એની પ્રતીતિ સમા ગુલાબી થયેલા ગાલનાં બેય ટાશેયાંને વિશિષ્ટ રીતે હલાવતા, આંખોને ઝીણી કરતા, તો ક્યારેક કટાક્ષ અને રમૂજના ભાવોમાં પરિચિત વ્યક્તિની સામે જમણી આંખ મીંચકારતા, ચંચળ નયનો વડે સભામાં નવા આવનારની અચૂક નોંધ લેતા, ક્યારેક ડાબા હાથે તર્જની અને અંગૂઠા વડે કંઠી રમાડતા, અંતરમાં ઉતારવાની વાત કહેવી હોય ત્યારે ડાબા હાથની તર્જનીનો 'હૃદય' તરફ નિર્દેશ કરતાં.. 'ઉપર' એટલે કે ભગવાનની વાત કરતી વખતે તર્જનીને ઉપરની દિશામાં દર્શાવતા... જે શબ્દ ઉપર વજન આપવું હોય ત્યાં પ્રશ્નાર્થને મૂકીને ક્ષણભર મૌન બની જતા. આક્રોશ હોય ત્યારે ઝીણી આંખો અને ભ્રમરને થોડી તંગ કરતાં.. આશ્ચર્ય મિશ્રિત પ્રશ્નાર્થમાં હોઠ ઉપર આવી જતા મંદ સ્મિત અને કપાળ ઉપર ઉપસી જતી કરચલીઓ સાથે આંખોને થોડી વિસ્ફારિત કરતાં... વારે વારે ઘૂંટીએ હાથ થપથપાવીને ઊંચો કરતાં સ્વામીશ્રીના મધુરા સ્પંદનો હૃદયને તરબતર કરીને વૃત્તિને એકાગ્ર કરતા રહે છે.

મહિમાના મૂલ

'મહિમાગાન' - સ્વામીશ્રીની કથામાં વારંવાર ઘૂંટાતો કોઈપણ શબ્દ હોય તો એ છે 'મહિમા'. બે વ્યક્તિઓ વચ્ચેના સંબંધો ગાઢ કરવામાં મહિમાનું ગાન ઉદ્દીપક બને છે. બે વ્યક્તિઓ વચ્ચેની ગેરસમજણ દૂર કરવાનું કાર્ય આ 'મહિમાનું ગાન' કરી શકે છે. આત્મીયતાભર્યા સંબંધોને મહિમાની

ચીકાશ વગર બરડ બનતા વાર લાગતી નથી. બીજાનો મહિમા સમજવામાં અને ગાવામાં જે આનંદ આવે છે એવો ટીકા કરવામાં કે વ્યક્તિને જાહેરમાં ઉતારી પાડવામાં ક્યારેય આવતો નથી. હા, મિથ્યા-અભિમાન પોષાય.. પણ અંતરમાં શાંતિના અખંડ ફુવારા છૂટવા એ તો મહિમાના ગાન વગર શક્ય જ નથી. સ્વામીશ્રી આ વાક્યો કેવળ બોલતા જ નથી, એમની નસેનસમાં આ વાત વહી રહી છે. પોતે ભગવાનના અખંડ ધારક હોવા છતાં પોતાના જ હાથે દીક્ષા પામેલા સંતોનો અને પોતાના વચને સર્વસ્વ કુરબાન કરવા તત્પર એવા હરિભક્તોનો જાહેર સભામાં પણ મહિમા ગાવામાં સ્વામીશ્રી ક્યારેય અચકાયા નથી.

સેનાપતિ સૈનિકને સલામ ભરે એવી આ વાત છે. સ્વામીશ્રીને મન તો બધા જ આત્માઓ દિવ્ય છે દરેકમાં ભગવાનને નિહાળીને દરેકને આ રીતે વંદતા તેઓની જીભ સુકાતી નથી.

નાઈરોબીની એક જાહેરસભામાં નાના સંતોને ઊભા કરી એમનો મહિમા હરિભક્તોને કહેતાં એમની છાતી ગજગજ ફૂલતી હતી :

'આ શ્રુતિ (શ્રુતિપ્રકાશ સ્વામી) પંડિત થઈ ગયો. ગામડું ગામ. જાતે ખેડુ પણ પંડિત થઈ ગયો. કર્મકાંડ કરાવે.

આ સાક્ષર (અક્ષરજીવન સ્વામી) અમદાવાદનું છાપખાનું ચલાવે. શ્રીજી (શ્રીજી સ્વરૂપ સ્વામી) ગોઠવણ સારી કરે છે (ડિઝાઇનનું કામ). વિશ્વવિહારી ગાંધીનગરની (અક્ષરધામના પ્રદર્શન અંગેની) દેખરેખ રાખે છે.

યોગીબાપાની ઇચ્છાથી દેશ-પરદેશથી બધા સાધુ થયા છે. સાત સમેલિયા બધી વાતમાં તૈયાર.

જુઓ, ભંડારમાં પ્રબોધજીવન. ઊભા થાવ. થાકે જ નહિ. આજે હજારોની રસોઈ કરે છે. મુખ્ય ત્યાગસ્વામી (ત્યાગવલ્લભ સ્વામી). ઘનશ્યામ (ઘનશ્યામપ્રસાદ સ્વામી) હેડ કુક. પ્રબોધ, નિષ્કામ (નિષ્કામજીવન સ્વામી), બ્રહ્મતીર્થ બધા ભંડારમાં તૈયાર થઈ ગયા. સમૈયા શોભી ગયા ને શોભે છે.

આ અક્ષરવલ્લભ કચ્છી છે. અમારા ઈલેક્ટ્રિશ્યન. તે કોઈ કૉલેજમાં નથી ગયા પણ મોટા એન્જિનિયરનીય ભૂલ કાઢે.

મુક્તિ! (મુક્તિજીવન સ્વામી) ઊભા થાવ. આ મુક્તિ ફુવારા કરે તે જોઈ જ રહીએ. નિશાળે નથી ગયા પણ આવડત.

મુકુન્દ શાસ્ત્રી (મુકુન્દજીવન સ્વામી) કથાવાર્તા કલાકો સુધી કરે. ધ્રાંગધ્રા વિભાગ સંભાળે છે. ગુણનિધિ માસ્તર છે. B.Sc., B.Ed. કરીને આવ્યા છે. ત્રણ ભાઈ સાધુ છે.

જનમંગલ, સર્વમંગલ. આ બધા ગામડે ફરે છે, પારાયણો કરે છે, ધર્માદો લાવે છે, સત્સંગ કરાવે છે. દુષ્કાળમાં સંતોએ બહુ કામ કર્યું. આ પી.જે. (પુરુષોત્તમજીવન સ્વામી) આખું કલકત્તા સાચવે છે.'

* * *

એક વાર ગોંડલમાં રાજકોટના સુરેન્દ્રસિંહે પ્રશ્ન પૂછ્યો : 'એવું એકે ડ્રગ છે કે જેનો કેફ ક્યારેય ઉતરે નહીં?'

સ્વામીશ્રી કહે : 'જે ભક્ત થયા એને ક્યાં કોઈ દિવસ કેફ ઊતર્યો છે? નરસિંહ, મીરાં કે દાદા ખાચરને ઊતર્યો? જગતના પ્રશ્નો તો આવે, ક્યાં અસર થઈ? જ્યાં જાય ત્યાં ભજન કરે અને કેફમાં ને કેફમાં રહે. અંબાલાલ કલ્યાણ યોજના આટલી ઉંમરે એટલો જ કેફ : 'યોગી તારા ામાં ગુણગાન...' આત્મશક્તિ જબરી. સી.ટી. છે જ ને! જ્યાં બેઠા હોય ત્યાં વાત ચાલ્યા જ કરે. ખાખરડાવાળા પથુભા છે ને! અમદાવાદમાં બાજડિયા છે... ગમે એવો મોટો ડૉક્ટર હોય... અમને એમ થઈ જાય કે આને શું લાગશે? પણ એ સીધી વર્તમાનની જ વાત કરે. કેનેડાવાળો ઉપેન્દ્ર છે, બે કિડની ફેલ છે ને ડાયલીંગ (ડાયાલિસીસ) કર્યા કરે છે પણ 'જેવી મહારાજની મરજી.' ભજનમાં એ જ અલમસ્તાઈ. મને કેમ દુઃખ આપ્યું? હવે શું થશે? એવો કોઈ વિચાર જ નહીં. એને જોઈને આપણને વિચાર આવી જાય, પણ એને કાંઈ જ નહીં. એટલે આવા ભક્તોને જગત ગાંડા જ ગણે ને!' આ કેફ ચઢ્યો હોય એને અંદરથી વિકૃતિ આવે નહીં અને શારીરિક રીતે અંદરથી શિથિલતા આવે તોય બળ રહે. કેફ ચાલુ જ રહે. જ્યારે પેલા ડ્રગમાં તો અંદરની વિકૃતિ આવે ને કેફ ચાલી જાય એટલે ઢીલાઢફ. પણ આ ભગવાનનો કેફ કોઈને લેવો નથી.'

સુરેન્દ્રસિંહ કહે, 'એવાને પછી સંસારી જીવનમાં તકલીફ થાય ને!'

સ્વામીશ્રી કહે, 'બીજાને થાય એને ન થાય. એને તો સહેજે જ સંસારમાં મન ઓછું રહે. આપણે સામેથી બધું કહેવું પડે. અને ઘણાં એવા પણ હોય છે... વ્યવહારનો બધો જ વિવેક જાળવી, જાણપણું રાખીને કામ કરતા હોય ને સાથે સાથે આ કેફ રહે. અમારે લંડનમાં સી.પી. છે. અખંડ કેફમાં જ હોય

છે. વીરચંદ મોદીનો કેફ પણ ઊતરતો નથી...'

બોટાદમાં ચાલી રહેલી સંસ્થાની હૉસ્પીટલમાં પોતાની ઊજ્જવળ કારકિર્દી હોમી દેનાર ડૉ. કનુભાઈ ધાનાણી કે ડૉ. બાજડિયા કે લીલાખાના છગનભાઈ બધાનાં સમર્પણને સ્વામીશ્રી આ જ રીતે સંભારતા રહે છે! આવા તો જાણ્યા-અજાણ્યા કેટલાય ભક્તોની ગાથાઓ સ્વામીશ્રીના અંતસ્તલમાં સમાયેલી પડી છે. આવા પ્રેમભર્યા અંતરના ઉદ્‌ગારો પ્રકાશ પાથરીને સૌને ચેતનવંતા કરી મૂકે છે. સ્વામીશ્રીના નિરભિમાન વ્યક્તિત્વની આ તેજ લકીર એમના પ્રવચનની શૈલીનો એક વિશિષ્ટ ભાગ છે.

લઢણ : અભિવ્યક્તિનું આગવું પાસું

દરેક પ્રાંતની બોલીમાં પોતાની આગવી લઢણો હોય છે. એ જ રીતે વ્યક્તિએ વ્યક્તિએ પણ શબ્દોની અભિવ્યક્તિ,એની લઢણ અને આરોહ-અવરોહ વિશિષ્ટ હોય છે. સ્વામીશ્રીના મુખેથી સહજપણે સરી આવતી કેટલીક લાક્ષણિકતાઓનું રસપાન કરવું એ પણ એક લહાવો છે. આ લાક્ષણિકતામાં પણ જાણે દિવ્યતાનું નિર્ઝર, ઝરી આવતું અનુભવાય છે. તેઓની આ પ્રાસાદિક શૈલી લઢણ અને વિશિષ્ટ રીતે ઉચ્ચારાતા અક્ષરોનો એક મધુર ઝંકાર વડે આપણી હૃદયવીણાને ભરી દઈએ.

સ્વામીશ્રીનાં વિશિષ્ટ ઉચ્ચારણો :

પ્રાસાદિક શબ્દ	મૂળ શબ્દ
અતાર	અત્યારે
અધમુયો	અધમૂઓ
અમરત	અમૃત
અંતસ્કરણ	અંતઃકરણ
અધ્યાત્મિક	આધ્યાત્મિક
આઈને	આવીને
ઉકેડો	ઉકરડો
ઉઘેડવા	ઉઘાડવા
અપવાસ	ઉપવાસ
ઉભાંડક	ઉભાંગડ
ઉધેવ	ઊધઈ

કમઈને	કમાઈને
કળશ્યો	કળશ
કુટંબિક	કૌટુમ્બિક
ક્પા	કૃપા
ખઈને	ખાઈને
ગમઈને	ગુમાવીને
જીહવ્યા	જીહ્વા
ઝાડાં	ઝાડ
ટૈડકાયો	ટડકાવ્યો
ડાંગેર	ડાંગર
ઢહેડા	ઢસરડા
તઈણું	તરણું
તીરથ	તીર્થ
ત્રપ્તિ	તૃપ્તિ
પેણે જઈને	ત્યાં જઈને
તઈણ	ત્રણ
નીતર	નહિતર
નચિંતીથી	નચિંત થઈને
નિરન્મુગત	નિરન્નમુક્ત
નામ	નોમ (તિથિ)
પૈણવા	પરણવા
પવિત્રા	પવિત્રતા
પ્રસંદ	પસંદ
પાટો-ઉત્સવ	પાટોત્સવ
પૂનેમ-પૂન્યેમ	પૂનમ
પ્રતક્ષ	પ્રત્યક્ષ
પ્રમાણિક	પ્રામાણિક
ફારફેર	ફેરફાર
બહારલી	બહારની

બામણગામાં	બામણગામ
ભસમ	ભસ્મ
ભૂતાં	ભૂત
મઈલ	માઈલ
મારગ	માર્ગ
મોંખ્યો	માંખો
મૌંસ	માંસ
મુનેમ	મુનિમ
રોયા	રડ્યા
રવેડે	રવાડે
વરસાં	વરસો
વાયો	વાવ્યો
ઓંકુ	વાંકુ
વિઘન	વિઘ્ન
હાંહલાં	સસલાં
સામ્રથ્ય	સામર્થ્ય
સૂક્ષમ	સૂક્ષ્મ
સાંપી દેવું	સોંપી દેવું
સિદ્ધાન્તિક	સૈદ્ધાન્તિક
હુંશિયાર	હોશિયાર
	વગેરે....

અંગ્રેજી શબ્દોનાં વિશિષ્ટ ઉચ્ચારણો

પ્રાસાદિક શબ્દ	**મૂળ શબ્દ**
આર્ટીટિટ	આર્કિટેક્ટ
ઇન્ડલીયાસ્ટ	ઇન્ડસ્ટ્રીઆલીસ્ટ
ઇનીસ્પેક્ટર	ઇન્સ્પેક્ટર
ઇલોક્ટ્રોનીક	ઇલેક્ટ્રોનીક
એક્ટીવ	એક્ટિવીટી
એકસાઇ	એક્સાઈટ

ઈજનેર	એન્જિનીયર
એટેન	એટેન્ડ
એક્સેલેટર	એસ્કેલેટર
કમેટી	કમિટી
કન્ટૂનીસ	કન્ટીન્યુસ
કોન્ક્રેટ	કોન્ક્રીટ
કન્ટ્રાટી	કૉન્ટ્રાક્ટર
કોન્સીયન્સ	કૉન્ફીડન્સ
કીલીયર	ક્લીયર
કોલિટી	ક્વૉલિટી
જૂસ	જ્યુસ
સ્ટાઈલ્સ	ટાઈલ્સ
સ્ટુરીટ	ટૂરીસ્ટ
ટેક્નોલીસ	ટેક્નોલૉજી
ડેન્ટીલ	ડેન્ટીસ્ટ
નેમોનિયા	ન્યૂમોનિયા
પેપરાં	પેપર
ફ્યુસ	ફ્યુઝ
બેક	બેગ
મર્સીડી	મર્સીડીસ
મેન્ટલન્સ	મેઈન્ટનન્સ
મેડીસન	મેડિટેશન
રીચર્સ	રીસર્ચ
લુસ	લુઝ
લેફ-રાઈટ	લેફ્ટ-રાઈટ
વનસમોર	વન્સમોર
વર્લ્ડ સ્ટુર	વર્લ્ડ ટુર
સર્ટીફિટેટ	સર્ટીફિકેટ
ટેનસ્ટીલ	સ્ટેનલેસ સ્ટીલ

હોલિકોપ્ટર હેલિકૉપ્ટર
હુસ્ટન હ્યુસ્ટન
પ્રોફેસર પ્રોફેશનલ
વગેરે...

સ્વામીશ્રીની વાણીની કેટલીક લાક્ષણિકતાઓ

- 'ણ'ને બદેલ 'ન' બોલવાની લઢણ
- 'પણ'ને બદલે ક્યારેક 'બી' બોલે... (મને બી).
- 'માટે'ની જગ્યાએ 'હારુ' બોલવાની ટેવ.
- 'કહું છું' ને બદલે 'કેઉં છું.'
- 'માં'ની જગ્યાએ 'ની અંદર'... (ખાવાની અંદરથી...)
- 'રડીશ નહિ'ની જગ્યાએ 'રોયેશ નહીં.'
- 'લીધા કરીએ'ને બદલે 'લયા કરીએ.'
- 'આ'કારથી શરૂ થતા શબ્દને 'ઓ'કારથી બોલવાની ટેવ (દાંત-દોંત)
- 'તમે આયા છો' ને બદલે 'તમે આયા છે.'
- 'બૈરું' શબ્દને હંમેશાં બહુવચનમાં પ્રયોજવાની ટેવ ('બૈરાં')
- 'વસ્તુ' શબ્દને હંમેશાં વિવિધ અર્થોમાં પ્રયોજવાની ટેવ.
- 'સાદું' અને 'સિમ્પલ' સાથે બોલવાની ટેવ.
- પ્રવચનોમાં 'આરોગ્ય'ને બદલે બહુધા 'હેલ્થ' જ બોલે.
- 'સ'ની જગ્યાએ ઘણી જગ્યાએ 'હ' બોલવાની ટેવ.
- 'એ.સી.'ને 'મશીન' તરીકે સંબોધે.
- 'પાઘ'ને 'રૂમાલ' કહે.
- 'મશીન'ને 'સંચો' કહે.
- 'હીરની દોરી ને તેલનો ટીપો' શબ્દ પ્રયોજે.
- 'પરિવર્તનશીલ'ને બદલે 'પરિવર્તન શીલવાળું' બોલવાની ટેવ
- 'यद्गत्वा न निवर्तन्ते...' ને બદલે 'यद्गत्वा निवर्तन्ते' બોલે.
- 'ફેરો ન ફાવ્યો થયો ફજીત...' ને બદલે 'ફેરો ન ફાવ્યો ન થયો ફજીત' બોલવાની સહજ ટેવ.
- શિક્ષાપત્રીનો શ્લોક 'व्यर्थकालो न नेतव्यो भक्तिं भगवतो विना...' નો સંદર્ભ ટાંકતા હોય ત્યારે 'વ્યર્થકાલો ન નેતવ્યો ભક્તિ ભગવાન વિના'

એ રીતે બોલે.

- 'આગે ધંધા પીછે ધંધા, ધંધા મધ્યે ધંધા; ધંધા મધ્યે ધ્યાન લગાવે સો સાહેબકા બંદા...' આ સાખી બોલે ત્યારે 'આગે ધંધા પીછે ધંધા, ધંધા મધ્યે ધ્યાન લગાવે સો સાહેબકા બંદા...' એ રીતે બોલે.
- કીર્તન ગવાતું હોય, ક્યારેક અધવચ્ચેથી અટકાવીને વાત ઉપાડવાની ટેવ.
- ક્યારેક બીજા વાત કરતા હોય ત્યારે પણ અધવચ્ચેથી વાત ઉપાડી લે.
- જાહેરસભામાં પહેલા આશીર્વાદ પોતાના હોય તો મહારાજના કાર્યથી જ શરૂઆત કરે.
- જુસ્સો પ્રેરવાનો હોય ત્યારે ઊભા થઈને આશીર્વાદ આપે. ભાષાની સાથે અંતરનો ઉમંગ પણ ભળે એટલે ઝડપ સહેજે વધી જાય. થોડીવારમાં સ્વામીશ્રી હાંફવા માંડે અને શબ્દો તૂટવા માંડે.
- મોટાં મંદિરોમાં વધારે નિવાસ હોય ત્યારે 'સ્વામીની વાતો'ના આધારે નિરૂપણ કરવાની રુચિ.
- ઉપદેશ દરમ્યાન પરિચિત વ્યક્તિઓને નામ દઈને, સંબોધીને સભાને કથાપ્રવાહમાં ભેળવવાની અને આત્મીયતા કેળવવાની સહજ ટેવ.
- દરેક પ્રવચનમાં ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપાનાં કાર્યની સ્મૃતિ અવશ્ય કરે.
- બોલવામાં ચોકઠાંનો પ્રભાવ વર્તાય છે.
- ઉપદેશ દરમ્યાન રૂઢિપ્રયોગો, ઉખાણાં અને ભડલીવાક્યોનો ઉપયોગ પણ કરે છે.

સૂત્રોમાં શાસ્ત્રો

યોગીજી મહારાજ ઘણીવાર કહેતા : 'મોહ ટળે એ મોક્ષ'. આ વાક્યમાં અત્યંત લાઘવ હોવા છતાં શાસ્ત્રો લખાય એટલી વિશાળતા સમાયેલી છે. ટૂંકમાં બધું જ કહી દેવું એ અનુભવી પુરુષની હથોટીનો વિષય છે. સ્વામીશ્રી જ્યારે કહેતા હોય - 'પરસ્પર પ્રીતિ પ્રસરાવે એ ધર્મ' ત્યારે આટલી નાની પણ સચોટ વ્યાખ્યામાં આજના જમાનાના કેટકેટલા સંદર્ભો અને તાસીર છૂપાયેલી જોઈ શકાય છે?!

ટૂંકા છતાં વાંચતાવેંત મનમાં વસી જાય. પ્રજા અને સંસ્કૃતિના

માનસસાગરમાંથી ઘૂંટાઈને, મથાઈને અર્કરૂપે બહાર આવેલા અને અનુભવની એરણમાંથી શુદ્ધિને પામેલા, શાણપણની શાળા જેવા સ્વામીશ્રીનાં આવાં વચનોને વાગોળવા જેવાં છે. કોઈ પણ પ્રકારની દલીલ નહિ કે નહિ કોઈ ખુલાસા અને છતાં આ મધુબિંદુઓ જાણે આખો મધપૂડો છૂપાઈને બેઠો હોય એટલા વેધક, સચોટ અને પ્રેરક છે.

સ્વામીશ્રીએ જુદા જુદા સમયે જુદા જુદા સંજોગો અને મનોભૂમિકાઓને લક્ષ્યમાં રાખીને જે વ્યાખ્યાઓ કરી છે એને આપણા અંતરની આરોગ્યપોથીમાં ઘૂંટીએ.

કેટલીક વ્યાખ્યાઓ :

- પરસ્પર પ્રીતિ પ્રસરાવે એ જ ધર્મ.
- ખપમાં આવે એ જ્ઞાન.
- અપેક્ષા વિના બીજા માટે ઘસાઈ છૂટવું એ વૈરાગ.
- દરેક કાર્યમાં પ્રભુના કર્તાપણાનું અનુસંધાન એ ભક્તિ.
- ભગવાનની આજ્ઞામાં ન વર્તે એ અધર્મ.
- સત્પુરુષ કહે એ પ્રમાણે જ વર્તવું છે એવી ભાવના એ સમાગમ.
- અંદરના ખોટા ભાવો ટળે ને ભગવાન વધારે સાંભરે એ બ્રહ્મરૂપ થવાની દીક્ષા.
- દુનિયાના વાતાવરણમાંથી ભગવાનના વાતાવરણમાં આવ્યા એ જ ફ્રેશ. (Fresh).
- ભવિષ્યની ચિંતા મૂકીને વર્તમાનનો વિચાર કરે એ જ પ્રોગ્રેસ. (Progress).
- સુખે ભજન થાય એ સારો દેશ.
- ભગવાન અને સંતને જાણવા, સમજવા અને રાજી કરવા એ જ બુદ્ધિ.
- આસુરી વૃત્તિ નીકળે ને દૈવી વૃત્તિ થાય એ મૃત્યુને જીતેલો છે.
- સત્પુરુષની રુચિ પ્રમાણે વર્તાય એ આત્મબુદ્ધિ.
- અહંથી કરે એ તમોગુણી ક્રિયા.
- લૌકિક ઇચ્છાથી કરે એ રજોગુણી ક્રિયા.
- ભગવાનને સંભારીને કરે એ સત્ત્વગુણી ક્રિયા.
- કેવળ ભગવાનની પ્રસન્નતા માટે કરે એ નિર્ગુણ ક્રિયા.

- ભગવાનને અખંડ ધારે એ ધર્મકુળ.
- હંમેશાં સત્પુરુષ સાંભરે, એનાં દર્શન અને ગુણ ગાવાનું મન થયા કરે તો ઇન્દ્રિયોને બ્રહ્માગ્નિમાં હોમી કહેવાય.
- જીવનમાં સંયમ અને આત્મજ્ઞાન આવે એ જ સાચો વિકાસ.
- ધ્યેયમાં દૃઢતા અને વિશ્વાસ એ જ પ્રગતિ.
- ધ્યેયમાં શંકા અને વિલાસ એ જ અવનતિ.
- મન સ્થિર થાય તે મંદિર.
- કોઈ આપણને વખાણે ત્યારે વધુ કરવા મંડીએ તે દંભ.
- પોતે સારું અને સાચું જીવન જીવે અને બીજા પણ એવું જીવન જીવે એ ભાવના કેળવાય એ સમૃદ્ધિ.
- જે સાચું છે એ ખોટું મનાય અને ખોટું છે તે સાચું મનાય એ મોહ.
- આ પ્રગટ મળ્યા એ યથાર્થ ઓળખાય એ નિષ્ઠા.
- સત્પુરુષનો સંબંધ એ જ યોગ.
- મનને ભગવાનમાં સંલગ્ન કરે તે સંગીત.
- ભગવાનના મહિમાનો વિચાર. ભગવાનનાં કાર્યનું ચિંતન અને જે ભગવાન બધે છે એ આપણામાં પણ છે એ વિચાર એટલે ધ્યાન
- ભગવાન સિવાય અંતરમાં કાંઈ જ રહે નહિ અને સમજણની (જ્ઞાનની) દૃષ્ટિ આવે એ સમાધિ.
- બ્રહ્મ એવા જે સત્પુરુષ એને સમજવા, એના સ્વરૂપને સમજવું અને એમનામાં સાક્ષાત્ ભગવાન બિરાજમાન છે એ સમજણ કરવી એ બ્રહ્મજ્ઞાન.
- જીવમાં ભગવાનની મૂર્તિ ઊતરી જાય અને ભગવાનનું દિવ્ય સુખ અખંડ આવે તો ભગવાન મળ્યા કહેવાય.

અનુભવીની આંખે (કહેવતો)

આદિગુરુ શંકરાચાર્યજીએ લખ્યું છે કે : 'श्लोकार्धेन प्रवक्ष्यामि यदुक्तं ग्रंथकोटिभिः।

જે કોટિ ગ્રંથોમાં કહેવાયું છે એ હું ફક્ત અડધા શ્લોકમાં તમને જણાવું છું.

સ્વામીશ્રી આ જ ભાવને જરા જુદા સંદર્ભ સાથે રજૂ કરે છે : 'ગાયને

સાચવવી નહિ, ચાર-પૂળા કરવા નહિ, છાણ-વાસીદું વાળવા નહિ. ને દૂધ આવ્યા પછી આખરવું નહીં. દહીં વલોવીને માખણ કાઢવું નહિ. શ્રીજીમહારાજે આપણને સીધું ઘી જ હાથમાં મૂકી આપ્યું છે. એમણે કહ્યું છે કે 'બધા જ શાસ્ત્રનો સાર એ છે કે ભગવાન અને સંત જ કલ્યાણકારી છે.'

સ્વામીશ્રી જે કહે છે એ તેમનાં પ્રવચનોમાં વારે વારે દેખાઈ આવે છે. અનુભવની ખાણ સમા તેમનાં વક્તવ્યોમાં કહેવતોનાં રત્નો ઝળકી ઊઠે છે. આ કહેવતોમાં યુગોયુગના અનુભવોનું ડહાપણ તો પડ્યું જ છે, પરંતુ સ્વામીશ્રીના મુખે જ્યારે એ કહેવાય છે ત્યારે એનો સંદર્ભ જ બદલાઈ જાય છે અને પ્રતીતિ થાય છે કે અનુભવીઓ જે કહેવા માંગતા હતા એ તત્ત્વ યથાર્થરૂપે અહીં સાર્થ બને છે. સ્વામીશ્રીએ કહેલી પ્રત્યેક કહેવતોમાં આધ્યાત્મિક્તાની ઊંડી સમજણનો અને સાથે સાથે વ્યવહારુ વિવેકનો સંસ્પર્શ અનુભવી શકાય છે. સ્વામીશ્રીએ આ અનુભવની ખડકીને પોતાનાં સરળ વ્યાખ્યાનો દ્વારા ઉઘાડી આપી છે.

● 'આગળ જાય વાવતો ને પાછળ જાય ટોરતો..' ખેડૂત વાવણી કરવા જાય ત્યારે જમીનને પોચી કરવા માટે ખેડે, પછી બી નાંખે. પણ નવો ખેડૂત હોય તો બિયાવું વાવતો જાય ને જમીનને ટોરવતો જાય (કડક કરતો જાય). એમાં પછી બિયાવું ને મહેનત બેય જાય. એમ સત્સંગમાં લાખો રૂપિયાની સેવાઓ કરી હોય પણ સત્પુરુષનો અભાવ આવી જાય તો કર્યું-કરાવ્યું બધું ધૂળમાં મળી જાય.'

● 'આર્દ્રાની વાવણી ને ઘીની તાવણીમાં મૂરત જોવા ન જવાય.' એમાં તો સમય સાચવી લેવાનો હોય. આર્દ્રા નક્ષત્ર વરસે એટલે ખેડૂત બળદની શિંગોટીનું પૂજન કરી, ચાંલ્લા કરીને વાવણી શરૂ જ કરી દે. પણ જો તે ઘડીએ બ્રાહ્મણ પાસે ટીપણું ખોલાવવા જાય ને બ્રાહ્મણ ધન, મકર ને કુંભ કરતો કારતક સુદ એકાદશીનું મુહૂર્ત આપે તો એમાં વાવણીનો સમો વીતી જાય. પછી કાંઈ હાથ ન આવે. એમ ભગવાન અને સંત મળ્યા છે, તો સમો સાચવી લેવો. પછી આવો જોગ નહિ મળે.'

● 'આપણને શ્રીજીમહારાજ મળ્યા. ગુણાતીતાનંદ સ્વામી મળ્યા. બેય વસ્તુ મળી ગઈ. હવે કરવાનું બીજું કાંઈ નથી. પણ હઠ-માન ને ઈર્ષ્યા મૂકવા. આ છે એટલે જ જગતમાં દુ:ખી થવાય છે. હઠીલો ક્યારેય સુખી થાય નહીં. મછિયાવના ફઈબાએ જ્યારે છોકરો પૈણાયો ત્યારે હોંશે હોંશે

નહીં પૈણાયો હોય? પણ પછી? 'જા તારું મોઢુંય જોવું નથી.' અરે! મોઢું જોવાના તો પૈસા આપવા પડે છે. પણ એવું. સાક્ષાત્ શ્રીજીમહારાજ મળ્યા પણ હઠ ના મૂકી, તો પછી શું સમજ્યા! શું સત્સંગ કર્યો? એની આગળ તો મૂકવાનું જ છે ને! મૂકીશું તો જ સુખિયા થઈશું. 'સાપ વાંકો ચૂકો ચાલે પણ દરમાં તો સીધો જ ચાલે.' ન ચાલે તો છોલાઈ જાય. એમ કલ્યાણનું સ્થાન ।વાન અને સંત છે, ત્યાં તો સ્વભાવ મૂકવા જ. આપણું શ્રેય કરનાર એ ૪ છે એટલે એની આગળ આપણી બુદ્ધિ ને વિચારો મૂકી દેવા સરળ થવું.'

● 'સ્વભાવો બધે નડે. 'મૂરખ, મગર ને મકોડો, પકડતા આવડે પણ મૂકતા ન આવડે.' એમ એવા હોય એને મોહ-મમતાને લઈને પકડાઈ જાય છે અને એને લઈને સંસારના કામમાં કે સત્સંગમાં દુઃખી થાય છે. એવાને ઉપદેશ આપીએ તોય અવળું પડે. હિતની વાત એને સમજાય નહીં. સાચી વાત સ્વીકારીએ એમાં આપણી મહત્તા વધે. જીવમાં, સત્સંગમાં ને સમાજમાં પણ શાંતિ રહે. બાકી તો લોકની રીતે રહીએ એમાં વિશેષતા નથી. તોડતા સૌને આવડે પણ જોડવું એ વિશેષતા છે. માટે જાણપણું રાખીને રહેવું. કુસંગ ગમે ત્યારે પેસી જાય. માટે જાગ્રત રહેવું.'

● 'મયારામને રામાનંદ સ્વામીના વખતનો સત્સંગ. ભક્તરાજ. તેના ભાઈ ગોવિંદરામ. બેય ભાઈઓ ભેગા થયા ને વિચાર કર્યો કે અત્યાર સુધી લોટ માંગી ખાધો. એમાં કંઈ ભેગું થતું નથી. કાયમ 'દયા પ્રભુની...' કરીએ એમાં જીવન જાય નહીં. એટલે કંઈક વેપાર કરીએ તો પૈસા ભેગા થાય. એક તો બ્રાહ્મણ, પાછા ભણેલા. જ્યોતિષ પણ જાણે. એટલે ફલાણું મુરત ને ફલાણી ગ્રહપનોતી... એવા કેટલી જાતના વિચાર કર્યા. એમાં સવારે કૂકડો બોલ્યો.'

મયારામ કહે : 'લ્યા! આ શું?' તો કહે : 'કૂકડો બોલ્યો.'

'એમ ?!' મયારામ કહે : 'આ હજી વેપાર નથી કર્યો ને રાત ગઈ, તો વેપાર કરશું તો શું થશે? માટે ગોવિંદરામ! મેલ પાણી. આપણે જે છે એ સારું છે. નકામો ઉજાગરો તો નહીં. ભજન થાય ને મહેનત કરીને જે મળે એ ખઈને સુખી રહેવું. જરૂર છે એટલી માથાકૂટ કરવી. બહુ ઊંડા ઊતરી જાઓ તો ભગવાન ભજવાનું રહી જાય. ઘણાં વિચાર કરવામાં જ જીવન પૂરું કરે ને પછી જે કરવાનું છે એ રહી જાય. મયારામને રામાનંદ સ્વામીનો સમાગમ હતો એટલે પાછા વળી ગયા. સત્સંગ ના હોય તો 'હાર્યો જુગારી

બમણું રમે' એવું થાય. જે સમજુ હોય એને ભગવાન ભજવાનો સમય ૧
તો તરત ખબર પડે કે આમાં ઊંડા ઊતરવા જેવું નથી... શાંતિથી જે વખતે જે સ્થિતિમાં ભગવાન રાખે એમાં રહેવું. બાકી ગમે એટલું કરીએ સુખ શાંતિ નથી.'

સ્વામીશ્રીનો આવો આધ્યાત્મિક સંદર્ભ ચારસોથી વધારે કહેવતોને સાંપડ્યો છે. એક જુદો ગ્રંથ રોકી લે એવા આ કેટલાક અનુભવોને પ્રસાદીરૂપે માણીને આગળ વધીએ.

સ્વામીશ્રીનાં કહેવતોના ભંડારમાંથી કેટલીક કહેવતો :

૧. અતિ સર્વત્ર વર્જયેત્
૨. અરધમાં રામ ને અરધમાં ગામ.
૩. આપેલું ને તાપેલું ટકે નહીં.
૪. આય પથરા પગ પર.
૫. આવ્યા'તા મળવા ને બેસાડ્યા દળવા.
૬. આંખનું કાજળ ગાલે ઘસ્યું.
૭. આંગળી સૂજીને થાંભલો ન થાય.
૮. આંધળું ગાય કે દળે.
૯. આંધળું દળે ને કૂતરું ખાય.
૧૦. ઈશ્વરની દીકરી પરણે છે. (પછી શું ખોટ હોય?)
૧૧. ઉતાવળી સો આંટા મારે.
૧૨. ઉદા સૌથી જુદા.
૧૩. ઊંટે કાઢ્યા ઢેકા ને માણસે કાઢ્યાં કાઠાં.
૧૪. ઊંટ છોડે આંકડો ને બકરી છોડે કાંકરો.
૧૫. ઊંટ ને વળી ઉકરડે ચઢ્યું.
૧૬. એક કાને થવું.
૧૭. એકલા એકલા ખાય, એને ગાલપચોળા થાય.
૧૮. Old is gold.
૧૯. કડી લેતાં પાટણ ખોયું.
૨૦. કન્યાને કેડે ભાર.
૨૧. મૂઆ પછી કહે, 'કાકા, લ્યો ખીચડી.'

૨૨. કાગડાની નજર ચાંદે.
૨૩. કીધા કુંભાર ગધેડે ન ચઢે.
૨૪. કૂતરું ખેંચે ગામ ભણી, શિયાળ ખેંચે સીમ ભણી.
૨૫. કો'કને ઘેર મે'માન ને કો'કની ઘેર ડખો.
૨૬. ખરો સત્સંગ ખેડૂનો, વાણિયાભાઈની વાહવાહ;
બામણભાઈનો લાડવા ટાણે, ને ભાટ-ચારણની ચોખ્ખી ના.
૨૭. ખાઈને સૂઈ જવું, મારીને ભાગી જવું.
૨૮. ખાટલે મોટી ખોડ-પરથમ પાયો જ નહીં.
૨૯. ખાંપણની ખોટ હોય ને તીરથના મનસૂબા.
૩૦. ગઢવી ક્યાં ગયાં'તાં? તો કે', ઠેરના ઠેર!
૩૧. ગધેડાને ગમાણ ન હોય.
૩૨. ગરજ ગાંઠે ને વિદ્યા પાઠે.
૩૩. ગાંડી માથે બેડું.
૩૪. ઘરની મંડળી ને બાવો મહંત.
૩૫. ઘર ફૂટે ઘર જાય.
૩૬. ઘેલીને ઘેર ઘેર સાસરી.
૩૭. ચકલી નાની ને ફડકો મોટો.
૩૮. Charity begins at home.
૩૯. ચેલા તેરા પણ કહ્યા નહીં કરુંગા.
૪૦. છાણે વીંછી ન ચઢાવાય.
૪૧. જમવામાં જગલો ને કૂટવામાં ભગલો.
૪૨. જળમાં મળ નહીં ને ખીચડીમાં ગળ નહીં.
૪૩. જાનમાં કોઈ જાણે નહીં ને હું વરની ફોઈ.
૪૪. જીવ્યાથી જોયું ભલું.
૪૫. જે ન કરે દવા, તે કરે હવા.
૪૬. જેનો રાજા વેપારી, તેની પ્રજા ભિખારી.
૪૭. જેવા બાઈના કોદરા, તેવી ભાઈની હિંગ.
૪૮. ટુકડો હરિ ઢૂંકડો.
૪૯. ઠોઠ નિશાળિયાને વતરણાં ઝાઝા. (લાકડાની પાટી ઉપર ધૂળનો

ઝીણો ભૂકો કરીને પાછી લાકડાની કલમ કે ખીલાથી લખે તે).

૫૦. ડાહી સાસરે ન જાય ને ગાંડી ને શિખામણ દે.

૫૧. ઢોલીને ઘેર વિવાહ.

૫૨. તલહરાની તાપણીથી ભૂતાં ન જાય.

૫૩. તારું મારું સહિયારું, મારું મારું આગવું.

૫૪. 'તીરભાઈ! કેમ દોડો છો?' 'પણછભાઈ ઠેલે છે.'

૫૫. ત્યાગે સો આગે, માગે સો ભાગે.

૫૬. થાય એવા થઈએ, તો ગામ વચ્ચે રહીએ.

૫૭. દગલબાજ દોઢા નમે.

૫૮. દાઢીની દાઢી ને સાવરણીની સાવરણી.

૫૯. દાળ બગડી એનો વરો બગડ્યો, અથાણું બગડ્યું એનું વરસ બગડ્યું, બૈરી બગડી એનો ભવ બગડ્યો.

૬૦. દાળમાં હાથ નાંખવો ને વાડમાં નાંખવો એ બે સરખું.

૬૧. દિનકા સાધુ, રાત કા ચોર.

૬૨. દીઠું ન દીઠું ને બાર મણનું મીઠું.

૬૩. દેરામાં દેવ ન સમાય ને પૂજારીને બેસાર્યા.

૬૪. ધાન ખાય ધણીનાં ને ગાન ગાય વીરાનાં.

૬૫. ધાનનો માર્યો નીચું જુએ ને ડાંગનો માર્યો ઊંચું જુએ.

૬૬. નવ નડિયાદી, પાંચ પેટલાદી, એક અમદાવાદી.

૬૭. નાગાને ના'વું શું ને નીચોવવું શું?

૬૮. નાચવું નહિ ને આંગણું વાંકું.

૬૯. નોકરી કરવી તો સરકારની, સાધુ થવું તો સ્વામિનારાયણના.

૭૦. પડ પાસા પોબાર.

૭૧. પડ્યો પોદળો ધૂળ ઉપાડે.

૭૨. પરોઢિયાનું દળવું ને જુવાનીનું રળવું.

૭૩. પહેલો ઘા રાણાનો.

૭૪. પાણોતિયો કૂવામાં પડે.

૭૫. પાપડ ને વડી હજી વંઠી ગયાં નથી.

૭૬. પાવલાની પાડી ને રૂપિયાનું ચરામણ.

૭૭. પીજ, પલાણા ને વસો, બાજરો ખૂટે તો વરતાલ ખસો.
૭૮. પોતાનું સવાયું ને પારકાનું પોણું.
૭૯. બહેરો બે વાર હસે.
૮૦. બાદશાહ ત્યાં બજાર.
૮૧. બાપના ન વાળે તે બાવાના શું વાળશે?
૮૨. બારનું ચોથ ન સમજવું.
૮૩. બાવાના ચાંદે ચાંદ.
૮૪. બાવા ભેગી બગલી નાચે.
૮૫. બુઢિયો ઘરડો થાય પણ ગુંલાટ મારવી ન ભૂલે.
૮૬. ભાગ્યશાળીને ભૂતડાં રળે.
૮૭. ભીમ ખાય ને શકુનિ ઝાડે ફરે.
૮૮. ભેંસનાં શિંગડાં ભેંસને ભારે.
૮૯. મફત કા ચંદન ઘસ બે લાલિયા.
૯૦. મસાણના લાડવામાં એલચીનો સ્વાદ ન હોય.
૯૧. મહેતો મારેય નહિ ને ભણાવેય નહીં.
૯૨. માખી મારે તે માણસ મારે.
૯૩. માન ન માન, મૈં તેરા મહેમાન.
૯૪. મા મૂળો ને બાપ ગાજર.
૯૫. માલ સાથે માથાકૂટ.
૯૬. મિયાં ચોરે મૂઠે ને અલ્લા ચોરે ઊંટે.
૯૭. મિયાંની ભેંસને ડોબું ન કે'વાય.
૯૮. મોસાળ ને મા પીરસનારી.
. રડતો જાય તે મૂવાના સમાચાર લાવે.
૧૦૦. રાંધનારીને પાછળ ધૂમાડો.
૧૦૧. લાકડાની તલવારે મહિનો ખાવો.
૧૦૨. લાકડે માંકડું વળગાડવું.
૧૦૩. લાગી કે દાગી.
૧૦૪. લાલી લેખે.
૧૦૫. લાલો લાભ વિના લોટે નહિ.

૧૦૬. લાંબી માળા લહરક પારા, જ્યાં જુઓ ત્યાં પલાણાવાળા.
૧૦૭. લોટો, દોરો ને છરી, તેની મુસાફરી ખરી.
૧૦૮. વાર્યા ન વળે પણ હાર્યા વળે.
૧૦૯. શંખ ને વળી દૂધે ભર્યો.
૧૧૦. શિંગડે ખાંડું ને પૂંછડે બાંડું.
૧૧૧. સગપણમાં સાઢુ ને જમવામાં લાડુ.
૧૧૨. સબડકા વગર ધબડકો.
૧૧૩. સબો સબ ખેંચાણી ને મારી આંખ મીંચાણી.
૧૧૪. સભામાં છોરું ને વારમાં વછેરું.
૧૧૫. સાંઢિયે ચઢીને છાણાં ન વીણાય.
૧૧૬. સુરતનું જમણ, કાશીનું મરણ.
૧૧૭. સો ઘરબારી, એક મઠધારી.
૧૧૮. હલકું લોહી હવાલદારનું.
૧૧૯. हस्तिपदे सर्वपदम्.
૧૨૦. હાથે કમાડ ઠેલ્યા.
૧૨૧. હોઠ સાજા તો ઉત્તર ઝાઝા.
૧૨૨. હૈયાં કરતાં હાથ બાળવા સારા.

સ્વની સ્મૃતિ

ક્યારેક સ્વામીશ્રી પોતે અનુભવેલા પ્રસંગો કહેવા બેસે ત્યારે જાણે તમે પણ આ સ્મૃતિયાત્રાનો એક ભાગ હોય એવું અનુભવાય. વર્ષો પહેલાના પ્રસંગો એટલા ઇદમ્ યાદ હોય કે આપણે પણ એ કાળમાં પહોંચી જઈએ. આવા જવલ્લે કહેવાતા પ્રસંગો સાંભળતા થકાય નહિ એવા હોય છે.

એક વાર કથાપ્રસંગમાં ૪૫ વર્ષ પહેલાનો, પોતે જ્યારે સારંગપુર મંદિરના કોઠારી હતા એ વખતનો એક અનુભવ યાદ કર્યો : 'સારંગપુરમાં તે દિ' બધું સૂમસામ. વંડીનાય ઠેકાણા નહિ ને કશું નહિ. ભંડકિયામાં અનાજ ભરેલું હોય, ત્યાં સચવાય. રોજ રાત્રે હું ભંડકિયાની બહાર સૂઈ જઉં. એક દિવસ હું સૂતો'તો ને મંઈ (ભંડકિયામાં) કંઈ આઘું પાછું થતું હોય એવું લાગ્યું. માણસ ચાલતો હોય એવું લાગ્યું. હું ઊઠ્યો, બારી આગળ કાન ધર્યો... થોડીવાર સુધી સાંભળ્યું... માણસ દોડાદોડી કરતો હોય એવો જ

અવાજ આવે. મને લાગ્યું કે નક્કી ચોર ઘૂસ્યા લાગે છે. એટલે મેં મંદિરમાં જઈને પ્રભુસ્વામીને ઊઠાડ્યા. એણે બીજા બેને ઊઠાડ્યા. બન્નેએ હાથમાં ડાંગ લીધી. ભંડકિયાને ત્રણ બારણાં તે બે જણ બારણે ઊભા રહ્યા ને પ્રભુએ હળવેકથી બારણું ખોલ્યું. તે મંઈથી બિલાડું કૂદ્યું.. ચોરને બદલે બિલાડું નીકળ્યું. અમે તો જે હસ્યા... પણ કહેવાનું શું કે આપણી પાસે જોખમ હોય ત્યારે સહેજ ખખડે તોય ચિંતા રહે કે કોણ હશે? શું હશે?... તો આપણને તો
પાને નથી મળ્યા એવા સૌથી શ્રેષ્ઠ ભગવાન અને સંત મળ્યા છે... તો અ સચવાઈ રહે, ગુમ ના થઈ જાય એટલે કે એને વિષે મનુષ્યભાવ ન આવે, એનો કુરાજીપો ના થઈ જાય એ માટે પળે પળે જાણપણું રાખવું.'

* * *

'ઘણી વખત દીકરા માટે પથ્થર એટલા દેવ કરે પણ પછી દીકરો થાય તે
ા તોડે તેવો થાય... અમારે શાસ્ત્રીજી મહારાજના વખતનો પ્રસંગ છે કે ખાનદેશમાં રાજારામ પાટીલ હતા તેને વેપારધંધો સારો, અને ધીરધાર કરે તે નાનો છોકરો બાપડિયો તે જરા દારૂડિયો ને પૈસા ઉડાડે. તે પૈસા જોઈએ ત્યારે બાપ પાસે આવે. પછી ધાકધમકી બતાવીને પણ લે. હું ને મોટા સ્વામી ખાનદેશમાં ફરવા(વિચરણ કરવા) ગયા હતા ને સવારે પાઠપૂજા કરતા હતા ત્યાં પેલા છોકરાએ દારૂ પીને રાજારામ પાસે પૈસા માગ્યા. ન આપ્યા એટલે માર્યા અને રૂમમાં પૂરી દીધા. ઉઘાડે જ નહીં. વળી પોતે ડાંગ લઈને દરવાજે ઊભો જેથી બીજો કોઈ ઉઘાડે નહીં. તે મોટા સ્વામીને સમાચાર મળ્યા. તેઓ શૂરવીર ખરા ને, તે લાકડી લઈને ઊભા થયા. મને કહે : 'ચાલ સાથે.' મેં કહ્યું : 'ત્યાં ધમાલ થાય તે ત્યાં ક્યાં જવું?' પણ કહે : 'તું ચાલ.' એ ચાલવા જ માંડ્યા. ત્યાં જઈને કહે : 'શું બાપુડિયા તારા બાપની મિલકત છે?' હટ બાજુ ખસ. તે શૂરવીરતા બતાવી તે પેલો હટી ગયો પછી તાળું તોડ્યું ને રાજારામને બહાર કાઢ્યા ત્યારે માંડ બચ્યા. કેટલીકવાર આવા છોકરા થાય તો બાપનું બધું ઉડાડી દે.'

* * *

'કાળની ગતિ જાણવી. ગર્ભવાસનું દુઃખ વિચારવું. અંધારી કોટડીમાં ૯ મહિના કેટલો ત્રાસ! ૧૯૭૭માં અમે અમેરિકામાં પધરામણીએ ગયા'તા. ઉપરના માળે પધરામણી. અમે લિફ્ટમાં બેઠા. સાત માણસની કેપિસિટી. પણ અમે પાંચ-સાત સંતો ને બીજા હરિભક્તો થઈને ૧૫ ચઢી બેઠા.

ગુજરાતી ખરા ને! લિફ્ટ પણ એવી... ચારે બાજુ સળંગ પેક. દરવાજો બંધ થયો ને વજનને લીધે લિફ્ટ ફસાઈ. રવિવારનો દિવસ એટલે લિફ્ટમૅન પણ નહિ.. ચારે બાજુ અંધારું ધબ. ૧૫ જણા ફીટોફીટ, ને એક છોકરું હતું એ રડવા મંડ્યું ને બીજા મદદ માટે પતરાં (લિફ્ટના) પછાડવા મંડ્યા... ન ઉપર જાય ના નીચે આવે. જાળીવાળી લિફ્ટ હોય તો હજી શ્વાસ લેવાય, પણ આમાં તો એવું પણ નહિ... પણ ભગવાનની દયાથી કો'કે બહારથી ખોલ્યું... ને જેવા બહાર નીકળ્યા એવું બધાને અક્ષરધામમાં આવ્યા હોય એવું સુખ આવ્યું. પછી તો સૌ દાદરા ચઢીને જ ઉપર ગયા. અંધારી કોટડીમાં થોડી જ વારમાં મુંઝાઈ ગયા તો લખચોરાસીમાં વારે વારે આવવામાં કેટલી મૂંઝવણ? માટે ભગવાન ભજી લેવા.'

સાંભળો, વાર્તા કરીએ!

સ્વામીશ્રીનાં પ્રવચનોના રસથાળની અનેક વાનગીઓમાં સૌથી પ્રિય વાનગી હોય તો એ દૃષ્ટાંતની છે. એમના પ્રવચનોમાં દૃષ્ટાંતો સહેજે જ વણાતા આવે છે. એક દૃષ્ટાંતમાંથી બીજા દૃષ્ટાંતમાં સરી જઈને પાછા મૂળ ...ત ઉપર આવી જવાની સ્વામીશ્રીની પ્રવચનશૈલીની લાક્ષણિક્તા છે.

...આમેય નક્કર તત્ત્વબોધથી આજના જમાનાના શ્રોતાઓ નીરસ ... એને બદલે સરળ છતાં અર્થગંભીર દૃષ્ટાંતો કહેવાતાં જતાં હોય તો શ્રોતાઓનું મન હળવું રહે, અને જે મર્મ સમજાવવો છે એના માટે ખૂલ્લું અને ગ્રહણશીલ રહે. સ્વામીશ્રીની આ શૈલી ઉપનિષદ્‌શૈલી છે. એમ કહેવાયું છે કે 'કથાવાર્તા'નો અર્થ જ એ છે કે વાર્તારૂપી મધુર પુટ દ્વારા કથાને ...વી. આપણાં પુરાણોની પણ એ જ શૈલી છે. અધ્યાત્મની આંટીઘૂંટીમાં વાર્તાનો પ્રવેશ કરાવીને સ્વામીશ્રી શ્રોતાઓને પોરો ખાવાની તક આપે છે.

સ્વામીશ્રીના મુખમાંથી નીકળેલી આ દૃષ્ટાંતકથાઓનું પણ એક અલગ પુસ્તક થઈ શકે. પરંતુ અહીં એમની શૈલીને સમજાવવા પૂરતાં થોડાક દૃષ્ટાંતોને માણી લઈએ :

'એક ગામ હતું. ગામમાં રહેતા હોય એટલે સ્વાભાવિક છે, અંદરોઅંદર ઈર્ષ્યાભાવ તો હોય જ. ઘરમાં, ફળિયામાં કે ગામમાં નાની-મોટી તકરાર થતી જ હોય. એ રીતે બે કુટુંબો વચ્ચે ઘણાં વખતથી વેરભાવ ચાલતો હતો.

'એક વખત બેય પક્ષના માણસો ગામને ચોરે ભેગા થઈ ગયા. એમાં બોલાચાલી થઈ, ને એમાંથી હુંકારા-તુંકારા થયા. પેલો પેલાને ગાળ દે ને

પેલો પેલાને. ગાળાગાળી થઈ. બેય ગરાસિયા એટલે તલવારો તો પાસે હોય જ. બેય જણાએ વારાફરતી એકબીજા ઉપર ઘા કર્યા. પોલીસ કેસ થયો. રિપોર્ટ તૈયાર થયો એટલે કોર્ટમાં કેસ દાખલ થયો. કેસ ચાલ્યો. પ્રત્યક્ષ પુરાવાની એમાં જરૂર પડે. સાક્ષી પુરાવવામાં ગામના વાણિયા હતા. એ કોર્ટમાં હાજર થયા.

જજે એમને કહ્યું, 'કાલે આ બે ઝગડતા હતા ત્યારે તમે ત્યાં હાજર હતા?'

તો કહે, 'હા, હું હતો.'

જજ કહે, 'તમે જે જોયું એની વાત કરો.'

વાણિયાએ વિચાર કર્યો કે ગામમાં કાયમ ભેગા રહેવાનું... જો બેમાંથી એકેયનું નામ દઈશ તો પાછળથી આપણો વારો કાઢી નાખશે. એટલે કહે, 'જુઓ સાહેબ! બેય જણ પહેલા ભેગા થયા. પછી એમાંથી બોલાચાલી થઈ. ગાળાગાળી થઈ. અને પછી જેવી હબોહબ તલવાર ખેંચાણી એ જ વખતે મારી આંખ મીંચાણી. પછી શું થયું એ મને ખબર ન પડી.'

'બુદ્ધિથી પોતાનો બચાવ કરી લીધો. એમ આપણે પણ ભગવાન ભજવા છે તો આવી રીતે માયામાંથી યુક્તિ કરીને નીકળી જવું જોઈએ.'

* * *

'એક ગામમાં એક મુસલમાન રહેતા હતા. એક વખત એ બીમાર થયા. આપણો રિવાજ છે ને કે કો'ક બીમાર થયો હોય એને જોવા આવે અને પોતપોતાની રીતે સલાહ આપે કે બીમાર છો એટલે તમારે આ ન ખાવું, આમ રહેવું જોઈએ, ચરી પાળવી જોઈએ. જે આવે એ સૌ દવા બતાવે એટલે માંદો હોય એ વૈદ્ય થઈ જાય. આ મુસલમાનને પણ બધા કહે, 'તારે ગળ્યું ન ખાવું.' આ વાતથી એ કંટાળે. કારણ કે ગળ્યા ઉપર એને રુચિ. એક વખત એના ફઈ એની તબિયત જોવા આવ્યાં. એ કહે, 'આને શીરા ખિલાઓ, અચ્છા હો જાયેગા.' આ સાંભળીને પેલો તરત બોલ્યો, 'તુમ સબ લોગ ઐસા ન ખાઓ, ઐસા ન ખાઓ કહતે હો લેકિન ફફૂ કહે વો સૂનો.' આમ રુચિ પ્રમાણે કહેતા હોય એ સૌને ગમે. પણ આપણે તો ભગવાન ભજવા છે, સ્વભાવ કાઢવા છે, તો ભગવાન ને સંત જે કહે છે એ જ સાચી વાત છે એમ માનીને વર્તવું. તો વાસના ટળે.

* * *

'એકવાર શહેરમાં રહેતા એક શેઠિયાને ત્યાં એક ભરવાડ નોકરીએ રહ્યો. એક વખતે શેઠિયાઓએ વિચાર કર્યો કે ચાલો, હવા ખાવા જઈએ. 'મને પણ સાથે લઈ જશો?' ભરવાડે શેઠિયાને વિનંતી કરી. શેઠિયા કહે, 'ચાલ ને ભાઈ! અમારે ક્યાં વાંધો છે?' બધા જઈને વગડામાં બેઠા. શેઠિયા ને એમનાં બૈરાં-છોકરાં તો વાતોએ વળગ્યાં. પેલા ભરવાડને મનમાં ક્યારની ચટપટી થાય કે શેઠિયા ખાવાનું કે'તા'તા ને કેમ કાંઈ ખાતા નથી?' થોડીવારમાં બધાં ઊભાં થયાં ને કહે, 'ચાલો પાછા.' 'કેમ હવા નથી ખાવાની?' ભરવાડથી રહેવાયું નહિ એટલે પૂછી નાખ્યું. શેઠિયા કહે, 'આ હવા જ ખાધી.' ભરવાડ કહે, 'ઓ..હો...! આવું તો હું રોજ ખઉં છું. વગડામાં અમારે કાયમ હવા જ ખાવાની હોય...' આખી દુનિયા આવું કરે છે. ધાનમાંથી ધૂળ ને ધૂળમાંથી ધાન. સત્સંગ મળે તો એને ખ્યાલ આવે છે કે શું કરવાનું છે.'

* * *

'એક વખત શિવજી અને પાર્વતી આકાશમાર્ગે પસાર થતાં હતાં એવામાં એમણે એક માણસ જોયો. બહુ દુ:ખી થતો હતો. પાર્વતીને એના ઉપર દયા આવી. એમણે શંકરને કહ્યું : 'આ બિચારા ઉપર દયા કરો.' શિવજી કહે, 'તું રહેવા દે, એના નસીબમાં જ લખેલું નથી.' છતાં પાર્વતીએ બહુ કહ્યું એટલે શિવજીએ તે માણસની આગળ એક ઘરેણું નાંખ્યું. એમાં થયું એવું કે એને ચાલતાં ચાલતાં સંકલ્પ થયો કે 'આંધળા લોકો કેવી રીતે ચાલતા હશે.' એટલે એ આંખો મીંચીને ચાલવા લાગ્યો. પણ એમાં પેલું ઘરેણું પાછળ રહી ગયું!!

'તેમ શ્રીજીમહારાજે અનંત બ્રહ્માંડના ઉદ્ધારની વાત કરી છે. એમનો સંકલ્પ બળિયો છે પણ અભાગિયો જીવ હોય એને ભગવાન સામેથી કૃપા કરે તોય ઓળખી ન શકે.'

* * *

'એક માણસને ગપ્પા મારવાનો સ્વભાવ. તેના મિત્રોએ એકવાર ભેગા થઈ કહ્યું : 'આ તારો સ્વભાવ મૂકી દે.' તેણે વિચાર્યું કે આ મૂકવું તો અહીં નહીં બીજે ગામ જઈને મૂકી આવું. તે ઉપડ્યો. ચાર દિવસ સુધી ચાલીને દૂર જઈ પાછો આવ્યો, ને મિત્રોએ પૂછ્યું 'ક્યાં ગયો હતો?' 'ગપ્પાં મૂકવા.' આ સાંભળી બધા હસ્યા, 'અલ્યા ગપ્પા તે મૂકવાની વસ્તુ છે ?' તે કહે : હા, હા મૂકીને આવ્યો.' 'ક્યાં મૂક્યા? કેવી રીતે મૂક્યા?' તેણે કહ્યું, 'એકેય ગપ્પું

પાછું નહીં આવે તેવો બંદોબસ્ત કર્યો છે. ચાર દિવસ સુધી ચાલ્યો છું. પચાસ ગાઉ માથે ગપ્પું મૂકીને આવ્યો છું.'

'પણ વાત તો કર.'

તે કહે : 'ચાલતાં, ચાલતાં ચણાનું ખેતર જોયું. બાજુમાં જંગલમાંથી વાઘ આવ્યો. ક્યાંય ભાગીને જવાય એવું ન રહ્યું. એટલે ચણાના ઝાડ પર ચઢી ગયો. નીચે બેઠો બેઠો વાઘ ઘૂરકીને આંટા મારે, પણ આ બંદો હાથ ન આવે. સાંભળનારા હસી પડ્યા. 'અલ્યા, હસો નહીં, વાત તો હવે આવે છે. વાઘે વિચાર્યું કે ખાઉં તો આને જ ખાઉં. તે બેઠો. સવાર પડ્યું. સવારે ઝાકળ વરસ્યું, તેની ધાર થઈ, તે ધાર પકડીને વાઘ ઉપર આવ્યો. ને મને પકડવા પ્રયત્ન કર્યો, પણ તેને થકાવી દીધો. પછી ચણાનું ઝાડ કેટલુંક ખમે! એક ડાળ ભાંગી અને એ પડ્યો. તે ત્યાં મરી ગયો અને હું બચી ગયો!!' બધા કહે, 'તેં આ ગપ્પાં મૂક્યાં કે વધાર્યાં.'

'દુનિયામાં એવું છે આવા સ્વભાવ હોય પછી ભજન ક્યાંથી થાય? કહેવત છે કે 'ઘણું બોલે એ ખોટું બોલે.'

સમયનો ઉપયોગ કેમ કરવો તેની ખબર જ નથી.'

* * *

'એક સિંહ હતો. જંગલમાં રહેતો. એ માંસાહારી એટલે બીજાને મારીને ખાતો. આપણે સિંહ નથી માણસ છીએ માણસ વેજિટેરીયન છે, ને આપણે તો ભક્ત થયા એટલે મીટ તો ખવાય જ નહીં.

'સિંહ ભૂખ્યો થયો હતો. એક 'વાંદરો' ઝાડ પર બેઠો હતો તેને પકડવો કઈ રીતે? ઢોંગ કરવો પડે. ઢોંગી માણસો છેતરે, દંભ કરે. સિંહ ભગત થઈ ગયો. આંખો મીંચીને ધીરે રહીને ચાલે. ફૂંક મારીને પગ મૂકે ને ચાલે. પાંચ મિનિટ જતા થાય તેમાં તેણે બે કલાક કાઢ્યા. વાંદરો નજીક આવ્યો. પૂછ્યું તો સિંહ કહે, 'હું જાત્રા કરવા ગયો હતો' તીરથ કરવા માણસો જાય તેના શરીરના-મનનાં મેલ ધૂવે. સિંહ કહે, 'મને મહાત્મા મળ્યા, તેમણે અહિંસા ધર્મનો નિયમ આપ્યો તેથી કીડી મરે નહીં તે માટે ફૂંક મારી ને ચાલું છું. વાંદરાને વિશ્વાસ આવ્યો, તે પગે લાગવા ગયો કે તરત સિંહે બોચીમાંથી પકડ્યો. આપણે પણ જો કોઈ ઠગના પંજામાં આવીએ તો બુદ્ધિમાં વિચાર કરી છૂટવા પ્રયત્ન કરીએ. તેમ સિંહના પંજામાં સપડાયેલ વાંદરો હસવા લાગ્યો : 'લાફ' કરવા લાગ્યો.' સિંહ કરે અલ્યા હસે છે કેમ?' 'વાત કર્યા જેવી નથી,

છોડ તો કહું.' સિંહે છોડ્યો કે છલાંગ મારીને ઝાડ પર ચડી ગયો અને રડવા લાગ્યો, સિંહે કહ્યું, 'હવે તો છોડ્યો તોય કેમ રડે છે?' વાંદરો કહે : 'મારા જેવા કેટલાય ભોળા ભક્તો આ તારા દંભમાં મરી જશે તેનું રડું છું.'

'આપણે ક્યારેય દંભ ન કરવો કોઈનું પુછ્યા વગર લેવાય પણ નહીં. ભગવાન રાજી થાય તે માટે સેવા કરવી, ભક્ત થવું.

વિશિષ્ટ અર્થ

કેટલીક વાર બહુ બોલાતા શબ્દો એના અર્થને ગુમાવી બેસતા હોય છે. અને એના તાત્પર્ય-અર્થને તો આપણે સમજી જ શક્તા નથી. આપણે બધા જ કહીએ છીએ કે 'સત્પુરુષને જેવા છે એવા ઓળખવા.' પણ પૂછવામાં આવે કે 'જેવા છે એવા એટલે શું?' તો તે વખતે માથુ ખંજવાળવાનો વારો આવે. એટલે શબ્દોના આવા વિશિષ્ટ અર્થ સ્વામીશ્રી જેવા માલમી સમજાવે ત્યારે જ આપણને ખબર પડે એમ છે.

સ્વામીશ્રીએ એકવાર વાત કરતાં કહ્યું કે 'ભગવાન અને સંત આપણા જેવા જ લાગે પણ જેવા છે એવા સમજવા જોઈએ. જેવા છે એવા એટલે 'એ ભગવાનના અખંડ ધારક છે. ભગવાનની આજ્ઞા મુજબ વર્તનારા છે. એમાં ભગવાન રહ્યા છે. એમના સંબંધે આપણે બ્રહ્મરૂપ થવાય' એ રીતે સમજીએ તો જેવા છે એવા સમજ્યા કહેવાય.'

એકવાર ભક્તચિંતામણિ ગ્રંથનું ૮૬મું પ્રકરણ સમજાવતા સ્વામીશ્રીએ સમજાવ્યું કે 'આજ્ઞા વિના ન આવવું, એમાં રાજી અમે નહીં રતિ...' રતિ એટલે ચલાંઠી (ચણોઠી) જેવી આવે. અત્યારે એ વજન નીકળી ગયા. પણ પહેલાં - ૬ ચોખા = ૧ રતિ, ૩ રતિ = ૧ વાલ, બે વાલ = ૧ ગદિયાણો, અને ૧૬ ગદિયાણા = ૧ તોલો. આ માપ વપરાતું. હવે તો દશાંશ પદ્ધતિ આવી ગઈ. મહારાજ અહીં આજ્ઞામાં રહેવાની વાત કરે છે. આજ્ઞા ભેગી મૂર્તિ છે એટલે આજ્ઞામાં રહીએ તો બધું સુખ આવે. આજ્ઞા પ્રમાણે વર્તે તો અતિશે પ્રસન્ન થાય. દૃષ્ટિ પણ રહે ને સહેજે સહેજે ખબર રાખે. મૂળ આજ્ઞા છે 'નિજાત્માનં બ્રહ્મરૂપમ્...' અને સાધુતાના મારગમાં ચાલવું.

* * *

'દુનિયાની મોટપ એ કંઈ મોટપ છે? મોટપ તો ભગવાનના ભક્ત થવું એ છે. આપણે એ મોટપ લેવા આવ્યા છીએ. વ્યવહાર એ તો આપણી ફરજ

છે, લક્ષ્ય નથી. લક્ષ્ય તો ભક્ત થવું એ છે. સુખ-દુઃખમાં કેવળ ભગવાનમાં વૃત્તિ વધારે કેમ રહે એ ઉપર લક્ષ્ય હોય તો વાંધો ન આવે. જ્યારે આધ્યાત્મિક લેવાનું હોય ત્યારે દૈહિક બધું મૂકી દેવાનું. હું શું કરવા અહીં આવ્યો છું એ જ વિચાર રાખવો. બીજાનો વિચાર કરવા રહેશે એનો આધ્યાત્મિક વિકાસ કદાપિ નહીં થવાનો.

'આવા ભગવાનના અખંડ ધારક સત્પુરુષને પ્રેમથી જમાડીએ તો ભગવાન જમી જાય. એનું દર્શન પંચ મહાપાપને બાળી દે એવું છે. એનો વાયરો લાગે તો પાપ બળીને પુણ્ય થાય, વાયરો શું? ગુણ આવે.

કોઈ કહેશે આ સંત બહુ સારા રે, 'ખરા કલ્યાણ કરનારા રે...
એટલો જ ગુણ કોઈ લેશે રે, એ તો બ્રહ્મ મહોલે વાસ લેશે રે...

'એવા સંતનાં દર્શનથી પાપના પહાડ બળી જાય. મહિમા હોય તો આનંદના ફુવારા છૂટે. કોણ પુરુષ મળ્યા છે! પારસમણિનો સ્પર્શ થતાં લોઢું સોનું બની જાય. પછી એ લોઢું ન થાય. આપણને ભગવાનના અખંડ ધારક સંત મળ્યા તેનો પોરસ ચઢવો જોઈએ. અક્ષરધામમાં જ બેઠા છીએ.'

ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે : 'શાસ્ત્રમાં જે શબ્દ છે તે એકાંતિક ભક્ત વિના બીજાને સમજાતા નથી.' સ્વામીશ્રી શબ્દોને એના યોગ્ય અર્થ દ્વારા સાર્થ કરી આપે છે.

વ્યંગોક્તિ

કટાક્ષ અને સ્વામી!!

જરાક વિરોધાભાસ લાગે એ સ્વાભાવિક છે. હંમેશા સૌમ્ય, મૃદુ અને ધીર, ગંભીર રીત બોલવાનો સ્વભાવ છતાં મર્મને ધાર આપવા માટે સ્વામીશ્રી કટાક્ષને ગ્રહણ કરતા હોય છે. ત્યારે આ કટાક્ષ સ્વયં મર્મની પરિભાષા બની જતો હોય છે. વડીલસહજ પ્રૌઢતા, યૌવનસહજ વ્યંગ અને બાલસહજ નિર્દોષતા એ ત્રણેયનો સંગમ સહજપણે સ્વામીશ્રીની વાણીમાં અનુભવાય છે.

બાપને બહાર ફેંકી દેનારી આજની પેઢીનું ચિત્રણ કરતી વખતે સ્વામીશ્રીએ કટાક્ષના રંગો પૂરીને ચિત્રને આબેહૂબ ઉપસાવ્યું છે.

'પહેલાંના વખતમાં તો છોકરાંઓ મા-બાપને આદર આપતાં, સેવા કરતાં. જ્યારે આજે તો છોકરો મોટો થાય એટલે મા-બાપને 'નોનસેન્સ'

કહી નાંખે. હોય મારા ભઈ! મા-બાપે પરસેવો પાડીને, વૈતરાં કરીને, છોકરાને મોટો કર્યો, ભણાવ્યો, સેટ કરી આપ્યો, એમાં ને એમાં બુદ્ધિ ખર્ચાઈ જાય કે નહીં? પછી 'નોન-સેન્સ' જ રહે ને!'

* * *

સત્તાલાલચુઓ ઉપર કટાક્ષ કરતાં સ્વામીશ્રી ઘણીવાર દૃષ્ટાંત આપે છે : 'એક ગામમાં એક ડોશી હતાં. કામ માટે એ બહારગામ ગયેલાં. ત્યાં એના ઘરે બ્રાહ્મણ ભિક્ષા માંગવા આવ્યો. છોકરાની વહુ હાજર હતી, પણ બ્રાહ્મણને લોટ આપવાની ના પાડી એટલે તે ચાલતો થયો. સાંજ પડી ને ગામ આખામાં ભિક્ષા માંગીને બ્રાહ્મણ પોતાને ગામ જતો હતો ત્યાં રસ્તામાં ડોશીમા સામાં મળ્યાં. રાત પડી ગયેલી, વગડો હતો, માથે વજન હતું, ને ડોશી એકલાં હોવાથી સંગાથની જરૂર હતી, એટલે પેલા બ્રાહ્મણને કહે,

'ગોર મહારાજ! ક્યાંથી હાલ્યા આવો છો?'

'આ સામા ગામેથી.'

'એમ! ન્યાં અમારા ઘરે ભિક્ષા માંગવા ગ્યા'તા કે નહીં?'

'ગ્યો'તો ને!' બ્રાહ્મણે કહ્યું.

એટલે પેલા ડોશી કહે, 'અમારાં વહુએ ભિક્ષા આપી કે નહીં?'

'ના.'

'લે, એણે ના પાડી? એ શું સમજે છે એના મનમાં? હાલો મહારાજ, પાછા.' કહેતાં ડોશીએ બ્રાહ્મણને પાછો લીધો ને માથે વજન પકડાવ્યું. બ્રાહ્મણેય લોભનો માર્યો ચાલ્યો. એમ કરતાં ગામ આયું. ડોશી ઘરમાં પહોંચ્યાં એવી બૂમ મારી : 'એ વહુ! આ બ્રાહ્મણ આયો'તો?'

'હા, એ તો ભીખ માંગવા આયો'તો. એટલે મેં તો ના પાડી દીધી.' વહુએ કહ્યું એવાં જ ડોશીમા ઊકળ્યાં : 'રાંડ! તું શેની ના પાડે છે? તારું ઘર છે? તું તો આજકાલની આવેલી છે. તારો શો અધિકાર છે? ના પાડું તો હું પાડું...' એમ કહેતાં પેલા બ્રાહ્મણને કહે, 'લ્યા ભામટા! જા જતો રહે. નથી આપવું મારે.' પેલા બિચારાને ચાર ગઉનો ફેરો થયો.

'દેશની આજે આવી દશા છે. બધા પક્ષોને એમ કે કરું તો હું કરું. પેલો જશ શું કામ લઈ જાય? વાત તો બધા દેશના ઉદ્ધારની જ કરે, પણ 'અમે કહીએ એ રીતે દેશનો ઉદ્ધાર થવો જોઈએ.' એટલે કો'કે સારું કર્યું હોય તો એનું બગાડે ને અબજોનું આંધણ કરે. આવા આજે ભેગા મળીને દેશને શું

આગળ લાવશે?'

આજના પ્લાસ્ટીક યુગમાં પાકેલી તકલાદી પેઢી ઉપર ટકોર કરતાં સ્વામીશ્રી ઘણીવાર સ્વયં હસી લે છે 'પહેલાંના જમાનામાં તો છોકરા સાત ઘોડિયા તોડે... ને ઊંબરો રાખ્યો હોય તે ઘૂંટીએ ઊભો થઈને પેલી બાજુ પડે, એવા શૂરવીર... ને આજકાલ તો જન્મતાવેંત ગળથૂથીમાં ચા ચટાડે... ગાંઠિયાં ખવડાવે... પછી થાય શું? રાત્રે લઘુ કરવા જવું હોય તોય બધી રૂમોની લાઇટો ચાલુ કરતો જાય.. ને છતાંય મમ્મીને જગાડે, 'મમ્મી! સાથે ચાલ - બીક લાગે છે...' આવા પાકે એ શું ઘોળવાના? હિંમત કેળવો, સાહસ કરો. ભગવાન બધું સારું જ કરશે.'

કટાક્ષમાં ઉત્પન્ન થતા રમૂજના ભાવોમાં સ્વામીશ્રીના કથયિતવ્યને પૂરો ન્યાય મળતો આપણે સૌ અનુભવી શકીએ છીએ.

જીવનને અમૃતમય બનાવી મૂકનારી આ મધુરતામાં અવગાહન કરી આપણે સૌ જીવમાંથી શિવ બનીએ.

3. સચોટતા

મુંબઈમાં સ્વામીશ્રી વાત કરી રહ્યા હતા. સામે હજારેક મુમુક્ષુઓ આ અમૃતનું પાન કરી રહ્યા હતા. આજે સ્વામીશ્રીનો સૂર જરાક ઊંચો, વાંકો (વ્યંગાત્મક) અને થોડીક ઉપેક્ષાથી ભરેલો હતો. '... લોકો કહે છે, 'ગધેડા જેવો છે... ગધેડાનો સ્વભાવ ભૂંકવાનો ને લાત મારવાનો... એટલે બધા એને યાદ કરે... પણ બીજું કંઈ નહીં, ભલે અક્કલ ઓછી હોય પણ એ બિચારો વેજિટેરીયન છે. એને જ્યાં બાંધો ત્યાં બંધાઈ જાય... એવો નિઃસ્પૃહી ને તમાકુના ખેતરમાં પેસે તોય તમાકુને અડે નહીં. અરે! સૂંઘેય નહીં.... એય સમજે છે કે તમાકુ ખાવા જેવી નથી ને આપણે માણસો ખાધે જ રાખે છે...ગધેડા કરતાંય આપણે ઊતરતા થયા ને! એમાં શું ખાવાનું છે? શું ફાયદો?... પણ માણસ એની આગળ સાવ લાચાર બની જાય છે...'

સ્વામીશ્રીના આ સિંહાવલોકી શબ્દો સભામાં બેઠેલા ઘણાંનું ઑપરેશન કરી રહ્યા હતા... એમાંના ચંદુભાઈ સ્વામીશ્રી પાસે આવ્યા અને કહ્યું : 'આપે ગધેડાની વાત કરી - એ મારા અંતરમાં એવી સોંસરી ઊતરી ગઈ કે આજથી તમાકુ ન ખાવાનું નિયમ લઉં છું...'

હવા તો ચારે બાજુ વહે છે પણ નાકમાં જાય એ કામની. એનાથી ફેફસાં ભરાય અને પ્રાણવાયુનો સંચાર થાય... એમ વાણી તો ઘણી બોલાય છે પણ જે મર્મને ભેદે અને જીવનું પરિવર્તન થાય એનું નામ વાણી. એનું નામ વેધકતા. સ્વામીશ્રીની વાણીમાં આ તીક્ષ્ણતા છે.

સંત ધન્વંતરી વૈદ સમ. જૈસો રોગી જેહૂ :
મુક્ત બતાવત તાહીકો તૈસો ઔષધ તેહૂ.

દવાનાં નામ અને કામ જાણનારા ઘણાં હોય, પણ દવાને યોગ્ય માત્રામાં, યોગ્ય સમયે આપવામાં જ ડૉક્ટરની કુનેહ છે. સ્વામીશ્રી આ અમૃત ઔષધના ધન્વંતરી છે. કઈ ભૂમિકામાં કેવી વાત કરવી એના માહેર છે.

ક્યારે કયો શબ્દ કોને અસર કરશે એના એ માલમી છે. વિશેષ તો તેઓ જે બોલે છે એમાં એમની દૃષ્ટિ પ્રકાશે છે.

સ્વામીશ્રીની આ મર્મભેદી, સચોટ વાણીનું કેવળ આટલું જ રહસ્ય નથી. એમની સચોટતાના ભાથામાં તર્કબદ્ધતા, ચિત્રાત્મકતા, મૌલિકતા, પ્રસંગના ઢાળમાં જઈને અસરકારક બનવાની કુનેહ, સામાની જિજ્ઞાસાને ઠારતી સંજીવની અને વિશેષ, તો બોલ્યું કરવાની ને કર્યું જ બોલવાની મનોવૃત્તિ જેવાં લક્ષ્યવેધી શસ્ત્રો પડેલાં છે. સમીક્ષા દ્વારા આ વાતને સમજીએ.

કહની સો રહની

સ્વામિનારાયણીય અધ્યાત્મ પરંપરાની હંમેશાં એક આગવી ઓળખ રહી છે : 'જેટલું વર્તો એટલું બોલો.' ભગવાન સ્વામિનારાયણે વચ.ગ.અં. ૩૯માં કહ્યું છે : '... આ વાતને અમે કરીએ છીએ એ કાંઈ બુદ્ધિની કલ્પનાએ નથી કરતા તથા સિદ્ધાઈ જણાવવા સારુ નથી કરતા; આ તો અમારી અજમાવેલ વાત છે ને જેમ અમે વર્તીએ છીએ એમ વાત કરીએ છીએ...' ભગવાન સ્વામિનારાયણની આ પ્રકૃતિ તેઓની અધ્યાત્મ પરંપરામાં સાંગોપાંગ ઊતરી આવી છે.

સ્વામીશ્રીનો પ્રિય શ્લોક છે :

'मनस्येकं वचस्येकं कर्मण्येकं महात्मनाम्।
मनस्यन्यद् वचस्यन्यद् कर्मण्यन्यद् दुरात्मनाम्॥

સ્વામીશ્રીના વાણી અને વર્તનમાં દર્શાતી એકરૂપતા જ એમની શૈલીને વિશેષ ધાર આપી જાય છે.

રાજાજીએ કહ્યું છે : 'ધુરંધર પંડિત બનો, ધર્મશાસ્ત્રોનો સંપૂર્ણ અભ્યાસ કરો, સેંકડો શ્લોકો કંઠસ્થ કરો... એ બધું શક્ય છે, પરંતુ ધાર્મિક તથા યૌગિક જીવન જીવવું એ જુદી વાત છે. જે માણસના મનનો પૂરેપૂરો વિકાસ થયો ના હોય એનું પાંડિત્ય અને શાસ્ત્રપ્રવચન નિરર્થક છે. જ્ઞાનનો અનુભવ ન થાય ત્યાં સુધી એની વિદ્યા મદારીના ખેલ જેવી નિરર્થક છે.'

સ્વામીશ્રી પ્રકાંડ પંડિત ભલે ન હોય પરંતુ તેઓ શાસ્ત્રને જીવી રહ્યા છે. તેઓના સ્ફટિક શા જીવનનાં અજવાળે શાસ્ત્રો ઉકેલી શકાય છે.

સ્વામીશ્રીનાં વચનો હવામાં વાવેલાં બીજ જેવાં નહીં, પણ વર્તનની નક્કરતામાંથી નીપજેલા કલ્પવૃક્ષ છે.

તેઓ જ્યારે એમ બોલતા હોય છે કે 'સૌના ભલામાં આપણું ભલું, સૌના સુખમાં આપણું સુખ અને સૌના આનંદમાં આપણો આનંદ...' ત્યારે તેઓની આ ભાવનામાં એમના અંતરનું જ પ્રતિબિંબ દેખાય છે.

૧૯૮૫માં ગુજરાતમાં ભયંકર આંદોલન ફાટી નીકળ્યું. અનામતના પગથિયેથી શરૂ થયેલું આ આંદોલન કોમ-કોમ વચ્ચે દાવાનળની જેમ ફેલાઈ ગયું. આ આંદોલને કંઈ કેટલાય નિર્દોષોને ભરખી લીધા. કંઈ કેટલાય ગરીબોની રોજી ઝૂંટવાઈ ગઈ. આ કોમી હુતાશનને તાવડે કેટલાક પોતાનો સ્વાર્થ સાધી રહ્યા હતા, ત્યારે સ્વામીશ્રીને જંપ ન હતો. પોતાનું વિચરણ ટૂંકાવીને સ્વામીશ્રી અમદાવાદ આવી પહોંચ્યા. પ્રશ્નોના મૂળને શોધ્યું. આગળ વધતી આગને રોકવાના પ્રયત્નરૂપે મંદિરમાં જ મુલ્લા, પાદરીઓ સહિત સર્વધર્મની બેઠક બોલાવી, અને ધર્મનાં નામે ચરી ખાનારાઓથી ચેતવા માટે સંયુક્ત નિવેદન બહાર પાડ્યું. ત્યાર પછી પ્રશ્નના મૂળને શોધવા માટે તેઓ રોજ મુખ્યમંત્રી, મુખ્યસચિવ, વિદ્યાર્થી નેતાઓ, વાલીમંડળના અગ્રણીઓને વારાફરતી મળતા અને જરૂર પડ્યે બધાને ભેગા કરતા, પરામર્શ કરતા... આ બધી ચર્ચાઓમાં રોજ રાતના એકથી દોઢ વાગતો.

એકવાર નિર્ભય ભગતે કહ્યું : 'આરામ નથી કરવો?'

સ્વામીશ્રી કહે : 'તું જો તો ખરો... લોકોની ઊંઘ હરામ થઈ ગઈ છે, એ બિચારા આટલા દુ:ખી થાય છે એ નથી દેખાતું? સૌને શાંતિ થાય ત્યાં સુધી વળી આરામ કેવો !'

સમાજમાં જ્યારે જ્યારે આફતો આવી છે ત્યારે ત્યારે આ પુરુષે પ્રહરી બનીને એમની દુ:ખની આગને ઠારી છે. શાંતિના જળનું સિંચન કર્યું છે. અને સૌને સુખી જોઈને જ તેઓનું હૈયું આનંદથી છલકાયું છે.

*

સ્વામીશ્રી ઘણીવાર બોલે છે : 'ધાર્યું ધણીનું થાય છે. કર્તા-હર્તા એક પરમાત્મા છે. એમની ઇચ્છાથી સુખ આવે તો સુખ ભોગવી લેવું ને દુ:ખ આવે તો દુ:ખ...' સ્વામીશ્રીના જીવનના સઘળા પ્રસંગોને એમના આ શબ્દોની સાથે સરખાવો -

લંડનમાં સંસ્થાની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચે એવા જમીનના કેસમાં હારી ગયાનો ચુકાદો આવ્યો ને જાણે કંઈ જ બન્યું નથી એમ સ્વામીશ્રી બે જ મિનિટમાં સૂઈ ગયા. જ્યારે પૂછ્યું કે 'આપની આ અંગે શું લાગણી?' ત્યારે

સ્વામીશ્રી બોલ્યા : 'જેવી ભગવાનની મરજી.'

'અક્ષરધામ'નું બેનમૂન સર્જન સ્વામીશ્રીએ કર્યું. લાખો લોકોએ પ્રશંસાનાં પુષ્પો વેર્યાં. રાષ્ટ્રીય નેતા અડવાણીજીએ જ્યારે પ્રશંસા કરી ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'ભગવાનની ઇચ્છાથી થયું છે.'

'૭૪ની સાલમાં આફ્રિકાથી લીલા તોરણે પાછું આવવાનું થયું... ત્યારના સ્વામીશ્રીના શબ્દો હતા : 'જેવી ભગવાનની મરજી.'

૧૯૮૮માં કેનેડામાં પાર્લામેન્ટે સ્વાગત કર્યું ત્યારે પહેલા ઠાકોરજીને ઊભા કર્યા. એમ કે 'આ સ્વાગત એમનું છે.' સુખદુઃખ, હાનિ-વૃદ્ધિ કે અસંખ્ય પ્રસંગોમાં કરમાયા વગર સ્વામીશ્રીનો જીવનરથ આગળ વધ્યા જ કરે છે; કારણ કે એમના જીવનની ધ્રુવપંક્તિ છે : 'ભગવાન સર્વકર્તા છે.'

*

સ્વામીશ્રી કથામાં વારંવાર કહે છે : 'માન એક છે ને એને માંગનારા અનેક. વસ્તુ ઓછી હોય ને એની ડિમાન્ડ વધી જાય પછી શું થાય? મારામારી. એમ જગતમાં માનને લીધે જ અશાંતિ છે માટે ભગવાનના ભક્તે માનને ઇચ્છવું નહીં. 'જેના નિર્માની ભગવાન એના જનને કેમ જોઈએ માન?'

*

અનંત સન્માનોની વચ્ચે ઘેરાયેલા સ્વામીશ્રી જ્યારે આ ઉપદેશ આપે છે ત્યારે કોઈ વિરોધાભાસ ખડો થયો હોય એવું અનુભવાતું નથી, કારણ કે જેમણે એમના અંગત જીવનમાં ડોકિયું કર્યું છે એને ખબર છે કે સરળતા એમનો જીવનમંત્ર છે. જોનારે એમને વાસણ ઊટકતાં કે વાસીદું વાળતાં પણ જોયા છે. સાથે વિચરણ કરનારે એમને પગે ચાલીને જતા કે ગાડામાં, ખટારામાં કે પછી જ્યારે જે હાથ લાગ્યું એમાં બેસીને જતાય જોયા છે. પોતાના સત્તાસ્થાનનો મલાજો જળવાય એવું તેઓએ ક્યારેય ઇચ્છયું નથી. ગાદી ઉપરથી ઊતરીને સૌની સાથે ઘઉં વીણતાં કે ચંદનની ગોટીઓ વાળતાં પણ એમને છોછ થયો નથી. શેઠિયાઓની ગાડીમાંથી ઊતરીને રીક્ષામાં બેસતાં એમનું મુખ મ્લાન થયું નથી.

૧૯૭૪માં લુસાકાથી લંડન જવાનું હતું. લંડનના કાર્યકર પ્રફુલ્લ પટેલની

એવી ઇચ્છા કે સ્વામીશ્રીનો મોભો જળવાવો જોઈએ. એમનો એવો આગ્રહ કે સ્વામીશ્રી ફર્સ્ટક્લાસમાં જ આવે. અને સ્વામીશ્રીની એટલી જ અનિચ્છા. મનમાં એમ કે 'ફર્સ્ટમાં બેસો કે ઇકોનોમીમાં, પહોંચવાનું છે તો એક સાથે જ ને!' પરંતુ ફર્સ્ટ ક્લાસની ટિકિટો લેવાઈ ગઈ. નીકળવાનું હતું ૨ દિવસે ઇથોપિયામાં કટોકટી ઘેરી બની... હેલ સેલાસી વિરુદ્ધ બળવો ચાલુ હતો. ઇથોપિયાની સરકારના પ્રધાનો ઇમરજન્સી મિટિંગ માટે લુસાકામાં હતા ને તેઓને તાત્કાલિક પાછું જવું પડે એમ હતું. વિમાનના સત્તાવાળાઓએ સ્વામીશ્રીને વિનંતી કરી કે પરિસ્થિતિ આવી છે.

પ્રધાનોને ફર્સ્ટ ક્લાસમાં બેસાડ્યા વગર છૂટકો નથી... આપને અમે ઇકોનોમીમાં બેસાડીશું, પણ સંભાળ ફર્સ્ટ ક્લાસ જેવી રાખશું.. ઊતરતી વખતે ફર્સ્ટકલાસની કેબિનમાંથી ઉતારીશું..

સ્વામીશ્રી કહે : 'અમે તો ઇચ્છતા જ હતા.' તમે જે કર્યું છે એ બરાબર જ છે.' સ્વામીશ્રીએ પોતાના મોભા સામે પડકાર ના માન્યો, પણ રાજી થયા !!

*

સ્વામીશ્રી સંતોને જ્યારે સંબોધે છે ત્યારે ખાસ કહે છે, 'આ દેહને ખાસડા જેવું કરી નાખવું. દેહ તો નાશ પામવાનું છે માટે એનો ઉપયોગ લઈ લેવો. સૂંઢેલ (ઢાલિયો) બળદ હોય એને ખેડૂત કેવો ખેડી લે! એમ દેહ પાસેથી કામ લઈ લેવું...'

સ્વામીશ્રીના આ ઉપદેશની સામે તરવરે છે એમણે વેઠેલા ભીડાની ગાથાઓ - અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંતને જગવ્યાપી કરવા માટે અને સમાજના સમુત્થાન માટે એમણે દેહને ખાસડા જેવું કરી જ નાંખ્યું છે. અને ગાથાની ખાલી ઝલક માણીએ તોય ગ્રંથ ભરાય એવું છે.

રાતોની રાતો એકધારી પધરામણીઓ, એક વર્ષમાં ૭૨૮ ગામોમાં ચરણ. આ બધા કરતાં પણ તેઓના કાર્યફલકના આંકડા જોઈને જ અધધધ થઈ જવાય એવું છે.

એમના જીવનના ૨૪ વર્ષના કાર્યફલકમાં -

૫.૯૧ વર્ષ મુલાકાતો અને મિટિંગો;

૩.૫૧ વર્ષ પધરામણી અને મુસાફરી;

૨.૭૫ વર્ષ સભાઓ અને ઉપદેશ માટે;

૧.૯૨ વર્ષ પત્રવ્યવહારની પાછળ ખર્ચી નાંખનાર આ સંતવર્યને પોતા માટે જીવવાનો, કંઈક દેહના લાલન પાલનનો, પોતાના અધિકારોનું જતન કરવાનો સમય ક્યારે મળ્યો હશે? એમણે ખાસડા જેવો જ માનેલો આ દેહ ગામડાંઓ, ઝૂંપડાંઓ, દલિતવાસ, આદિવાસી વિસ્તારો અને વિદેશના મહેલો સુધી બધે જ ઘૂમી વળ્યો છે.

તેઓ જ્યારે ભગવાનનું વર્ણન કરે છે ત્યારે પણ પ્રત્યક્ષાનુભવી રીતે, સાંગોપાંગ ઈશ્વરને ધરી રહ્યા હોય એ રીતે કરે છે.

રાજકોટના અજાણ્યા યુવાને તેઓને પૂછયું :

'આપે ભગવાનનાં દર્શન કર્યાં છે?'

'કર્યા છે ત્યારે તો આનંદ છે ને જોયા છે એટલે તો વાત કરીએ છીએ.'

'આપને તાદૃશ છે?'

'હા, તાદૃશ જ છે...' સ્વામીશ્રી જે દૃઢતાથી વાત કરી રહ્યા હતા એ દૃઢતા, જોયા વગર ના સંભવે.

'કહની મિસરી ખાંડ હૈ, રહેની તાતા લોહ;
કહની કહે ને રહની રહે, ઐસા વિરલા કો'ક :

બસ! આ કો'કમાંના નહીં પણ અનન્ય વિરલાની અનુભવ વાણીના અનુભવોને અહીં વિરામ આપીએ.

તર્કબદ્ધતા

આ જમાનો એવો છે; બધાં જ એમ કહે છે કે અમે 'બુદ્ધિશાળી' છીએ. 'રેશનાલીઝમ' ના રૂડા ઓઠા હેઠળ આજે ઋષિમુનિઓના અને સંતોના અનુભવ જ્ઞાનની મશ્કરીઓ થાય છે. અને આ બાબતમાં 'તર્ક'નો આશરો લેવાય છે. જરાક ચોખ્ખી રીતે કહેવું હોય તો માનવીની પલાયનવૃત્તિઓને 'તર્ક'નું રૂપાળું વસ્ત્ર મળી ગયું છે. સંતો કહે છે કે 'જગતમાં કંઈ સુખ નથી...' ને તરત તર્ક થાય છે, 'તો ભગવાને જગત શું કામ સર્જ્યું?' સંતો કહે છે : 'એક ભગવાન જ સર્વકર્તા છે.' ને તરત જ તર્ક સામે આવી જાય છે 'તો અમીરી-ગરીબીના ભેદ શા માટે?'

સંતો નિયમપાલન ઉપર ભાર મૂકે તો તર્ક વિદ્રોહ કરે - 'નિયમથી જ કલ્યાણ છે? સ્થળ ને કાળ પ્રમાણે બાંધછોડ કરીએ તો શું ખાટું મોળું થઈ જવાનું છે?'

સ્વામીશ્રીએ આ અવળી દિશામાં ખૂલેલાં તર્કનાં બારણાંને સવળી બાજુ કર્યાં. તર્કને જ પોતાની વાણીનું આયુધ બનાવીને બુદ્ધિના બારણે ટકોરા માર્યા છે.

'અમે બુદ્ધિશાળી છીએ.' એવું કહનારને સહેજ પોરસાવા દઈને સ્વામીશ્રીએ એના જ આયુધો એના ઑપરેશનમાં કામે લગાડ્યા છે.

આજનો તર્ક કહે છે : 'પૈસા કમાવ, પ્રતિષ્ઠા મેળવો અને સત્તા હાંસલ કરો તો સુખ અને શાંતિ તમારાં ચરણોમાં આળોટશે...' સ્વામીશ્રી આ સમીકરણની સામે પ્રતિતર્ક યોજીને કહે છે :' સત્તા કે સંપત્તિમાં સુખ છે જ નહીં. પૈસાથી તમે લાખો રૂપિયાનો પલંગ ખરીદી શકશો પણ ઊંઘ આવવી એ તો ભગવાનના હાથની વાત છે. શાસ્ત્રો કહે છે કે સુખ અને શાંતિ તો ભગવાન અને સંતમાં જ રહેલાં છે...' સ્વામીશ્રીના આ તારણને દુનિયાની પ્રસિદ્ધિનાં શિખરો પર બેઠેલા મહાનુભાવો જાણે સમર્થન આપી રહ્યા છે.

આજના વિશ્વને પોતાના તાલે નચાવનાર, પોતાના વજનના કિલોગ્રામ જેટલા ટન સોનું ધરાવનાર આધુનિક સંગીતનો બેતાજ બાદશાહ માઈકલ જેક્સનના ઉદ્‌ગારો સાંભળો :

'People think they know me, but they don't. Not really. Actually I am one of the loneliest people on this earth. I cry sometimes, because it hurts. It does. To be honest, I guess you could say that it hurts to be me.'

'લોકો માને છે કે તેઓ મને જાણે છે, પણ તેઓ મને હકીકતમાં જાણતા . વાસ્તવમાં આ પૃથ્વી પરના સૌથી વધુ અટૂલા માનવીઓમાંનો હું એક છું. હું કેટલીક વાર રડું છું. કારણ કે આ દર્દ ઉપજાવે છે. ખરેખર દર્દ ઉપજાવે છે. સાચું કહું તો, મને લાગે છે કે તમે એમ કહી શકો કે મારા માટે 'મારું હોવું' એ પીડા ઉત્પન્ન કરે છે.'

આ સદીનો નિર્ણાયક સત્તાધીશ, દ્વિતીય વિશ્વયુદ્ધમાં ઇંગ્લૅન્ડને જેનું સબળ નેતૃત્વ સાંપડ્યું હતું એ વિન્સ્ટન ચર્ચિલ માટે એમની સુપુત્રી સરાહ ચર્ચિલે 'થ્રેડ ઇન ધ ટેપેસ્ટ્રી'માં લખ્યું છે, 'પોતાના ગમે તેટલા ગુણ ગ‹ હતા, માન-સન્માન મળતું હતું છતાં ચર્ચિલ પોતાના હૃદયમાં ખાલીપો, શૂન્યાવકાશ અનુભવતા. જીવનની કોઈપણ સિદ્ધિ કે સન્માન તેમના અંતરના આ ખાલીપાને, અધૂરપને પૂરવા શક્તિમાન નહોતાં. મૃત્યુ પહેલાં ચર્ચિલના

શબ્દો હતા : 'મેં ઘણું બધું હાંસલ કર્યું છતાં જીવનના અસ્તાચળે મેં ખરેખર કંઈ જ મેળવ્યું નથી. હું એક નિષ્ફળ જીવન જીવ્યો છું.'

દુનિયાને ચાર પૈંડાનો પહેલ વહેલો સહારો આપનાર ફોર્ડ દુનિયાનો સૌથી ધનિક વ્યક્તિ હતો. વીલ રોજર્સ નામના ઇતિહાસકારે લખ્યું છે કે 'America is the only country in the world where a man can ride to a poor house in a ford car...' (સમગ્ર વિશ્વમાં અમેરિકા જ એક એવો દેશ છે, કે જ્યાં માણસ સામાન્ય ઘરમાંથી નીકળી ફોર્ડ કારમાં સવારી કરી શકે છે !) આટલી સંપત્તિની વચ્ચે પણ એનો જીવ સુખ માટે હવાતિયાં મારતો હતો. 'મને કોઈ મારી નાંખશે.' એ બીક હેન્રી ફોર્ડને સતત સતાવતી - ઘરની દીવાલો ઊંચી કરાવી દીધી છતાં એ બોલતા 'મને કોઈ જાતનો આનંદ આવતો નથી.'

...નેપોલિયન હોય કે કિંગ સોલોમન, સાહિત્યકાર ટોલસ્ટોય હોય કે અર્નેસ્ટ હેમિંગ્વે, ગાયક એલ્વીસ પ્રેસ્લી હોય કે ઉદ્યોગપતિ રોકફેલર, શિલ્પકાર માઈકલ એન્જેલો હોય કે આધુનિક 'પીઝાહટ'નો પ્રણેતા થોમસ મોનાહન... દરેકે દરેક વ્યક્તિઓએ પોતાના ક્ષેત્રમાં શિખરે બિરાજીને સ્વામીશ્રીનાં વાક્યોની સત્યતાને પુરવાર કરી આપી છે !! ત્યારે સ્વામીશ્રીનાં વિધાનોના તર્કને માન્યા વગર છૂટકો નથી.

સ્વામીશ્રીનાં વિધાનોના આ સાક્ષીઓને ધન્યવાદ આપીને હવે સ્વામીશ્રીનાં અન્ય કેટલાક તાર્કિક વિધાનોને કેવળ માણીએ.

એકવાર મુંબઈમાં માયા જેવા ગહન વિષયનું વ્યવહારુ નિરૂપણ કરતાં સ્વામીશ્રી કહે, 'માયાનો પેચ કેવો હોય? ભલાભલા એમાં લબદઈ જાય. જેમ જુગારિયાનું ટોળું હોય, દૂરથી આપણને આવતા જોઈને રમવા બેસી જાય. ખાલી ખાલી એક રૂપિયો મૂકે ને દસ આવી જાય. આપણે ઘડીક ત્યાં જોવા ઊભા રહીએ ને થઈ જાય, માળું, રમવા જેવું ખરું. બધાને આવે છે તો આપણને કેમ ન આવે?' ને જેટલા લાવ્યો હોય એટલા બધા મૂકી દે, ને ગુમાઈ જાય. એમ પેચમાં આવી જવાય. દુનિયામાં આવા પેચ ઘણા ચાલે છે. 'શો' ખરેખરો હોય, દેખાડવાનો માલ જુદો હોય, એ જોઈને ઑર્ડર આપીએ પણ પછી મોકલી આપે કચરો. લાતીવાળા ફાટવાળા લાકડાને વહેરી, મંઈ લાપી ભરીને એવું સરસ બનાવે કે આવનારો લઈ જ જાય. પણ જેવો રંધો મારે એવી ફાટ દેખાય. લગ્નમાં પણ કો'કની સારી કન્યા ને કો'કનું મકાન

બતાવી દે. આમ માયાનો પેચ પણ એવો ભૂલભુલામણીવાળો છે. ઉપર ઝગઝગાટ ને મંઈ અંધારું. આત્મા-પરમાત્માનું જ્ઞાન થાય તો એમાં ફસાવાય નહીં.'

સંસારની ક્ષણિકતાને દર્શાવતાં સ્વામીશ્રી કહે, 'પહેલાંના જમાનામાં દરબારી ગામોમાં આપણે જમીન ખેડતા હોઈએ ને સારાં સારાં મકાનો કર્યાં હોય તોય આપણું કાંઈ નહીં. દરબારોને અડધી રાત્રે સ્વપ્નું આવે ને હુકમ કરે તો રાતોરાત ઘરવખરી લઈને નીકળી જવું પડે. ને ઘરવખરી ન લેવા દે તો ખાલી હાથેય નીકળી જવું પડે. આ જગતમાં પણ આપણા આવી રીતે અચાનક ઉચાળા છે. માટે વ્યવહાર ભલે કરો પણ છેવટે આત્માને ક્યાં જઈને બેસવાનું છે એનો વિચાર પણ ભેગેભેગો રાખવો.'

*

સ્વામીશ્રીનો તર્ક ખાલી બુદ્ધિનો ઠેકો લઈને બેઠેલાઓ પૂરતો જ નથી. મહેનતકશ ખેડૂતોનેય સમજાય એવી બે ને બે ચારની ભાષામાં સ્વામીશ્રી વાતો કરે છે.

નાના-મોટા સૌની ભૂમિકાને આ તર્કની ભાષામાં ન્યાય મળે છે.

'ખેડૂતો દોરડાં વણે એમાં એક ઠેલા (આંટણ) પર બીજું ચઢાવતો જ જાય અને દોરડાં વણતો જ જાય. એમ આ વ્યવહાર એવો છે કે એક પછી એક કામ આવતાં જ જાય. નવરાશ મળે જ નહીં. માટે થોડોક સમય કાઢીને, પાછી વૃત્તિ વાળીને ભજન કરવું તો સુખ આવે.'

'બળદ મોટો થાય પછી જ્યારે નાથ-મોરડાં નાંખવાનાં થાય ત્યારે પહેલાં તો કાઢી જ નાંખે અને નાંખે તોય થોડું ચાલીને સામે ફરી ઊભો રહે. પણ પછી ખેડૂત એને પલોટે. એટલે રાગે આવી જાય. પછી તો હળ-લાકડે, સાંતીડે, કોશે, ડમણિયે, ગાડે બધે ચાલી જાય. કાંધ પડે પછી ધૂંસરું તપે નહીં. એમ સત્સંગમાં પહેલાં પહેલાં પાઠ-પૂજા કરવાં, એકાદશી કરવી, મંદિરે આવવું એ અઘરું પડે, પણ કાંધ પડી જાય પછી સહેજે થઈ જાય. પછી મન સ્થિર થઈ જાય.'

'મંદિરે આવીએ ત્યારે જોડા બહાર કાઢીને આવીએ છીએ, એમ કથામાં બેસીએ ત્યારે દેહાભિમાન, અહંકાર અને વાસના, વ્યવહારને બહાર મૂકીને આવવું. ભગવાનની કથાનું જ શ્રવણ.. બીજું કંઈ જ નહીં. પછી જતી ઘડીએ વ્યવહારને ફરજને થેલીમાં કે મોટરમાં બેસાડીને પાછાં લઈ જવાં. એકાગ્ર

થઈએ તો જ આ વસ્તુ જીવમાં બેસે.

*

'ઘણાં કહે સ્વામિનારાયણના થયા એટલે દુઃખ આવ્યું. પણ જે સ્વામિનારાયણના નથી એને શું દુઃખ નથી આવતું? જે નાસ્તિક છે એનેય ઉપાધિ આવે છે. દિલ્હીમાં બેઠેલાઓ પણ આજે તાંત્રિકોનો આશરો રાખે છે, પણ જો તંત્રથી જ દેશ ચાલતો હોય તો લશ્કર શું કામ રાખવું પડે? એક તાંત્રિક રાખે તો પાકિસ્તાન ઊભું જ ન થાય. આ બધા ખોટા વહેમ છે. જે કંઈ કરે છે એ ભગવાન કરે છે. એટલે ટેક ચૂકવી ન જોઈએ. કીડીને કણ ને હાથીને મણ આપનારા ભગવાન છે. જે પુરુષાર્થ કરે એને મળી જ જાય છે. ભગવાન કોઈનોય વેરોવાંતરો કરતા નથી પણ આપણને એમનો ભરોસો આવતો નથી એટલે દોડાદોડ કરીએ છીએ.'

*

'સારું કામ કરવું હોય તો પહેલાં ખેતરપાળને પૂજવામાં આવે છે. નાગાને પહેલાં નમસ્કાર કરવા પડે એટલે નડે નહીં. સિપાહી-પોલીસ રસ્તે જતા અથડાય તો એનેય રાજી કરવો પડે... પરવશ થઈને આ બધું કરવું પડે છે તો ભગવાન અને સંત તો દયાળુ છે. તરત રાજી થાય એવા છે. એ કહે એ પ્રમાણે કરીએ તો રાજી થઈ જાય. માટે રાજી કરી લેવા.'

ચિત્રાત્મકતા

સ્વામીશ્રી જ્યારે પ્રસંગો કહેવા બેસે ત્યારે એમની વાણી એ વાણી ન રહેતાં એમાં કુશળ કળાકારની પીંછીનું સૌન્દર્ય ફૂટી નીકળે છે. વિવરણ કરવા કરતાં આ અનુભૂતિને દૃષ્ટિ પ્રત્યક્ષ કરીએ.

'શ્રીજીમહારાજના વખતમાં જોધો નામે એક ભરવાડ હતો. બહુ સંસ્કારી જીવ. પોતાના વતનમાં રહીને ગાયો ભેંસો ચારતો.

શ્રીજીમહારાજ એક વખત કાઠી દરબારો સાથે નીકળ્યા, અને તેમના નેસ આગળથી નીકળી આગળ જતા હતા. મહારાજ આગળ જઈ ઊભા રહ્યા, એટલે તેની ગાયો બધી મહારાજની સામે દોડી આવી. ઓલો ભરવાડ ઘણું તેને વાળવા કરે. ભરવાડની ગાય છે તે બોલાવે એટલે તરત પાછી આવે, જાય નહીં. પણ આ તો ઘણા હોકારા-પડકારા કરવા મંડી પડ્યો. પણ ગાયો રોકાઈ જ નહીં. શ્રીજીમહારાજની સામે ઊંચા કાન ને ઊંચાં પૂછડાં કરી

મહારાજનાં દર્શન કરવા લાગી. જોધાને થયું કે આ કોઈક ચમત્કારિક વાત છે. મારી ગાયો મને મૂકીને જાય નહીં. અને આજે મને મૂકીને તેમની સામું જુએ છે એટલે આ કોઈક ચમત્કાર છે. જાણ્યું કે આ કૃષ્ણ કનૈયો લાગે છે. તે જઈને મહારાજને પગે લાગ્યો : 'મહારાજ! મારે તમારી સાથે આવવું છે.' મહારાજ કહે 'આ તારી ગાયો, તારી ભેંસો, ઢોર, બૈરાં-છોકરાં એનું શું?'

'મહારાજ! એને જે કરવું હોય તે કરશે.'

'મહારાજ કહે : 'જઈને રજા લઈ આવ.' ભરવાડણ બહુ મજબૂત હોય. ભરવાડ તો કંઈ સમજે નહીં. ભરવાડને પૈસાય ગણતા આવડે નહીં. હિસાબ ગણતાંય આવડે નહીં. કશુંય આવડે નહીં. એનાં દૂધ વેચવા પણ રબારણ-ભરવાડણ જ જાય. પૈસા-બૈસા-હિસાબ કિતાબ કંઈ બજારમાંથી વેચાતું લાવવું કરવું તે બધું એ સમજે. ભરવાડ કંઈ સમજે જ નહીં. કંઈ લાવવાનું હોય તો પૈસા કંઈના કંઈ આપીને આવે. ભરવાડણ તો બરાબર ચકાસીને લાવે. વેપારીને છેતરીને લાવે. અને પાણીમાં દૂધ નાખે અને દૂધમાં પાણી નાખે ! એ બધું વ્યવસ્થિત કરીને આવે. એને બધું આવડે.

'આ જોધો ભરવાડ બહુ મુમુક્ષુ હતો. સંસ્કારી જીવ હોય એટલે લગની લાગે. બૈરાંને કહે : 'જો, હવે આ પેલો કનૈયો આવ્યો છે તેની સાથે હું તો જઉં છું. આ ધાબળો ને આ લાકડી. તારે જેમ કરવું હોય તેમ કરજે. અને તને બીજે સારો મળે તો ત્યાં જજે. પણ મારે તો... હું ભગવાનની પાસે જઉં છું. હવે પાછો આવવાનો નથી.' એમ કહીને નીકળી ગયો. મહારાજ સાથે સાથે ગયો. ગઢડામાં આવ્યો. મહારાજ કહે : 'આ દાદા ખાચરના ઢોર છે. ગાયો-ભેંસો તારે સાચવવાના ને રહેવાનું.' ભરવાડને ભેંસો-ગાયો પર બહુ પ્રેમ હોય. ખેડૂતને બળદ પર, દરબારોને ઘોડા પર પ્રેમ હોય. મહારાજે કહ્યું એટલે સાચવવા મંડી પડ્યો. ઢોર બધા સાચવે. ગાયો-ભેંસો દોવે. મહારાજ ક્યારેક ફરતાં ફરતાં જોવા જાય કે જોધો શું કરે છે? દો'તો હોય તે ઘડીએ મહારાજ જાય એટલે આંચળની એક સીધી ધાર મારે એટલે સીધું મહારાજની મોંઢાની અંદર ધાર આવી જાય.

'મહારાજને તે તેવી રીતે દૂધ પાતો. એટલો બધો પ્રેમ મહારાજને વિષે. મહારાજને એ રીતે રાજી કરે. દરરોજ ઢોર ચારવા સવારના દોહ્યા પછી નીકળી જાય. પછી બપોરે ત્યાં રોટલા ખાય. સાંજનો આવી જાય. તેવી રીતે એક વખત દાદા ખાચરના પિતાનું શ્રાદ્ધ હતું. એભલ ખાચરનું શ્રાદ્ધ. એટલે

મહારાજ કહે : 'દૂધપાક બનાવો. દૂધપાક સારામાં સારો બનાવો, લખુ કંદોઈ ગામનો સારામાં સારો હુશિયાર માણસ. જોગી મહારાજ કહે : સુરતનો દૂધપાક ખાધો હોય તેને ખબર પડે. સુરતનો દૂધપાક એટલે બહુ સારો બને. વખણાય. સુરતનું જમણ અને કાશીનું મરણ. મરવું હોય તો કાશીએ જવું. જમવું હોય તો સુરત જવું. એટલે સ્વામી કહે : સુરતનો દૂધપાક બન્યો હોય, એક વાડકાને બદલે બે, ને બે ને બદલે ચાર વાડકા ચઢી જાય કે નહીં ?....

'મહારાજે જોધાને કહ્યું, 'તું આજે સવારે ગાય દોહીને બધું દૂધ દરબારમાં આપી જજે. દૂધપાક બનાવવાનો છે. અને તારે પણ બપોરે અહીં જ રોટલા જમવાના છે. આજે રોટલા સીમમાં આવશે નહીં.

માટે ત્યાં ઢોરાં છાંયડે બેસાડી અને પછી આવજે.'

લખુ કંદોઈ સવારે ચાર વાગે આવી ગયો. તાવડા બધા ચડાવી દીધા. દૂધ બધું નાખી હલાવવા માંડ્યો. છેલ્લું દેગડું દૂધનું બાકી હતું તે લઈને જોધો જાતે આવ્યો. અને જોયું તો ચુલા નીચે તાપ. લાકડાં ધમધમ સળગાવ્યાં ને ... ધમધમાટ ચાલે છે... દૂધ હલાવે છે. પછી ઓલ્યો જોધો કંદોઈને ગાળો દેવા માંડ્યો : 'એ હરામખોર ! આ દૂધ આવું અમૃત જેવું! ખરેખરું દૂધ બાળી દે છે અને આ દૂધ બીજું લાવીશ ક્યાંથી? આ દૂધ બાળવા બેઠો છે...' તેણે દૂધપાક કોઈ દિ' જોયેલો નહીં, ને સાંભળેલો નહીં ને પીધેલો પણ નહીં. એટલે અને વિચાર જ નહીં કે દૂધપાક બને છે. એટલે પેલા જોડે ધમાલ કરવા મંડી પડ્યો : 'દૂધ બાળી દે છે. દૂધ લાવશું ક્યાંથી? મહારાજને જમાડવાના છે.' આ સાંભળીને મહારાજ ઓરડીમાંથી નીકળ્યા : 'જોધા શું છે?' કહે : 'આ લખો દૂધ બધું બાળી દે છે... પછી દૂધ બીજું લાવશે ક્યાંથી? ક્યાં દૂધ મળવાનું છે?' મહારાજ કહે : 'કંઈ નહીં. એ કરે છે એ બરાબર છે. તું ગાયો-ભેંસો ચારવા જા. ' અને ગયો. બપોર થયા એટલે આવ્યો. રસોઈ... બધી થઈ ગઈ. ઠાકોરજી આગળ થાળ ધરાવ્યો! અવિનાશી આવો રે.. સંતો થાળ બોલ્યા. અને પછી માનસીપૂજા કરી. માનસીપૂજામાં આમ બધા ઓઢે...(ગાતરિયું માથે ઓઢીને બતાવ્યું) આંખ આઘીપાછી થાય નહીં એટલે આંખ મીંચી દેવાની. જોધો આઈને જુવે તો આ ઓઢીને બેઠા છે. એટલે કહે, 'હું સવારનો કહેતો'તો કે દૂધ ના બાળો. હવે દૂધ બાળીને રોવા બેઠા. હવે કંઈ તમારો બાપ... બીજેથી દૂધ મળવાનું છે? છાના રહો છાના રહો, હવે સાંજે દૂધ લાવીને આપીશું. છાના રહો. '

પછી મહારાજ કહે : 'જોધા! આ તો મહારાજની માનસીપૂજા થાય છે. તું બેસ છાનોમાનો! થાળ થાય છે ભગવાનનો, પછી તને જમાડીએ.' પછી મહારાજે જોધાને બરાબર બેસાડ્યો. જોધાને ભૂખ લાગેલી. ટાઈમ થયેલો. મોટીબાને કહે, 'મહારાજ તો કેટલું ય કરશે ને થાળ કરશે.. મારા ઢોરાં બેઠાં છે. મારે જવું છે માટે લાવો...' મોટીબાએ રોટલા તેના તૈયાર તો કરેલા હતા. કાઠીયાવાડી...રોટલા ફર્સ્ટક્લાસ જાડા... ૩-૪ રોટલા ને એક તાંસળી છાશ, અથાણું ને મરચું. બીજું કાઠીયાવાડમાં કંઈ લાંબું હોય નહીં. રોટલા ને છાશ જોધાએ તો ચડાવી દીધા. ત્યાં તો મહારાજે પંગત પાડી. મહારાજ કહેઃ હાલો સંતો... પાર્ષદો... બધા' સ્વામિનારાયણ સ્વામિનારાયણ... નારાયણ નારાયણ... ધૂન ચાલી. પછી મહારાજ પીરસવા નીકળ્યા. જોધો તેની મેતે ખૂણામાં બેઠો બેઠો રોટલો ને છાશ પીતો હતો. પછી મહારાજ પીરસતાં પીરસતાં ત્યાં ગયા. જોધાને કહે : 'લે.' તે કહે : 'હવે ના જોઈએ. મેં તો ખઈ લીધું.'

મહારાજ કહે : 'ખરેખરું છે. તું ચાખ તો ખરો!'

તો કહે : 'ના, ના દૂધપાક નથી જોઈતો.'

મહારાજ કહે, 'લ્યા! લેતો ખરો, તાસળું ધોવડાવીને આપ્યો. ને પીધં. 'અહોહો! માળું ખરેખરું મધુર... આ તો મીઠી સાકર જેવું છે. આ તો પં જેવું છે. લાવો મહારાજ,' એટલે આખું બોધેણું પી ગયો. આખું બોઘરણુ રોટલા ને છાસ ખાધા પછી પી ગયો. મધ્ય-પાણી જેવું કર્યું. મહારાજને કહે : 'હવે તો લાવો. હવે છાશ પીવે તે બીજા.' વહાલાએ રસના ચાખણહાર છાશ તે નવ પીવે રે લોલ... કહેવાનું શું છે કે આ રસ ચખાઈ ગયો. આનંદ સુખ આવી ગયો. પછી બીજે ક્યાંય માલ મનાય નહીં. એમ ભગવાનમાં વૃત્તિ જાય પછી જગતના સુખ ફાવે જ નહીં.

*

સ્વામીશ્રીની વર્ણન શક્તિમાં એક અલૌકિક બળકટતા છે. લાગે ધીર, ગંભીર પણ એમાં જમુના જેવી નદીના ઊંડાણનો વેગ હોય છે. એ પ્રવાહમાં તણાયે જ છૂટકો.

'... તમે રાત-દિ' કોના માટે ગધ્ધા વૈતરું કરો છો? બૈરાં-છોકરાં માટે જ ને! નોકરીમાં શેઠના અપમાન સહન કરવા પડે. સરકાર-દરબારમાં જાય ને ત્યાં કલાક બેસાડે. પછી કહે : 'જાવ! કાલે આવજો. ઉઘરાણીએ જાવ ત્યારે

ચંપલની ત્રણ જોડ ઘસાઈ જાય ને ઉપરથી લોકો ગમે એવું બોલે એ નફામાં... આ બધું સહન કરો છો. રાત-દિ તરેલા તાણો છો... છતાં સાંજ પડે ને તમે ઘરે પાછા આવો ત્યારે બૈરાં માથે ઓઢીને, બારણે હાર લઈને ઊભા હોય છે? 'ઓ...હો... આવો... આવો... Wel come. તમે બહુ દાખડો કર્યો. Thank you...' અરે! થાકીને આયા હોઈએ ને કહીએ પાણી લાવો, તોય કહી દે... 'લઈ લો જાતે. નવરા થોડા છીએ?...' છતાં ત્યાં ખોટું નથી લાગતું. કારણ કે ઘર મનાયું છે. એમ સત્સંગ જો ઘર મનાય તો અહીં આવીએ ત્યારે કોઈ કાંઈ બોલી જાય, આઘુંપાછું થઈ જાય તોય વાંધો ન આવે...'

સ્વામીશ્રીએ આપણા રોજના અનુભવોને શબ્દની પીંછી વડે કેટલી વેધકતા આપી છે! કયારેક આજ રીતે આપણી મનોભૂમિકાએ ઊતરી જઈને મનમાં સંગ્રહાયેલી ભાવનાઓને પણ સ્વામીશ્રી આ જ રીતે ઉકેલે છે.

'... માણસને સૌથી વા'લો એનો અહમ્ હોય છે. તમે સભામાં બેઠા હો ને તમારી આગળ આવીને બેસી જાય તો તરત કોણી મારીએ - એ ય... સમજતો નથી? એક તો મોડા મોડા આવવું ને પાછો વટ બતાવે છે! બેસ પાછળ...' એમ કેટલુંય કહી નાંખીએ... પણ કોઈ ઓળખાણ આપે કે આ તો રાષ્ટ્રપતિ છે... તો તરત બધું બદલાઈ જાય.. ઓ... હો... હો... આવો! પધારો ! અરે તમારી સેવામાં તો કહો ત્યારે આ સેવક હાજર છે ! બોલો! આપણા ઘરે ક્યારે આવવું છે?' એનું સરનામું પણ લઈ લઈએ... એમ કે ક્યારેક જરૂર પડે તો કામ આવે. લૌકિક મહિમા સમજાય તોય આપણા વર્તનમાં ફેર પડી જાય છે તો ભગવાનનો મહિમા સમજાઈ જાય તો એમના માટે શું ન થાય?'

મૌલિકતા

સ્વયં જ્ઞાનનું સ્વરૂપ હોય એને વળી શબ્દોની ગોઠવણીનું શું કામ? 'વણ વિચારે પણ વાતું રે આવે એના અંતરથી.' સ્વામીશ્રીની આ વિશેષતામાંથી મળી આવતા મૌલિક વિચારો એ આજનાં મૂલ્યો, નીતિ, વેદાંત અને અધ્યાત્મ સાધનાનું સુંદર અર્થઘટન જ છે. જેમાં આજનું લોકજીવન, વિજ્ઞાન, લોકલાલસા અને લોકનિરીક્ષણનો સહેજે જ સમાવેશ થઈ જાય છે.

માયા, સંસાર, ભગવાનનો મહિમા, સત્સંગ, બંધન, મોક્ષ જેવા વેદાંતના

ભારેખમ વિષયો પણ સ્વામીશ્રીના મુખેથી એવા સરળ બનીને આવે છે કે સાવ અભણ હોય કે તર્કબાજ, સૌ કોઈને શિરાની જેમ ગળે ઊતરી જાય. વિજ્ઞાનથી માંડીને તળપદા દરેક વિષયને આવરી લઈને એમાંથી કાંઈક મૌલિક આપવું એ સ્વામીશ્રીની ઉપદેશ શૈલીનું અંગ છે.

*

'જેમ ગુરુત્વાકર્ષણનું બળ છે ત્યાં સુધી ગમે તે વસ્તુ ઉપર ફેંકો તોય એ પાછી નીચે જ પડવાની છે, પણ એક વખત એના આકર્ષણની બહાર જાય પછી વાંધો નહીં. એમ જ્યાં સુધી દેહભાવ છે, પૈસા ને પરિવારમાં વાસના છે, દુનિયા તરફ ખેંચાણ છે ત્યાં સુધી જન્મ-મરણ રહેવાનું જ. સંતો આપણી વાસના-સ્વભાવો કાઢીને, એનાં આકર્ષણથી મુકત કરીને ભગવાનની સેવામાં મૂકે છે.

'કકડીને ભૂખ લાગી હોય ત્યારે સામે હીરા, માણેક ને સોનું મૂકવામાં આવે તો ભૂખ જાય? ના જાય. પણ જો સૂકો રોટલો ને છાશ ભલે સામાન્ય હોય, પણ ભૂખ એનાથી જ જાય છે. એમ આત્માની સામે બંગલા, મોટર તમામ ભૌતિક સાધનો મૂકો, તોય એને શાંતિ નહીં મળે. પણ સંત સમાગમ, ભજન-ભક્તિ કરશો તો જ આત્માને શાંતિ મળશે. કારણ કે આત્માનો ખોરાક આ છે.'

*

'... જેમ ટાયર ઘસાઈ જાય પછી ફરીથી આંકા પડાવીને રી-ટાયર કરે છે, એમ ઘરડાઓને સરકારે રીટાયર કર્યા હોય તોય પાછા કામ-ધંધો શોધી કાઢે. આખી જિંદગી કર્યું હોય એટલે કર્યા વિના ચેન ન પડે. પણ નિરાંતે બેસીને ભજન ન કરે.'

*

'લોકો કહે છે : 'ભગવાન પાસે જવામાં અત્યારથી શું તૈયારી કરવી?' પણ અવકાશયાત્રીઓને ચંદ્ર પર જવું હતું તો તૈયારી કયાં કરી? અહીં પૃથ્વી ઉપર જ. એમ આ દેહે જ ભગવાન અને સંતને ઓળખી લેવાના છે.'

*

'લક્ષ્મીજી તો ભગવાનનાં અર્ધાંગના છે. જુઓ, સાથે જ સિંહાસનમાં બેઠાં છે. હવે કો'કનાં ઘરવાળાંને આપણે તાળું મારીને રાખી મૂકીએ તો એમને

મૂંઝવણ થાય કે નહીં?! માટે લક્ષ્મીને ભગવાનના કામમાં વાપરવી.'

*

'શૂટ-બૂટ, ટાઈ પહેરીને, પફ-પાવડર લગાવીને, શરીરને શણગારીને, ઇન્ટરવ્યૂ આપવા જાય તો રૂપ જોઈને કોઈ નોકરીએ નથી રાખતું. એ તો તરત સર્ટીફિટેટ (સર્ટીફિકેટ) માંગે છે. લાયકાત અને અનુભવ માંગે છે. એમ ઉપરના આટાટોપથી ભગવાન રીઝતા નથી. એ તો અંદરના ગુણો અને સાચો રંગ ચઢ્યો હોય તો જ રાજી થાય છે.

*

'વાંદરાને વાગ્યું હોય ને બીજો જોવા જાય તો ઘાને પહોળો કરીને જુએ. પેલો બિચારો ત્યાં ને ત્યાં મરી જાય. એમ આ જગત એવું છે. ગમે એની પાસે જાઓ તો દુઃખ વધારે કરી આપે. દુનિયા તો ખાડામાં પડી છે એટલે તમને પણ નાંખશે. દારૂડિયા પાસે જાવ તો દારૂડિયા જ બનાવે. આ દુનિયામાં બીજા તો એમ જ કહેશે, 'આવો, તમેય ખાડામાં પડો.' સિનેમા ન જોવું હોય તો સામેથી ટિકિટ લઈ આવે. ભગવાનમાં ખેંચાણ થાય એ વાત કોઈ નહીં કરે એ વાત તો ભગવાન અને સંત આાગળ જ મળશે.'

*

'પ્રિન્સિપાલનો દીકરો હોય એ પ્રિન્સિપાલ થાય એવું ખરું? એનેય લેસન લેવું પડે. સ્કૂલમાં જવું પડે. ચોપડી ન વાંચે થતું હોય તો તો સ્કૂલની જરૂર જ ન પડે. એમ ભગવાનના દીકરા થઈએ તો જ્ઞાન ના થઈ જાય. એ તો સાધુ છે એ ભગવાનના પ્રોફેસર છે. એની પાસે જવું પડે. સમાગમ વગર આ વસ્તુ મળતી નથી. સંત પણ સાચા જોઈએ. ગુણાતીતાનંદ સ્વામીએ ભગવાનનો જેવો છે એવો મહિમા સમજાવ્યો. સારામાં સારા હીરા જોઈતા હોય ને ડુંગળીના ગાંઠીયા વેચનાર પાસે જઈએ તો મળે? ઊલટું આંખ બળે. એ વેપારી ભલે ને મોટર રાખતો હોય? ને મોટામાં મોટો વેપારી હોય પણ ઝવેરાત ત્યાં મળે નહીં. એમ સાધુ સમાગમથી જ આત્મજ્ઞાન મળે.

*

'જેમ કોરટમાં કેસ વર્ષો સુધી ચાલે. એમાં દલીલો ખૂબ થાય અને ચોપડાના ચોપડા ભરાય, પણ છેલ્લે જજમેન્ટ તો બે જ લીટીનું હોય કે 'આ માણસ નિર્દોષ છે.' અથવા તો 'ગુનેગાર છે' એમ મહારાજનું જજમેન્ટ છે કે

'દરેક શાસ્ત્રનો સાર એ જ છે કે ભગવાન અને સંત કલ્યાણકારી છે.'

*

'વહાણમાં એનો ચલાવનારો ગમે ત્યાં ફરતો હોય એનો વાંધો નહીં, પણ એની દૃષ્ટિ ધ્રુવપાંખડી સામે જોઈએ. એમાં જરાક અમથો પોઈન્ટ ફેર પડી જાય તો વહાણ ક્યાંનું ક્યાં જતું રહે એમ સ્વરૂપનિષ્ઠા પાકી રાખવી. ગમે એવા દુઃખ પડે એમાં સહેજ પણ ફેર ના થવા દેવો. જે મળ્યા છે એના થકી જ કલ્યાણ છે એ નિશ્ચયમાં ફેર પડવા ના દેવો તો વાંધો નહીં આવે.'

*

'ચમત્કાર દેખાડનારા તો ઘણા મળશે. ધુમાડાની છાંયામાં સુખ શું? એમ ચમત્કારમાં થોડીવાર (ભડકો) લાગે પણ મંઈ કાંઈ હોય નહીં. એમાં ફસાવાની જરૂર નહીં. ભગવાનમાં લલચાયા પછી બીજામાં શું લલચાવું? ગમે ત્યાં જશો, આધાર પરમાત્મા છે. ડૂબતાને તરણું હાથમાં આવ્યું. પછી કોઈ ૧૦ લાખ આપે તોય મૂકે? એમ ભગવાનનો આધાર મોટામાં મોટો છે. એને મૂકીને બીજો આધાર કરવા જઈએ તો ગયા. બાકી જગતમાં એવાં પ્રલોભનો છે ને આપણી ઇચ્છાઓ પણ હિમાલય કરતાં પ્રબળ છે. થોડા કાળ જીવવું ને ધામ(મોક્ષ) બગડી જાય. માટે એક ભગવાનની ઇચ્છા રાખવી. એમાં જ સુખ-શાંતિ અને આનંદ છે. કરવાનું પણ એ જ છે. જે દિ તે દિ આ વાત સમજે જ છૂટકો છે.

'દૂધ ન આપે તો ગાયને પાલવીને ખાલી છાણ-વાસીદાં જ કરવાનાં છે! એમ માણસ જો હરિભજન નથી કરતો તો એ ભલે રૂપાળો હોય કે મોટો હોદ્દેદાર કે કરોડપતિ હોય તોય નકામું જ છે.'

પરિપ્રશ્નેન

કોઈએ કહ્યું છે : 'શબ્દ એ ધૂમકેતુ છે.'

શબ્દ એક અને એના અર્થની પૂંછડીઓ અનેક. કયા અર્થને સહારો બનાવી આગળ વધવું? શાસ્ત્રોએ પણ થાકીને તર્કને અપ્રતિષ્ઠિત કહી નાંખ્યો. કેવળ શબ્દનો સહારો એ આધાર વગરના દોરડે લટકવા જેવું છે. શાસ્ત્રોએ એ માટે 'શાબ્દે પરે ચ નિષ્ણાતં...' એવા સદ્ગુરુવર્યની પાસે નમ્રતાપૂર્વક જઈને 'પરિપ્રશ્નેન...' પ્રશ્ન પૂછીને સાચું જ્ઞાન મેળવવાની આજ્ઞા કરી છે. કારણ કે સત્પુરુષ જ શબ્દના સાચા માલમી છે.

પ્રશ્નોત્તરની આ પરિપાટી ઉપનિષદ્ કાળથી ચાલી આવે છે. સ્વામીશ્રી અર્વાચીન યુગના આર્ષદૃષ્ટા ઋષિ છે. અધ્યાત્મના ઉત્તુંગ શિખરે બિરાજી, પરમાત્માના અખંડ સુખનો અનુભવ કરતાં કરતાં સ્વામીશ્રી જે ઉત્તરો આપે છે એમાં શબ્દના સ્થૂળ અર્થો ખરી પડે છે. શબ્દના મર્મપ્રદેશમાં વિ વિહરવા માંડે છે. અને એય તદ્દન સહજપણે, ભાર વગર...

સભાઓમાં ઘણીવાર જિજ્ઞાસુઓના પ્રશ્નોને લીધે ઉત્તરરૂપે સ્વામીશ્રીની વાણી વહે છે. જે સ્વતંત્ર પુસ્તિકા રૂપે સંકલિત થયેલી જ છે, સ્વામીશ્રીની વાણીની વિશેષતાના એક ભાગરૂપે આવા અધ્યાત્મ ઉત્તરામા થોડું અવગાહન કરી લઈએ...

પ્રશ્ન : ભગવાનનું સુખ સાચું છે. જગતનું નાશવંત છે પણ અમને નાશવંતમાં જ આનંદ આવે છે તો શું કરવું?

સ્વામીશ્રી : જગત નાશવંત છે, ભગવાન સાચા છે તેમ બોલીએ છીએ પણ જેવું છે તેવું સમજ્યા નથી. જગત જે રીતે છે તેવું સમજાય તો વૃત્તિ જાય નહીં. પરમાત્મા સાચા મનાય તો હેત અને પ્રીતિ થાય. ઝેર વસ્તુ જાણીએ છીએ કે પોઇઝન છે. તેમ જગતના સુખનું સમજવું કે આનાથી નુકસાન છે. ફાયદો નથી.

બધા વિચારો મૂકીને ભગવાને જે નિયમો કહ્યા છે તે પ્રમાણે રહેવું. ટ્રાફીકના નિયમનો ભંગ કરો તો પોલીસ તરત ટિકિટ આપી દે. દુનિયાના કાયદા નથી પાળતા તો શિક્ષા થાય છે તેમ ભગવાનના કાયદા છે. ભગવાનની આજ્ઞા મુજબ ન ચાલીએ તો નુકસાન છે. આજે અહીં આવ્યા છો તો તમારે માટે દિશા સારી છે. ભવિષ્યમાં સાંભળતાં સાંભળતાં જગત ખોટું છે તે થશે. આ માર્ગને મૂકશો નહીં તો ભવિષ્ય ઊજળું ને મૂક ો ભવિષ્ય છે જ નહીં. આ આજ્ઞાને મૂકી દેશો તો બધું ખલાસ થશે.

બીજું, દૃઢતા કરવાની છે કે સારા થવું છે તો સંકલ્પ થશે ને બધું થશે. સારા ડૉક્ટર, સારા એન્જિનિયર, સારા નેતા થવું છે. ભક્ત પણ થવું છે. આદર્શ કિશોર થવું છે. આદર્શ એટલે? સારા ગુણ, દૈવી ગુણ, ભગવાનના કલ્યાણકારી ગુણ. સારા ગુણોને કેળવીને ભગવાનને રીઝવવાની વાત છે. નિયમ છે તેનું પાલન કરીએ તો આદર્શ જીવન કહેવાય.

શ્રીજીમહારાજે વાત કરી છે, તે સાચી છે તેટલું જ મનમાં થશે તો બધું

થઈ જશે. શાસ્ત્રો પર વિશ્વાસ હોવો જોઈએ. તેમણે લખેલી વાત સત્ય વાત છે અને તે પ્રમાણે વર્તે તે સુખી છે તે વિશ્વાસ આવશે તો કામ થશે.

પ્રશ્ન : આપ હાજર છો તેથી ઉત્સાહ ને બળ છે પણ આપ અહીંથી વિચરણમાં વિદાય લેશો પછી પણ આવો ને આવો ઉત્સાહ કઈ રીતે રહે?

સ્વામીશ્રી : પરોક્ષ જણાય છે કે સ્વામી ગતા રહ્યા. ગયા નથી, બેઠા છે. શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ બેઠા છે. પણ તે મનાતું નથી. આપણી સન્મુખ જ છે તેમ મનાય તો રહે. ભગવાન કોઈ દિવસ પરોક્ષ થતા જ નથી. પ્રગટ છે, છે અને છે. બેઠા જ છે. મંદિરમાં છે જ. શાંતિથી બેસીને અંતરથી પ્રાર્થના કરો, પ્રેરણા મળશે. પણ મન ભમ્યા કરે છે. જો સ્થિર થઈને એકાગ્ર રહીને કરશો તો થશે. તમે અંતઃકરણથી પ્રાર્થના કરો તો ઉત્સાહ અને બળ એવાં ને એવાં રહે. ભગવાન પરોક્ષ નથી. છે, છે ને છે આપણા હૃદયમાં છે. દરેક કાર્યમાં ભગવાન મારી સાથે છે. તે મનાશે તો ઉત્સાહ ગૌણ નહીં થાય. ઉત્સાહ ને ઊમંગથી સેવા કરીએ છીએ તે જીવન સુધી કરવાનું છે. ભગવાન સાથે છે. જે કંઈ કરીએ છીએ તે જુએ છે, જાણે છે, નાની વાતો પણ સાંભળે છે. (એવો વિચાર રહે) તો નજીકનું લાગશે. મહારાજ સાથે છે તેમ માનીને કરશો તો વાંધો નહીં આવે.

પ્રશ્ન : માન-અપમાનના પ્રસંગો થઈ ગયા પછી આપ જાણે કંઈ બન્યું જ ન હોય એમ વર્તી શકો છો. આ સ્થિતપ્રજ્ઞતા પાછળ કયો વિચાર કાર્ય કરે છે?

સ્વામીશ્રી : સત્સંગમાં આપણે ઘણાને જોયા છે કે તેમને માન-અપમાનના પ્રસંગો બન્યા જ છે. ને તે તો થાય જ. જ્યારે આપણે સત્સંગમાં આવ્યા, સમજણ આવી ગઈ, તો પછી એ વિચાર આપણે મનમાં લાવવાનો નથી કે આપણું માન થયું ને આપણું અપમાન થયું. કારણ કે ભગવાનને રાજી કરવામાં, ગુરુને રાજી કરવામાં બધા પ્રસંગો આવે છે ને આવવાના જ છે. પણ એ બધાની અંદર એ રાજી થતા હોય એમાં આપણે રાજી થઈને વર્તવું. એટલે કોઈ જાતનો વાંધો ન આવે. યોગીબાપા કહેતા ને, 'નાને સે હો નાને રહીએ...' પછી આપણા જીવનમાં એ માન-અપમાન જેવી વસ્તુ લાગવી જ ન જોઈએ. કારણ કે આપણે બધાથી નાના છીએ. ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'આ સત્સંગમાં બધા સમજે છે ને આપણે નથી સમજતા' - એમ

માનવું. બધા આપણાથી મોટા છે, આપણે નાના છીએ એમ સમજવું. એવો ભાવ હોય પછી આપણા જીવનમાં માન, અપમાનનો બહુ વિચાર કે સંકલ્પ ન રહે. બાકી આ જગતમાં અજ્ઞાની માણસો હોય એ કોઈ વખતે ગમે તે કરે તો આપણે સમજવું કે આ એ સમજતા નથી. માટે એનું દુઃખ લગાડવાનું હોય નહીં! એને માટે વિચાર કરવાનો હોય નહીં કે એ આમ બોલ્યા કે આમ કર્યું. એ અજ્ઞાની માણસો છે, એ જેમ બોલવું હોય, જેમ લખવું-કરવું હોય તે કર્યા કરે. ને આપણે આપણા મારગે. એને માટે આવો વિચાર હોય એટલે આપણને બહુ વાંધો ન આવે.

પ્રશ્ન : શ્રીજીમહારાજનું કર્તાપણું આપ આટલી પરાકાષ્ઠાએ કઈ રીતે સમજી શકો છો?

સ્વામીશ્રી : એ તો બધાએ સમજવાનું છે! આપણે એકલાએ ક્યાં સમજવાનું છે?! કારણ કે આપણે કંઈ કરતા જ નથી - જે કંઈ કરે છે તે ભગવાન જ કરે છે. ભગવાનની મરજી વિના સૂકું પાંદડું પણ હાલવા સમર્થ નથી. શ્રીજીમહારાજ જ કરે છે. આપણે હાથપગ હલાવવા સમર્થ નથી ને બોલવાય સમર્થ નથી. પછી આપણે ખોટો અહં કરીએ કે આ મેં કર્યું કે મારાથી થયું એ તો નકામું, મિથ્યાવાદ છે. શ્રીજીમહારાજ સિવાય કશું બની શકે એમ જ નથી, એ જ બધું કરે છે. એમ સમજવું એ આપણી ભક્તિ, આપણું સેવકપણું છે.

શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે : ગમે તેટલા આપણે મોટા થઈએ તોય ભગવાનના તો દાસ જ છીએ. ભગવાન જ સર્વ કર્તા છે. ભગવાન જેવા ઐશ્વર્ય પામે તોય પણ 'હું ભગવાનનો દાસ છું.' એ તો આપણા જીવનમાં હોવું જ જોઈએ. આપણે સેવક થવાનું છે. ભગવાન થવાનું નથી. એ તો હકીકત વસ્તુ છે. આપણું જ્ઞાન, આપણો સિદ્ધાંત આપણને એક જ શીખવે છે કે આપણે તો અહીંયા પણ સેવક રહેવાનું છે ને મુકતદશામાંય સેવક રહેવાનું છે. એ રીતે આપણા ગુરુઓ વર્ત્યા છે. તેઓ કોઈ દિવસ દાસભાવથી બીજી વાત લાવ્યા નથી.

આપણી ઉપાસનાની દૃઢતા શું? કે સર્વોપરી, કર્તા, સાકાર ને પ્રગટ. આ ચાર વસ્તુ દૃઢ થાય ત્યારે આપણી ઉપાસના દૃઢ થઈ. તેમાં ભગવાનનું કર્તાપણું તો દરેક ક્ષણે આપણે રાખવાનું છે.'

આટલી વાત કરીને સ્વામીશ્રીએ ગુણાતીત દ્વિશતાબ્દી મહોત્સવમાં

આવેલાં વિઘ્નોનો ઉલ્લેખ કર્યો કે ગુજરાતમાં વરસાદ ખેંચાયો, અનામત વિરોધી ઉગ્ર આંદોલન જાગેલું, શૈક્ષણિક જગતના પ્રશ્ને પણ ચકચાર જાગી ગયેલી, પાકિસ્તાન સાથેના યુદ્ધનાં પણ એંધાણ વરતાતાં હતાં... આવા અનેક પ્રશ્નો વચ્ચે મહોત્સવ સફળતાપૂર્વક ઊજવી શકાશે કે કેમ એ મોટો પ્રશ્ન હતો. પરંતુ મહોત્સવના પ્રારંભ સમયે આ બધા પ્રશ્નો ઉકલી ગયા.

તે વાતો વિસ્તારથી કરીને સ્વામીશ્રીએ કહ્યું : 'એ બધો ભગવાનનો પ્રવેશ લાગ્યો કે આ ઉગ્ર વાતાવરણમાં પણ ભગવાનની દયાથી કામ થઈ ગયું. બાકી તો ક્ષણે ક્ષણે એટલા બધા ચારેય બાજુના જુવાળો આવે કે આમ થશે ને તેમ થશે... પણ આપણને એક જ વસ્તુ તે દા'ડે હતી કે શ્રીજીમહારાજ ને ગુણાતીતાનંદ સ્વામીનું કાર્ય છે. બ્રહ્મનો પ્રવેશ છે ને શ્રીજીમહારાજ કર્તા છે - એટલે આ બધા વાતાવરણમાં શાંતિ એક જ રહેતી હતી કે મહારાજની ઇચ્છાથી સારું થશે. બસ, એટલે કોઈ દિવસ મનમાં ચિંતા જેવું નથી થયું કે ઊંઘ નથી આવી એવું નથી થયું. મનમાં ૨ આટલી હતી કે આ મહારાજનું કાર્ય છે, ને મહારાજ કરે છે. મહારાજ સારું કરશે. લાજ એમને હાથ છે. એમનું કાર્ય હતું. આપણે તો એમને રાજી કરવા માટે કરતા હતા, એટલે આપણને એટલી શાંતિ હતી ને થયું ય સારું ને સર્વોપરી! બધાને સો ટકા સંતોષ થઈ ગયો...

યુવકો સાથેની એક પ્રશ્નોત્તરીમાં વ્યક્ત થતું સ્વામીશ્રીનું વ્યક્તિત્વ માણીએ.

પ્રશ્ન : તિલક-ચાંદલો કરતા યુવકોને શરમ આવે છે તો એ શરમ દૂર રીતે થાય?

સ્વામીશ્રી : 'લગન કરવાનાં હોય ત્યારે સાસુ ચાંદલો કરવા આવે (કોઈ ના પાડે છે? એ તો આમ (સાભિનય) ડોકું ધરી દે! વરઘોડા પર પણ તરત બેસી જઈએ છીએ. ત્યારે આ તો ભગવાનને રાજી કરવાની વસ્તુ છે. ચોરી, જુગાર કે એવી ખોટી વસ્તુ કરતા હોઈએ તો શરમ હોય. આમાં તો એવું નથી. આ તો સંપ્રદાયનું ચિહ્ન છે. આપણે તિલક-ચાંદલો કરીએ ત કોઈને નુકસાન નથી. એના વેપારમાં ખોટ આવે છે? કશું જ થતું નથી. માટે કો'કને ગમે કે ન ગમે એનો વિચાર ન કરવો. આ નથી થતું એ મનની નબળાઈનું કારણ છે. લોકોને તો તમે સારો અભ્યાસ કરો એ ય નથી ગમતું. તો શું અભ્યાસ મૂકી દો છો? નોકરી-ધંધો-ખેતી મૂકી દો છો? એને ન ફાવે

તો એના ઘેર જઈને સૂઈ જાય. નુકસાન કરતા હોઈએ તો ડરવાની વાત છે. આ તો ભગવાનની પ્રસન્નતાનું ચિહ્ન છે.

આપણા બાપ-દાદા ધોતિયું પહેરતા. અત્યારે પેલું લાંબું (સલવાર-કમીઝ) નીકળ્યું છે. બાપ-દાદાને ન ગમે તો ય ચટાક-પટાક ફરીએ છીએ.એમાં શરમ નથી તો તિલકમાં શરમ શું? આ જે કંઈ આપ્યું છે એ ભગવાને આપ્યું છે તો એમને યાદ કરીને જ બધું કામકાજ કરવામાં વાંધો શું? એક વખત કરશો પછી તમને ય સંકોચ નીકળી જશે. આ અમને કોઈ કહેતા નથી.કહેતા હતા તમારા જેવા જ, પણ અત્યારે સૌ સામેથી બોલાવે છે, માટે સંકોચ રાખવાની જરૂર નથી. (તા. ૮-૮-૮૬, વિદ્યાનગર)

પ્રશ્ન : આપને આટલો બધો ભીડો (સતત કષ્ટદાયક પરિશ્રમ) હોવા છતાં અખંડ આનંદમાં કેવી રીતે રહી શકો છો? ભીડાનો ભાર નથી લાગતો?

સ્વામીશ્રી : જો ભીડો મનાય તો ભાર લાગે, ન મનાય તો ભાર ન લાગે. આ ભીડો તો દેહનો કે પોતાના સુખ માટેનો નથી. આ તો શ્રીજીમહારાજ ને ગુરુઓનો છે. એમને રાજી કરવાની વાત હોય તો ભીડો શેનો? જગતમાં તમે બધા રાત-દિવસ પડ્યા છો તો ભીડો મનાય છે? અને જો ભીડો મનાતો હોય તો બધા અહીં આવીને બેસી જાઓ! પોતાની વસ્તુ માની છે. ભગવાન માટે જ દેહ ધર્યો છે ને એમને રાજી કરવા દેહ ધર્યો હોય તો ભીડો હોઈ શકે નહીં. ભગવાનનું કાર્ય તો બધાએ કરવાનું છે ને એનો ભીડો બધાએ વેઠવાનો છે. આ આપણું મનાશે તો યુવકોની પ્રવૃત્તિનોય સહેજેય ભાર નહીં જણાય. પોતાનું નથી મનાતું એટલે થતું નથી. પ્રવૃત્તિનો ભાર આપણે શું કામ માથે લઈએ? કર્તા મહારાજ છે! આ રીતે સેવા કરીએ તો એનો આનંદ આવશે : 'અહો...! બહુ સરસ સેવા મળી.'

પ્રશ્ન : આપને કેવા યુવકોને જોઈને ખૂબ જ આનંદ થાય? શા માટે?

સ્વામીશ્રી : યુવકોમાં નિયમ-ધર્મ, આજ્ઞા-ઉપાસના, ચારિત્ર્ય આ બધું દૃઢ હોય તો જરૂર આનંદ થાય. અનુવૃત્તિ પ્રમાણે જીવન હોય અને જે આદર્શ (યુવક) કહેવાય એના ઉપર સહેજે જ હેત-પ્રીત થાય. આમ તો બધા જ એ માર્ગે ચાલ્યા છે એટલે બધા ઉપર હેત છે.

બીજું, બહાર ગમે ત્યાં જાય તો ય લેવાય નહીં. અડગ રહે. પોતાની ઉપાસના અને ગુરુનિષ્ઠામાં પણ દૃઢ રહે. સંપ્રદાયના જ્ઞાનમાં દૃઢ રહે. બધા પ્રસંગોમાં બીજાને એ જ્ઞાન આપી શકે. હિંદુ તરીકેની અસ્મિતા દૃઢ હોય.

આપણે શ્રીજીમહારાજને રાજી કરવા આવ્યા છીએ તો જીવન પણ એવું બનાવવું જોઈએ ને? એ કાંઈ બીજી રીતના દેખાય કે સારાં કપડાંથી રાજી થાય? ગમે તેટલી સજાવટ કરીને જઈએ તોય જગતમાં કોઈ એડમીશન કે નોકરી આપે? એમાં તો સારો અભ્યાસ ને લાયકાત જોઈએ. એમ આમાં પણ લાયકાત ધરાવતા હોઈએ તો આશીર્વાદ લેવાનીય જરૂર નથી...

ઉત્સવો-પર્વો : સ્વામીશ્રીની નજરે

દિવાળી એટલે આપણે મન ફટાકડા અને મીઠાઈ...

ઉત્તરાયણ એટલે આપણે મન પતંગ ને દોરો...

જન્માષ્ટમી એટલે આપણે મન જુગાર.

પરંતુ સ્વામીશ્રીને મન ઉત્સવોનું અસ્તિત્વ એટલે ખાલી મનોરંજન નથી. આપણા આવા ઉપરની સપાટીના ખ્યાલોને લીધે જ ઉત્સવોને દિવસે આપણું મનોરંજન હલકું અને વિકૃત બનવા લાગ્યું છે. એમાં આધ્યાત્મિક પવિત્રતા તો ઠીક પણ લૌકિક પવિત્રતા પણ રહી નથી. આવું બધું જોતાં ખરેખર એમ અનુભવાય કે માણસ વાસુદેવનો નહીં પણ વાસનાનો પૂજારી બની ગયો છે. આવી સત્ત્વહીન મનોવૃત્તિમાં સત્ત્વશીલતા પ્રગટાવતી સ્વામીશ્રીની વાણીમાં ચિનગારીનો સંસ્પર્શ અનુભવાય છે. આ ચિનગારી ભડકો નથી કરતી પણ અજવાળાં પાથરે છે. સમાજને અંતરમાં દૃષ્ટિ કરવાની તક મળે છે.

ઉત્સવો તેમજ એવા કેટલાક પ્રસંગોમાં પ્રયોજાતી સ્વામીશ્રીની વાણીમાં અનુભવાતી સારદૃષ્ટિ અને સંપર્કને રજૂ કરવાની ક્ષમતા ઉપર થોડી નજર કરીએ.

શુભ દીપાવલી

'આ મનુષ્યનો દેહ મળ્યો એ જ દિવાળી. આપણે આ દેહને નરક નહીં પણ મંદિર બનાવવાનું છે ને એમાં ભગવાનને પધરાવવાના છે. દયા, શીલ, સંતોષ એ બધા એ મંદિરના શણગાર છે. બહારથી ઊજળા ને અંદરથી મેલા હોય એવા શું કામના ?! અંતર શુદ્ધ કરી ભગવાનને આ દેહમંદિરમાં પધરાવવા. પંચવર્તમાનરૂપી તોરણ લટકાવવાં.

'વા'લાનાં (ભગવાનના) વચનરૂપી દીપમાળ પ્રગટાવવી. વા'લાનાં વચન (આજ્ઞા) સારધાર પાળીએ તો અંતરમાં દીવો પ્રગટે ને અજ્ઞાનરૂપી અંધકાર ચાલ્યો જાય. ચિત્ત શુદ્ધ હોય તો સર્વસુખના ધામ શ્રીજીમહારાજ અંતરમાં

અખંડ બિરાજે. આપણે મન એ જ દિવાળી છે.'

ઉત્તરાયણ

'આજે ઉત્તરાયણનો દિવસ છે. આ પર્વ પરમાર્થનું કહેવાય. પરમાર્થ કરવાનો મહિમા છે. આવા ઉત્સવોથી જીવનમાં ભક્તિ દૃઢ થાય છે. માણસમાં સહેજે જ ધર્મભાવના વધે છે. એનાથી જીવન શુદ્ધ અને પવિત્ર બને છે. આપણે ઉત્સવ તો ઉજવીએ છીએ, યથાશક્તિ દાન પણ કરીએ છીએ. પણ સાથે સાથે ભગવાન માટે કાંઈક કરવાનું છે. એમની આજ્ઞા પાળીને રાજી કરવાના છે. દક્ષિણના સૂર્ય આજથી ઉત્તરના થશે. ઉત્તરનો ભાગ ઊર્ધ્વગતિનો માર્ગ છે. આપણને આ મનુષ્યદેહ ઊર્ધ્વ જવા માટે મળે છે. માટે આજથી એવું કામ કરવું કે આપણે ધામને પામીએ. મન-કર્મ-વચને દોષિત ના બનીએ અને હંમેશાં ચઢતી કળા રહે. જીવનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ વધારે થાય એના માટેનો આ દિવસ છે. આપણે ઉત્તરમાં એટલે કે ભગવાન તરફ જવું છે. ઊર્ધ્વગતિ શું? ભગવાનની નજીક જવું તે. માટે એ રાજી થાય એવા સ્વભાવ કરવા. એ જાતનો થોડો થોડો પણ પ્રયત્ન કરીએ તો ઘણું કાર્ય થાય એમ છે-આપણે જગતની દૃષ્ટિએ લાગતા મોટા માણસોને મળવાના કેટલા ઉપાયો શોધીએ છીએ? એમ ભગવાન તરફ જવા માટે પણ પાઠ-પૂજા, દેવદર્શન, સંત-સમાગમ એ આવશ્યક વસ્તુ છે. એ આપણને ભગવાનની નજીક લઈ જાય છે. સંતના સમાગમમાં રહીને આપણે જેટલું કરીશું એટલા ભગવાનની નજીક જવાશે. આપણે આ રીતે પાત્ર બનીએ જેથી ભગવાનની દૃષ્ટિ આપણા ઉપર પડે અને ભગવાનના પ્રીતિપાત્ર બનીએ. આપણે તો શુકદેવ, જડભરતના માર્ગે જવું છે. એમણે જે ઉપાયો કર્યા છે એ ઉપાયો કરવા છે. મારગ કઠણ છે. ઊંચે ચડવાનું છે. ઢળતા ઢાળે તો ઢળી પડતા વાર નથી લાગતી. કરોડપતિ થવું એ કઠણ છે. પણ એક દાડે કરોડ ઉડાડી દેવામાં વાર નથી લાગતી. એમ જગત તરફ આપણું ચિત્ત છે, એટલે એમાં પ્રીતિ થતા વાર ન લાગે પણ જ્ઞાન માર્ગે જવું કઠણ છે. વસમું લાગે. પરંતુ આ વાત કરે જ છૂટકો છે. કરવા મંડે તો કઠણ પણ નથી. જે જે ભક્તો થયા એ આપણા જેવા જ હતા છતાં ભગવાન પાસે પહોંચ્યા હતા. આજે એ જ નિશ્ચય કરવાનો છે. એક એક સ્વભાવ મૂકવા માંડો તો બધા મુકાઈ જાય. એમ અંતે સફળતા પ્રાપ્ત થઈ જાય. આ વસ્તુનું બળ આવે એ માટે સંત સમાગમ છે. સંસારની ભુલવણીમાં પડ્યા છીએ. સમાગમથી સાચો રસ્તો મળી જાય છે.

આધ્યાત્મિક માર્ગ એ એમની પાસેથી પ્રાપ્ત થાય છે. એમનું જેટલું સેવન કરશું એટલું કાર્ય થશે. એ માટે તને, મને, ધને સેવાઓ કરીને પ્રસન્નતા મેળવવાની છે. બુદ્ધિ આપી છે તો વિવેકથી કામ કરવાનું છે.'

જન્માષ્ટમી

'આજે જનમાષ્ટમીનો દિવસ છે. દર વર્ષે આ ઉત્સવ અહીં ઉજવાય છે. ભગવાનની કથા-વાર્તા-ધ્યાન ભજનમાં વૃત્તિ રહે એ ઉત્સવ ઊજવ્યો કહેવાય. પણ આજે તો આખો દિવસ જુગાર રમાશે. આ કંઈ ઉત્સવ ઊજવ્યો કહેવાય? જુગાર રમવાથી ફાયદો શું? લોકો કહે ઘર ઘરમાં જ રમીએ છીએ ને? પણ પાંડવો-કૌરવો ઘરમાં જ રમેલા ને! લાસ-વેગાસ કે નેપાળ ઓછા ગયા'તા? આજે ભગવાનને ખાસ પ્રાર્થના કે જે દૂષણો પેઠાં છે એ ચાલ્યાં જાય.

ભગવાને તો કહ્યું : 'યદા યદા હિ - 'અધર્મનો નાશ કરવા હું આવ્યો છું. જ્યારે જુગાર શું છે? ઊલટું આપણે તો અધર્મ ઊભો કરીએ છીએ. કલબોમાં બધં આ જ ચાલે છે. દારૂ કે જુગાર આ બધાને પ્રોત્સાહન મળવું જ ના એ.

કૃષ્ણે આવીને આસુરોનો નાશ કર્યો. કંસ અને શિશુપાલ આતંકવાદીઓ જ હતા. એમનો એમણે નાશ કર્યો. આજે હૃદયમાંથી પ્રાર્થના કે અત્યારે એ બહુ ચાલ્યું છે તો એનો પણ નાશ થાય.'

નવરાત્રિ

'ઉત્સવો એટલા માટે છે કે આપણી ભક્તિભાવના વધે. નવરાત્રિ પણ ાણી સંસ્કૃતિનો ઉત્સવ છે. પણ આજે નવરાત્રિ જેવું જ ક્યાં રહ્યું છે? બિઝનેસ થઈ ગયો છે. ગાયકો બોલાવે, પૈસા રાખે ને ડીસ્કો થાય.. છોકરા... છોકરીઓને પછી ફ્રેન્ડશીપ થાય ને દૂષણો પેસે... આમાં બિચારા માતાજી મૂંઝાય... કે મને અહીં ક્યાં પધરાઈ? માતાજીને બોલાવે કે 'ચાચરના ચોકમાં ગરબે રમવા આવો...' પણ માતાજીનો કૂકડો તો એ ખઈ ગયો હોય પછી આવે ક્યાંથી ? ગરબા રમે એનો વાંધો નહીં પણ દરેક પોતાની મર્યાદામાં રમે. પુરુષો પુરુષોમાં ને સ્ત્રીઓ સ્ત્રીમાં રમે - ને ભજનો ગવાય તો પવિત્રતા અને સંસ્કાર સચવાય.'

એજ રીતે ગુરુપૂનમ, દેવપોઢી-દેવઊઠી એકાદશી, રામનવમી, રક્ષાબંધન, ા જેવા ઉત્સવોનો આત્મા ખોવાઈ ન જાય એ માટે સ્વામીશ્રી પ્રહરીનું

કામ કરે છે. સ્વામીશ્રી પ્રણાલીના પોષક છે. સાથે સાથે આજની પેઢી, આજના સત્સંગીઓ, આજનો સમાજ કેવો હોવો જોઈએ એ અંગેની સ્વામીશ્રીની કલ્પના પણ તેઓના જ ઉપદેશ દ્વારા આપણને મળી રહે છે

કાર્યકરોને

'આજે નવા પ્રમુખ નિમાયા. હોદ્દો તો સામાન્ય વસ્તુ છે. આ બધું તો વ્યવસ્થાની દૃષ્ટિએ કરવું પડે. જેથી જવાબદારી સમજીને કાર્ય થાય, પરંતુ આમાં તો બધાને માથે જવાબદારી છે. અહીં તો 'ગાયો વાળે એ ગોવાળ' એમ બધા પ્રમુખ છીએ. ભગવાન ને સંત રાજી થાય એ કરવાનું છે. સૌથી પહેલાં તો આપણો સત્સંગ દઢ કરવો છે. પ્રમુખ કે સેક્રેટરી કે જે બન્યા હોય એની એકલાની આ જવાબદારી નથી. આપણે બધાએ કરવાનું છે. એમને એકલાએ જ ધામમાં જવાનું છે ને આપણે નથી જવું? માટે ઉત્સાહ રાખીને સ્થાનિક મંડળને ઉત્સાહવાળું કરીએ. આ મુંબઈ જેવું શહેર છે. અજંપા નગરી એમાં પ્રલોભનો જબરદસ્ત આવે પણ ગમે એવાં પ્રલોભનો વચ્ચે આપણે એક જ ધ્યેય રાખવાનો છે : 'મહારાજ અને સ્વામીને રાજી કરવા છે.' બહારનું સુખ તો ક્ષણિક છે. બહાર પૈસાનાં-રૂપનાં ને બીજાં પ્રલોભનો ઘણાં છે, એટલે જ યોગીબાપાએ આ યુવકોનું કાર્ય શરૂ કર્યું છે. અહીં આવવાથી સત્સંગ દઢ થાય. વિચારો શુદ્ધ થાય. આજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ થતું હોય એ ન જ થાય એવો આપણો દઢાવ જોઈએ. આજે સમાજમાં, ક્યાંય કોઈ ચારિત્ર્યવાન દેખાતો નથી. એમાંથી બચીને બહાર નીકળવાનું છે અને બીજાને પ્રેરણા આપવાની છે. બીજાને સાચી સહાય આપી શકે એવો સમાજ આપણે ઊભો કરવો છે. સારા માણસો હશે તો સમાજ, દેશ સારા થશે. ધર્મનો પણ વિકાસ થશે.

'જીવનમાં બહુ રજોગુણની જરૂર નથી. રજોગુણ કરવાનો હેતુ શું છે? 'બસ! બધા મારા સામું જુએ ને મને પસંદ કરે. સારા દેખાવા માટે ટાપટીપ કરીને સમય બગાડીએ છીએ, એના કરતાં સત્સંગ વધારે થાય એ ટાપટીપમાં સમય કેમ ન કાઢવો? સારા ભક્ત, સારા સંત, સારા સમાજસેવક બનીએ તો આપણને અને બીજાનેય સુખ આવે. આપણને અને બહાર પણ શાંતિ રહે. જેટલા રજોગુણી રહીશું એટલા સંસ્કાર ઓછા થશે અને એટલા જ દુઃખી રહેવાના. પછી વૃત્તિઓ બહાર ફેલાઈ જાય એટલે અભ્યાસમાં પણ ચિત્ત

ચોંટે નહીં. પછી શું કરે? હડતાલ ચાલે.

'આપણે સત્સંગ એવો કરવો છે કે બધાથી આગળ નીકળવું છે. એમાં કષ્ટ પડે જ. વાતાવરણ અત્યારે આવું છે એટલે એમાં જૂની વાત કરીએ તો સારા ન લાગીએ. લોકો જૂનવાણી કહે. પરંતુ આપણે આધુનિક સગવડોનો ઉપયોગ કરવાની ના નથી. ઉપયોગ કરવો પણ નિયમધર્મમાં રહીને. ભલે એમાં એકલું રહેવું પડે તો રહેવું. ગમે તેવા સંજોગોમાં પણ અચળ જ રહેવાનું. તો બળ રહે. નહીં તો જો સૌની જેમ લોલંલોલ કરવા માંડીએ તો બળ ના રહે. માટે સૌથી પહેલો પોતાનો સત્સંગ દૃઢ કરવો. નિયમધર્મ સચવાય એ રીતે જ દરેક કાર્ય કરવાની વાત છે. ધર્મ-નિયમ પાળવામાં ઘણી વખત ભૂલ પણ થશે, પણ એને લઈને નિરાશ ન થવું, અને અહીં આવવાનું મૂકી ન દેવું. અહીં આવશો તો જ સુધરાશે. બળ મળશે. એ તો રસોડામાં કામ કરતા દાઝી પણ જવાય. આપણે તો ભૂલો સુધારીને આગળ વધવું છે. કાર્ય આગળ ધપાવવું છે એવો ધ્યેય રાખવો. પાછા ન પડવું. ભગવાનનો પ્રતાપ એવો છે કે સામાન્ય હોય એય બળિયો બની જાય.

'યોગીબાપાનો ધ્યેય તો એ છે કે બ્રહ્માંડને સત્સંગ કરાવવો છે. આપણે બ્રહ્માંડમાં ન થાય તો કાંઈ વાંધો નહીં, મુંબઈને તો કરીએ. કરોડની વસ્તી છે - એકે એક પાસે પહોંચવું છે. જિંદગી સુધી કામ ખૂટે એમ નથી. આપણી આળસને લીધે ઉત્સાહ ઘટે છે. નવા કાર્યકર્તાઓને બળ મળે. બધી રીતે શાંતિ મળે. આપણે સૌ એ બધાને સંપૂર્ણ સહકાર આપીએ ને સત્સંગ કરાવીએ.

'જે સંસ્થામાં શિસ્ત અને આમાન્યા નથી એ સંસ્થા આગળ વધી ન શકે. શિસ્ત અગત્યની વસ્તુ છે. ૫૦૦ પરમહંસો બુદ્ધિશાળી હતા છતાં મહારાજની આજ્ઞા મનમાં બેઠી ન બેઠી તોય એના સામીજ સૂરત રાખી તો પ્રગતિ થઈ. એ રીતે મંડીએ તો કામ થાય.'

સત્સંગી યુવાનોને...

'યોગીબાપાએ આપણને હૃદય કહ્યા છે. હૃદયની કિંમત કેટલી?! એ સ્થાન બાપાએ આપણને આપ્યું છે. જે સ્થાન કોઈને ન મળે એ સ્થાન આપણને મળ્યું. કેટલી કૃપા! તો હવે એ સ્થાનને આપણે શોભાવવાનું છે. જોગીબાપા જેમ રાજી થાય એ રીતે કાર્ય કરવા તત્પર રહેવું. આજીવન

નિયમ-ધર્મ પાળવા. જોગીબાપાને જે ગમે એ જ કરવું ને ન ગમે એ ન કરવું. આ દઢતા સાથે રહેવું એ હૃદયના સ્થાનની વિશેષતા છે. હૃદયને મજબૂત કરીશું તો જોગીબાપા આપણામાં રહીને કામ કરી શકશે. મજબૂત કરવું એ આપણા હાથની વાત છે. સ્વામીએ બ્રહ્માંડમાં સત્સંગ વધારવાની વાત કરી છે. એ કોના દ્વારા? આપ સૌ દ્વારા. માટે એ માટે તત્પર થવું. આ ભગવાનની નોકરી સમજી લેવી.'

આધ્યાત્મિક માર્ગમાં જેટલાં વળગણ વધારે એટલાં વિઘ્નો પણ વધારે. સાંસારિક વળગણો તો મૂકવાનાં જ છે. પરંતુ અંદર રહેલા કામ-ક્રોધ-માન વગેરે દોષોનાં વળગણોથી પણ બચવું જ પડે, નહીં તો સત્સંગને ઘસાઈ જતાં વાર ન લાગે. એટલે સત્સંગીઓનું કર્તવ્ય સ્વામીશ્રીએ ઘણીવાર નિર્દેશ્યું છે.

મહિલાઓને સમજવા યોગ્ય વાતો

૧. આપણાં બાળકોને સંસ્કાર આપવાનું કામ આપણું જ છે. એ વાત સમજીને બીજી પ્રવૃત્તિમાં જોડાવું.

૨. ખોટા વહેમોમાં ફસાવું નહીં. અતિભાવુકતા વિવેકભ્રષ્ટ બનાવે, અતિ રજોગુણ ચારિત્ર્યભ્રષ્ટ બનાવે છે અને અતિ ઘમંડથી કુટુંબની વ્યવસ્થાનું ભંગાણ થાય છે.

૩. આજકાલ તો લગન કરીને આયા ને બીજે દિ છૂટા થવાની વાત કરે. જુદા ઘરની જ વાત, લ્યા! જે મા-બાપે ઉછેર્યાં એની સેવા કરો ને! પણ નહીં. વહુને એના સાસુ-સસરા ના ગમે... અને સાસુએ પણ સમજવું જોઈએ. હોંશે હોંશે દીકરાને પરણાવ્યો હોય ને જેવી વહુ ઘરમાં આવે એવી ખખડાવવા મંડે. એમ ના સમજે કે હુંય એક દિવસ વહુ હતી, ત્યારે મારે કેવી વીતી હતી? કદાચ કંઈ ન આવડતું હોય તો શાંતિથી શિખવાડવું જોઈએ.. પારકા ઘરની દીકરી સમજે છે, પણ તેને પોતાની દીકરી જ સમજવી જોઈએ અને વહુએ પણ સાસુ સસરાને મા-બાપની જેમ રાખવાં જોઈએ.'

*

સમયને સમજીને, વર્તમાન પ્રસંગને રૂપક બનાવીને એમાંથી આધ્યાત્મિક સાર આપવાની તેઓની રીત પણ અલૌકિક છે.

પાલેજમાં સ્વામીશ્રી ગેસના બાટલા બનાવવાના કારખાનામાં

પધરામણીએ ગયા હતા. કારખાનાનું નિરીક્ષણ કર્યા બાદ પ્રસ્તુત વિષયમાંથી ઉદ્ભવેલો આધ્યાત્મિક અર્થ ઘટાવતાં સ્વામીશ્રીએ સૌને વાત કરી :

'આ ગેસના બાટલા બનાવવાનું કારખાનું છે. ગેસમાં સહેજ ગાફલાઈ રાખીએ તો લાખોનું નુકસાન. ભડાકા થાય. માણસો મરે. એમ જીવન પણ એવું છે. એને ભગવાનના આદેશ મુજબ પૂરું કરીએ તો શ્રેય થાય અને જો વ્યસન, દૂષણ, પાપાચાર, વ્યભિચારમાં વાપરવાની ગાફલાઈ રાખીએ તો અધોગતિ અને નુકસાન.'

તરેડી ગામના ભેંસલા હનુમાનમાં પહેલી જ વાર ગામમાં આવેલી ટનું ઉદ્ઘાટન કર્યા પછી કહે : 'અહીં આજે લાઇટ થઈ. પણ ભગવાને આપણને જે લાઇટ આપી છે એવી કોઈ કરી શકે એમ નથી. આત્મા એ ભગવાનનો મૂકેલો ફયુસ (ફયુઝ) છે. એ છે તો આંખેથી જોઈ શકીએ છીએ. કાનથી સાંભળી શકીએ છીએ. બાકી ગમે એવો બળવાન હોય પણ અંદરથી આ ફયુસ ગયા પછી સ્મશાન ભેગો જ કરવાનો. ભગવાને આપેલી લાઇટ જો સારું જીવન જીવીશું તો ઉપયોગી બનશે, નહીં તો પછી ભર દિ અંધારામાં છીએ. જે ખોટે રસ્તે છે, જે વ્યસની છે એ લાઇટમાં હોય તોય અંધારામાં જ છે.'

૪. સમન્વય

સમન્વયના સેતુ

આજના જમાનાને સૌથી વધુ શેની જરૂર છે?

અલબત્ત ! સમન્વયની.

હૃદયં હૃદય વચ્ચેનો સમન્વય.

મા-બાપ, પિતા-પુત્ર, સાસુ-વહુ વચ્ચેનો સમન્વય.

જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચેનો સમન્વય.

શેઠિયા ને વેઠિયા વચ્ચેનો સમન્વય.

ધર્મ-ધર્મ વચ્ચેનો સમન્વય.

ધર્મ-વિજ્ઞાન વચ્ચેનો સમન્વય.

માણસની મનોભૂમિકા અને આધુનિકતાની તેજગતિ વચ્ચે આજે એટલું બધું અંતર પડી ગયું છે કે ન પુરાય એવી તિરાડ સ્પષ્ટપણે જોઈ શકાય.

જેકીલ અને હાઈડની વિભક્ત મનોદશામાં જીવતા માણસમાં પોતામાં જ સંવાદિતા નથી અને પરિણામે માણસ સાથે સંકળાયેલાં બધાં જ ક્ષેત્રોને વિસંવાદિતા આભડી ગઈ છે. સ્વામીશ્રીએ આ દુર્ભેદ્ય કવચને ભેદ્યું છે, એમના ઉપદેશો દ્વારા. એમણે પોતાના ઉપદેશોને સીમાડે બાંધ્યા નથી. સ્વામીશ્રીએ ન્યૂયોર્કમાં એક વાર વાત કરી હતી. 'શ્રીજીમહારાજ અને સંતોનું કાર્ય બ્રોડગેજનું છે. નેરોગેજનું નથી.' સ્વામીશ્રી ઘણીવાર કહે છે : 'સમાજને સાંધે એ સંત.' સ્વામીશ્રીના ઉપદેશોએ સમાજને કેવળ સાંધ્યો જ નથી, તાણાવાણાની જેમ ગૂંથ્યો છે. સ્વામીશ્રીના ઉપદેશો પુરાતન પરંપરાનું ફળ અને આધુનિક પરંપરાના બીજ સમાન છે. સ્વામીશ્રી અણુયુગના શ્રેષ્ઠ સમન્વયસ્રષ્ટા છે.

રુષ

ગ્રહોના સીમાડાને સ્પર્શનાર માનવીના પૂર્વગ્રહોના સીમાડાઓ હજી અકબંધ છે. સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારીએ તો જણાય કે પૂર્વગ્રહે કેટલા નાના નાના સીમાડાઓ સર્જ્યા છે ! ગર્વ, સ્પર્ધા, ઈર્ષ્યા, મત્સર જેવા અનેક આયુધો વડે આજનો માનવી સ્વકેન્દ્રી (Self Centered) થતો જ રહ્યો છે. સ્વામીશ્રી કહે છે : મારાપણામાંથી મુક્તિ ના મળે ત્યાં સુધી એનું નાળિયેર ઘર ભણી જ વળશે. સ્વામીશ્રી ધુવારણમાં બોલ્યા હતા, 'કૂવાના દેડકાને પૂછો કે દરિયો કેટલો? તો કૂવામાં જ આંટો મારી કહેશે : 'આટલો.' એમ માણસ જ્યાં સુધી સંતોના સમાગમમાં નથી આવતો ત્યાં સુધી તેની દુનિયા બૈરાં-છોકરાં પૂરતી જ હોય છે, પરંતુ સંતના સમાગમથી વિશાળતા આવે છે. વાલિયો બૈરાં-છોકરાં માટે જ હજારોનો ઘાણ કાઢતો, પણ નારદજી મળ્યા પછી વિશાળતા આવી તો રામાયણ રચીને હજારોનું કલ્યાણ કર્યું.

આજના યુગને એવા યુગપુરુષની જરૂર છે જેની દૃષ્ટિમાં વૈશ્વિકતા હોય, જેનાં કાર્યોમાં વૈશ્વિકતા હોય, જેના ઉપદેશોમાં વૈશ્વિકતા હોય. સ્વામીશ્રી એવા યુગપુરુષ છે. જેમાં ઉપરોક્ત ત્રણેય બાબતોનો સુભગ સમન્વય સુપેરે જોઈ શકાય છે. સ્વામીશ્રીના કેન્દ્રમાં માનવ છે. ખાલી માનવ જ શું કામ? જીવપ્રાણીમાત્ર અને પ્રકૃતિમાત્ર છે. એમની આ ચાહત એમના ઉપદેશોમાં વારંવાર પડઘાય છે.

કોસીન્દ્રા જેવા નાનકડા ગામમાં સ્વામીશ્રીએ કહ્યું હતું '....જેમ કં વસ્તુનો ઘાટ ન ઘડાય ત્યાં સુધી એની કોઈ કિંમત નથી એમ માનવધમ, માનવતા આપણામાં ન આવે ત્યાં સુધી આપણી કોઈ કિંમત નથી.'

આદિવાસીનાં ઝૂંપડાં હોય કે અમેરિકાના મહેલો, સ્વામીશ્રીના ઉપદેશોને એક સૂરે જોઈ શકાય છે : 'સર્વત્ર સૌનું ઉત્થાન.' આ વિચારની પાછળ તેઓની એક વિશિષ્ટ દૃષ્ટિ છે અને એ દૃષ્ટિ છે 'સર્વત્ર ભગવાનને જોવાની.' સ્વામીશ્રીએ નાઈરોબીમાં વાત કરી હતી : 'દરેકમાં ભગવાનને જોવાની દૃષ્ટિ મળે ત્યારે વસુધૈવ કુટુમ્બકમ્ ભાવના જાગે છે.' આ યુગપુરુષનું આ જ યુગકાર્ય છે. દરેકને દરેકમાં ભગવાન જોતા શિખવવાનું. જીવનમાં આ એકડો ઘુંટાઈ જાય પછી દુનિયાની સમૃદ્ધિનાં અને સંબંધોનાં જેટલાં મીંડાં ચઢાવો એની કિંમત વધતી જ જાય.

આંતર ધર્મ સંવાદિતા

આજના બુદ્ધિવાદીઓએ, આજના લેખકોએ ધર્મને ઝનૂનની સાથે સાંકળ્યો છે. પરંતુ એમને એ ખબર નહિ હોય કે આ પણ તેઓનું એક 'કલમ ઝનૂન' જ છે. સ્વાભાવિક છે ધર્મને નામે આજે લોકો ઘણું બધું કરી રહ્યા છે, પણ એમાં ધર્મનો શો વાંક ? ધર્મને નામે જે થઈ રહ્યું છે એનાથી સ્વામીશ્રી ખિન્ન છે.

અમેરિકામાં 'ફેસ્ટીવલ ઑફ સ્પિરીચ્યુઅલ યુનિટી'માં સંબોધન કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું હતું, 'સંપ્રદાયો અલગ છે પણ પહોંચવાનું એક જ જગ્યાએ છે. જે સ્વરૂપમાં શ્રદ્ધા બેઠી તેમાં રહીને ધર્મતત્ત્વને પામી શકાય છે. ધર્મ એક છે. પરમાત્મા એક છે. મૂળને આધારે બધી શાખા છે એ એની વિશેષતા છે...'

ધર્મ તો એક જીવંત પ્રવાહ છે. પોતે તાજો રહે છે અને અનેકને જીવન-પોષણ આપતો રહે છે. એના જ્યારે વિકૃત અર્થો થાય છે ત્યારે એ બંધિયાર બની જાય છે અને ત્યારે એ ગંધાઈ ઊઠે છે. આ એક મહાન કરુણતા છે. આવાં ખબોચિયાંઓએ ધર્મના તેજને ભ્રષ્ટ કર્યું છે.

છેલ્લાં ૧૫ વર્ષની દુનિયા ઉપર નજર નાંખો.

શ્રીલંકામાં	૨૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા.
ઈઝરાયેલમાં	૧૭૧૦ લોકો મૃત્યુ પામ્યા.
ભારતના કાશ્મીરમાં	૧૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા.
પૂર્વીય તિમોરમાં	૧,૦૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા.
તાઝિકિસ્તાનમાં	૪૦૦૦ લોકો મૃત્યુ પામ્યા અને દોઢ લાખ લોકો બેઘર બન્યા.
ઉત્તર આયર્લેન્ડમાં	૩૦૦૦ લોકો મૃત્યુ પામ્યા.
ઈરાનમાં	૧૦,૦૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા.
દક્ષિણ ઈરાકમાં	૭,૫૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા.
ક્રોએશિયામાં	૬૦૦૦ લોકો મૃત્યુ પામ્યા.
બોસ્નીયામાં	૨,૦૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા.
લિબિયામાં	૧,૧૪,૨૪૦ લોકો મૃત્યુ પામ્યા.
સુદાનમાં	૨,૫૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા.

અફઘાનિસ્તાનમાં ૧૦,૮૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા.
તિબેટમાં ૧૦,૦૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા.

ક્યાંક મુસ્લિમ-હિન્દુ, ક્યાંક મુસ્લિમ-ખ્રિસ્તી, ક્યાંક મુસ્લિમ-મુસ્લિમ, ક્યાંક ખ્રિસ્તી-ખ્રિસ્તી, ક્યાંક વળી યહૂદી-ખ્રિસ્તી અને યહૂદી-મુસ્લિમ ધર્મને ઢાલ બનાવીને રાજકર્તાઓએ પોતાના અહમ્‌ને મોટો કર્યો છે, ત્યારે વીલ ડ્યુરાંનું વાક્ય યાદ આવે છે :. 'ધર્મને માટે લડે છે, ધર્મને માટે મરે છે, પણ ધર્મ માટે જીવનારા ને ધર્મને જીવનમાં ઉતારનારા ઓછા છે.'

સ્વામીશ્રીને મન આ ધર્મનું યુદ્ધ નથી અજ્ઞાનનું યુદ્ધ છે. 'ધર્મઝનૂન' શબ્દ તો લેખકોના 'કલમ ઝનૂન'ની નીપજ છે. સ્વામીશ્રીએ આપેલી વ્યાખ્યા : 'પરસ્પર પ્રીતિ પ્રસરાવે તે ધર્મ.' એ કેટલી વિશાળ અને આજના જમાનાને અનુરૂપ છે?! 'સ્વધર્મે નિધનં શ્રેયઃ' આ ગીતાકથનનું પણ સ્વામીશ્રીએ જમાનાને અનુરૂપ મૂલ્યાંકન કરતાં કહ્યું છે : 'હિન્દુ સાચો હિન્દુ બને. મુસલમાન સાચો મુસલમાન બને. ખ્રિસ્તી સાચો ખ્રિસ્તી બને... દરેકે દરેક પોતાના ધર્મમાં દૃઢ બને તો પછી ઝઘડો ક્યાં રહે?..' સ્વામીશ્રીની આ વ્યાખ્યામાં આંતર ધર્મ સંવાદિતાનો રાજપથ જડી આવે છે. સ્વામીશ્રીના જીવનમાં આ વ્યાખ્યા પળે પળે પ્રતિબિંબિત થાય છે. એમણે વસોની મસ્જિદમાં જઈને સભા કરી છે. દેરાસર હોય કે ગુરુદ્વારા કે પછી શિવાલય સ્વામીશ્રી બધે જ પ્રેમથી જાય છે.

સ્વામીશ્રી પોપને પણ મળ્યા છે. રોમમાં થેમ્સ ટી.વી.ના પ્રતિનિધિ શ્રી એન્ડ્રુઝે સ્વામીશ્રીને પૂછ્યું : 'તમે પોપને મળવાના છો તેમાં પ્રજાના ઉત્કર્ષ માટે શું લાભ થશે?'

સ્વામીશ્રીએ કહ્યું : 'સૌથી પહેલાં તો બે ધર્મગુરુઓ સાથે બેસીને દુનિયાની શાંતિ માટે વિચાર કરે તેનાથી અનુયાયીઓમાં એકબીજાના ધર્મ પ્રત્યે ઘૃણા છે તે ઓછી થશે. અમે આ વાર્તાલાપમાં મનુષ્યો વધારે ને વધારે ધર્મ તરફ વળે અને પોતે જે ઈષ્ટને માનતા હોય એમાં વધારે ને વધારે દૃઢતા થાય એનો વિચાર કરીશું.'

સ્વામીશ્રીની આ ભાવનાને હરીન્દ્રભાઈ દવેએ સુપેરે નોંધી છે, 'નદીને ર . મળવાનો ઈશક છે તો પર્વતો તોડીને પણ દરિયાને મળે છે. તેમ સારા નાગરિક બનવું છે તેવો ઈશક હોય તો બાળપણથી જ વર્તન સારું રાખવું... અહીં ચાર શબ્દ મહત્ત્વના છે : સારા નાગરિક બનવાનો ઈશક.'

સારા હરિભક્ત કહીને સ્વામી વાતને સંકોચાવી દેતા નથી. સારા સત્સંગી કહીનેય હદ નથી બાંધતા. માણસ સારો નાગરિક હોય તો સાચો હરિભક્ત પણ હોય, સત્સંગી પણ હોય, ધર્મનો વિશાળ અર્થમાં વિનિયોગ કરતાં આવાં ઉદાહરણો સ્વામીની વાણીમાં અસંખ્ય મળશે.' સ્વામીશ્રીનાં પ્રવચનોમાં મુસલમાનોની નમાજની નિયમિતતા, ખ્રિસ્તીઓની ધગશ અને હિંદુઓના અન્ય ફાંટાઓમાં જે કંઈ સારું છે એની પ્રશંસાનો ઉલ્લેખ વારંવાર મળે છે.

ધર્મ-ધર્મ પ્રત્યે સંવાદ રચી આપનારા સ્વામીશ્રીના કેટલાક ધર્મલાભને જોઈએ:

'ધર્મ તો એક જ છે. જુદા જુદા સ્વરૂપે આપણે ઉપાસના કરીએ પણ ધ્યેય તો ભગવાનને પામવાનો જ છે. મોટા પુરુષોએ આપણને જે જ્ઞાન આપ્યું છે એ માર્ગે ચાલવાનું છે. મહાપુરુષોનો મત એક જ હોય છે. સો શિયાણે એક મત, એમણે તો દરેકનું કલ્યાણ થાય એવો જ આદેશ આપેલો છે પણ આપણે ઓછું સમજીએ છીએ એટલે મારું તારું થાય છે. પોતાના ધર્મમાં ઊંડો ઊતરે તો બીજામાં આદર થાય જ. આપણને, આપણા અહંને હિસાબે બીજા ખરાબ દેખાય છે. પણ દરેકમાં કંઈક સારું છે જ એ જોવાની દૃષ્ટિ રાખશો તો સારું થવાનું છે. મહાપુરુષોએ જે દૃષ્ટિ આપી છે, એને પામવા એવા પુરુષનો સંગ કરવો પડે. યોગીજી મહારાજ એવા પુરુષ હતા. તેઓ દેહભાવથી પર હતા. એવા પુરુષ કહે એમ કરવું. બાકી 'તર્કોઽપ્રતિષ્ઠઃ...' તર્કનું કોઈ પ્રમાણ નથી. આપ સૌ અહીં ભેગા થયા છો. સૌને ધર્મમાં રુચિ છે. એ જોઈને આનંદ થાય છે.'

*

'ધર્મ એ પ્રવચનનો વિષય નથી. ધર્મ એ જીવનમાં ઉતારવાનો વિષય છે. અમૃતના સાગરમાં ડૂબકી મારો તો અમર ન થવાય પણ એક ટીપું અંદર જાય તો અમર થઈ જવાય.'

*

'કોઈ ધર્મ ઝઘડવાનું શીખવતો નથી. ધર્મ તો સૌને એક કરે છે. સત્ય, દયા, અહિંસા, બ્રહ્મચર્ય એ ધર્મ છે. સદાચાર એ ધર્મ છે.'

*

હિંદુ ધર્મ કેટલો વિશાળ છે! તેણે ક્યારેય બળજબરી કરી નથી. પરાણે

પરિવર્તન કરાવ્યું નથી. પોતે સહન કરે તે જ સાચો ધર્મ છે. વૈષ્ણવ, શૈવ, જૈન, શીખ કે ગમે તે હોઈએ, પહેલાં આપણે હિંદુ છીએ. નાના-મોટા એ તો મનના ભાવો છે. આપણામાં ધર્મનું બળ હશે તો બહારના ગમે એટલા પ્રહાર આવશે તેમાં ટકીશું.'

કલ્યાણમય કુટુંબ

'ધરતીકંપમાં ઘરોને વાંધો ન આવે એવી વૈજ્ઞાનિકોએ શોધ કરી છે. પણ જીવનમાં, બંગલા, મોટર, ગાડી ને બધું હોવા છતાં જીવન જ હલબલી ગયાં છે. અહીં રોજ રોજ સંસ્કારના કંપ થાય છે એનું શું? એ ન થાય એ માટે ઘરસભા કરો.'

*

'પહેલાના વખતમાં વડીલો રોજ સાંજે ઘરના બધા સભ્યોને ભેગા કરીને ભગવાનની વાતો કરતા. અત્યારે સૌ ટી.વી. આગળ ભેગા મળે છે. ને એને લીધે આપણા ગ્રંથો અને સંસ્કારો ભુલાતા જાય છે. ઘરસભાની વાતો એટલે જ કરીએ છીએ. રોજ સાંજે એક વાર ભેગા બેસીને જમો, ભેગા બેસીને વાત કરો તો અંદરોઅંદર આત્મીયતા વધે. ભગવાનની પ્રાર્થના કરો તો દુ:ખ હળવાં થાય. બાકી અત્યારે સૌ સૌનું જુદું જ ચાલે છે. પુરુષ પુરુષની રીતે પાર્ટીમાં જતો હોય, બૈરાં બૈરાની રીતે જતાં હોય, છોકરાં એની રીતે જતાં હોય, સૌ સૌની 'ફ્રેન્ડશીપ' જુદી હોય પછી ઘરમાં સમય ક્યાંથી મળે? આપણા કુટુંબ માટે થોડો સમય કાઢવો, રોજ ભગવાનની બે વાતો કરવી એનાથી જ ઘરના પ્રશ્નો ઉકલી જશે. ઘરમાં શાંતિ રહેશે. ઘર સુધરે તો સમાજ સુધરે, અને સમાજ સુધરે તો દેશ અને દુનિયા સુધરશે...'

આ શબ્દો સ્વામીશ્રીના છે. જેમાં કલ્યાણમય કુટુંબ માટેની બધી જ જડીબુટ્ટીઓ મળી આવે છે. એક જ ઘરમાં જુદી જુદી ભૂમિકાઓ નિભાવતી વ્યક્તિઓ રહેતી હોય છે. પિતાને પતિ, પિતા અને સસરાની, સ્ત્રી અને માતા, વહુ અને સાસુની, પુત્રનેય પતિ ને પુત્રની ભૂમિકાઓ ભજવવી પડતી હોય છે. આવા સંજોગોમાં વૈચારિક મતભેદો થાય અને ચકમક ઝરે ત્યારે ગૃહ, સ્મશાનગૃહ જેવું બિહામણું બની જતું હોય છે. મકાન હોય છે પણ 'ગૃહ' નથી રહેતું, અંદરનો કિલ્લોલતો આત્મા મરી પરવારે છે. આ પરિસ્થિતિને સમાજચિંતકોએ 'જનરેશન ગેપ' નામ આપ્યું છે. બે પેઢી

વચ્ચેનું અંતર. બે ભૂમિકાઓ વચ્ચેનું અંતર. બે વ્યક્તિઓ વચ્ચેનું અંતર... આ બધા અંતરો ભૂંસાય અને એક કલ્યાણમય કુટુંબ બને એ માટેની સ્વામીશ્રીની એક જ ફૉર્મ્યુલા છે અને એ છે : 'ઘરસભા.'

આ વિશલ્યકરણી ઔષધિ જેણે ઇસ્તેમાલ કરી છે એને આ અમૃતફળ મળ્યાં જ છે. જે કરશે એ આવા અમૃતના ભોગી બનશે એવી ખાતરી સ્વામીશ્રીને છે જ. સ્વામીશ્રીના આદેશ પ્રમાણે હજારો કુટુંબો 'ઘરસભા'ના માર્ગે ચાલીને અમૃતમય બન્યાં છે અને એ દ્વારા સમાજ, દેશ અને દુનિયાની શાંતિ માટે સિંહફાળો આપી રહ્યા છે.

અનોખી સમન્વય ધારા

શેઠિયા અને વેઠિયા, ઠાકર અને ચાકર વચ્ચેના ભેદ વડે તો ઇતિહાસનાં પાને પાનાં ભરાયાં છે. ગુલામીની પ્રથા આ ભેદનું વરવું પૃષ્ઠ છે. બીજી બાજુ આ ભેદને મટાડવા માટે અપનાવેલી સામ્યવાદી વિચારધારા પણ એટલી જ કલંકિત અને ખોખલી સાબિત થઈ છે. સ્વામીશ્રી સમજે છે કે જગતમાં વૈચારિક ભેદની જેમ આર્થિક ભેદ પણ રહેવાના. એટલે આ વાસ્તવિકતાનો સ્વીકાર કરીને આ ભેદ મટાડવાને બદલે બન્ને વચ્ચેનો સમન્વય સાધવાનો માર્ગ એમણે અપનાવ્યો. જો કે આ સમન્વય એટલે સૌને સમાન જોવાની ભાવનાથીય વિશેષ, આધ્યાત્મિક સમન્વય. સ્વામીશ્રીના આ અભિગમના મૂળમાં આ ભાવના પડી છે કે 'તમે દરેકમાં ભગવાનને જોતા શીખો. પછી કોણ ઊંચ ને કોણ નીચ? કોણ ગરીબ ને કોણ તવંગર? અરે! કોણ હિંદુ ને કોણ મુસલમાન? કોનું શોષણ કરવાનું મન થશે? કોને ત્રાસ આપવાનું મન થશે? કોની સામે લાલ ઝંડો ફરકાવવાનું મન થશે?'

આ આધ્યાત્મિક સમન્વયવાદ જેટલો શેઠિયાઓએ સમજવાનો છે એટલો જ વેઠિયાઓએ, જેટલો આદિવાસીએ તેટલો જ ઊજળિયાતે, જેટલો દલિતોએ એટલો જ સવર્ણોએ પણ સમજવાનો છે.

સ્વામીશ્રીની આ અદ્ભુત વૈચારિકક્રાંતિ છે. આમાં આજના રાક્ષસી ઉદ્યોગોના પ્રાણપ્રશ્નોના કે સામાજિક અસમાનતાના પ્રશ્નોના સીધા ઉત્તર છે. સ્વામીશ્રીએ આ ક્રાંતિની શરૂઆત બેધારી કરી છે. સ્વામીશ્રી શેઠિયાઓને કે સવર્ણોને કહે છે : 'પૈસા કે નાત, જાત એ બધું તો લૌકિક છે. દેહનું છે ને દેહ ભેગું જતું રહેશે. નાશવંત છે. પરોપકાર કર્યો હશે, કોઈ દુઃખિયાને મદદ

કરી હશે એટલી આપણી શોભા છે. સૌમાં રહેલો આત્મા એ ઊંચોય નથી ને નીચોય નથી. એટલે સૌ ઉપર સરખી દૃષ્ટિ રાખવી.

*

'ધર્મને જીવનમાં દૃઢ કરશો તો કોઈને દુઃખ દેવાનું કે કોઈનું ઝૂંટવી લેવાનું મન નહીં થાય. આપણે તો આત્મા છીએ. 'वयम् अमृतस्य पुत्राः' આત્માને પછી નાત કઈ ને જાત કઈ? દેશ કયો? ધર્મ આપણને શિખવાડે છે કે જેના માટે આ બધો ત્રાસ કરો છો એ દેહ જ નથી રહેવાનો. તો શા મટે મારું-તારું કરીને ખોટું કરો છો? એકબીજાને ઉન્નત કરીને, એકબીજાના સખ-દુઃખમાં ભાગીદાર થઈને જીવો. આ નાતો ધર્મ શિખવાડે છે.'

ોને

બીજા અંતિમે દલિતો અને પછાતોમાં સદીઓથી પેસી ગયેલી લઘુતા કે કચડાયેલી મનોદશાને બેઠી કરવાનું કાર્ય પણ તેઓના ઘરે, ગામે જઇન સ્વામીશ્રીએ કર્યું છે. એમનો આ ઉપદેશ સંજીવની થઈને સૌમાં અસ્મિતાનાં પૂરવા માટે સમર્થ બન્યો છે :

'ભગવાનને ત્યાં ઊંચ-નીચના ભેદો નથી. કર્મે કરીને ભેદ પડ્યા છે. જો આપણાં કર્મ સારાં હોય તો આપણે બ્રાહ્મણ કરતાં પણ સારાં છીએ. અશુદ્ધિને દૂર કરવાનું કામ તો કરો છો, પણ આપણી અંદર અનેક પ્રકારનાં દૂષણો ને વ્યસનો પેસી ગયાં છે. એટલે જુઓ, આ છાપરાં હજી ઊંચાં આવી શકતાં નથી ને આપણે પણ ઊંચા આવી શકતા નથી. એક નાનું સરખું બીડીનું વ્યસન પણ ન મૂકી શક્તા હોઈએ તો બીજું શું કરી શકવાના? ન જરૂરનું મૂકશો તો પૈસા ઘરમાં જ રહેશે.ગણતરી નથી એટલે જીવનને ગમે એમ વેડફી નંખાય છે. પુરુષાર્થ અને સંસ્કાર ન હોય ને પછી કહે કે ઊંચા જ નથી અવાતું. પણ ક્યાંથી અવાય? સંસ્કાર હશે તો ભલે સામાન્ય હશો, ઝૂંપડાંમાં રહેતા હશો તોય વંદનીય છો. માટે સંસ્કાર કેળવશો તો આ નળિયાં સોનાનાં થતાં વાર નહીં લાગે.'

વાસીઓને....

'ભલે બીજા આપણને પછાત કહેતા હોય, આદિવાસી, વનવાસી કે ગિરિજન કહેતા હોય પણ આપનામાં મને સાક્ષાત્ ભગવાનનાં દર્શન થાય છે. આદિમાં આદિ ભગવાન છે. એમાં જેનો જેનો વાસ હોય એ બધા

આદિવાસી જ છે. આજે શહેરોમાં જે આનંદ નથી તે આનંદ તમે અહીં રહો છો છતાં લૂંટો છો. વગડામાં રહીને તમે જે આનંદ લૂંટો છો તે શહેરોમાં નથી. જે નાના રહે છે એને જ ભગવાન ભજવાનું સુખ આવે છે. ભજે એના ભગવાન છે. શબરીએ ભજ્યા તો રામ સામેથી આવીને ઊભા. ભગવાનના ıારમાં બધા સરખા જ છે. જેમ આ જગ્યા સારી છે તો બધાં શાંતિથી બેઠા છો. પણ એમાં જડઝાંખર હોય તો બેસવાનું મન ન થાય. એમ ભગવાનને હૃદયમાં બેસાડવા હોય તો જીવન પવિત્ર બનાવો. ધર્મ પ્રમાણે રહીશું તો ભલે જંગલમાં હો, શાંતિ રહેશે.'

સ્વામીશ્રીની આ વિભાવના રાષ્ટ્રના વિકાસની અદ્‌ભુત જડીબુટ્ટી બની રહેશે. સ્વામીશ્રીએ આ જ રીતે પૂર્વ અને પશ્ચિમ વચ્ચે પણ સંસ્કૃતિનો સેતુ રચ્યો છે.

ભૂતકાળના આદર્શોમાં પ્રતિષ્ઠત અને ભારતના સંસ્કારો માટે અસ્મિતા હોવા ઉપરાંત સમસ્યાઓને સમજવામાં સ્વામીશ્રીની દૃષ્ટિ આધુનિક છે. એટલે જ આત્મશ્રદ્ધા ખોઈ બેઠેલા સમાજમાં નવું જોમ અને સ્વાવલંબનની ભાવનાઓ પ્રગટાવીને ભારતીય સંસ્કૃતિના ભવ્ય ભૂતકાળમાં એને પુનઃ પ્રતિષ્ઠિત કર્યો છે. સ્વામીશ્રી સૌમાં આ રીતે અસ્મિતા પ્રેરે છે.

'પ્રકાશ હંમેશાં પૂર્વમાંથી પશ્ચિમમાં ફેલાય છે. આપણે પૂર્વનાં સંતાનો છીએ. આપણા ભારતની હિંદુ સંસ્કૃતિએ જ જગતને પ્રેરણા આપી છે. માટે ગમે ત્યાં જાઓ, એને ભૂલતા નહીં. અંગ્રેજોએ દોઢસો વર્ષ આપણા ઉપર રાજ્ય કર્યું, છતાં આપણું ધોતિયું અપનાવ્યું? આપણો ખોરાક અપનાવ્યો? આપણા સંસ્કારો લીધા? તો આપણે શું કામ કોઈનુ એઠું ચાટવું? આપણા ધર્મમાં કશું જ ખૂટતું નથી.'

બીજાની સંસ્કૃતિમાં અંજાઈ જઈને લઘુતાગ્રંથિથી પીડાતા અને પારકા ભાણાનો લાડુ મોટો માનનારા પોતાની ગાંઠનું ખોઈ ન બેસે એ દર્શાવવાનો જ સ્વામીશ્રીનો મુખ્ય હેતુ છે. બાકી સ્વામીશ્રીને તો વસુધા કુટુંબ છે. સ્વામીશ્રીના ઉપદેશોમાં હંમેશાં સાર્વત્રિકતા જ જોવા મળે છે. નાત, જાત કે રંગભેદ જેવા હીણા ભાવોને ક્યારેય સ્વામીશ્રીએ પ્રોત્સાહન આપ્યું નથી.

વિજ્ઞાન અને ધર્મ

'એટમ જ્ઞાન' અને 'આતમ જ્ઞાન.' ધ્વન્યાત્મક રીતે કેટલા નજીક!

અને છતાં, કેટલા દૂર?

આજે વિજ્ઞાનની બોલબાલા છે. રોજે રોજ થતાં સંશોધનોએ ભગવાન વસ્તુમાંથી માણસનો વિશ્વાસ ઉડાડી મૂક્યો છે. જો કે આ એમનું અજ્ઞાન છે. સ્વામીશ્રી કહે : 'કોમ્પ્યુટર જોઈને આપણે આશ્ચર્ય પામીએ છીએ પણ આ કોમ્પ્યુટર જેણે બનાવ્યું એ માણસને કોણે બનાવ્યો? આ બુદ્ધિ કોણે ી?'

સ્વામીશ્રીએ વિજ્ઞાનને પડકાર્યું નથી પણ સત્કાર્યું છે. સ્વામીશ્રી કહે છે : 'વિજ્ઞાને ભૌતિક સમૃદ્ધિ આપી પણ આંતરિક વૈભવ તો આત્મજ્ઞાન વગર ે જ નહીં. આંતરિક સમૃદ્ધિ વગરની ભૌતિક સમૃદ્ધિ દિશા વગરની દોટ જેવી છે.'

આ વિજ્ઞાનયુગના ખ્યાતનામ કોમ્પ્યુટર વિજ્ઞાની પ્રો. વેઈઝબામે કહ્યું છે, 'જગત ભરના લગભગ અડધા વિજ્ઞાનીઓ અને એન્જિનિયરો હાલમાં યુદ્ધના કાર્યક્રમોમાં રોકાયેલા છે !'

હાર્વર્ડ યુનિવર્સિટીના સમાજ વિજ્ઞાનના પ્રોફેસર ડેનિયલ બેલ કહે છે : ાણે ટૅક્નોલોજી મારફતે વિશાળ કુદરતી શક્તિ ઉપર કાબૂ મેળવ્યો છે અને છતાં વીસમી સદી એ માનવ ઇતિહાસમાં કદાચ સૌથી વધુ ભયાનક કાળ રહ્યો છે. આધુનિકતાનો થાક, જીવનની શુષ્કતા, સ્વચ્છંદી જીવનનો કંટાળો... આ બધું દર્શાવે છે કે એક લાંબો યુગ અસ્ત થઈ રહ્યો છે... તેની જગ્યાએ, જે આવશે એને ધર્મની સાથે કંઈક નિસ્બત હશે...'

આ બધું શા માટે?

આ અપૂર્ણતા કયા કારણે? ઉત્તર સહેલો છે.

ભૌતિક સમૃદ્ધિનો વિકાસ અને આંતરિક સમૃદ્ધિનો રકાસ. સ્વામીશ્રી બોચાસણમાં બોલ્યા હતા : 'આજે વિજ્ઞાને ગતિ આપી છે પણ દિશા નથી આપી.' આ વાક્યને વિજ્ઞાનીઓનું કેટલું અદ્ભુત સમર્થન મળી રહે છે!

સ્વામીશ્રી કહે છે : 'સંશોધનો સારાં છે પણ એને વાપરતા શીખો'. વિદ્યાનગરમાં યુવનોને સંબોધતાં સ્વામીશ્રીએ કહ્યું હતું : 'વિજ્ઞાનનાં સાધનો ઉપયોગી છે પણ મનની સ્થિરતા ન હોય તો નુકસાન કરી બેસીએ. મનની સ્થિરતા માટે વિશેષ જ્ઞાન જોઈએ. એ જ્ઞાન એટલે આત્મા-પરમાત્માનું જ્ઞાન. આ વિશેષ જ્ઞાન થાય એ જ વિજ્ઞાની.'

સ્વામીશ્રીએ વિજ્ઞાન અને ધર્મને એક્સીલરેટર અને સ્ટીયરીંગ સાથે સરખાવ્યા છે. મોટરમાં આ બે હોય તો જ દિશા અને ગતિ વ્યવસ્થિત રહે એમ વિજ્ઞાન અને ધર્મ પરસ્પર સમન્વય સાધે તો દુનિયામાં શાંતિનાં ઉપવનો લહેરાય.

સ્વામીશ્રીનું 'અક્ષરધામ'નું સર્જન એ વિજ્ઞાન અને ધર્મના સમન્વયનું ઉત્તમ ઉદાહરણ છે. 'એટમજ્ઞાન' અને 'આતમજ્ઞાન'ના સહઅસ્તિત્વનો સુંદર નમૂનો છે. સ્વામીશ્રીએ વિજ્ઞાનના નહોર ઉતારીને ધર્મમાં એનો વિનિયોગ કર્યો છે. તેઓના ઉદાર દિલમાં ધર્મ અને વિજ્ઞાન બંનેનો સરખો આદર છે. સરખો પ્રવેશ છે. એ વાત એમનાં વક્તવ્યોમાંથી અનુભવી શકાય છે.

૫. સમકાલત્વ

સ્વામીશ્રીનો ઉપદેશ એટલે વર્તમાન સમસ્યાઓનું પૃથક્કરણ કરવાનો નકશો. જે ઉપદેશ સમાજની વર્તમાન સમસ્યાઓ સાથે જોડાયેલો ના હોય, એ ઉપદેશ અપ્રાસંગિક બની જાય છે. યુગપુરુષોનું યુગ પુરુષત્વ ત્રિકાલાબાધિત હોવા છતાં એમનો લય હંમેશાં વર્તમાનની સાથે તાલ મિલાવતો હોય છે. વર્તમાનમાં ગૂંચાયેલા અને ગુંગળાયેલા સમાજ માટે આ ઉપદેશ હોકાયંત્રનું, દીવાદાંડી કે ભોમિયાનું કાર્ય કરે છે. પોતે જે સમાજનો રોટલો ખાય છે એ સમાજને અધઃપતનમાંથી રોકીને ઊર્ધ્વગત કરવા માટે તો તેઓનો અવતાર છે! સમાજના પ્રશ્નોને તેઓએ જાતનિરીક્ષણ વડે અનુભવ્યા છે. તેઓના જીવનનું કેન્દ્ર પરમાત્મા છે. અને એ પરમાત્માનું મિશન છે કે 'સૌ જીવો સુખી બને.' એ મિશનના તેઓ સંવાહક છે. જીવપ્રાણીમાત્રને સુખી કરવા માટે તેઓ સમાજની ગતિવિધિને સમજ્યા છે. સમાજ ઉપરનાં અનૈતિક આક્રમણોને રડારની જેમ સૂંઘીને એમણે આગોતરાં આયોજનો કર્યાં છે. ભૌતિકતા નવા અને સોફિસ્ટીકેટેડ (સુંવાળા) આયુધો સાથે આક્રમણ કરી રહી છે, ત્યારે અધ્યાત્મને પણ એના મૂળરૂપને સહેજ પણ ઠેસ ન પહોંચે એ રીતે નવી રીતે સજ્જ કરીને તેઓએ પ્રતિઆક્રમણ કર્યું છે. પ્રતિઆક્રમણ એ સ્વામીશ્રી જેવા સંતપુરુષની કાર્યપદ્ધતિને શોભે એવો શબ્દ તો નથી જ, પરંતુ સંતની દૃષ્ટિએ જોઈએ ત્યારે આ પ્રતિઆક્રમણનો સાર-અર્થ 'કરુણા' નીપજે છે.

એક સભામાં સ્વામીશ્રી બોલ્યા હતા : 'હું આકળો ઉતાવળો લાગતો હઈશ, પણ હું સ્થિર છું. સ્વસ્થ છું. મને અંતરમાં એ દુઃખ છે, 'ભવિષ્યમાં આપણું શું થશે?' એટલે જરા ઊંચેથી કહેવું પડે છે.'

ટીકા ટીપ્પણ વિના

સમકાલીન પ્રવાહનું સૌથી સબળ બંધાણ છે ટી.વી.નું. દરેકે પોતાના ઘરોમાં ટી.વીના આગમન માટે આંગણે કુમકુમના સાથિયા પુરાવી રાખ્યા

છે. ત્યારે એક જ વ્યક્તિ એવી છે કે જેને સંસ્કૃતિની, આપણા સંસ્કારની, આપણા સમાજની, આપણી ભાવી પેઢીની ને આપણા દેશ અને દુનિયાની ચિંતા છે, એ છે : પ્રમુખસ્વામી મહારાજ.

ટી.વી. વિષે સ્વામીશ્રી વારંવાર શું કહે છે અને આજના જાગૃત નાગરિકોનાં સર્વેક્ષણ શું કહે છે. આ બેની કોઈપણ ટીકા ટીપ્પણ વિના સરખામણી કરી જોઈશું એટલે આપોઆપ ખબર પડી જશે કે સ્વામીશ્રીની ચિંતા કેટલી વાજબી છે.

*

'ટેલિવિઝનને લોકો 'દૂરદર્શન' કહે છે. જેમ આપણે સાપ, વીંછી કે ખરાબ માણસોને દૂરથી જ નમસ્કાર કરીએ છીએ ને? કે આના તો દૂરથી જ દર્શન સારાં! ટી.વી. એ મોટું દૂષણ છે. એનું એવું વ્યસન પડી જાય છે કે નાનાં-મોટાંને નીકળવું કઠણ. માટે આવી વાતોથી દૂર જ રહેવું. આ વસ્તુને ભયંકર સમજીએ તો જ તે દૂર થાય.'

*

'આજે બધા ભેગા બેસે છે પણ શું કરવા? ટી.વી. જોવા. મા-બાપ, વહુ, છોકરા, છોકરી બધાં સાથે બેસે ને પછી શું થાય? સૌ ડીસ્કો કરવા ઊભા થાય, પછી અંદર ને અંદર જ મર્યાદા તૂટે. છોકરાઓને વિવેક નહીં એટલે એમાં જે ઊતરતું આવે એ જ ગ્રહણ કરે. ચોરી, તોફાન, મારામારી, દુરાચાર... ગમે ત્યાં ફરવું, વ્યસનો - આ બધામાં પછી એકાગ્રતા ક્યાં રહે?'

*

'ટી.વી. તો ભૂત છે. 'આ ભૂત જાય' એવા આશીર્વાદ લેવા કોઈ આવતું નથી. કારણ કે સૌને મોહ છે. આ ગળ્યું ઝેર છે... એનો ગુણ લો તો મૂકી ાય નહીં. ઝેરના લાડવા જેવું છે. એનું ઝેર પ્રસરે પછી આખું કુટુંબ છિન્ન ભિન્ન થઈ જાય.'

*

'આજે આપણી પરિસ્થિતિ દૂર્યોધન જેવી થઈ ગઈ છે. એ કહેતો, 'હું ધર્મને જાણું છું છતાં આચરણ કરી શક્તો નથી. અધર્મને જાણું છું, પણ મૂકી શકતો નથી.' આવી જ દશા આપણા જીવનમાં, કાર્યમાં અને વ્યવહારમાં આવી ગઈ છે. આપણે જાણીએ છીએ કે બાળકો આમાંથી બગડે છે. જે વસ્તુ

આક્રમણ કરનારી છે. જે આપણા સંસ્કાર, આપણું સંસારી જીવન અને આપણું રાષ્ટ્રજીવન બગાડે છે છતાં એ વસ્તુની પાછળ આપણે લાગ્યા છીએ. મૂકી શકતા નથી.'

*

'... આટલા દા'ડાથી ઢોલકાં વગાડીએ છીએ તોય હજી ટી.વી. મૂકવું કઠણ પડે છે. પેલા મુસલમાનોએ એમના ગુરુનાં વચને ત્રણ ત્રણ - ચાર ચાર માળેથી ટી.વી. નાંખી દીધાં... કોઈએ સાંભળ્યું છે કે નહીં? બોલતા કેમ નથી?... બહાદુરીથી કહો : 'અમારે ય નાંખી દેવાં છે. ઘરમાંથી કાઢી કાઢીને ઠપકારો હેઠા. એનો કુચો કરીને દરિયા ભેગા કરો... સર્વોપરી ભગવાન ને સર્વોપરી ગુરુ મળ્યા તોય હજી બીક લાગે છે કે શું થશે? અરે, શું થવાનું છે? આમાં મરી જવાનું નથી. ઘરબાર વગરના થવાના નથી. ઊલટું ટી.વી. તો ઘરબારવાળા થઈશું અને સુખી થઈશું. માટે ટી.વી.ને કાઢો જ.'

આજના સમાજચિંતકોના સર્વેક્ષણ આ મુજબ છે :

ધ અમેરિકન સાઈકોલોજિકલ ઍસોસિયેશનનાં છેલ્લાં ૪૦ વર્ષોમાં કરેલાં ૩૦૦૦ સર્વેક્ષણમાં જણાયું કે બાળકનાં વર્તનમાં જણાતી આક્રમકતા અને હિંસકતાને ટી.વી. જોવા સાથે સતત સંબંધ છે.

– અન્ય એક સર્વેક્ષણ જણાવે છે :

– એક ઘર રોજનું સરેરાશ ૭ કલાક અને આખું અમેરિકા રોજનું ૬૩ કરોડ કલાક ટી.વી. જુએ છે.

૧૮ વર્ષ સુધીમાં બાળક ૧૬,૫૦૦ કલાક અભ્યાસના વર્ગમાં ગાળે છે જ્યારે ૨૦,૫૦૦ કલાક ટી.વી. પાછળ.

૨૦ વર્ષ સુધીમાં દસ લાખ જાહેરખબરો જુએ છે.

૧૬ વર્ષ સુધીમાં કુલ દોઢ લાખ હિંસક દશ્યો અને ૨૫,૦૦૦ મૃત્યુનાં દશ્યો જુએ છે.

૧૮ વર્ષ સુધીમાં બે લાખ હિંસાના અને ૧૮,૦૦૦ ખૂનનાં દશ્યો જુએ છે.

કાર્ટૂન ફિલમોમાં હિંસા :

'મીકી ઍન્ડ ડોનાલ્ડ'	૨૮ મિનિટમાં ૮૨ હિંસક દશ્યો
સ્કુબી ઍન્ડ સ્કેપી	૨૪ મિનિટમાં ૪૮ હિંસક દશ્યો

ઓલ ન્યુ પોપ આઈ શો ૧૮ મિનિટમાં ૫૬ હિંસક દશ્યો

૭૦ વર્ષની ઉંમર સુધીમાં કુલ ૭ વર્ષ એ ટી.વી. પાછળ ગાળે છે. જીવનના અમૂલ્ય ૧૦ ટકા વર્ષ કેવળ આભાસી દુનિયા પાછળ ખર્ચનારને પોતાના જ મનુષ્યજીવનની કિંમતનો ખ્યાલ નહીં હોય ને સ્વામીશ્રી જીવનની અમૂલી ક્ષણોને સમજાવવાની સાથે ટી.વી.ના અનિષ્ટોથી ચેતાવવા માટે આક્રમક બન્યા છે.

ખાલીપાનું બીજું નામ : વ્યસન

તાજેતરમાં વિશ્વ આરોગ્ય સંસ્થાએ તમાકુના સેવન અંગે પ્રકાશિત કરેલા એક રિપોર્ટમાં જણાવ્યું છે : અત્યારે તમાકુ દર વર્ષે ૩૦ લાખ લોકોને મારી નાંખે છે. એટલે કે દર ૧૦ સેકન્ડે ૧ માણસનું મૃત્યુ તમાકુના કારણે થાય છે. આ સંખ્યા આવતા ૪૦ વર્ષમાં વધી એક કરોડ સુધી પહોંચશે. એટલે કે ૩૦-૪૦ વર્ષ પછી તમાકુને કારણે, દર ત્રીજી સેન્કન્ડે એક માણસ મૃત્યુ પામતો હશે

ધૂમ્રપાનને લગતાં કેટલાક સર્વેક્ષણો જોઈએ :

ધૂમ્રપાનથી જુદા જુદા રોગોની શક્યતાઓ...

(ધૂમ્રપાન ન કરનાર કરતાં ધૂમ્રપાન કરનારને)

રોગ	કેટલા ટકા વધુ શક્યતા
૧. ક્રોનિક બ્રોન્કાઈટીસ (જૂનો દમ)	૨૦૦૦ %
૨. ફેફસાંનું કેન્સર	૧૦૦૦ %
૩. મોંનું કેન્સર	૮૫૦ %
૪. સ્વરપેટીનું કેન્સર	૪૭૫ %
૫. શ્વાસનળીનું કેન્સર	૩૦૦ %
૬. યકૃત અને પિત્તાશયનું કેન્સર (લીવર અને ગોલ બ્લેડર)	૧૮૦ %
૭. સ્વાદુપીંડનું કેન્સર	૧૮૦ %
૮. પેપ્ટિક અલ્સર (પેટમાં ચાંદાં)	૧૧૬ %
૯. લીવર સીરોસીસ (યકૃતનો જીવલેણ દુઃસાધ્ય રોગ)	૯૩ %

ધૂમ્રપાનથી થતાં મૃત્યુની સંખ્યા -

- દુનિયામાં થતાં ખૂન કરતાં ૫૪ ગણી વધુ છે...
- દુનિયામાં થતા આપઘાત કરતાં ૩૦ ગણી વધુ છે...

• ડાયાબિટીસથી થતાં મૃત્યુ કરતાં ૧૮ ગણી વધુ છે...

• મોટર અકસ્માતથી થતાં મૃત્યુ કરતાં ૧૨ ગણી વધારે છે.

• અમેરિકાના સર્જન જનરલ ડૉ. સી. એવરેટકૂપ નોંધે છે કે માત્ર અમેરિકામાં જ દરરોજ એક હજાર કરતાં વધુ માણસો ધૂમ્રપાનથી મરે છે.

ધૂમ્રપાનથી મૃત્યુ

(ફક્ત ભારતમાં)

દર વર્ષે...	૭,૩૦,૦૦૦
દર રોજ...	૨,૦૦૦
દર કલાકે...	૮૨

દારૂ અને રસ્તા પર થતા અકસ્માતો...

દારૂ પણ સમાજનો વ્યાપક રોગ છે. માણસની લાચારીને આંકડાઓ દ્વારા પામીએ...

ભારતમાં ૬૬ ટકા અકસ્માતો માટે દારૂ જવાબદાર છે. ઇંગ્લૅન્ડમાં દર વર્ષે ૫૦,૦૦૦ લોકોનાં મૃત્યુ દારૂને લીધે થતા અકસ્માતથી જ થાય છે. દારૂથી થતા અકસ્માતોને લીધે દર વર્ષે ૫,૦૦,૦૦૦ લોકોને હૉસ્પિટલમાં દાખલ કરવા પડે છે. ઇંગ્લૅન્ડની હૉસ્પિટલોમાં દાખલ કરવામાં આવતા કુલ દરદીના ૪૦ ટકા કેસ સીધા કે આડકતરી રીતે દારૂ સાથે સંબંધિત હોય છે.

દારૂ પીને સ્કૂટર કે મોટરસાઇકલ ચલાવનારને દારૂ ન પીનારા ચાલકો કરતાં અકસ્માત થવાનો ભય ૭ ગણો વધારે છે. અને અકસ્માતથી મૃત્યુ ઊપજવાનો ભય ૧૭ ગણો વધારે છે. આ ઉપરાંત રાહદારીઓમાં પણ રાત્રે થતા અકસ્માતોમાં ૭૦% રાહદારીઓ દારૂ પીનારા જ માલૂમ પડ્યા છે. જ્યારે દિવસમાં થતા અકસ્માતોમાં ૩૩% રાહદારીઓ દારૂડિયા માલૂમ પડ્યા છે.

દરેક ૧૦૦ દારૂડિયા દીઠ -

૪૭ જણા દારૂની શરીર પરની ખરાબ અસરને કારણે મરે છે.

૧૮ જણા દારૂને લીધે થતા ખૂનથી મરે છે.

૧૭ જણા અકસ્માતથી મરે છે.

૧૧ જણા આપઘાતથી મરે છે.

માત્ર ૭ જણા જ કુદરતી કારણસર મરે છે.

આર્થિક રીતે દારૂની અસર

કોઈપણ રાજ્યમાં જો દારૂની છૂટ મૂકવામાં આવે તો તે રાજ્યને, દારૂમાંથી પ્રાપ્ત થતી મહેસૂલ-આવક સામે તેની બહુ મોટી રકમ ચૂકવવી પડે છે. સને ૧૯૭૧માં અમેરિકામાં કરવામાં આવેલ એક અભ્યાસ મુજબ, નશાની બદી સામે અમેરિકાને ૧૭,૪૦,૬૦,૦૦,૦૦૦ ડૉલરનું નુકસાન ચૂકવવું પડે છે.

આ ઉપરાંત, અમેરિકાના નાણાં ખાતાના આંકડા મુજબ, ૧૯૭૪માં દારૂ અને બીયર બનાવવા માટે એટલું બધું અનાજ વપરાયું હતું કે તેમાંથી ૧૭ લાખ રતલ લોટ મળી શકે. ૮૪૧ લાખ ટન જવ મળે અને ૯૫૨ લાખ ટન ચોખા મળે!! અમેરિકામાં ૪૦ લાખ એકર જમીનમાં ઊગતાં અનાજની પેદાશ દારૂ બનાવવામાં વપરાય છે! ખરેખર, જો આ દારૂના ઉત્પાદનને બંધ કરવામાં આવે તો વિશ્વમાં ભૂખમરો શોધ્યો ન જડે !

આ અને આથી ભયંકર અનેક વ્યસનોની ચુંગાલમાં ફસાતી જતી દુનિયા આજે મૃત્યુના ખપ્પરમાં હોમાતી જાય છે. એ તો ઠીક, એની આડઅસરો કાયમ માટે છોડતી જાય છે, છતાંય આ બદીમાંથી ન છૂટનાર માણસ નામના આશ્ચર્યને પોતાના કરુણાભીના નેત્રમાં સમાવીને નિર્બળતામાંથી જાગૃત કરનાર સ્વામીશ્રીના શબ્દો કેટલા સાર્થક લાગે છે !...

*

'લોકો ક્ષણિક આનંદ માટે કેટલી ઉપાધિ વહોરી લે છે? ભગવાને કેટલું સરસ મીઠું પાણી આપ્યું છે? પણ એને પીવાને બદલે માણસ પૈસા આપીને કડવું પાણી પીધે રાખે છે. કેટલી બધી વનસ્પતિ આપી છે? પણ છતાં ગધેડાય ન ખાય એવી વનસ્પતિ ખાઈને(તમાકુ) પાછો પોતાને બુદ્ધિશાળી કહેવડાવે છે! આજે વળી નવું નીકળ્યું, સહેજ ટેન્શન થાય એટલે લોકો દારૂ, કે ડ્રગ્સ કે તમાકુ ઉપર ચઢી જાય. લ્યા! એમ ટેન્શન વધે કે ઘટે! એનાથી શાંતિ ઘટે કે વધે? પૈસા ખર્ચીને અશાંતિ ઊભી કરવાની ને? એના કરતાં ભગવાનનું ભજન કરો ને! એ જ આપણું ટેન્શન ઉતારશે. નરસિંહ, મીરાં ને ૫૦૦ પરમહંસોને દુ:ખ કેટલાં હતાં? પણ એ કયું વ્યસન કરવા ગયા'તા? એમને તો એક ભગવાનનો જ કેફ હતો તો દુ:ખ લાગ્યું જ નહીં. આપણે ૩ જ વ્યસન રાખવાં. ભગવાન ભજવાનું, નોકરી-ધંધા કરવાનું ને રોટલા

ખાવાનું. બાકી બીજાં બધાં વ્યસન ખોટાં.

*

'દારૂ પીએ ને પછી ઘરમાંથી જ ચોરી કરવી પડે, જૂઠું બોલવું પડે, પછી જ્ઞાનતંતુ શિથિલ થાય એટલે કામ ન થાય. પછી ઘરમાં બૈરાંને ઝૂડાઝૂડ - સમાજમાં પ્રતિષ્ઠા ના રહે, એમ બધી રીતે ખુવાર થાય. પહેલાં અસુરો માણસના સ્વરૂપમાં આવતા. આજે એ દારૂ, તમાકુ, ટી.વી. અને એવાં અનેક સ્વરૂપે આવીને આપણને ખુવાર કરે છે. માટે એનાથી ચેતવું.'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગારો કેવળ લૂખ્ખા નથી. હૂંફ અને કરુણાનું એ ાણ છે. ઘણાં પૂછે છે 'આપના વિરાટ વ્યસનમુક્તિના અભિયાનની સફળતાનું રહસ્ય શું?' વ્યસની જ્યારે વ્યસન છોડે ત્યારે એક ખાલીપો સર્જાય છે. બહાર એ ખાલીપાનો કોઈ વિકલ્પ નથી. જ્યારે સ્વામીશ્રી એના વિકલ્પ તરીકે ભગવાન ભજવાનું, ફરજ અદા કરવાનું વ્યસન વળગાડે છે. લાચારીના એ સમયગાળામાં પોતાનો પૂર્ણ સાથ એને આપે છે. એમના વ્યસનમુક્તિ અભિયાનનું આ જ રહસ્ય છે.

હરામવૃત્તિ

આજે દુનિયા આખીમાં રામવૃત્તિને બદલે હરામવૃત્તિનું કેન્સર પ્રસરી ગયું છે. આનંદના ટૂંકા માર્ગોને આપણે વ્યસન કહીએ છીએ. કામ કરાવવાના ટૂંકા માર્ગોને આપણે ભ્રષ્ટાચાર કહીએ છીએ. સ્ત્રીના વિક્રય દ્વારા સુખી થવાના ટૂંકા માર્ગને દહેજ કહીએ છીએ. પૈસાદાર થવાના ટૂંકા માર્ગને આપણે જુગાર કહીએ છીએ... દરેક ક્ષેત્રોને આ ટૂંકા માર્ગોનો રોગ આભડી ગયો છે.

આપણી ભાષામાં જેને ભ્રષ્ટાચાર, લાંચ, કટકી, બેનંબરી કમાણી, કાળા બજાર, પ્રેમની બક્ષિસ કહેવામાં આવે છે. પરદેશી ભાષાઓમાં જેને ગ્રાફટ, બ્રાઈબરી કહેવામાં આવે છે. તેને સ્વામીશ્રીએ આપેલું નામ સૌથી ધારદાર છે. સ્વામીશ્રી એને 'હરામવૃત્તિ' કહે છે. એમણે આપેલાં આ નામમાં જ એમનો ઉપેક્ષાભાવ ડોકાઈ આવે છે. દરેક ક્ષેત્રમાં પેઠેલી આ વૃત્તિને સ્વામીશ્રીએ ઉપદેશ અને વિશિષ્ટ અભિયાન દ્વારા નાકાબંધી કરી છે.

દહેજ

મહિલાઓ સામેના ગુનાઓ અંગેના મહિલા સેલના ભૂતપૂર્વ નાયબ

પોલીસ કમિશ્નર યામિન રઝારિકાએ એમના એક રિપોર્ટમાં જણાવ્યું હતું કે 'આંકડાકીય તારણ એમ કહે છે કે દેશમાં આજે દર ૫૪ મિનિટે એક મહિલા ઉપર બળાત્કાર ગુજારાય છે અને દર ૧૦૪ મિનિટે તે દહેજના ખપ્પરમાં હોમાય છે. દર ૨૬ મિનિટે મહિલા સાથે અનુચિત વર્તન ગુજારવામાં આવે છે. દર સાત મિનિટે ગુના ભરેલ કૃત્ય આચરવામાં આવે છે.

દહેજના ખપ્પરમાં હોમાનારી સ્ત્રીઓની સંખ્યા ૧૯૯૩માં ૧૨૭ હતી, જે ૧૯૯૪માં ૧૪૬ ઉપર પહોંચી છે. અત્યાચારનું પ્રમાણ ૮૦૯ ઉપરથી ૯૮૨ ઉપર પહોંચ્યું છે. અપહરણનું પ્રમાણ ૫૬૨ ઉપરથી ૭૧૦ ઉપર પહોંચ્યું છે.

આ બાબતમાં જો રાજ્યવાર સર્વે કરવામાં આવે તો ખાતરીબંધ રીતે કહી શકાય કે ગુજરાતમાં આનું પ્રમાણ ઓછું હશે. સ્વામીશ્રીના એક ઈશારા દ્વારા ૧૦,૦૦૦ યુવાનોએ દહેજ ન લેવાના નિયમ લીધા હતા, એ તો સુવિદિત જ છે. સ્વામીશ્રીને મન દહેજ એ પુરુષની કાયરતા છે.

સ્વામીશ્રી કહે છે : 'લોકો આજે મોભો સાચવવા દેખાદેખ ખર્ચા કરે છે. પૈઠણોનો પ્રશ્ન પણ મૂંઝવનાર છે. ઘણા એવું માને છે કે પૈઠણ લેવી જ જોઈએ. ભલા માણસ! લગ્ન એ કાંઈ સોદો છે! એ તો ભાવનાની વાત છે. આજે સમાજનાં બંધનો એવાં છે કે બિચારાને તણાવું જ પડે. પણ માણસ વિચાર કરતો નથી કે દુનિયાનું સાચવવા જતાં ઘરબાર વેચવાં પડે ત્યારે આબરૂ સાવ નીચે જાય. આપણે એટલે જ દ્વિશતાબ્દીમાં સમૂહ લગ્ન કરાવ્યાં. છોકરા-છોકરીઓને કરોડો રૂપિયા ખર્ચીને પરણાવો કે આ રીતે પરણાવો મૂળ તો પરણાવવાનાં જ છે. પૈઠણ લેવાથીય કાંઈ કોઈનાં ઘર-બાર ચાલતાં નથી. કોઈનું લેવાની ભાવના કરતાં ઉદાર દિલ રાખીએ તો શું વાંધો છે? અને સમૂહમાં લગન કર્યાં હોય તો કાંઈ એનો ગૃહસ્થાશ્રમ થોડો મટી જવાનો છે!'

ભેળસેળ

ભ્રષ્ટ મનનાં ભ્રષ્ટ કૃત્યો વિષે સ્વામીશ્રી બહુ ખિન્ન છે. હવા, પાણી જેવી વસ્તુઓ પણ આજે ભેળસેળથી બાકાત રહી નથી. ભેળસેળના કીમિયાઓ વાંચીને ખરેખર આશ્ચર્ય થાય એવું છે.

- સોફ્ટ ડ્રિંક્સના નામે વેચાતાં ઠંડાં પીણાંમાં ભેળવાતું B.V.O.

(બ્રોમિનેટેડ વેજિટેબલ ઓઈલ) એક જલદ કારસેનોજેનિક તત્ત્વ છે. હૃદય, લીવર, કીડની ઉપર અસર કરે છે.

- અમુક પ્રકારના ઘાસના તણખલાને ચારકોલની રજમાં ભેળવીને જીરા સાથે વેચવામાં આવે છે.
- પપૈયાનાં સૂકાં બીને મરી સાથે અને શંખજીરુ અને હિંગ ર ભેળવવામાં આવે છે.
- 'પ્રિવેન્શન ઑફ ફૂડ એડલ્ટરેશન' ખાતાના દરોડા ઉપરથી તારણ નીકળ્યું કે 'દળેલાં મરચાંમાં નરમ રેતી ભેળવેલી હતી. જે તેજાબી, હાનિકારક લાલ રંગે રંગવામાં આવી હતી. દળેલી હળદરમાં ચોખાના લોટને પીળા રંગે રંગી ભેળવવામાં આવ્યો હતો - આ પીળો રંગ શરીરમાં કેન્સર જન્માવે છે. સીસામાંથી આ રંગો બનેલા હોય છે.
- અડદની દાળની ચમક માટે મેટાનિસ યલો નાંખીને રંગવામાં આવે છે. કલરડાયનો ઉપયોગ જલેબી, મેંગો, બરફી, લાડુ, કેસર અને સોપારીમાં થાય છે.
- ચામાં ઝીણા ઝીણા પાસાવાળી પથરીઓ ભેળવવામાં આવે છે.

સરકાર દ્વારા તપાસાયેલા નમૂનાઓ પરથી ૩૫% પદાર્થો એવા હતા કે જેમાં માનવીય શરીર સહન કરી ન શકે એટલી હદે રસાયણો હતાં.

વેપારીઓની અધમતાનો આ છે હૃદયદ્રાવક ચિતાર.

ભૌતિક પદાર્થો પાછળની આંધળી દોટે આજે માઝા મૂકી છે. ચારે બાજુ પૈસાની બોલબાલા છે અને નીતિઓ અભરાઈએ ચઢી ગયેલી જોવા મળે છે. પરિણામે પરસ્પર ઈર્ષ્યા, લઘુતાગ્રંથિ, દંભ, ભેળસેળ, જનરેશન ગૅપ ને ઓને પંપાળવાની વૃત્તિઓએ પૂર બહાર ખીલીને ચારે બ અશાતેનું વાતાવરણ સર્જ્યું છે, ત્યારે સ્વામીશ્રીનું એ દિશામાં સૂક્ષ્મ નિરીક્ષણ અને માર્ગદર્શન કેટલું સચોટ બની રહે છે!

'આજે વેપારીઓ અને સૌએ પૈસાની પાછળ દોટ મૂકી છે. 'વર-કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો.' એમ લોકોનું જે થવાનું હોય એ થાય, ને પૈસા કેમ મળે એ સારુ જ રાતદિવસ સૌ મચ્યા છે. પોતાને એક પૈસાનો લાભ થતો હોય ત્યાં સામાને લાખોનું નુકસાન થાય એ આજે કોઈ જોતં નથી. આજે તો ખાવાના પદાર્થોમાં, મરી-મસાલા અને દવાઓમાં પણ લં ભેળસેળ કરી નાંખે છે. ખાવામાંય ડ્રગ નાંખી દે છે. દેશને પાયમાલ કરી

નાંખતાય અચકાતા નથી. લ્યા ભઈ ! આવા હરામના પૈસા તમને સુખી કરશે? કો'કને દુઃખી કરીને ક્યારેય સુખી થવાતું નથી. સૌના ભલામાં આપણું ભલું છે. સૌના સુખમાં આપણું સુખ અને ઉત્કર્ષ છે.'

રાજકીય નેતાઓને...

ભારતના કોમ્પ્ટ્રોલર ઍન્ડ ઓડિટર જનરલે થોડાક વખત પહેલા લોકસભામાં જાહેર કર્યું હતું કે દેશનું કુલ દેવું ૫,૫૮,૪૨૧ કરોડ રૂપિયા છે. આ દેવામાં ભ્રષ્ટાચારનો ફાળો મોટો હશે એ નિઃશંક વાત છે, કારણ કે નાણાંના સરકારી સ્રોતમાંથી મોટા ભાગનાં નાણાંને પગ આવી જાય છે એ જાણીતી હકીકત છે. એટલું જ નહીં આ પૈસાની વૃત્તિને કારણે દેશની પ્રજાનો, દેશની સંસ્કૃતિ, અને દેશની સુરક્ષા સુદ્ધાંનો ખ્યાલ રહ્યો નથી.

પૈસા પાછળ ગાંડી થઈને ભ્રષ્ટાચારને પંપાળતી અને હિંસાને છૂટો દોર આપતી સરકારને જાહેરમાં કહેવાનું સ્વામીશ્રી ચૂક્યા નથી :

'આજે ઠેરઠેર મરઘાંઉછેર કેન્દ્રો અને મત્સ્ય-ઉદ્યોગો સરકારે ખોલ્યા છે. ધન્ય છે સરકારને!! પૈસા માટે કેવો પ્રચાર કરે છે! ઈંડાંથી તાકાત આવે ને ઈંડાં વેજિટેરીયન છે. કોણ કહે છે કે તાકાત આવે? ને ઈંડાં કંઈ ઓછાં ઝાડ પર ઊગે છે? વેજિટેરીયન કઈ રીતે કહો છો? બસ! આ તો ઘુસાડવા માટેના પ્રયત્નો : 'સન્ડે હો યા મન્ડે, રોજ રોજ અંડે.' પૈસા માટે કેવી જાહેરાતો આપે છે? મત્સ્ય ને મરઘાં-ઉદ્યોગે તો ગુજરાતનું નખ્ખોદ વાળ્યું છે. પ્રધાનો કે દેશનેતાઓ! આ તમે કેવી વાત કરો છો? આવા ભ્રષ્ટ પૈસાથી દેશ સુખી થવાનો છે? આ પૈસાથી સરકારની બુદ્ધિ તો ભ્રષ્ટ થઈ જ છે પણ લોકોનીય થવાની. જેવો આહાર એવો ઓડકાર આવે. આજે બુદ્ધિ ભ્રષ્ટ છે તો માણસને મારવાનાં શસ્ત્રો બનાવ્યાં. દરેકને જીવવાનો અધિકાર છે. કો'કને મારીને જીવવું એ માનવતા નથી. આજે આ સમજવાનો પ્રયત્ન જ નથી.'

સ્વામીશ્રીએ જાહેર સેવાક્ષેત્રો અને એની સાથે સંકળાયેલાઓને પણ જાગૃત કરવાનું કાર્ય કર્યું છે. એમણે પોલીસોને કહ્યું છે એ જ રીતે ગુનેગારોને પણ સંબોધ્યા છે. નેતાને કહ્યું છે એમ પ્રજાને પણ કહ્યું છે. યુવાનો અને વિદ્યાર્થીઓને ઢંઢોળ્યા છે તો સામે શિક્ષકોને પણ કર્તવ્યની દિશા બતાવી છે.

પોલીસને...

'દેશની આંતરિક વ્યવસ્થા અને રક્ષણ માટે આપ તૈયાર થાઓ છો ત્યારે

શરીરની તાકાત અગત્યની છે. આપ જેવા યુવાનોએ દેશમાં શાંતિ કેમ જળવાઈ રહે એ જ કરવાનું છે. સંતોનું પણ એ જ કાર્ય છે. પહેલાં આપણે શુદ્ધ હોઈશું તો સમાજ શુદ્ધ રહેશે. એટલે આપણામાં દૂષણો હોય એને કાઢવાની પહેલી ફરજ આપણી છે. વ્યસનો જીવનને તો બરબાદ કરશે જ પણ સાથે સાથે દેશને પણ ખલાસ કરશે. 'કરવું પડે' એ તો મનની નબળાઈ છે. માનસિક અને શારીરિક તાકાત ઘટી ગયા પછી તમે રક્ષણ કેવી રીતે કરી શકશો? માટે શરીરને મજબૂત કરવાની કસરત તો કરો છો પણ સાથે સાથે ભગવાનની તાકાતની પણ જરૂર છે. આપણે સરખા રહીશું તો દેશ પણ સારો થશે.'

કેદીઓને...

'ગીતામાં કામ, ક્રોધ અને લોભને નરકનાં દ્વાર કહ્યાં છે. ક્રોધ ઊપજે ને એને થોડીવારમાં સમાવી શકો તો ખૂબ શાંતિ રહે. ભયંકર ખૂન કે મારામ થાય છે એ થોડીક ક્ષણોમાં જ થાય છે. કો'કના બસો-પાંચસો રૂપિયાના લાલચમાં કો'કની જિંદગી ખલાસ કરવાનું મન થાય છે. પણ એવો લોભ શા કામનો? એ પૈસા જિંદગીભર ચાલશે? હરામનું ખાધેલું પચશે? ગમે એટલા પૈસા હશે, સાથે આવવાના નથી. માટે એ બધું મૂકીને ભગવાને હાથ-પગ આપ્યા છે એનાથી મહેનત કરવી, સૌ આપણા ભાઈઓ છે. ખૂનનો બદલો ખૂનથી મળતો નથી. કોઈને નુકસાન કરવાથી શાંતિ નહીં મળે. શાંતિ રાખશો તો જ શાંતિ મળશે. માટે હંમેશાં બે જણ સાથે બેસીને એવા વિચાર કરવા. ચૂંટણીવાળા લાલચ આપે તો એમાં સંડોવાવું નહીં. દુષ્ટભાવનાથી દેશ ઊંચો નહીં આવે. કાલનું જે થયું છે એ ભૂલી જજો ને નવેસરથી જીવન શરૂ કરજો.'

સમાજના ઉપેક્ષિત અને તિરસ્કૃત વર્ગોમાં પણ ઝૂંપડે ઝૂંપડે જઈને સ્વામીશ્રીએ જીવન ઉત્કર્ષની ભાવનાઓ ઉપદેશ દ્વારા જગાવી છે.

શિક્ષણ

વિદ્યાર્થી + આચાર્ય + વહીવટ = શિક્ષણ. શિક્ષણના આ ત્રણેય મહત્ત્વનાં અંગો જો પોતાની જવાબદારી સમજે તો જ શિક્ષણનું ગૌરવ સચવાય. સ્વામીશ્રીએ આ ત્રણેય પાંખોમાં કર્મનિષ્ઠાનું સિંચન કર્યું છે.

શિક્ષકોને...

'શિક્ષણ એ પાયાની વસ્તુ છે. દેશના વિકાસનો આધાર છે. શિક્ષકોના

સંસ્કાર બાળકોમાં આવે છે. એટલે આપના જીવનમાં જેટલા સત્ય, અહિંસા ને ચારિત્ર્ય-નીતિના સંસ્કારો હશે, એટલા વિદ્યાર્થીઓ તેજસ્વી બનશે. આજે ચારિત્ર્ય અને ધર્મનો શિક્ષણમાં અભાવ છે એટલે જ ધમાલ થાય છે. જેમ આપણે પોતાનાં બાળકોનો ઊછેર કરીએ છીએ એમ દરેક વિદ્યાર્થીઓને પોતાના માનશો તો જ એને આગળ લાવવાની કાળજી રહેશે અને પ્રયત્નો થશે. આજે છોકરાંઓને ભણવું નથી. પણ આપણે ભણાવવા જ છે એવું ધ્યેય રાખવું. પગારનું ધોરણ કે હકની દૃષ્ટિ ન રાખતા, સમાજને સારો કરવો છે એ ધ્યેય રાખીને કાર્ય કરવું. આપણે જેટલી મહેનત અને ખંત રાખીશું એટલો લાભ આપણને, વિદ્યાર્થીઓને અને દેશને થશે. અને એમાં જે મનનો સંતોષ મળશે એવો પૈસા ભેગા કરવાથી નહીં થાય.'

વિદ્યાર્થીઓને

વિદ્યાર્થી અને યુવાન એ તો દેશ કે દુનિયાની પ્રગતિની કરોડરજ્જુ છે. યુવાન પ્રગતિ કરે એ જોવાની સ્વામીશ્રીની મહેચ્છા છે, પરંતુ સોજો આવે એ શરીરની પુષ્ટિ નથી પણ વિકાર છે, એમ યુવાનો કેવળ ક્રાંતિકારી થાય એ પૂરતું નથી; એમની ક્રાંતિ રચનાત્મક કાર્યોમાં વળે એ જ પ્રગતિ છે. આજની યુવાનીનું અને આજના 'યુવા કલ્ચર'નું સુંદર સર્વેક્ષણ થયેલું છે.

વિદ્યાર્થીની મનોવૃત્તિમાં આજે જે હરામવૃત્તિ પેસી ગઈ છે એનો મીશ્રીને સતત રંજ રહે છે. પરીક્ષામાં નાપાસ ન થવાય એ માટે એને વાંચવું નથી પણ ચોરી કરવી છે. અને છતાંય જો નાપાસ થાય તો 'આપઘાત' કરવો છે. આજની આ વૃત્તિ માટે જવાબદાર મા-બાપોને પણ સ્વામીશ્રીએ બેજવાબદારી માટે ટોક્યાં છે.

'યોગીબાપા હંમેશાં બોલતા, 'વિદ્યાર્થીએ ફર્સ્ટ કલાસ લાવવો જોઈએ.' નિયમિત વાંચન, કલાસમાં ધ્યાન અને હોમવર્ક ના થાય તો નંબર ન આવે ને પરીક્ષામાં બીજાનો સહારો લેવો પડે. આપણે અંતરના અવાજથી પ્રયત્ન કરવો. નક્કી કરો કે ચોરી કરીને તો પાસ થવું જ નથી. પુરુષાર્થ કરો તો ભગવાન જરૂર બળ આપશે. જીવનમાં દૂષણ તો જોઈએ જ નહીં. એ બધી મનની નબળાઈ છે. આજે બારમા ધોરણમાં તો વિદ્યાર્થીના પગ થથરે છે. ગભરાવાનું શું? નબળા વિચારો શું કામ કરો છો? પાસ થવાશે જ. ભગવાનનું બળ રાખશો તો બળ રહેશે. મનની મોળપ લાવવી જ નહીં. જે સંકલ્પ કર્યો એ દૃઢ કરવો. મરતાં પહેલાં ઘોર ન ખોદવી. બરાબર વાંચન

કરવું. જો મોળા વિચાર હશે તો જીવનમાં આગળ કોઈ કાર્ય નહીં કરી શકો.

'...વિદ્યાર્થી જીવનનો પાયો વિનય, વિવેક અને અભ્યાસ છે. એનાથી જ આપણે ઉજ્જ્વળ બનવાના છીએ. विद्या विनयेन शोभते. વિનય વગરની વિદ્યા દેશને ખાડામાં નાંખે. જીવન બરબાદ કરે. ઉદ્ધતાઈ આવી જા અત્યારે તો અભ્યાસ એ જ આપણી દુનિયા. બહારનો વાયરો ખાશો તા ગયા. ફરવાનું, જોવાનું ભણ્યા પછી ઘણું થશે. માટે અત્યારે તો જે ધ્યેય લઈને આવ્યા છીએ એ સાધના પૂરી કરવી. એ જ આપણું તપ છે. કેટલી આકાંક્ષાઓ સાથે તમારાં મા-બાપે તમને ભણવા મોકલ્યા છે! મા-બાપે મહેનત કરીને મેળવેલો પૈસો ગેરવલ્લે ન જવો જોઈએ. આપણે તંદુરસ્ત સમાજ તૈયાર કરવો છે. ખોટી રીતે પાસ થયેલા દેશનું શું ધોળશે?'

'તિલક-ચાંદલો કરતાં શરમ આવે, પણ લગન વખતે કશો વાંધો નથી આવતો. ત્યાં તો તરત આ...મ... (સહેજ આગળ નમીને કપાળ ધરતા હોય એમ) કરી દે છે. જગત માટે કરવામાં વિચાર નથી આવતો તો ભગવાન માટે કરવામાં શું વાંધો છે? શા માટે કપાળ તાવડી જેવું રાખો છો? આપણે તિલક-ચાંદલો કરીએ એમાં કોઈનું ખરાબ ઓછું કરીએ છીએ? પોતાના સારા માટે કરીએ છીએ, પછી શરમ શું? કરીએ તો બહુ બહુ તો શું કહેશે? ટીલવા કહેશે. ભગત કહેશે. આજે લોકો ગમે એવાં નામ પાડે છે તો આમાં શું વાંધો છે? કોઈ કહી જાય એને વધારે પડતું મહત્ત્વ ના આપવું. મહત્ત્વ આપશો તો લ વધારે કહેશે. શાસ્ત્રીજી મહારાજને લોકો બંડિયા બંડિયા કહેતા પણ તેમણે કહેનારા તરફ ધ્યાન ન આપ્યું તો આજે સત્સંગ દુનિયામાં વધી ગયો.

'આળસ પણ ના રાખવી. રોજનું કામ રોજ કરી જ લેવું. નહીં તો કંઈ જ કરી નહીં શકીએ. દૃઢતાપૂર્વક કામ કરજો. કોઈથી ડરશો નહીં. શરમાશો નહીં. આપણે કોઈનું ખરાબ થાય એવું કરવું નથી. સૌ ખૂબ આગળ વધો અને સમાજ ને દેશને ઉપયોગી બનો એ આશીર્વાદ છે.'

આ ઉપરાંત પણ સ્વામીશ્રી કહે છે : 'સંયમ, એકાગ્રતા, શિસ્ત, નિયમિતતા, પ્રામાણિકતા, પુરુષાર્થ અને પ્રાર્થના આ વિદ્યાર્થીઓની શોભા છે.'

વાલીઓને

'બાળકો સરળ હોય છે. સારી ટ્રેનીંગ આપો તો સારું કાર્ય થઈ શકે છે.

અત્યારે તો ઘરમાં કે બહાર સારા સંસ્કારો મળતા નથી. માતા-પિતા પૈસા કમાવામાં ઓતપ્રોત હોય છે, તેથી પૂરતું ધ્યાન આપી શકતા નથી. જો સત્સંગનું વાતાવરણ ઘરમાં હોય તો એનાથી સારા સંસ્કારો મળે. પહેલાં આપણે જો વ્યવસ્થિત થયા હોઈએ તો બાળકો પણ વ્યવસ્થિત થાય. આ તો આપણે જ ગોબરા હોઈએ. ઘર અસ્તવ્યસ્ત હોય, બેઠકરૂમની વસ્તુ રસોડે હોય ને રસોઈની વસ્તુ બેઠકરૂમમાં હોય! પણ ઘરનું વાતાવરણ સ્વચ્છ અને વ્યવસ્થિત હોય અને ભગવાનનું નામ પણ હોય તો ઘણો લાભ થાય છે.

'જેમ પૈસાની મૂડી વધારવા માટે તનતોડ પ્રયત્ન કરીએ છીએ એમ છોકરાઓ પણ મૂડી છે, એને સાચવવાની પણ જરૂર છે. આપ સૌ પ્રયત્ન કરો જ છો પણ વિશેષ પ્રયત્ન કરવાની જરૂર છે. હોલા ઉપાડ કરવાનો છે. આપણી ફરજ છે. બચાવવા એટલે આધ્યાત્મિક રીતે સંસ્કાર સચવાય એ. એ વંશ સાચો છે. એના માટે દરેકે વિચાર કરવાનો છે. આપણે આપણા શરીરનો જ વિચાર નથી કરવાનો. પરંપરાનો પણ વિચાર કરવાનો છે.'

યુવાનોને

ભારતમાં અત્યારે ૨૪ વર્ષ સુધીના બાવન કરોડ યુવાનો છે. આ પેઢીને હોંગકોંગથી પ્રગટ થતા 'એશિયાવીકે', 'ઝી ટી.વી. જનરેશન' અથવા તો 'મની મોટીવેટેડ' (પૈસા વડે પ્રેરાતી ને પોરસાતી) તરીકે ઓળખાવી છે. એ પેઢીનું સર્વેક્ષણ ખરેખર ચિંતાપ્રેરક છે.

આજનો યુવાન મહત્ત્વાકાંક્ષી છે. મા-બાપથી જલદી છૂટા થઈને કંઈક કરી બતાવવાનું એને દિવાસ્વપ્ન છે. એમના રોલ-મોડલ 'ટી.વી.ના સ્ટાર છે.' 'જાત મહેનત' જેવો શબ્દ એમની ડીક્ષનરીમાં નથી. મહેનત કરવાને બદલે મોડી રાત સુધી ટોળટપ્પાં મારવાનો એનો શોખ છે. પૈસા મેળવવા કરતાં વેડફવામાં માને છે. તેઓ કોઈ પ્રકારની તસ્દી લેવા માંગતા નથી. નમ્રતા રાખવી એ એમને મન ખાલી ફોર્માલિટી-ઔપચારિકતા છે. મા-બાપ એમને મન વડીલ કે વંદ્ય નહીં પણ મિત્ર છે. મા-બાપની સલાહ એમને મન કચકચ છે. 'જીવન કેવળ મોજ માટે છે.' એવું મનોવલણ વધતું જાય છે.

કેન્દ્ર છે. પૈસો પૂજ્ય છે. પૈસો જ સર્વસ્વ છે. ત્યારે નૈતિક મૂલ્યોની ઠેકડી ઊડે એ સ્વાભાવિક છે.

આ જ મનોવૃત્તિ યુવાપેઢી અને દેશના અધઃપતનના દરવાજા ખોલી આપે છે. સ્વામીશ્રીની ચિંતા એ છે. એટલે સ્વામીશ્રી કહે છે : 'કુસંગ તો

ક્યારેય કરવો જ નહીં. કેટલાક ખાલી જુગાર જોવા જાય પણ એય ૫-૨૫ મૂકીને આવે. પરદેશમાં બિન્ગા હોય છે ને! પતંગિયાને ખબર છે કે મરવાનું જ છે છતાં એકની પાછળ બીજો જાય જ. ને મરે જ. અત્યારે બધા ડિસ્કોમાં જાય છે ને! એમાં કોણ કોણ નાચે?'

'એકલા છોકરા જ ને ?'

'ના બેય જણ.'

'બેય એટલે કોણ?' છોકરા ને છોકરી બેય નાચે. પછી ચાલે ધમાધમ. એમાં પછી તાલ કે સંગીતનો કોઈ મેળ નહીં. ગમે એમ નાચવાનું. કોની છોકરી ને કોનો છોકરો? ગમે એમ ચાલે તોય મા-બાપ રાજી થાય ને કહે : ...ીપ કરો.' સામેથી વ્યભિચાર કરાવો છો. લ્યા! કઈ જાતનું આ જ્ઞાન? હમણાં ગરબા પણ આવશે. કુસંગને માર્ગે જવું જ નહીં. એમાં જરૂર ભૂંડું થાય.' 'કરત કુસંગ ને ચહત કુશળ!' - 'ઝેરનાં પારખાં હોય? પાર્ટી, કલબો ને એ બધું-મરવા માટે જ જઈએ છીએ. માટે દઢતા જ રાખવી કે આ રસ્તો જ બંધ. એ હમણાં વળી પાછું નવું નીકળ્યું છે, લગ્ન થાય ને તરત ફરવા ...ી પડે. પરદેશમાં જાય ને ફરવાનાં સ્થળોએ જાય. હજી માંડ માંડ ભેગા થયા હોય ને ખબરેય ના હોય કેવા છે તોય નીકળી પડે. પછી હૉટલમાં નાની બાબત માટે તકરાર થાય એટલે ત્યાં જ છેડા ફાડીને પાછા આવે. લ્યા! આવા ખોટા ખર્ચા શું કામ કરવા? એનાથી ફાયદો શું?'

*

'ઘરડા મા-બાપની સેવા કરો. તમે જ્યારે નાના હશો ત્યારે કેટલીયવાર ઘોડિયાં બગાડ્યાં હશે. કપડાં બગાડ્યાં હશે. મા-બાપને કેટલી લાતોય મારી હશે છતાં એમણે બધું સહન કર્યું, તો આપણેય હવે એમનાં ઘડપણના સ્વભાવો સહન કરવા અને એમને સાચવવા...' આ ઉપરાંત સમાજના ઉજ્જ્વળ ભાવિના ઘડવૈયા આદર્શ યુવાનોની વ્યાખ્યા સ્વામીશ્રીને મન આ છે :

'ધ્યેય તરફ એકાગ્રતા રાખે, પુરુષાર્થમાં પાછો ન પડે. ઇન્દ્રિયોનો સંયમ કેળવે, માતા-પિતા તરફની ફરજ ન ચૂકે, ધર્મ પ્રમાણે જીવન જીવે, સંતો તરફ આદર રાખે એવા યુવાનો જ જીવનમાં આગળ કાઠું કાઢી શકશે.'

પરદેશમાં આ જ યુવાનો સમક્ષ સ્વામીશ્રી સંયમ-નિયમ ઉપરાંત રાષ્ટ્રની અસ્મિતા અને માતૃભાષા ઉપર વિશેષ ભાર મૂકે છે. 'આપણો હિંદુ ધર્મ

આપણને શિથિલ નહીં, પણ શૂરવીર બનાવે છે. આપણે વિદેશોમાં રહીએ છીએ પણ આપણો ધર્મ દૃઢ રાખવો. ને ધર્મને જાળવો. તે તે દેશના નિયમોને માન આપવું, પણ આપણા સંસ્કારોને ભૂલીને નહીં. ધર્મ અને ભાષા ભૂલી જઈએ તો બધું ખોવાઈ જાય છે. અસલ વસ્તુ ધર્મ છે. અહીં દેશોમાં 'એન્ટીક'ની કિંમત વધારે હોય છે. એને સાચવવા પ્રયત્નો પણ કરીએ છીએ. 'Old is Gold' કહીએ છીએ તો ભગવાન અને ધર્મ તો સૌથી પુરાણા છે. એને વધારે સાચવીશું તો બધું સચવાશે.'

વર્તમાન સમાજને સ્પર્શતા દરેક પ્રશ્નો, જેવા કે પર્યાવરણ, સંસ્કાર, પશ્ચિમી વાયરો... નૈતિકતાનો હ્રાસ... જેવા દુનિયાના પ્રશ્નો હોય કે રામજન્મભૂમિ, હિંસાચાર, અનામત જેવા રાષ્ટ્રીય પ્રશ્નો હોય કે પછી નર્મદા આયોજન, કૂવા-રીચાર્જ, ગોવધ, મત્સ્ય ઉદ્યોગ, પોલ્ટ્રી ફાર્મ જેવા સ્થાનિક પ્રશ્નો હોય, દરેક પ્રવાહોમાં સ્વામીશ્રીએ ડૂબકી મારી એના તળિયાને સ્પર્શ કરીને સમાજના માળખાને અખંડ અને મજબૂત રાખ્યું છે. છેલ્લે સ્વામીશ્રીના કેટલાક અભિપ્રાયો જોઈ લઈએ.

વાસ્તવિકતાને મૂકી દઈને પડછાયા પાછળ દોડતા લોકોને પણ સ્વામીશ્રી સાચી શિખામણ આપે છે.

'ભવિષ્યનું જાણવામાં માણસ બહુ લલચાય છે. વર્તમાનની કોઈને પડી નથી. લાખો ને કરોડપતિઓ સૌ મૂંઝાતા હોય છે કે અમારું ભવિષ્ય શું હશે? ભલા માણસ! તારે શું ચિંતા ? અત્યાર સુધી જેણે તારી ચિંતા કરી એ ભગવાન આગળનું નહીં કરે? કલાક પછીની ચિંતા પણ આપણે શું કરવાની? તું તારું જીવન સારી રીતે અને સદાચારી જીવ, તો ભગવાન રક્ષામાં છે જ. ઘણા કહે છે : સતૂયુગ આયેગા ને વીઘે સો મણ ઘઉં થશે. પણ જો મહેનત કરો તો અત્યારે સત્યુગ છે. અત્યારનું મૂકીને ભવિષ્યની પાછળ દોટ મૂકનારા ક્યારેય સુખી નહીં થાય.'

સમાજમાં મોભાને માટે તણાતા લોકો સામેય સ્વામીશ્રી લાલબત્તી ધરે છે:

'સમાજમાં મોભો વધારવા અને એકબીજાની દેખાદેખીથી આજે લોકો જીવન જરૂરિયાતની વસ્તુઓ વધારતા જ જાય છે. લ્યા ભઈ! તારી શક્તિ પ્રમાણે તું રહે ને! બીજાનું શું જુએ છે? માથે દેવું કરીને લાવે છતાં જરૂરિયાતો ઓછી થઈ શકતી નથી. દેવું કર્યું હોય ને લેણિયાત લેવા આવે, ને પછી આપણે ઉપદેશ આપીએ કે પૈસા તો નાશવંત છે. સાથે લઈ જવાના

નથી. તો એ પાછો વળી જાય ખરો? એ તો પછી કોર્ટથી ફેંસલો થાય ને ખુવાર થવાય. માટે એક કપડાથી ચાલતું હોય તો દશ કપડાંની જરૂર - દેવું કરતાં પહેલાં સો વાર વિચાર કરવો.'

સ્પર્ધા અને હતાશા એ આજના જમાનાનો વ્યાપક રોગ છે. લઘુતાગ્રંથિથી ા વિદ્યાર્થીઓને વાસ્તવિકતાનું ભાન સ્વામીશ્રી કરાવે છે.

'મર્યા પછી ઘોર ખોદાય, જીવતાં ઘોર ન ખોદાય. એમ હજી પરીક્ષા નથી આવી ત્યાં શું થશે? પાસ થઈશ કે નપાસ?' એ વિચારો ના કરવા. ાનમાં પાકું રહીને મંડી પડવું. ભવિષ્યનો વિચાર નહીં. આજે જો સેટ છીએ તો આવતીકાલે છીએ જ. માટે બરોબર ભણવું. જ્યોતિષને પણ ન બતાવવું. ભગવાન પર શ્રદ્ધા રાખીશું, તો ભવિષ્ય સારું જ છે. માટે ખોટા વિચાર કાઢીને ફૂલપાવર રે'વું.'

ટૂંકમાં સ્વામીશ્રી કહે છે : 'થોડું આપીને ઝાઝું લેવાની વૃત્તિ એ હરામવૃત્તિ છે. જુગાર અને લૉટરી એ હરામવૃત્તિ છે. આજે વિદ્યાર્થીઓને બરાબર ભણવું નથી ને ચોરી કરીને, હડતાલો પાડીને પાસ થવું છે. શિક્ષકોને હક સારું લડવું છે ખરું. પણ કોઈને ભણાવવા નથી. શેઠિયાઓને ભેળસેળ કરીને પૈસા કમાવા છે. કોઈને મહેનત કરવી નથી, પછી દેશ ક્યાંથી ઊંચો આવે? જો સૌ પ્રામાણિકપણે, નિયમિત રીતે, આઠ કલાક કામ કરે તો ભારત માણસોનો ક્યાં તોટો છે? આખી દુનિયા ભારતને પૂછતી આવે એવું છે.'

ડૉક્ટરો હોય કે વકીલો, વેપારી હોય કે નોકરિયાત, દેશનેતાઓ હોય કે સમાજસેવકો, યુવાનો હોય કે વિદ્યાર્થીઓ. સમાજનું એકે એક અંગ સ[illegible] પ્રામાણિક અને આદર્શ બને એની સતત ખેવના પાછળ સ્વામી[illegible] અંતરમાં સતત વહેતો કરુણાનો સ્રોત અનુભવી શકાય છે.

૬. સમજણ

માણસ નામે અપૂર્ણતા

ગ્રીક પુરાણકથામાં સીસીફસ નામના રાજાની વાત આવે છે. યમરાજને છેતરવા બદલ નરકમાં એક પર્વત પર એને એક મોટો ગોળ પથરો ગબડાવીને શિખર પર ચઢાવવાની સજા થઈ. આ શિક્ષામાં ખૂબી એ હતી કે જેવો પથ્થર શિખરને સ્પર્શે કે તરત જ પથ્થર એની મેળે નીચે ગબડી પડે. સીસીફસ નીચે આવે, પથ્થર ઉપર લઈ જાય ને શિખર ને સ્પર્શતાં જ પથ્થર ફરી પાછો નીચે ગબડે. કહેવાય છે, 'આ વખતે તો પથરો શિખર ઉપર સ્થિર થઈ જ જશે'ની લાલસામાં સીસીફસ હજી પથ્થરને ઉપર લઈ જાય છે ને પાછો નીચે આવે છે. જીવનને સુખના શિખરે સ્થિર કરવા માટે સતત પ્રયત્નશીલ માનવી માટેનો આ કરુણ કટાક્ષ છે.

સ્કોટલેન્ડના રાષ્ટ્રીય પ્રતીક 'થીસલ' ઉપર હ્યુકા મેકડિયારમીડે પુસ્તક લખ્યું છે 'અ ડ્રંકમૅન લુક્સ એટ ધ થીસલ.' એમાં એણે લખ્યું છે, 'અમારો સ્કોટ્સમૅન તેનો અરધો આત્મા કેટલીક ભ્રમણાઓ પ્રાપ્ત કરવામાં ખર્ચી નાખે છે અને પછી બાકીનો અડધો આત્મા આ ભ્રમણામાંથી મુક્ત થવાની મહેનતમાં ખર્ચી નાખે છે.'

સ્વામીશ્રીની કથાઓમાં અવારનવાર સંભળાય છે : 'મૃગલું જેમ મૃગજળ પીવા દોટ કરે છે એમ જગતના અજ્ઞાની માણસો ભૌતિક વસ્તુઓમાં સુખ મેળવવા દોડાદોડી કરી રહ્યા છે.'

પ્રત્યેક માણસ સલામતી શોધી રહ્યો છે.

ઐયાશીભર્યું જીવન એ સૌનું સપનું છે અને એના માટે ગજવાંના જોરે સુખનાં સાધનો ખરીદ્યે જાય છે... બસ! ખરીદ્યે જાય છે.

નવું રાચરચીલું, મખમલી ગાલીચાઓ, આરસની ફરસો, ભોજનની વિશિષ્ટ વ્યવસ્થા. નોકર, ચાકર, ગાડી, વાડી, લાડી.. ચાંપ દાબોને બધું

હાજરાહજૂર... અને છતાં અંતરમાં એકલતા! ખાલીપો.

વિજ્ઞાને વિમાન શોધીને આકાશને ભરી દીધું. યાન શોધીને અવકાશને ભરી દીધું. વાહન શોધીને જમીનને ભરી દીધી. જહાજ શોધીને જળનેય ભરી દીધું...

ટી.વી. જેવાં સાધનો શોધીને ઘરને ભરી દીધું.

પરંતુ માણસના હૃદયને હજી ભરી શકાયું નથી. સગવડો માણસને સુવિધા આપી શકે, પણ શાંતિ ક્યાં? બધું જ હોવા છતાં પ્રત્યેકને મગરના ચામડાના બૂટમાં કાંટો વાગેલો જ છે.

માણસ પાસે બધું છે પણ સુખી નથી. એ ભાગ્યે હસી શકે છે. વાત વાતમાં તાણ અનુભવે છે. બધો વૈભવ માણસને એકલો બનાવી મૂકે છે. કારણ કે આ વસ્તુઓ શાંતિ માટે નહિ મોભા માટે છે. નિર્જીવ છે.

નિર્જીવનો આધાર અને સુખ? કેટલી વિરોધાભાસી માન્યતા!!

અપૂર્ણતાનો અહેસાસ ટળે અને અમૃતનો-પૂર્ણતાનો ઓડકાર ક્યારે આવે? એક જ ઉપાય છે. અને એ છે : સમજણ. સમજણના સૂર્યોદય વિના આકાંક્ષાઓનું અંધારું ટળશે નહિ. એ ઊંડા રણમાં પ્રગટેલી મીઠી વીરડી અને એ પરમાત્માનો અમૃતસ્રાવી હાથ છે,

જે તમને શાંતિનો અનુભવ આપી શકે.

સમજણ એ પ્રિયજનનો ચહેરો છે,

જે તમારાં આંસુઓની લિપિ ઉકેલી શકે છે.

જે તમારા વિચારોને સમજે છે, સાંભળે છે.

જે ઘોર અંધકારમાં દીવાદાંડીની ગરજ સારે છે.

સમજણને કોઈ સગવડની જરૂર નથી. ગમે તે સંજોગોમાં, ગમે તે પરિસ્થિતિમાં સમજણ વ્યક્તિને અખંડ આનંદમાં રાખી શકે છે. સમજણ આપણને શાશ્વત સાથેના તારને જોડી આપે છે અને નાશવંત વસ્તુની સાથેનો નાતો તોડી આપે છે.

ભગવાન સ્વામિનારાયણે આ 'સમજણ'ને વિશલ્યકરણી ઔષધિની ૨ સરખાવી છે. આ 'સમજણ' આવવી સહેલી નથી. એના માટે જોઈએ પૂર્ણ મુમુક્ષુતા, 'વિષયમાં વિરતિ અને શાશ્વતમાં રતિ.' આ સમીકરણને સમજાવનારા એકાંતિક સંત જોઈએ. બાકી અણુ તોડવો સહેલો છે પણ

વાસનાનું નિર્મૂલન સૌથી અઘરું કાર્ય છે.

સ્વામીશ્રી કહે છે : 'વાસના છે ત્યાં સુધી આધ્યાત્મિક ઊંચાઈ શક્ય જ નથી.' મુક્તિના ગગનમાં નિર્વિઘ્ન ઉડ્ડયન તો જ શક્ય બને જો આપણે વાસનાઓના ગુરુત્વાકર્ષણમાંથી મુક્ત થઈએ. વાસના છે ત્યાં પ્રતિકૂળતા છે.

આપણે માન્યું કે મને બધું જ સુખ છે પણ તબિયત બગડે, અકસ્માત નડે, પ્રિય વ્યક્તિનું અવસાન થાય, ધંધામાંથી પાણીચું મળે, પત્ની બેવફા નીકળે, પતિનો માર પડે, લોકો ટાંટિયા ખેંચે, બધાની વચ્ચે માનહાનિ થાય... ત્યારે સુખની ભ્રમણાઓ પત્તાંના મહેલની માફક તૂટી પડે છે.

સ્વામીશ્રી કહે છે : 'નાશવંતનો આધાર સ્થિરતા ક્યાંથી આપે? આધાર વગરના દોરડે લબડો તો હેઠા જ પડાય, એમ જે કંઈ સુખ દેખાય છે એ નાશવંત છે. સ્થિર એક પરમાત્મા છે એનો આશરો જ આપણને સ્થિર કરી શકે છે.'

સ્વામીશ્રી આ 'સમજણ'ને પામવા માટે અંતર્યાત્રા કરાવે છે. બહારનાં બધાં જ આલંબનોને મુકાવે છે.

કોઈ પૂછે : 'આ બધા ઉપદેશોનો સાર શું?'

એક જ વાક્યમાં એનો જવાબ હોઈ શકે : 'અંતર્વૃત્તિ.'

આપણા મૂળ તરફની ગતિ.

સ્વામીશ્રીની આ અદ્ભુત ટૅક્નોલોજીના ૩ તબક્કા છે.

(૧) અંતર્વૃત્તિ; (૨) સાંખ્ય; (૩) આત્મા-પરમાત્માનું જ્ઞાન.

દુનિયાએ માનેલા 'સુખ' અને 'શાંતિ'નાં સમીકરણોથી તદ્દન વિપરીત અને તદ્દન સત્ય એવા આ ત્રણ પ્રદેશોમાં સ્વામીશ્રી આપણને લઈ જાય છે. ઉપનિષદ્ કહે છે એમ, પછી 'તત્ર ન મોહઃ શોકઃ..'

બધી જ પરિસ્થિતિઓમાં આનંદ. એ પછી જનક જેવો રાજા હોય કે અષ્ટાવક્ર જેવા અકિંચન, અરૂપ ઋષિ. શિવલાલ શેઠ હોય કે વડોદરાના નાથ ભક્ત. સ્વામીશ્રી તો દૃઢપણે માને છે જ્યારે ત્યારે પણ આ 'ટૅક્નોલોજી'ને અપનાવ્યા વિના છૂટકો નથી.

અંતર્વૃત્તિ

આજનો જમાનો ઉદ્યોગોનો છે, ત્યારે 'મૅનેજમેન્ટ'ની બોલબાલા છે. મૅનેજમેન્ટ વિષે હજારો પુસ્તકો પ્રકાશિત થાય છે. એ બધામાં સૌથી વધારે

બોલબાલા છે 'અંતર્વૃત્તિ'ની. '૯૪ની સાલમાં સ્વીત્ઝરલેન્ડની એક કૉન્ફરન્સમાં 'મૅનેજર' કેવો હોવો જોઈએ, એ મુદા ઉપર મૅનેજમેન્ટના ગુરુઓએ ચર્ચા કરી અને ૧૨ મુદ્દાઓ તારવ્યા. આ મુદ્દામાં સૌથી અગત્યનો મુદ્દો હતો : 'અંતર્દષ્ટિ'.

આધ્યાત્મિક માર્ગનો આ સિદ્ધાંત આજે જગતનો સિદ્ધાંત બની ગયો છે.

સ્વામીશ્રી ઘણીવાર કહે છે, 'તીરને આગળ વધવું હોય તો પણછને પાછળ ઠેલવી જ પડે.' સરાણિયા ધાર કાઢતી વખતે એક એક લસરકો મારે ને વારે વારે જોતા જાય કે ધાર કેટલી આવી? એમ આપણે આપણા જી‹ સામું વારે વારે જોતા રહેવું કે ભગવાન પ્રધાન થયા કે જગત?'

* * *

'સંકોચ-વિકાસ કરતાં શીખવું જોઈએ. દૂર કાશી સુધી વૃત્તિ હોય એને આત્મ સન્મુખ કરીએ તો મહારાજની મૂર્તિનાં દર્શન થાય. અત્યારે બ વિકાસ ખૂબ થયો છે એટલે દષ્ટિ બહુ ફેલાઈ ગઈ છે, પણ એમાં બહુ વૃત્તિ એટલો વધુ ઉદ્વેગ. વૃત્તિને ભગવાન સન્મુખ રાખીએ તો સંકલ્પો અને બહાર દષ્ટિ મટી જાય.'

* * *

'જ્યાં સુધી જ્ઞાન ન થાય ત્યાં સુધી ઘડપણ આવતું નથી. ૮૦ વર્ષેય પરણવાનું મન થાય. લૂલી (જીભ) વધારે તેજ થાય.

એક ડોસો મરવા પડ્યો. છોકરાઓ બધા બાપની સેવામાં ભેગા થઈ ગયા. ડોસો કહે,

'ફલાણો ક્યાં છે?'

'બાપુજી! અહીં જ છું.'

'અને ફલાણો?'

'હું ય અહીં જ છું.'

ડોસાએ વારાફરતી ચારેયને પૂછ્યું.

બધાએ કહ્યું :

'અમે બધાય અહીં જ છીએ.' એટલે પેલો ડોસો એકદમ બરાડી ઉઠ્યો, 'લ્યા! બધા અહીં બેઠા છો તો દૂકાને કોણ ગયું છે?' જો અંતર્દષ્ટિ ના હોય તો મરતી ઘડીએ પણ દકાન ના છટે. માટે કાયમ અંતર્વત્તિ કરવી.'

આ અંતર્વૃત્તિનો ફાયદો સ્વામીશ્રી આપણને સમજાવે છે.

'....આપણે ઓફિસમાં જઈને રોજ બીજું શું કરીએ છીએ? એની એ જ ફાઈલો ઉથલાવવાની ને સહીઓ કરવાની છતાં ત્યાં મજા આવે છે કારણ કે એમાં પૈસા દેખાય છે. એમ અંતર્દૃષ્ટિ રોજ કરીએ કે 'હું શું કરવા આવ્યો છું ને શું કરું છું?' તો એની પણ અસર થયા વગર રહે નહિ. જાણપણું રહે.

ભગવાનની કથાવાર્તાનું રોજ શ્રવણ કરીએ એટલે સહેજે જ દેહભાવ ટળે. દુઃખમાત્ર દેહભાવમાં રહેલાં છે ને કથાવાર્તામાં 'આ દેહ ખોટો છે' એ જ વાત આવે છે. નિરંતર એ વાત સાંભળવાથી દેહભાવ ટળે. ગમે ત્યારે અહં આવી જાય છે એ પણ એનાથી જ ટળે છે. બે ઘડી પાછું વાળીને અંતરમાં જુએ તો કોઈના શબ્દ લાગે નહિ. શબ્દની હાર થાય તો દેશકાળે કામ લાગે. ફળાઉ ઝાડને પાણી આપ્યા કરો તો લીલું રહે બાકી સૂકાઈ જાય એમ સતત પાછી વૃત્તિ વાળીએ તો જ સ્થિર રહેવાય.'

સ્વામીશ્રી કહે છે, 'વેપારી વેપાર કરે તો રોજ રોજનું તપાસે. હિસાબમાં એક પૈસાનો ગોટાળો હોય તો રૂપિયાનું તેલ બાળે. રાત જાગે કે આટલું નકશાન કેમ આવ્યું? જો ભૂલ ન શોધે તો ક્યારેક પાઘડી ફેરવવી પડે ને દેવાળું કાઢવું પડે. એમ સત્સંગ કર્યો ને આટલી ભૂલ થાય છે, આટલો સ્વભાવ નડે છે, હજી આત્મારૂપ થવા માટે આટલું બાકી છે એ વિચાર રહેવો જોઈએ.'

અંતર્દૃષ્ટિનો ઉપયોગ અને એની રીતિ તથા એના ફાયદા બતાવીને એના ઉપકરણ રૂપ 'સાંખ્ય'ની ચાવી સમજાવીને સ્વામીશ્રી આપણને સુપર મેનેજમેન્ટ તરફ લઈ જાય છે.

સાંખ્ય

સ્વામીશ્રીને મન સાંખ્ય એ આંખ છે.

જેમ આંખ વગરનું જીવન નકામું એમ સાંખ્ય વગરનું જીવન પણ નકામું જ છે. જીવનમાં પળે પળે આ સાંખ્યની જરૂર પડે જ છે.

સ્વામીશ્રી કહે છે, 'જેમ કાયદાનું જ્ઞાન હોય તો વેપારમાં વાંધો ન આવે એમ સાંખ્યનો વિચાર જો ન કરીએ તો સહેજ સહેજમાં અશાંતિ થઈ જાય. જગતના પ્રશ્નો એવા છે એને ખોટા કરતા ન રહીએ તો આનંદ ન રહે. સાંખ્ય વિચારવાળાને ગમે એટલી પ્રવૃત્તિ મૂકતા વાર જ ન લાગે.'

સ્વામીશ્રી સાંખ્યના આ જ્ઞાનને ત્રણ પ્રકારે દઢાવે છે.

(૧) કોઈ પણ પરિસ્થિતિનો સહજ સ્વીકાર.

(૨) વસ્તુના પરિમાણનો વિચાર

(૩) ભગવાન અને સંતના મહિમાનો વિચાર

(૧) પરિસ્થિતિનો સહજ સ્વીકાર

પરિસ્થિતિનો સહજ સ્વીકાર એ સાંખ્યદષ્ટિનું પ્રથમ પગથિયું છે. સ્વામીશ્રી કહે છે, 'યુગાન્ડામાં ઈદી અમીને બધાને કાઢ્યા ત્યારે કંપાલાથી પ્રભુદાસ લાલાજીને પણ પહેરેલાં કપડે નાસી આવવું પડ્યું હતું, બધા એમને કહે, 'આ બહુ ખોટું થયું.' તો તેઓ તરત કહે : 'આમાં કશું ખોટું થયું નથી. હું ભારતથી ગયો ત્યારે ધોતીયું પહેરીને ગયો હતો એને બદલે આ પેન્ટ પહેરીને પાછો આવ્યો છું. આમાં ખોટું શું થયું ?' દરેક પરિસ્થિતિમાં કેવળ ભગવાનને જ કર્તા માનીએ તો સુખ ને શાંતિ રહે. ગમે એ પરિસ્થિતિમાં આનંદમાં રહેવાની ચાવી જ આ વિચારમાં રહેલી છે.'

(૨) વસ્તુના પરિમાણનો વિચાર

'એક નવાબના મહેલની ઓસરીમાં એક દિવસ એક ફકીરે પડાવ નાંખ્યો. નવાબના સેવકોએ આ જોયું એટલે એને ટૈકડાઈને કહે, 'એ ફકીરિયા! યહાં ક્યું આયા? તમારા ઉતારે જતા રહો. યે નવાબ કા મહેલ હૈ, તમકુ માલૂમ નહિ હૈ? યહાં નહિ રહેવાય.'

'પણ મારે ક્યાં નવાબનો મહેલ લઈ જવો છે? રાત રે'વું છે એમાં તમને શું વાંધો છે?' ફકીરે કહ્યું. સિપાહીએ બહુ પ્રયત્ન કર્યો પણ ફકીર ના હટ્યો. નવાબને આ વાતની ખબર પડી એટલે જાતે આવ્યો, 'એય ફકીર! અહીં ક્યાં આવ્યો? ઊઠ.'

ફકીર જ્ઞાની હતો. કહે, 'બાદશાહ! મહેલ કોને બનાયા?'

'હમેરા દાદાજીને.'

'એ ક્યાં ગયા?'

'એ તો ગયા.' નવાબે કહ્યું.

'તો તમારા પિતાજી?'

'એ પણ ગયા...'

'જેનો મહેલ હતો એને ય તમે મહેલમાં ના રાખ્યો, તો તમને મહેલમાં

રાખશે?' ફકીરે નવાબને પ્રશ્ન કર્યો ને નવાબની આંખો ઊઘડી ગઈ.

ફકીર કહે, 'હું આ મહેલમાં એક રાતનો મુસાફર છું ને તું થોડાં વર્ષોનો. હવે બોલ! કોનો મહેલ ને કોણે જવાનું?'

નવાબ ફકીરના પગે પડી ગયો.

આપણને પણ આટલી જ સમજણ આવી જાય તો મોટા બંગલામાં રહીએ કે ગમે એટલો વ્યવહાર કરીએ તો પણ શાંતિ રહે.'

* * *

'...જ્ઞાન થશે પછી વ્યવહાર કરશો તોય બંધન નહિ થાય. આપણે કોઈને ત્યાં મે'માન થયા હોઈએ. ત્યાં પાંચ દા'ડા ખઈએ, પીએ, રહીએ. ખાટલો-પાટલો બધું સારામાં સારું આપે. ઘર કરતાં પણ સારી વ્યવસ્થા હોય પણ કોઈ પૂછે, 'આ મકાન તમારું છે?' તો શું કહો?

'ના ભઈ! હું તો મે'માન છું.' લ્યા! ઘર કરતાં ય વધારે સુખ છે છતાં મારું છે એમ નથી મનાતું? એમ ગૃહસ્થમાં રહો, મોટર, ગાડી, બંગલા બધું ભોગવો, વ્યવહારની જવાબદારીમાંથી છટકો નહિ, પણ ૬૦-૭૦ વર્ષના મે'માન છીએ ને જે છે એ ભગવાનનું છે એમ સમજીને રહો, તો ભોગવીએ છતાં બંધન નહિ થાય.'

વસ્તુની પ્રકૃતિનો ખ્યાલ હોય તો પછી એના જવાથી દુઃખ શું કામ થાય? પરંતુ જીવનો ચોંટવાનો સ્વભાવ છે. એનું વર્ણન સ્વામીશ્રી ઘણીવાર કરે છે.

'ઘણા એવા હોય બૈરાં ધામમાં જાય તો જાણે આભ તૂટ્યું. બૈરાંનો ફોટો લઈને સામે બેસે. 'હવે મારું શું થશે?' 'મારો આધાર ગયો, મારો સથવારો ગયો.' પોક મૂકે. લ્યા! તારો સથવારો ભગવાન હતો કે બૈરું? જે જવાનું હતું એ ગયું. જે થવાનું હતું એ થયું. હવે રડી રડીને દિવસો વીતાવવાથી કંઈ પાછું આવવાનું છે?... સત્સંગ હોય ને નાશવંતપણાનો ખ્યાલ હોય તો એને કંઈ વાંધો ના આવે. નરસિંહ મહેતાનું બૈરું ગયું તો ગાયું, 'ભલું થયું ભાંગી જંજાળ સુખે ભજશું શ્રીગોપાળ.' આપણે કહીએ છીએ ને! 'જ્ઞાનીનો ગમો જેમ વાગે એમ સમો.' વિચારવાળાને બધું સવળું જ પડે.

આવો સાંખ્ય વિચાર રહે તો બધું કરવા છતાં નિર્લેપભાવ સતત રહ્યા કરે. મકાન ચણાતું હોય ત્યારે બેલા ક્યાં ખડકે? જમીન ઉપર. પણ જો છાતીએ ખડકે તો? ત્યાં ને ત્યાં ધબાય નમઃ થઈ જાય. એમ વ્યવહાર કરવો પણ અંતરમાં ન ખડકવો.'

આત્મા-પરમાત્માનું જ્ઞાન

સ્વામીશ્રીની ઉપદેશધારાના મુખ્ય ઘટકો બે છે. આત્મા ને પરમાત્મા, સંત અને ભગવંત. આત્મજ્ઞાન વગર કોઈ સમજણ કે કોઈ સાંખ્ય વિચાર ટકી શક્તો નથી, બોચાસણમાં સ્વામીશ્રીએ 'આત્મજ્ઞાન'ને માસ્ટર-કીની ઉપમા આપી હતી. દરેક પ્રકારની મૂંઝવણ કે ગુંચવણનાં તાળાં એક આ ચાવી ઉકેલી આપે છે. આ માસ્ટર સમીકરણ છે. એક જ સમીકરણ વડે જીવન-ગણિતના દરેક આટાપાટા 'હાઈ-વે' જેવા સરળ અને નિર્વિઘ્ન થઈ જાય છે.

માન વખતે કે અપમાન વખતે સ્થિરમતિ રાખવી છે? આત્મજ્ઞાન કેળવો.

ા કે દુઃખ, વ્યગ્રતા કે વિહ્વળતામાં કે પછી અનાદિકાળની વાસના, આસક્તિ અને ગ્રંથિઓથી ભરેલા જીવાત્માને ઉખેડવા માટે પણ એ જ ઉપાય આત્મજ્ઞાન.

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતના પાને પાને આ જ ઉદ્‌બોધ કર્યો છે. અને સ્વામીશ્રીનું પણ એક પણ પ્રવચન એવું નહિ હોય કે જેમાં આત્મા-પરમાત્માની, સંત અને ભગવાનની વાત આવી ના હોય.

સ્વામીશ્રીનું પ્રિય દૃષ્ટાંત છે પરીક્ષિતના મોક્ષનું, જેમાં દેહભાવથી પર જઈને આત્મજ્ઞાન વડે મૃત્યુને જીતવાની વાત સ્વામીશ્રી વિસ્તારથી કહે છે. એવું જ પ્રિય દૃષ્ટાંત જનક અને અષ્ટાવક્રનું છે. જેમાં આત્મજ્ઞાનની જનકના વિદેહીપણાની વાત સ્વામીશ્રી વિસ્તારે છે.

એમનો પ્રિય શ્લોક છે 'બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા.' જે આત્મારૂપ થયો એના લક્ષણની વાત હોંશે હોંશે સ્વામીશ્રી સંભળાવે છે.

એમ કહી શકાય કે સૌને આત્મારૂપ કરવાનો સ્વામીશ્રીનો પ્રયત્ન એ જ એમનું પ્રિયમાં પ્રિય કાર્ય છે.

ભગવાન સ્વામિનારાયણનું આ લોકમાં આવવું એ પણ આ જ હેતુસર હતું. સ્વામીશ્રી એ પરંપરાના વાહક છે.

સ્વામીશ્રીની આત્મજ્ઞાન સંબંધી કેટલીક અભિવ્યક્તિને જોઈએ. 'દેહના રોગોને દૂર કરવા આપ સૌએ ખૂબ સંશોધન કર્યું છે. આજે એની પણ જરૂર છે. આજ રીતે આપણા ઋષિઓએ આત્માનું ઊંડું સંશોધન કર્યું છે. કારણ કે બધું જ સમજ્યા હોઈએ ને એક પરમાત્માને ન જાણ્યા તો બધું અધૂરું જ રહે છે. આપણે પહેલાં આપણી જાતને ઓળખવાની છે. આપણે કોણ છીએ એ

સમજ્યા નથી એટલે મોહ અને આસક્તિ થાય છે અને દુ:ખ ઉભાં થાય છે. આત્માનું જ્ઞાન હશે તો સુખિયા રહેવાશે...'

* * *

વિશેષજ્ઞાન થાય તો શાંતિ થાય. વિશેષ જ્ઞાન એટલે બ્રહ્મવિદ્યા. જોગી મહારાજ બ્રહ્મવિદ્યાની વાત કરતા. પેલી વિદ્યાની પણ જરૂર છે. એ મેળવીને સંસારનું કાર્ય કરવાનું છે. એનાથી દેશનો વિકાસ થાય પણ સાથે આત્માનો વિકાસ ના હોય તો પાયો મજબૂત ના કહેવાય. આજે આપણે ધરતીકંપમાં પણ વાંધો ન આવે એવી શોધ કરી છે. બધી શોધ કરી પણ બંગલા-મોટર ને બધું જ હોવા છતાં જીવન હલબલી જાય છે એ ન થાય એના માટે આ બ્રહ્મવિદ્યા છે. એ ટેકનીક હાથમાં આવી જાય તો વાંધો ન આવે. શ્રીજી મહારાજે ને યોગીજી મહારાજે આ જ વાત કરી છે. બ્રહ્મને જાણવા છે ને એવા થઈને પુરુષોત્તમની ભક્તિ કરવાની છે. આ પાયો જો મજબૂત થાય તો ગમે એવા પ્રસંગો આવે, સુખ ને શાંતિ રહે. દેશમાં કે ઘરમાં અહં-મમત્વને લીધે જ યુદ્ધ થાય છે. જ્યાં સુધી અહં-મમત્વ ટળે નહીં ત્યાં સુધી વિકાસ થશે નહીં. કદાચ બહારનો વિકાસ થશે પણ અંદરનું દુ:ખ મટશે નહીં. 'હું ટળે હરિ ઢુંકડા...' હું કોણ? આત્મા. એને કોઈ બંધન નથી. યોગીજી મહારાજ હંમેશાં કહેતા કે અમે તો દાસ છીએ. એમને ગમે એવા પ્રશ્નોમાં અશાંતિ લાગી નથી. તેઓ પરમાત્માને અખંડ ધારીને કાર્ય કરતા.

બ્રહ્મ-પરબ્રહ્મનું જ્ઞાન થયા પછી બીજામાં પ્રીતિ રહેતી નથી. આપણે પોતાને આત્મા સમજીએ તો એનો નાશ નથી. એને કોઈ જાતિ કે દેશ નથી. જો દેહમાંથી પ્રીતિ ટળે તો (વિષય) ભોગવવાનું મન ન થાય. આત્મજ્ઞાન દૃઢ થયા વિના હિમાલયને છેડે બેસો તોય વિષયનો યોગ થતા લેવાઈ જવાય. પણ જો આત્મજ્ઞાન દૃઢ થયું હોય તો એક ભગવાન સામી જ દૃષ્ટિ રહે. બીજે વૃત્તિ જાય નહિ.'

* * *

'સંસાર-વ્યવહારમાં બધું કરવું પણ સાંજ પડે એટલે તેનો નિકાલ કરી નાંખવો. આત્મવૃત્તિથી પાછા વળી જવું. આત્માનો ખોરાક લઈ લેવો. આત્મદૃષ્ટિ કેળવવી એ શાસ્ત્રનો સિદ્ધાંત છે. આત્મામાં અદ્‌ભુત શક્તિ રહેલી છે. ઓળખવા જેવું, સમજવા જેવું જે છે તે આપણે પોતે છીએ.'

* * *

'જે સ્કૂલમાં બેસે એની જ પરીક્ષા થાય. બ્રહ્મરૂપ થવાની પરીક્ષામાં છૂટછાટ ન હોય. એમાં તો સો ટકા જ મેળવવા પડે. બ્રહ્મરૂપ થયા પછી એવુ બખ્તર ઘડાઈ જાય કે ટોચો જ ન લાગે. એવું કેમીકલ ચઢી જાય કે કોઈ મૂર્ખ કહે કે ગમે તે કહે પણ કંઈ ના અડે. માન-અપમાનમાં એકતા રહે. દ્રૌપદીએ તો દુર્યોધનને કહી દીધું, 'અંધ ના અંધ છો.' પણ દુર્યોધનનો દેહભાવ ગયેલો નહિ અને પોતાને આત્મારૂપ માનેલું નહિ તો મહાભારત થયું.

'આત્મા-પરમાત્માની વિદ્યા કોલેજોમાં-સ્કૂલોમાં નહીં મળે. સંતો પાસે મળે. એ વિદ્યાના પ્રોફેસરો સંતો છે. સત્યકામ જાબાલિ આજ્ઞાથી ગાયો વા ગયો તો બધે જ ભગવાન જ દેખાયા. ભગતજી જ્ઞાન લેવા પણ કારખાનામાં જોડ્યા, પર્વતને બોલાવી લાવવાની વાત કરી. મારા ઇચ્છા મુજબ જ આજ્ઞા થાય એમ નહીં, પણ મનધાર્યું મૂકી જ દેવાનું. નો કરવા જઈએ ને કહીએ ના આ જ કામ કરવું છે તો કહે : ચાલ્યો જા. યોગીજી મહારાજને રોટલા ઘડવાના કહ્યા તો રોટલા ઘડ્યા. ના ન પાડી. નાનામાં નાની સેવા કરી.

'આત્મવિદ્યા એ શાસ્ત્રજ્ઞાનીઓની જાગીરી નથી, ઉપનિષદ્ તો કહે 'આ વિદ્યા પંડિત થવાથી નહિ પણ ભગવાનની કૃપાના પાત્ર થવાથી મળ છે.' જેને આત્મજ્ઞાન સિદ્ધ હોય એવા પુરુષ પાસેથી જ આ વિદ્યા મળી શકે.'

સ્વામીશ્રી આ ટેકનોલોજીની વાત સાધિકાર કરે છે કારણ કે તેઓ એવા પુરુષ છે.

વિજ્ઞાનની છેલ્લામાં છેલ્લી શોધોનો અભ્યાસ કરીને સંતો બોચાસણ આવ્યા ત્યારે હેરત પમાડે એવા વિજ્ઞાનના આવિષ્કારો એમના મુખે સાંભળીને સૌ દંગ થઈ ગયા. પરંતુ એ જ દિવસની સભામાં સ્વામીશ્રીએ અદ્ભુત વાત કરી, 'આ સંતોએ જે ત્યાંની ટેકનોલોજીની વાતો કરી એમાં કાંઈ સમજ્યા નથી. અમારી ટેકનોલોજી તો આ છેઃ આ દેહ નાશવંત છે ને આત્મા અમર છે. બીજી બધી ટેકનોલોજી નાશવંત છે. અમે આ સમજ્યા છીએ કે જોવા જેવા ભગવાન અને સંત છે.'

આજના વૈજ્ઞાનિક આવિષ્કારો સુખ આપી શકે પરંતુ એ 'સુખ કાયમ રહેશે' એવી બાંહેધરી નથી આપી શકતા જ્યારે સ્વામીશ્રીની ટેકનોલોજી એવી છે જે શાશ્વત શાંતિની બાંહેધરી આપે છે.

૭. સંબંધ અને સાક્ષાત્કાર

સંબંધ

'ભાલ દેશમાં એક મુસલમાન રહે. રોજ ચણાનું ખાવાનું એટલે એકવાર રીસાઈને ઘરની બહાર નીકળી ગયો. ચોરે જઈને બેઠો. બપોરા થયા ને પેટમાં બિલાડાં બોલવા માંડ્યાં. જવું ક્યાં? એ તો પહોંચ્યો ઘરે. બીબીએ ચણાનો રોટલો ને ચણાની દાળ પીરસી. આ જોઈને પેલો ખીજાયો, 'રોજ રોજ આ શું એકનું એક?' ત્યારે બીબી કહે, 'યે હી ચનેકી દાલ ઔર યે હી ચને કી રોટી જબ ખાયેગા તબ ભૂખ જાયેગી...'

સ્વામીશ્રી ઘણીવાર આ દૃષ્ટાંત આપીને કહે છે : 'એમ કલ્યાણને અર્થે કોઈપણ શાસ્ત્ર વાંચો. બધાનો સૂર એક જ આવશે. ભગવાન અને સંત.'

માળામાં મણકા ઘણા હોય પણ દોરી તો એક જ હોય. સ્વામીશ્રીની ઉપદેશમાળાના મણકાઓ અસંખ્ય છે પરંતુ દરેક મણકામાં ભગવાન અને સંતની વાત, એમનો મહિમા અને એમનો સંબંધ દોરીની જેમ સોંસરો ચાલ્યો આવે છે. આપણે આ પુસ્તકમાં અત્યાર સુધી જે વાંચ્યું એ બધાનો મધ્યવર્તી વિચાર સ્વામીશ્રીની દૃષ્ટિએ એક જ છે 'ભગવાન અને સંત.'

સ્વામીશ્રી ઘણીવાર કહે છે, 'અન્ન, કાં મે(વરસાદ) કાં ત્રે(જમીનના પાણી)થી પાકે એમ આ જીવનો મોક્ષ કાં ભગવાનથી થાય કાં સંતથી. આ સિવાય બીજો કોઈ ઉપાય નથી.'

એમ પૂછવામાં આવે કે

આવા સંબંધનું શાસ્ત્ર કયું? અને શાસ્ત્રનો સંબંધ કયો? તો બન્નેનો ઉત્તર એક જ આવે, 'ભગવાન અને સંત.'

ભગવાન અને સંતનો યોગ થવો એ સંબંધનું શાસ્ત્ર છે અને ભગવાન અને સંતનો યોગ એ જ શાસ્ત્રોનો સંબંધ છે. ભગવાન અને સંતનો સંબંધ એ ભોજનમાં મીઠું છે. આ બન્નેનો સંબંધ થવો એ જ ભક્તપણું છે એમ શ્રીજી

મહારાજે વચનામૃતમાં વાત કરી છે.

સ્વામીશ્રી કહે છે, 'બુદ્ધિ પ્રમાણે ચાલીએ તો સત્પુરુષ પ્રધાન ના રહે. બ્રહ્મરૂપ થવું હોય કે ગમે એ જ્ઞાન મેળવવું હોય તો સત્પુરુષ પ્રધાન હોવા જોઈએ. એમની આજ્ઞા પ્રમાણે કરો એમાં બધું જ્ઞાન થતું જાય.'

સ્વામીશ્રીના જીવનના પ્રત્યેક બિંદુએ આ વાત જીવની જેમ જડાઈ અનુભવાય છે. એમણે કરેલાં અસંખ્ય પ્રવચનોનો સાર છે ભગવાન સ્વામિનારાયણ અને શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપા એમનાં પ્રવચનોનો મુદ્દો પણ એ જ અને ઉપસંહાર પણ એ જ છે.

શાસ્ત્રીજી મહારાજને અક્ષરનિવાસી થયે આજે ૪૫ વર્ષ થવા આવ્યા. યોગીબાપાને ૨૫. છતાં કથા પ્રસંગોમાં એમની લીલાને સ્વામીશ્રી વર્ણવતા હોય ત્યારે સાંભળનારને એમ જ લાગે કે આ પ્રસંગ જાણે હજી ગઈકાલે ના બન્યો હોય? ઇષ્ટદેવ અને ગુરુવર્યો પ્રત્યેની અત્યંત આસક્તિનું પરમ દર્શન એમની વાતોમાં લાધે છે.

સ્વામીશ્રી આસક્તિની વાત અત્યંત દુન્યવી ભૂમિકા ઉપર રહીને આપે છે. ૬૦ વરસે દીકરો આયો હોય એને દીકરા ઉપર કેવું હેત હોય? ઘરેથી નીકળીને ઑફિસે જાય તોય ઘરે ફોન કરે : 'બેટાને કેમ છે?' લ્યા! હજી હમણાં તો રમાડીને આયો છે ને એટલીવારમાં શું થઈ જવાનું હતું? વેપારી આવે તો એનેય વાત કરે : 'અમારો દીકરો તો આવો ને રૂપાળો ને બહુ સારો...' ભઈ! એને તારા દીકરા સાથે નહિ પણ તારા વેપાર સાથે કામ છે.' આસક્તિ હોય એટલે ગમે ત્યાં જાવ એ જ વાત નીકળે.

સ્વામીશ્રીના કથા પ્રસંગોમાં ગુરુવર્યો પ્રત્યેની પરમ આસક્તિનાં આવાં જ દર્શન સાંપડે છે. સ્વામીશ્રી 'મહિમા'ની વાત કરતા હોય તો અચૂક આવે જ કે 'જોગી મહારાજ મહિમાની મૂર્તિ હતા,' વૈરાગ્યની વાત હોય કે ભક્તિની કે પછી સેવાની કે જ્ઞાનની - ઇશકની વાત હોય કે કરુણાની કે પછી ભીડાની. શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપાનો ઉલ્લેખ ન આવ્યો હોય એવું ક્યારેય બન્યું નથી. અરે! એકવાર લંડનમાં યુવકોના કાર્યક્રમમાં સ્વામીશ્રીને વિષયો આપવામાં આવ્યા : 'પથ્થર', 'પોટલું' ને 'ચંદન' ને સ્વામીશ્રીએ પ્રવચન કરતાં કહ્યું : 'આપણે તો શું દાખડો કરવાના? શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપા 'પોટલાં' માથે લઈને ગામોગામ ફર્યા છે.

પથ્થરની વાત કરતાં કહે : 'ગઢડામાં મંદિર થતું ત્યારે ભગવાને સ્વયં

પથ્થરો ઊંચકેલા.

'ચંદન'ની વાત આવી. સ્વામીશ્રી કહે : 'જેમ ચંદન ઘસાઈને બીજાને સુગંધી આપે છે એમ શાસ્ત્રીજી મહારાજ ને યોગીબાપાએ આપણા માટે દેહને ઘસી નાંખ્યો છે. આપણને સુખિયા કર્યા છે.'

સ્વામીશ્રી ગામોમાં વિચરતા હોય તો એ ગામ સાથે પણ આવો દિવ્ય સંબંધ જોડી દેવાનું કાર્ય અચૂક કરે છે. પુરુષોત્તમપુરામાં પ્રવચન કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની પ્રસાદીની ભૂમિ. અહીં જ્ઞાનની ગોષ્ઠિઓ ઘણી થઈ છે. શાસ્ત્રીજી મહારાજનાં ચરિત્રોમાં મોટા સ્વામી ને દાજીના કુટુંબની નિષ્ઠા તથા શ્રદ્ધામાં ફેર નથી પડ્યો. ભેગા રહીને મહિમા સમજવો અઘરો. મોટા સ્વામી વર્ષો સુધી ભેગા રહ્યા પણ એક જ ભાવ. સ્વામીને મૂકીને જવાનું મન ન થયું.

'શાસ્ત્રીજી મહારાજ જ્યાં જતા ત્યાં અપમાન થતું. એ વખતે જેમણે શાસ્ત્રીજી મહારાજને ઓળખ્યા એમનું કામ થઈ ગયું. મોટા સ્વામીનું ઘર બળ્યું ને શાસ્ત્રીજી મહારાજે સેવા માંગી. આપણે પાંડવોની કે નરસિંહ-મીરાંની વાતો સાંભળીએ છીએ, પણ અહીં તો એ પ્રત્યક્ષ દેખેલું છે. સત્સંગનો ચઢતો ને ચઢતો રંગ. પાછા પડ્યા નથી.

'અક્ષરપુરુષોત્તમની વાત સાચી છે. શાસ્ત્રીજી મહારાજે જે કામ કર્યું છે એ સર્વોપરી છે, સાચું છે. લોકોને છેતરવાની વાત નથી. લોકોના કલ્યાણની વાત છે. એમને બીજો કોઈ સ્વાર્થ હતો નહીં.'

ક્યારેક તો સંદર્ભ વગર પણ ગુરુગુણના ગાનનો અવસર સ્વામીશ્રી ઝડપી લેતા હોય છે.

નર્મદા અભિયાનની સભા હોય કે કોઈ જાહેર હિતનું પ્રવચન-સ્વામીશ્રીનાં પ્રવચનો ત્યારે જ પૂરાં થાય, જ્યારે એમાં શાસ્ત્રીજી મહારાજ ને યોગીબાપાનાં નામ આવે.

•

કલ્યાણના માર્ગનાં પ્રત્યેક સાધનોનું અર્થઘટન આ ગુરુવર્યોમાં કરવું એ સ્વામીશ્રીની વાણીની વિશેષતા છે.

પ્રગટ

ભગવાન અને સંતની અગત્ય અને એના મહિમાની વાત ગમે એટલી કરીએ, પરંતુ જો એ 'પ્રગટ' ન મળે તો શું અર્થ?

સૂર્યનો મહિમા છે પરંતુ જ્યાં સુધી અગ્નિ બનીને ઘરમાં ન આવે ત્યાં

સુધી રસોઈ ન બને.

'વાતે વડાં ન થાય' એ કહેવત અહીં સાર્થ ઠરે છે. વડાં પેટમાં જાય તો જ ભૂખ ભાંગે એમ ભગવાન અને સંતની પ્રત્યક્ષ પ્રાપ્તિ જ જીવનની ધન્ય ઘડી છે. સ્વામીશ્રી આ મુદ્દાને વારંવાર સ્પષ્ટ કરતા રહે છે. આ મહિમા સમજાય એટલું આત્માના પ્રદેશનું ગમન નિર્વિઘ્ન. નકશો લઈને વનમાં નીકળો અને મેયાની આંગળી પકડીને નીકળો, બેમાં જેટલો ફરક એટલો જ ફરક પ્રાપ્તિની કેવળ વાતો અને પ્રગટ પ્રાપ્તિમાં છે. એકમાં કેવળ અનુમાન, અટકળો અને સતત સતર્કતા જ્યારે બીજામાં નિર્ભયતા, નચિંતતા ને પૂર્ણકામપણું. એકમાં કેવળ સંસ્કાર અને એય ઉરુકાળે, જ્યારે આમાં તો છતી દેહે જ મોક્ષ. મહારાજે વચનામૃતમાં એજ કહ્યું છે : 'પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ એ જ પરમપદ.' એવા પ્રગટ સત્પુરુષની પ્રાપ્તિ એ જ કલ્યાણનો 'શોર્ટકટ' છે, એ જ મુદ્દો છે.

સ્વામીશ્રી કહે છે :

'મુદ્દો સચવાઈ જાય તો બધું સચવાઈ જાય, અને મુદ્દો જાય તો બધું નકામું. જાન લઈને ગયા હો અને જાનૈયા તૈયાર થઈને માંડવે પહોંચી જાય ને વર પાછળ રહી ગયો હોય. કન્યા પક્ષના પૂછે કે 'વર ક્યાં છે?' તો કહે : 'પાછળ છે.' પેલા તરત કહે, 'કન્યા કાંઈ ઓછી તમને પરણાવવાની છે?' વર એ મુદ્દો છે. એ સચવાય તો સામૈયા થાય. સાકરના પાણી પાય અને જો મુદ્દા વગર આવ્યા હોય - પછી ભલે ને સૂટબૂટ પહેરીને આવ્યા હોય ને વર ભલે ને લૂલો લંગડો હોય પણ તોય જેવા આવ્યા હોય એવા જ વિદાય કરે. એમ મહારાજ અહીં મુદ્દો સમજાવે છે. જમવામાં શાક, ચટણી, ફરસાણ બધું જ હોય પણ લાડુ - શેરેશેર ઘીના-ના આવે તો મુદ્દો આવ્યો ન કહેવાય.

શ્રીજીમહારાજ કહે છે, 'જેવું પરોક્ષનું માહાત્મ્ય છે એવું જો પ્રત્યક્ષ ભગવાન અને સંતનું સમજાય, પ્રત્યક્ષ એટલે ભગવાન સહજાનંદ સ્વામી . એમના ધારક સંત ગુણાતીતાનંદ સ્વામી. આ સ્વરૂપ સમજાય તો મુદ્દો હાથ આવી ગયો. એમનો જેવો છે, એવો મહિમા સમજાય તો બીજું સમજવાનું બાકી રહેતું નથી.'

* * *

'વરસાદ વરસે ત્યારે દેડકા બોલે તકે તક, 'વરસાદ વરસ્યો છે માટે વાવણી કરી જ નાંખો...' એમ આ શરીર મળ્યું ને ભગવાનના ધારક સંત

પૃથ્વી ઉપર પ્રગટ છે... સાતમ ને સોમવાર ભેગા થયા છે. જો આ તક ચૂકી ગયા તો ફરી ભેગું થવું મુશ્કેલ. માટે જે પ્રાપ્તિ થઈ છે એના વડે મોક્ષનું કામ સાધી લેવું.'

* * *

'ભગવાને આ સત્પુરુષ બનાવ્યા છે એ એમની મોટામાં મોટી રચના છે. એ જોવામાં આધ્યાત્મિક લાભ છે. એટલું થયા પછી મન બીજેથી પાછું વળી જશે. તૃપ્તિ થઈ જશે. આ મહિમા સમજ્યા પછી તીરથના ઘોડા મટી જાય. ઉપાસના દૃઢ થાય ને નિશ્ચય ડગે નહીં.'

ભગવાનના પ્રગટપણાનો આ મહિમા છે.

ગુરુઃ સાક્ષાત્ પરં બ્રહ્મ

યુધિષ્ઠરને અશાંતિ થઈ કે પ્રહ્લાદને જેવા ભગવાન મળ્યા એવા આપણને ન મળ્યા. ત્યારે નારદજીએ કહ્યું 'યુધિષ્ઠિર,' આખું કોળું શાકમાં જાય છે. આ તારી સામે કૃષ્ણ ઊભા છે એ જ 'ગૂઢં પરબ્રહ્મ મનુષ્યલિંગમ્.' 'મનુષ્યદેહધારી સાક્ષાત્ ભગવાન છે.' મહાભારતે પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિને નહીં પણ પ્રતીતિના મહિમાને ગાયો છે. ભગવાન સ્વામિનારાયણે પણ કહ્યું : 'આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય, તેની જો જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય.' (વરતાલ : ૧૯)

પ્રતીતિ વગરની પ્રાપ્તિ એ બાળકના હાથમાં ચિંતામણિ છે અને પ્રાપ્તિ વગરની પ્રતીતિ એ કેવળ આભાસી અભિનિવેશ સિવાય કશું જ નથી.

બધું જ સાંભળીને પ્રગટ સત્પુરુષનાં અંગોઅંગમાં ભગવાનનાં દર્શન કરવા રૂપ પ્રતીતિ આવવી એ જ આ ઉપદેશનું 'ન્યૂકલીઅસ સેન્ટર' છે.

વર્તુળ કરતાંય વર્તુળના કેન્દ્રનો મહિમા વિશેષ છે. 'પ્રગટની પ્રતીતિ' એ સ્વામીશ્રીના ઉપદેશ વર્તુળનું કેન્દ્ર છે. સંત રૂપે ભગવંતની પ્રાપ્તિ એ સમગ્ર ઉપદેશનું મહાફળ છે. એના સિવાય બીજી મોટી કોઈ પ્રાપ્તિ નથી. સર્વ સાધનાનું મૂળ આ છે. ફળ આ છે. આ જ અધ્યાત્મવિદ્યા છે. માયાને તરવાનો, આત્માનાં દર્શનનો આ જ નિર્વિઘ્નમાર્ગ છે.

સ્વામીશ્રીને એકવાર પૂછવામાં આવ્યું : 'ગઢડા મધ્યના ૩૫મા

વચનામૃતમાં કહ્યું છે : 'સો વર્ષ સુધી આત્મ વિચાર કરે તો પણ આત્મદર્શન થતું નથી. જ્યારે સ્વામીની વાતમાં લખ્યું છે : 'આઠે પહોર 'હું આત્મા છું.' એમ ભજન કરવું તો એ રૂપ થઈ જવાય.' આનું શું સમજવું?

'વળી સત્પુરુષને આત્મા માનીએ પણ અમારામાં તો અનંત દોષ રહેલા છે ને સત્પુરુષને આત્મા માનીએ તો સત્પુરુષનાં દર્શનથી આત્માનાં દર્શન થાય કે પરમાત્માનાં ?'

સ્વામીશ્રીએ કહ્યું : 'પોતે પોતાના બળે આત્મદર્શન કરવા જાય, સો વર્ષ સુધી વિચાર કરે તોય આત્માનું દર્શન ન થાય, પણ સામે સત્પુરુષ છે એ મારો આત્મા છે એ રીતે ભજન થાય તો આત્મારૂપ થઈ જવાય. આપણને જે સ્વરૂપ મળ્યું એમાં આત્મબુદ્ધિ દૃઢ કરી નાંખવી પછી બીજું લાંબું જોવાનું ના રહે. વરતાલના પાંચમાં વચનામૃતમાં કહ્યું છે એમ જો નિર્દોષ માનીએ તો આપણામાં દોષ હશે એય ટળી જશે. મોટાપુરુષની સામે જોવું. સત્પુરુષ આત્મા છે ને એમાં રૂંવાડે રૂંવાડે પરમાત્મા અખંડ રહ્યા છે એ ભાવ રાખીએ એટલે બે વસ્તુ જુદી પડતી નથી. એમાં જ મહારાજનાં દર્શન થાય છે. એમનાં અંગોઅંગમાં મહારાજ જ છે ને!'

'સત્પુરુષમાં સાક્ષાત્ પરમાત્માનાં દર્શન એ જ સાક્ષાત્કાર.' સ્વામીશ્રી આપણને આ વાત સમજાવે છે. કૃષ્ણનું વિરાટ સ્વરૂપ ઓળખવા કૃષ્ણ ભગવાને પોતે જ અર્જુનને દિવ્યચક્ષુ આપ્યાં. એમ સ્વામીશ્રીએ પોતાનું સ્વરૂપ ઉપદેશ દ્વારા ઓળખાવીને આપણાં આંતર્ચક્ષુને ખોલી આપ્યાં છે. હા, એટલું ધ્યાન અવશ્ય રાખવું ઘટે કે તેઓના આ શબ્દો સાક્ષાત્કારની ભૂમિકાએથી, પરમાત્મા સાથેના અખંડ તાદાત્મ્યના પ્રદેશમાંથી આવેલા છે. આ પ્રકારના શબ્દોની વચ્ચે એમનો દાસત્વનો તાર લગીરેય ખંડિત થતો નથી. 'સંત અને ભગવંતનો મજીયારો ન વહેંચાય' એની આ વાત છે.'

'ભગવાનનું પ્રગટપણું મનાય તો આનંદ રહે. દાદાખાચર અને ૫૦૦ પરમહંસોને લાભ મળ્યો હતો, પણ આપણે રહી ગયા એવું માનીએ તો દુઃખ રહે. પણ અત્યારેય છે, છે ને છે જ, એમ માનીએ તો સુખ આવે. નથી મનાતું એટલે નીરસ લાગે છે.' (તા. ૨-૯-૮૫ - સુરત)

* * *

'ભગવાનની મૂર્તિમાં સાક્ષાત્‌નો ભાવ રહે છે પણ આ સાક્ષાત્ છે તે ન મનાય. એ મનાય ત્યારે જાણવું કે અક્ષરરૂપ થયા. સામાન્ય જેવા લાગે. બધા

ભળી જાય તો જ સુખ આવે. મહારાજે કહ્યું છે : 'પ્રત્યક્ષપણે નિશ્ચય કર્યા હોય ને તેની જ ભક્તિ કરતો હોય, દર્શન કરતો હોય, પણ બીજી ઇચ્છા રહે ત્યાં સુધી પરિપૂર્ણ કલ્યાણ નથી.' એ જ વસ્તુ આ છે એમ માનીને ભક્તિ કરવી. આવું ન માને એને શું કહ્યા? અજ્ઞાની. સમજી સમજીને આટલું સમજવાનું છે. આ બેઠા છે એમાં વૃત્તિ જોડી દેવી. ઊંચે છે એ દેખાવાનું નથી ને છે એ મનાતું નથી.'

'આપણે જ્ઞાનની સ્થિતિ કરવાની છે. સાક્ષાત્ અક્ષરધામમાં જ બેઠા છીએ. પોતાને અક્ષરરૂપ માન્યા પછી જવા-આવવાનું ક્યાં રહ્યું? આ બેઠા છે તે અક્ષરધામ. મહારાજ પ્રગટ થયા ને અંતર્ધાન થયા એ તો નરનાટ્યરૂપે છે પ્રગટ જ છે. ગયા જ નથી. ગયા હોય તો મોક્ષનું કાર્ય બંધ થઈ જાય. ભગવાન તો છે જ.' (તા. ૨૫-૪-૮૮, આસ્ટન)

* * *

'અક્ષરધામ આમ જુઓ તો બહુ છેટું છે પણ આત્માની દૃષ્ટિએ? આપણે જ અક્ષર થયા પછી અક્ષરધામ ક્યાં છેટું છે. જેમ સ્વામીએ કહ્યું (આંગળી નખથી શિખા પર્યંત ફેરવીને) જેવા અક્ષરધામમાં છે એવા ને એવા જ છે. જરાય ફેર નથી.

'અક્ષરરૂપ થવું એ મૂળ લક્ષ્ય છે. આ વાત સમજાય એટલે ભગવાને અક્ષરધામ ઢૂંકડું કરી આપ્યું. જવા-આવવાનું રહે જ નહીં. સમજણ અને આ પુરુષ દૃઢ થઈ જાય પછી દાખડો પડે નહીં.

'મહારાજ તો પ્રગટ છે, છે ને છે જ. અક્ષરના મુક્તોને આ વાત સમજાય. આ પરભાવની વાત છે. આપણા જેવા થઈને ફરતા હોય પછી ક્યાંથી સમજાય? આમ અંતર્યામી કહીએ ને આમ કંઈ દેખાય નહીં.' '...એ તો ગમે એવા ચરિત્ર કરે.'

હરિપ્રકાશ સ્વામી કહે : 'પોતાનો કાર્યક્રમ પણ ના કહે !'

સ્વામીશ્રી હસીને કહે, 'એવી ગરબડ ચાલે. ત્યાં એવું (મનુષ્યભાવ) થઈ જાય. પણ એમનામાં માયા સમજીએ ત્યાં સુધી આપણામાં માયા જવાની જ નથી. એ કહે કે ના કહે સાકરનું નાળિયેર જ છે.'

'... આવા દિવ્ય પુરુષ મળ્યા છે. બધી અનુકૂળતા છે છતાં અહો ! અહો ! નથી થતું કારણ કે આ (ઉપરોક્ત) વાત દૃઢ કરી નથી. જગતના મોટા માણસ સાથે ફોટા પડાવે એમાં અહો અહો થઈ જાય. પણ જોગી બાપા

સાથે ફોટો પડ્યો એ જ સાચો. બીજું તો નાશવંત છે. ઘાણલાનાં ડોશીને અહો અહો થયું કે નહીં? આ પુરુષ મળ્યા છે એટલે પાછું પડવાનું જ નથી. અખંડ કેફ રાખવો.' આપણને થાય મહારાજનાં દર્શનની ઇચ્છા અધૂરી રહી ગઈ. હજુ વિચાર થાય છે. પણ અત્યારે એ જ છે. એ જ દર્શન એ જ લાભ અને એ જ સમાગમ છે. આ વાત સમજાય તો અહો અહો થઈ જાય. એ દિ' કે આજે લાભ લેશો તો કામ થશે. જોગીબાપા મળ્યા એમાં બધું આવી ગયું. હવે કશું જોવા પામવાનું બાકી નથી.' (તા. ૨૪-૬-૯૨, ગોંડલ)

*

'... ધામના જે શ્રીજીમહારાજની વાત કરીએ છીએ એના એ જ અહીં આવ્યા છે, શું ડૉક્ટર! (હર્ષદને) બાટલા લઈ જવા પડે. ચેક કરવા પડે, આ બધું દેખાય એટલે થઈ જાય ને, કે આ તો આપણા જેવા જ છે.' પણ હકીકતે જુદા છે. આવી વાતો ક્યાંથી મનાય? વિશ્વાસ હોય તો મનાય.'

ની સાક્ષાત્કારની ભૂમિકાએ પહોંચવા પાત્ર થવું એ જ આપણી સાધના છે. એ જ પરમકલ્યાણ છે.

૮. ઉપસંહાર

જ્વાળામુખી ઉપર અમૃતવર્ષા

માનવીનું જીવન એટલે અખંડ જલતો જ્વાળામુખી અને સ્વામીશ્રીની વાણી એટલે અમૃતની અનરાધાર વર્ષા. બહારથી રળિયામણા દેખાતા જીવનના ડુંગરમાં ધગધગતો લાવા ખદબદી રહ્યો છે. દેહના ભાવો સુખ લેવા દેતા નથી, વાસનાનું વિષ પ્રસરતું રહે છે. દોષોના દાવાનળ જલતા રહે છે. પ્રકૃતિનું પિશાચી તાંડવ જંપ નથી લેવા દેતું. માયાની મહાજાળ ફેલાયેલી જ રહે છે, ત્યારે સ્વામીશ્રીની વાણી એક જ 'સંતપ્તાનાં શરણમ્'ની ભૂમિકા ભજવીને આપણામાં અમૃતનું સિંચન કરીને અમરત્વ આપે છે.

સ્વામીશ્રીની વાણી એટલે સદાચારથી સાક્ષાત્કાર સુધી લઈ જનારી અમૃતયાત્રા. આ યાત્રામાં કોઈ સાધનની આવશ્યકતા નથી. આ કેવળ અંતર્યાત્રા છે. સ્વામીશ્રીએ પામર જીવોને પણ આ યાત્રાના અધિકારી બનાવી મુક્તદશા પમાડી છે.

સ્વામીશ્રી વરસ્યા છે!

કારણ કે

વરસવું એ જ એમનું કર્તવ્ય છે.

ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સંદેશને વહાવવા સ્વામીશ્રી પવન બન્યા છે.

પવનને કોઈ તાપ, વર્ષા કે ઠંડી નડતાં નથી.

બગીચા કે ઉકરડા નડતા નથી.

મહેલો કે ઝૂંપડાં દેખાતાં નથી.

એ તો વહી છૂટે છે, સૌમાં પ્રાણનું સિંચન કરી છૂટે છે.

સ્વામીશ્રી પણ કહી છૂટ્યા છે. એમની આ ધગશની આડે કશું જ આવી શક્યું નથી.

સ્વામીશ્રી જમવા બિરાજ્યા. એમાં વાત નીકળી. એક હરિભક્ત એમના

મિત્રના અક્ષરવાસ પછી વધારે ચિંતિત રહે છે. આ સાંભળતાં સ્વામીશ્રી કહે : 'કાજી કયું દુબલે? તો સારે ગાઁવકી ફિકર. અમુક એવા જ હોય.. અમથા અમથા બધાની ચિંતા કરે. ભલા માણસ! ચિંતા શું કરવાની? ભગવાન ભજો ને સાંખ્ય કરવો....' જાણે પેલા હરિભક્ત સામે હોય એમ વાતે ચઢ્યા... જમવાનું એક બાજુ રહ્યું... થાળ તો ક્યારનો આવી ગયો હતો. કૃષ્ણવલ્લભ સ્વામી કહે : 'લ્યો હવે, ખાવાનું ચાલુ કરો... પછી સાંખ કરજો...' યાદ કરાવ્યું ત્યારે ખાવાનું શરૂ થયું.

'૯૧ની સાલમાં સ્વામીશ્રી અકોલામાં હતા. ગ્રહણની રાતનો ઉજાગરો હતો. મોડી રાત્રે ૩-૩૦ વાગ્યા પછી સૂતા હતા. બીજે દિવસે રોજની જેમ જ યસર જાગી ગયા હતા. છતાં બપોરે જમ્યા પછી સંતો આગળ અમદાવાદનું વધારાનું પાંચમું વચનામૃત નિરૂપવા લાગ્યા તે પોણો કલાક થયો છતાં કથા ચાલુ જ રહી. સ્વામીશ્રીને આરામ મળે એ હેતુથી એક સંત બોલ્યા : 'ટાઈમ થઈ ગયો - કાલનો ઉજાગરો છે.'

સ્વામીશ્રી કહે, : 'ટાઈમ થઈ ગયો-ઉજાગરો છે એમ ને?!... આપણને આ વિચાર પહેલો આવે. જિંદગી સૂતા જ છીએ ને!... ને હજી સૂવાના છીએ. ને આ વાત નહીં સમજીએ તો વારેવારે સૂવાનું થશે. આવી વાતો થાય ત્યારે ટાઈમ ના જોવો. ઘડિયાળ ના જોવું. આઘુંપાછું ના થવું. ઝાડા-પેશાબ બંધ કરીને બેસવું તો આ વાત જીવમાં ઊતરશે. નીકર દૃષ્ટિ દેહસુખ સામું રહેશે... આ વાત જીવમાં ઊતરી જશે તો ઊંઘવાનું મટી જશે ને બધું મટી જશે.. આ શબ્દો પકડાતા નથી એટલે બખાડા, મારું-તારું થાય છે. એને લીધે આ ઉજાગરા થાય છે. અત્યારે સૂવા જવું ને પછી ઉજાગરા થાય એનું શું કરવાનું? ઉજાગરા મટાડવા આ વાત કરીએ છીએ...'

સ્વામીશ્રીની અવસ્થા અને રોગની ઉપાધિઓ જોઈને એકવાર ટ્રસ્ટીઓએ સ્વામીશ્રીને વિનંતી કરી કે આ સંજોગોમાં આપે હવે બધું મર્યાદામાં કરવું. સ્વામીશ્રી આ વિનંતી ઉપર જ ઊકળી પડ્યા. 'આ હાથ-પગ ચાલતા બંધ થશે એટલે વિચરણ બંધ થવાનું જ છે... દર્શન અને કથા-વાર્તાનો તો આ જીવડો છે, એમાં તમે એને રોકો તો કેવી રીતે ગમે? એના માટે તો આ લોકમાં આવ્યો છે - એવા પ્રતિબંધ અમને ના ગમે.'

૧૯૭૨માં સ્પેશ્યલ ટ્રેનમાં એકાદશીને દિવસે સ્વામીશ્રીએ મધ્યનું ૮મું વચનામૃત નિરૂપવાનું શરૂ કર્યું તે ઠેઠ પાંચ કલાકે અટક્યું. નિર્જળા

એકાદશીના દિવસે, ટ્રેનની ખડખડ મુસાફરીમાં ભગવાનના મહિમાનું ગાન કરતાં એમના ગળાને સોસ ન આવ્યો.

૧૯૭૪માં ઝાંબિયામાં ગ્રહણના દિવસે એ જ રીતે સ્વામીશ્રીએ લગભગ ચાર કલાક સુધી કથા કરી હતી. એ વખતે સામે હજારોની મેદની હતી નહીં.

અટલાદરામાં કેટલાક યુવકો એ.સી. રીપેર કરી રહ્યા હતા. સ્વામીશ્રી ત્યાં જઈને વાતો કરવા મંડી પડ્યા, 'એ.સી.માં કચરો ભરાયો તો નીચે ઉતારવું પડ્યું, એમ શરીરમાં પાન-મસાલા ને દુર્ગુણનો કચરો ભરાય તો એય ખરાબ થઈ જાય ને ઊતરી જવું પડે માટે એને ચોખ્ખું રાખવું.'

કલકત્તામાં ભારતની 'અન્ડર-૧૯' ક્રિકેટ ટીમના ખેલાડીઓ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ તેઓને પણ ભગવાનના મહિમાના બે શબ્દો સંભળાવ્યા.

મુંબઈમાં જમી રહ્યા પછી અતુલ મહેતા પોતું મારવા આવ્યો. સ્વામીશ્રીએ એની સાથે પણ કથાવાર્તા આદરી.

અમદાવાદમાં સ્વામીશ્રી ભ્રમણ કરી રહ્યા હતા, શ્વેતવૈકુંઠ સ્વામીએ 'ત્યાગ ન ટકે રે...' પદો ઉપાડ્યાં ને સ્વામીશ્રી ચાલતાં ચાલતાં પણ કડીએ કડીએ નિરૂપણ કરવા લાગ્યા.

કલ્ચરલ ફેસ્ટિવલ ઑફ ઇન્ડિયા(અમેરિકા)માં એક બાજુ વરસાદ ચાલુ થયો. છતાં ખુલ્લા સ્ટેજ ઉપર બિરાજેલા સ્વામીશ્રીની વાક્ધારા વિચલિત થયા વગર ચાલુ હતી.

જોનારાએ તેઓને સંત સ્વામી, મણિભાઈ સલાડવાળા વગેરેની સાથે કથાવાર્તા કરતા રાતોની રાતો ગાળતા જોયા છે.

રાજકોટમાં એકવાર સ્વામીશ્રી જમતાં જમતાં વાતો કરવા માંડ્યા. ઉકાળાનો વાટકો હાથમાં ને હાથમાં રહી ગયો. શું ખાય છે એનું ભાન રહ્યું નહિ, એટલે કૃષ્ણવલ્લભ સ્વામી કહે, 'રાખો હવે, કંઈક ખાવ.'

સ્વામીશ્રી કહે : 'વાતોમાં જે મજા આવે છે એવી ખાવામાં નથી આવતી.'

જીવનમાં ઉતારેલી આ ભાવના ઉપદેશોમાં પણ પ્રતિબિંબિત થતી રહે છે:

'કાપડના વેપારી પાસે દા'ડાના સો ઘરાક આવે તોય દરેકને એટલી જ શ્રદ્ધાથી તાકા ખોલીને સમજાવે છે કે નહિ? 'આ માલ બહુ સારો છે, લેવા જેવો છે. તમે તો અમારા કાયમી ઘરાક છો, એટલે સસ્તામાં આપું છું...'

પેલો લે નહિ તોય કંટાળે છે? તો આપણને તો જે માલ મળ્યો છે એ તો સો ટચનો છે. તો આપણે એની વાત કરવામાં શું કામ કંટાળવું? કોઈને ગમે કે ન ગમે, આપણી સેવા તો થઈ જાય અને આપણા અંતરમાં તો સમાસ થાય.'

'અમારી ટેક્નોલોજી તો આત્મા અને પરમાત્માની છે.' એમ કહેતા સ્વામીશ્રીએ એમાં જ જગતની શાંતિને જોઈ છે અને એટલે જ આ ઉંમરે પણ દેશ-પરદેશમાં ઘૂમી ઘૂમીને તેઓ આ ટેક્નોલોજીનું વિતરણ કરી રહ્યા છે.

ભર તડકામાં કે શિયાળાની કડકડતી ઠંડીમાં, વરસાદની ઝડીઓ વચ્ચે કે ધૂળની ઊડતી ડમરીઓ વચ્ચે, મધ્ય રાત્રિએ કે વહેલી સવારે, રસ્તા ઉપર કે મોટા કૉન્ફરન્સ હૉલમાં, દેશમાં કે પરદેશમાં, સતત પરિભ્રમણમાં કે માંદગીને બિછાને... સ્વામીશ્રીએ જે કાંઈ ઉપદેશ્યું છે એનું ઋણ ત્રિકાળમાંય અદા કરી શકાય એમ નથી.

મોટીબેજ જેવા આદિવાસી વિસ્તારોમાં કડકડતી ઠંડીમાં રાત્રે એક વાગ્યે સ્વામીશ્રીને ઉપદેશ આપતા જોયા છે. રામોદડીના વાઘરીવાસના ઝૂંપડાની તૂટેલી ધાર પર ચીંથરેહાલ ગોદડી પર બેસીને અમૃત વહાવતા જોયા છે. ભોજ, ગજેરા કે નવસારીના હરિજનવાસમાં સ્વામીશ્રીને સાંભળવાનું સૌભાગ્ય સાંપડ્યું છે. ન્યૂયોર્કના મૅડિસન સ્કવેર ગાર્ડનમાં કે દિલ્હીમાં રાષ્ટ્રપતિભવનમાં, બ્રિટનની પાર્લામેન્ટમાં કે સુવર્ણતુલા મહોત્સવમાં, ગોંડલમાં હડહડતા અપમાન પછી કે આફ્રિકાથી લીલા તોરણે પાછા ફર્યા પછી, કપૂરાની પારાયણમાં લોકોની ઊઠ-બેસ અને કોલાહલ વચ્ચે કે ખંડવામાં ઉપદેશ દરમિયાન બૅન્ડવાજાં સહિત એક પછી એક પસાર થતી જાનો વચ્ચે કે માણાવદરમાં ૧૦૧° ડિગ્રી તાવની વચ્ચે, ૭૫ વર્ષની આ ઉંમરે પણ સઘળી પરિસ્થિતિઓમાં એ જ સ્વસ્થતા, એ જ ઉમંગ, એ જ ધગશ, એ જ ઉત્સાહ અને એ જ સાતત્ય...

આનું રહસ્ય શું?

એ જ કે માન કે અપમાનમાં એમની પ્રજ્ઞા સ્થિર છે. તેઓ સાક્ષાત્ ગુણાતીત છે.

અનંત જીવોના ઉદ્ધારનું ધ્યેય લઈને તેઓએ આ પૃથ્વીને પાવન કરી છે.

અને એટલે જ તેઓના શબ્દો એ મુખમાંથી સરી પડેલા કેવળ શબ્દો નથી, પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિ અનંત ગુણોમાં રસાઈ ગયેલું અમૃત છે. લાખોનાં હૃદયનું પરિવર્તન કરનારી જડીબુટ્ટી છે.

એમનાં આચરણ અને ઉપદેશનું અસ્તિત્વ જુદું નથી. બ્રહ્મતેજથી લીંપાયેલી વેધકતાનું એ જ હાર્દ છે.

શ્રીજીને અંગોઅંગમાં ધારીને શ્રીજીના સંદેશનું વહન કરતાં સ્વામીશ્રીએ શ્રીજીની પરંપરાને શબ્દશઃ જાળવી છે. વચનામૃત ગઢડા મધ્ય ૪૯માં શ્રીજીમહારાજની 'કથાવાર્તામાં અમને તૃપ્તિ થઈ નથી ને તમારે પણ નહીં.' આ ભાવના સ્વામીશ્રીના જીવનમાં શબ્દશઃ અનુભવી શકાય છે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની જેમ સ્વામીશ્રીએ પણ ક્યારેય કથા-વાર્તાનો સોપો પડવા દીધો નથી. તેઓ જે કંઈ કહે છે, એ સહજપણે કહે છે. કારણ કે કથા તો એમનું જીવન છે.

સૂનનકે સરતાજ

ચાલુ કથાએ સ્વામીશ્રી ટપાલ લખતાં વાંચતાં હોય કે અનેક ક્રિયાઓ કરતા હોય પણ કથાશ્રવણનો એમનો તાર હંમેશ અતૂટ રહે છે એનો અનુભવ ઘણાંએ કર્યો હશે.

સ્વામીશ્રી સારંગપુરમાં અલ્પાહાર કરી રહ્યા હતા. સંતોએ રચેલા 'સારંગસ્તુતિ' ગ્રંથનું પઠન ચાલી રહ્યું હતું. એમાં વાક્ય આવ્યું, 'સ્વામી! શ્રીહરિમાં આપ પ્રતિષ્ઠિત છો.' સ્વામીશ્રીએ તરત પુરાણીને અટકાવ્યા, ફરીથી વંચાવ્યું. અને પછી કહે : 'આ વાક્ય અવરહવર થઈ ગયું છે. આપણે મહારાજથી મોટા થઈ ગયા એવું આમાં થાય. 'શ્રીહરિ આપણામાં પ્રતિષ્ઠિત છે. એવું હોવું જોઈએ.'

૧૯૮૩માં સ્વામીશ્રી હાર્ટએટેકને કારણે 'એઇમ્સ ઑક્સિજન'માં વિશ્રામ લઈ રહ્યા હતા. આ દિવસો દરમ્યાન ડૉક્ટરી સલાહ મુજબ સતત આરામ કરવાનું રહેતું. કૃષ્ણપ્રિય સ્વામી 'હરિચરિત્રામૃતસાગર' સ્વામીશ્રીને સંભળાવતા. ક્યારેક આપણને એમ થાય કે સ્વામીશ્રી પોઢી ગયા છે, પરંતુ કથાવાંચન દરમ્યાન કંઈ પણ ભૂલ આવે ને તરત સ્વામીશ્રી ટકોર કરે ત્યારે જ પ્રતીતિ આવે કે સ્વામીશ્રી પોઢ્યા નથી પણ શ્રીહરિના ચરિત્રોમાં તલ્લીન છે.

બોસ્ટનમાં આ જ રીતે મોતિયાના ઑપરેશન પછીના દિવસોમાં આરામ કરતાં કરતાં સ્વામીશ્રી ગ્રંથોનું વાંચન કરાવતા હતા. એક વાર એક સંતે એક પ્રકરણ વાંચીને કહ્યું : 'સ્વામી! હવે આરામ કરો.'

સ્વામીશ્રી કહે : 'આરામ કરવાનું બધા કહે છે પણ કોઈ એમ નથી કહેતું

કે લાવો સ્વામી! હું કથા સંભળાવું. ઠાલા સૂઈ રહેવું કંઈ ફાવે?'

નાનાં બાળકોએ લખેલા પ્રસંગો હોય કે સંપ્રદાયના નાનાં-મોટાં પ્રકાશનો અતિ વ્યસ્તતાની વચ્ચે પણ સ્વામીશ્રી સમય ફાળવીને ધ્યાનપૂર્વક બધું સાંભળી જ લે છે. બીજા કોઈના ખ્યાલમાં ન આવે એવી નાનામાં નાની ભલ સ્વામીશ્રીના ખ્યાલમાં ન આવી હોય એવું બન્યું નથી. સારંગપુરમાં : હતા છતાં સ્વામીશ્રી સમયસર કથામાં પહોંચી જતા. સંતોએ વિનંતી કરી કે માંદગીમાં આપે આરામ કરવો. ત્યારે સ્વામીશ્રી કહે : 'કથામાં ના જઈએ આત્મા નબળો પડી જાય.'

નાનામાં નાના સંત પણ કથા કરતા હોય તોય સ્વામીશ્રી જાણે સાક્ષાત્ મહારાજ બોલી રહ્યા હોય એવા રસથી કથાનું શ્રવણ કરે છે. મહારાજની પ્રકૃતિનું સ્વામીશ્રી જાણે અદલ સ્વરૂપ છે. નિષ્કુળાનંદ સ્વામીએ જે ગાયં છે 'શ્રુતવાનમાં સૌથી સરેશ' એ પંક્તિ સ્વામીશ્રીના જીવનમાં ચરિતાર્થ થાય

યુગનું ઉપનિષદ્

'તોપને નાળચે કબૂતરના વિસામા' જેવી આજની દુનિયામાં 'શાંતિ' શબ્દ મનુષ્યવટો ભોગવી રહ્યો છે ત્યારે સ્વામીશ્રીના શબ્દો માની જેમ ખોળે બેસાડીને સુખનો વિસામો બની રહ્યા છે.

ગઈકાલ અને આવનારી કાલની વચ્ચે વહેંચાયેલા ને વહેરાયેલા આ સૌને 'આજ'નો ઉદ્‌બોધ કરે છે.

ક્ષણિક સુખમાંથી વૃત્તિ તોડીને શાશ્વત સુખમાં વૃત્તિ જોડી આપવાનું કાર્ય સ્વામીશ્રીની વાણી સિવાય કોણ કરી શકે?

ગોંડલમાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપવાનો પ્રારંભ કર્યો ત્યાં હાઈસ્કૂલના આચાર્ય શ્રીકૃષ્ણ પંડ્યા વિદ્યાર્થીઓને લઈને આવ્યા. સ્વામીશ્રીને કહે : 'આજે સ્કૂલમાં સંસ્કાર સિંચનની સભા હતી.'

સ્વામીશ્રી કહે : 'શેની સભા? સંસાર છોડાવવાની!'

'ના, સંસ્કાર સિંચનની.'

'ઓ...હો... હું તો સંસાર છોડવાની સભા સમજ્યો...' વળી પાછળથી ઉમેર્યું, 'મને થયું આવી સભા તે વળી કોણ કરે ? એક જોગીબાપા કરી શકે. બીજું કોણ કરી શકે ? સંસાર છોડવાની વાતો સત્પુરુષ પાસે છે, બાકી તો બધે વિષયનો આદર છે. બીજે જો ખંડન કરે તો પહેલા પાળવું પડે ને !

જ્યારે અહીં તો મૂક્યું છે એટલે ખંડન કરે છે.'

સ્વામીશ્રીની આ વાણીમાં પોતાની જ વાણીના સામર્થ્યનું પૂર્ણ દર્શન છે.

મનોરંજન નહીં, મનને અમનની સ્થિતિમાં લઈ જાય એવી આ વાણી છે.

એમની વાણી 'બ્રહ્મરૂપ' થવાનું એક વિરાટ 'પ્રોસેસ હાઉસ' છે.

તેઓના એક એક શબ્દમાં પ્રકૃતિનાં ભાવોને ચૂરેચૂરા કરવાની પ્રચંડ તાકાત રહેલી છે.

તેઓની વાણી અણુયુગનું ઉપનિષદ્ છે.

આ વાણીના તેજ ભીતરને ઝળહળાં કરીને પ્રકાશનો પંથ રચી આપે છે.

આ વાણીમાં અનહદના સૂરનું સાતત્ય છે. કેવળ શબ્દની સંગત અહીં નકામી બની જાય છે.

અંતરમાં ઊઠતા ઘાટને શમાવીને, પરમાત્માના ઘાટ ઉપર વિરામ આપનારી તેઓની વાણીમાં આધ્યાત્મિક સત્ય ને 'દર્શન'નો ઉઘાડ છે. જીવનને વધારે અર્થપૂર્ણ અને આનંદસભર બનાવવાની અંતર્દષ્ટિ એ આપે છે.


આ વાણીમાં ફરી ફરીને માનવતા, પ્રામાણિકતા, દયા, પ્રેમ, કરુણા, શાંતિ અને આત્મા-પરમાત્માના સૂરો સંભળાયા કરે છે. તેઓશ્રીનો શાંત અને મૃદુ અવાજ કહે છે : 'ખૂબ જ હળવાશથી, પ્રેમથી હું તમને જીવનની મહત્ત્વની બાબતોનું ફરી ફરીને સ્મરણ કરાવું છું. જેથી એ તમારા જીવનનો એક ભાગ બની જાય.'

તેઓની સરળ અને સીધી વાણીમાં આત્માના વિકાસની ભરપૂર સામગ્રી પડેલી છે. તાતાતીર સમી આ ગુણાતીત વાણી માણસની બ્રહ્મસ્વરૂપી શાશ્વતમૂર્તિ ઘડનારું ટાંકણું છે. સમાજને બદલવાની ઊંડી તાકાત એમાં પડેલી છે. આત્મતત્ત્વની પોષક તેમજ ઊર્મિઓ અને ગ્રંથિઓને ગાળીને શ્રીજીમહારાજનાં શ્રીચરણોમાં પહોંચાડનારી આ વાણી આપણા જીવનની અમૂલ્ય વિરાસત છે.

સરેરાશ રોજના એક કલાક લેખે ૨,૫૯,૦૦૦ ફૂલસ્કેપોમાં વિસ્તરેલી આ શબ્દયાત્રાએ અનેક મુમુક્ષુઓને સહયાત્રી બનાવ્યા છે.

તેઓની વાણી સહજાનંદી સંગીતનો શાશ્વત લય છે.

● ● ●



અહીં એક એવા પુરુષના શબ્દોનો આલેખ દોરવામાં આવ્યો છે કે
જેનો પ્રારંભ દુન્યવી ધારાધોરણોથી પર હોય.
લૌકિક - ભૌતિકતાના પ્રદેશોથી ઉપર ઊઠીને
અલૌકિક - આધ્યાત્મિક પ્રદેશોમાં ગતિ કરતો હોય.
અને છતાં, આ શબ્દોમાં લૌકિક અને અલૌકિક
બન્ને સિદ્ધિઓનાં રહસ્ય જડી આવતાં હોય.
આ શબ્દો એ શબ્દો નથી, તેજ લકીરો છે.
ગુણાતીતના આસને બિરાજેલા અને
સહજાનંદી વિચારધારાના વાહક એવા પ્રમુખસ્વામી મહારાજે
સૌને બ્રહ્મ ભાવની દિશામાં લઈ જઈને પરમાત્માના શાશ્વત સુખમાં
સ્થિર કરવા માટે જાણે એક અહોરાત્ર યજ્ઞ આરંભ્યો છે.
સહજાનંદ સાથેની સહજ સૂરતાના કેન્દ્રમાં રચાયેલા
સ્વામીશ્રીની વાણીના વર્તુળના સપ્તરંગો
સહેજે જ ઊડીને આંખે વળગે છે.
આ સપ્તરંગો પરસ્પર સમન્વય સાધીને, પરસ્પર વિલીન થઈને
શાશ્વત શાંતિનો શ્વેતપ્રકાશ દુનિયામાં પાથરી રહ્યા છે.
સ્વામીશ્રીની વાણી તો અમૃતનો ધરો છે. એમાં ડૂબકી મારનારને
મૃત્યુના વમળની વચ્ચે મૃત્યુંજય મોતી મળી આવે છે.

अमृत
महोत्सव
'९५